કોન્સ્તાન્તીન સ્પીદચેન્કો

દુનિયાની આર્થિક અને રાજકીય ભૂગોળ

કોન્સ્તાન્તીન સ્પીદચેન્કો

દુનિયાની આર્થિક અને રાજકીય ભૂગોળ

સરળ રૂપરેખા

પ્રગતિ પ્રકાશન
મોસ્કો

અનુવાદ — અતુલ સવાણી

К. И. Спидченко

ЭКОНОМИЧЕСКАЯ И ПОЛИТИЧЕСКАЯ ГЕОГРАФИЯ СТРАН МИРА

на языке гуджарати

K. Spidchenko

ECONOMIC AND POLITICAL GEOGRAPHY OF THE COUNTRIES OF THE WORLD

in Gujarati

સોવિયેત સંઘમાં મુદ્રિત

C 11106—228 / 014(01)—83 336—83

0604000000

અનુક્રમણિકા

આપણો ગ્રહ સુંદર છે... તેના ખંડો વિધવિધ રંગોના છે... અવકાશમાંથી તેના અફાટ મહાસાગરોને મુગ્ધ નજરે નિહાળતી વેળા કેટલીય વાર મને એક ખંડમાંથી બીજા ખંડ તરફ જતાં જહાજો દેખાયાં હતાં...

નિશાના આવરણમાં લપેટાયેલી પૃથ્વીનું દૃશ્ય મનોહર લાગે છે. ઘેરા અંધકારમાં અસંખ્ય રંગબેરંગી બત્તીઓ ઝગમગાવતાં મોટાં શહેરોનું દૃશ્ય પ્રભાવક લાગે છે...

અવકાશવીર ગેઓર્ગી બેરેગોવોઈ

આજે દુનિયામાં મોટાં અને નાનાં રાજ્યોની સંખ્યા એકસો ને સાઠથી વધારે છે. તેઓ વિવિધ આબોહવા અને ભૌતિક લક્ષણો, ઇતિહાસ, રાજકીય અને આર્થિક પદ્ધતિઓ, જીવનરીતિ અને વસતિ સંયોજન, રિવાજો, તથા સંસ્કૃતિ ધરાવે છે. પરંતુ બહોળી વિવિધતા છતાં સઘળા આધુનિક દેશો તેમની પ્રજાઓનાં લાંબા ગાળાનાં સહિયારાં મૂળગામી હિતોને કારણે તેમ જ શાંતિ માટેની અને આર્થિક તથા સામાજિક પ્રગતિ માટેની ઊંડી સર્વસામાન્ય ઉત્સુકતાને કારણે પરસ્પર સંકળાઈ જાય છે.

વિકાસની રીતોની દૃષ્ટિએ આજની પૃથ્વી ગઈકાલની પૃથ્વી કરતાં નિરાળી છે, અને આવતીકાલની પૃથ્વી આજની પૃથ્વી કરતાં નિરાળી હશે. ક્રાંતિકારી રૂપાંતરો માટે મહત્ત્વની શરત શાંતિના સંજોગોની છે. લોકશાહી અને પ્રગતિનાં પરિબળો શાંતિને મક્કમ બનાવવાની દિશામાં, યુદ્ધના જોખમની વિરુદ્ધ, અને પ્રજાઓના સાર્વભૌમ અધિકારો તથા આઝાદીની રક્ષા માટે સક્રિય સંઘર્ષ લડે છે.

દુનિયાના કોઈ પણ ખૂણામાં જે કંઈ બનતું હોય તેમાં લોકોને દિલચસ્પી હોય છે, અને એથી નિરાળી સ્થિતિ હોઈ શકે જ નહિ. સામાજિક અને વૈજ્ઞાનિક તથા ટેકનોલોજિકલ ક્રાંતિઓના આપણા યુગમાં દુનિયા એટલી ઝડપથી પલટાઈ રહી છે કે આખા જગતમાં પ્રવર્તિત સંજોગો વિશે લોકોનાં મનમાં ઉત્સુકતા ચોક્કસ પેદા થાય જ.

આ પુસ્તકમાં વાચકો માટે દુનિયાનાં રાજ્યો વિશે એકદમ સામાન્ય માહિતીની અને દુનિયાના રાજકીય તથા આર્થિક નકશાના સર્વેક્ષણની રજૂઆત કરવામાં આવી છે.

આજની દુનિયા

રાષ્ટ્રોના જીવનમાં જે કંઈ બની ચૂક્યું છે અને હાલ બની રહ્યું છે, સમયના લાંબા ગાળા દરમિયાન માનવીય શ્રમના પરિણામે તેમ જ યુદ્ધો અને ક્રાંતિઓ તથા એક પછી એક આવેલી સામાજિક-આર્થિક રચનાઓના પરિણામે જે કંઈ બન્યું છે, તેમાંથી ઘણેરા હિસ્સાનું પ્રતિબિંબ એક અથવા બીજી રીતે દુનિયાના રાજકીય નકશામાં અંકિત થઈ ગયેલું છે.

એ પરિવર્તનોને અને જગતના મેદાનમાં અલગ અલગ રાજ્યોના સ્થાનને સમજવા માટે સંબંધિત યુગનાં મુખ્ય લક્ષણોને ધ્યાનમાં લેવાનું જરૂરી છે. લેનિને લખ્યું છે: "...કોઈ ચોક્કસ યુગનાં મૂળભૂત લક્ષણોની જાણકારી જ એક અથવા બીજા દેશનાં ખાસ લક્ષણોની સમજણના આધારની કામગીરી બજાવી શકે."

જેમ જેમ યુગો એક પછી એક સરકતા ગયા તેમ તેમ રાજ્યોના ઉદય અને અસ્તને પ્રતિબિંબિત કરતો દુનિયાનો નકશો બદલાતો ગયો.

રશિયામાં વિજયી બનેલી ૧૯૧૭ની મહાન ઑક્ટોબર સમાજવાદી ક્રાંતિએ દુનિયાના પરિવર્તનમાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. તેણે રશિયાની રાજકીય અને સામાજિક-આર્થિક સૂરતમાં મૂળગામી પરિવર્તન આણી દીધું અને, લેનિને જણાવ્યું છે તેમ, "આખી દુનિયા માટે સમાજવાદનો માર્ગ તૈયાર કરી દીધો છે તથા મૂડીદાર વર્ગને બતાવી આપ્યું છે કે તેની વિજયી સ્થિતિનો અંત આવી રહ્યો છે."

મહાન ઑક્ટોબર સમાજવાદી ક્રાંતિએ વિશ્વ ઇતિહાસમાં નવા પ્રકરણની શરૂઆત કરી, સામ્રાજ્યવાદની સામાન્ય કટોકટીનો અને મૂડીવાદમાંથી સમાજવાદમાં સંક્રમણના ગાળાનો આરંભ અંકિત કર્યો. એક જમાનામાં જે મૂડીવાદની વિશ્વ પદ્ધતિ હતી તેમાંથી રશિયા જેવો વિશાળ દેશ અળગો થઈ ગયો ત્યારે એ કટોકટીનો પહેલો નિર્દેશ સ્પષ્ટ થઈ ગયો. પછી મોંગોલિયન લોક પ્રજાસત્તાકે નવા જીવનનો પંથ અપનાવ્યો.

મૂડીવાદની સામાન્ય કટોકટીનો બીજો તબક્કો બીજા વિશ્વયુદ્ધ (૧૯૩૯-૪૫) દરમિયાન શરૂ થયો. એ તબક્કો નવી ક્રાંતિકારી સફળતાઓનો હતો.

સામ્રાજ્યવાદની સાંકળ યુરેશિયામાં આખે મોરચે તૂટી ગઈ. આલ્બેનિયા, બલ્ગારિયા, હંગેરી, જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાક, વિયેતનામ, ચીન, કોરિયન જન લોકશાહીવાદી પ્રજાસત્તાક, પોલૅંડ, રુમાનિયા, ઝેકોસ્લોવાકિયા, અને યુગોસ્લાવિયાના લોકોએ સમાજવાદી નિર્માણ શરૂ કર્યું.

બાલ્ટિક અને આડ્રિયાટિક સાગરોથી લઈને પ્રશાંત મહાસાગર સુધી ફેલાયેલા અફાટ વિસ્તારમાં નવું જીવન સ્થાયી બની ગયું. દુનિયામાં વિશ્વ સમાજવાદી પદ્ધતિનો, રાજ્યોની નવી ઐતિહાસિક બિરાદરીનો, ઉદય થયો.

ચાલુ સદીના છઠ્ઠા દાયકાના મધ્યમાં મૂડીવાદની સામાન્ય કટોકટીનો ત્રીજો તબક્કો શરૂ થયો. આ વખતે કટોકટી વિશ્વયુદ્ધથી પેદા નહોતી થઈ પરંતુ સમાજવાદ અને મૂડીવાદ વચ્ચેની આર્થિક હરીફાઈની તેમ જ દુનિયામાં સામ્રાજ્યવાદનાં સ્થાનો વધારે નબળાં બનવાની પ્રક્રિયા દરમિયાન વિકસી હતી. એવા સંજોગોમાં ૧૯૫૯માં ક્યૂબામાં ક્રાંતિ વિજયી બની ગઈ અને યુરોપ તથા એશિયામાં સ્થાનો જીતી ચૂકેલા સમાજવાદે મહાસાગર ઓળંગીને લૅટિન અમેરિકામાં મથક હાંસલ કરી લીધું.

આઠમા દાયકાના મધ્યમાં લાઓશિયન જન લોકશાહીવાદી પ્રજાસત્તાકે સમાજવાદી નિર્માણનો પંથ અપનાવ્યો. કંપુચિયન જન લોકશાહીવાદી પ્રજાસત્તાકમાં મૂળગામી સામાજિક-આર્થિક રૂપાંતરો અમલમાં મુકાઈ રહ્યાં છે.

સાંસ્થાનિક રાષ્ટ્રોની મુક્તિનો યુગ સમાજવાદના વિજયો સાથે સંકળાયેલો છે. દુનિયાનાં સાંસ્થાનિક સામ્રાજ્યોનાં ખંડેરોમાંથી એકસો કરતાં વધારે નવાં રાષ્ટ્રીય રાજ્યો ઉદય પામ્યાં. રશિયામાં ઑક્ટોબર ક્રાંતિનો વિજય થયો અને આગળ જતાં વિશ્વ સમાજવાદી બિરાદરીનો ઉદય થયો ત્યાર પછીના સમયની એ ઘટના અત્યંત મહત્ત્વની છે.

નીચેના કોષ્ટકમાં બતાવવામાં આવ્યું છે કે રશિયાની ઑક્ટોબર સમાજવાદી ક્રાંતિ પછી આરંભનાં વર્ષોમાં દુનિયામાં કેવી રીતે પરિવર્તનો થયાં હતાં.

આંકડાઓ બતાવે છે કે દુનિયાના મેદાનમાં પરિબળોનું સંતુલન નિર્ણાયક રૂપે સમાજવાદની તરફેણમાં પલટાઈ ગયું છે.

વર્તમાન યુગમાં માનવજાતિના વિકાસની રીતોને મુખ્ય ક્રાંતિકારી પરિબળો નિર્ધારિત કરે છે. એ પરિબળો એટલે સમાજવાદી રાજ્યો, મૂડીવાદી દેશોમાંનું કામદાર વર્ગીય આંદોલન, રાષ્ટ્રીય મુક્તિ આંદોલન, અને દુનિયાનાં સઘળાં લોકશાહીવાદી પ્રગતિશીલ પરિબળો.

શાંતિ અને સલામતી જાળવી રાખવાના અને શાંતિમય સહકારને પ્રવેગ

દેશો	૧૯૧૯				૧૯૮૦			
	ક્ષેત્રફળ		વસતિ		ક્ષેત્રફળ		વસતિ	
	ચોરસ કિલોમીટર (મિલિયનમાં)	ટકાવારી	મિલિયનમાં	ટકાવારી	ચોરસ કિલોમીટર (મિલિયનમાં)	ટકાવારી	મિલિયનમાં	ટકાવારી
૧. દુનિયા	૧૩૫.૮*	૧૦૦	૧૭૭૭	૧૦૦	૧૩૫.૮	૧૦૦	૪૪૧૫	૧૦૦
ક. સમાજવાદી દેશો	૨૧.૭	૧૬	૧૩૮	૭.૮	૩૫.૬	૨૬.૨	૧૪૬૩	૩૩.૧
ખ. બીજા દેશો	૧૧૪.૧	૮૪	૧૬૩૯	૯૨.૨	૧૦૦.૨	૭૩.૮	૨૯૫૨	૬૬.૯
૨. મોટી સામ્રાજ્યવાદી સત્તાઓ** અને તેમનાં સંસ્થાનો	૬૦.૩	૪૪.૪	૮૫૫	૪૮.૧	૧૧.૩	૮.૩	૫૭૭	૧૩.૧
૩. સંસ્થાનો અને અર્ધ-સંસ્થાનો	૭૭.૮	૭૨.૦	૧૨૩૫	૬૯.૪	૧.૦	૦.૭	૧૨	૦.૩
૪. ૧૯૧૯ પછી સાર્વભૌમ રાજ્યો બની ગયેલાં ભૂતપૂર્વ સંસ્થાનો અને અર્ધ-સંસ્થાનો (સમાજવાદી રાજ્યો સિવાય)	—	—	—	—	૮૩.૬	૬૧.૬	૨૧૭૪	૪૯.૨

*દક્ષિણ ધ્રુવ પ્રદેશ (૧૪૧૦૦ મિલિયન ચોરસ કિલોમીટર) સિવાય.

**સંયુક્ત રાજ્ય અમેરિકા, બ્રિટન, ફ્રાંસ, જર્મન સમવાયી પ્રજાસત્તાક (૧૯૧૯માં જર્મની), જાપાન, અને ઇટાલી.

આપવાના આશયે સાર્વભૌમ રાજ્યોની મરજિયાત સહમતીના આધારે ૧૯૪૫માં સ્થાપવામાં આવેલા સંયુક્ત રાષ્ટ્ર સંઘનાં (યુનો) સભ્ય રાજ્યોની સંખ્યા ૧૯૮૨ના આરંભમાં ૧૫૭ હતી.

રાજ્યો તેમની સામાજિક પદ્ધતિના આધારે કાં તો મૂડીવાદી અથવા સમાજવાદી હોય છે.

સોવિયેત સંઘ દુનિયાના પ્રથમ સમાજવાદી રાજ્યનું સ્થાન ધરાવે છે. સોવિયેત સંઘમાં તથા બીજા સમાજવાદી દેશોમાં ઉત્પાદનનાં તમામ બુનિયાદી સાધનો સહિયારી માલિકીનાં છે, લોકો ખુદ પોતાને ખાતર કામ કરે છે, રાષ્ટ્ર અને સત્તા એકરૂપ છે, અને મહેનતકશ લોકસમુદાયો રાજ્યના કારોબારમાં સક્રિય ભાગ લે છે.

મોટા ભાગનાં મૂડીવાદી રાજ્યો તાકાતવાન સામ્રાજ્યવાદી રાજ્યોના બહુવિધ રૂપોના આર્થિક, રાજકીય, તથા લશ્કરી અવલંબનની દશામાં છે. એવાં સામ્રાજ્યવાદી રાજ્યો હજી સંસ્થાનો ધરાવે છે અને તેમનું નિર્દય શોષણ કરે છે. કહેવાતા સ્વશાસનવિહીન, અથવા વાલીપણા હેઠળના, પ્રદેશો પણ અમલમાં તો સંસ્થાનો જ છે.

સામ્રાજ્યવાદની યુદ્ધ પછીની ઓલાદ, નવ-સંસ્થાનવાદ, નવોદિત રાષ્ટ્રીય રાજ્યોની ઉપર સામ્રાજ્યવાદી સત્તાઓના આડકતરા આર્થિક, રાજકીય, તથા લશ્કરી કાબૂની પદ્ધતિ છે. નવ-સંસ્થાનવાદનું લક્ષ્ય સામ્રાજ્યવાદી સત્તાઓને, સંસ્થાનવાદી ધૂંસરી ફગાવી દેનારા દેશોની ઉપર, વર્ચસ્વ જાળવી રાખવામાં મદદ કરવાનું છે.

પ્રાદેશિક વિસ્તરણની અને દુનિયાના નકશાનું ફરી આલેખન કરવાની નીતિ છોડી દેવા ન માગતા સામ્રાજ્યવાદે રાષ્ટ્રો માટે મોટી સંખ્યામાં બહુવિધ પ્રાદેશિક તથા સરહદી ઝઘડા બાકી રહેવા દીધા છે, અને એવા ઝઘડા ક્યારેક દુનિયાના જુદાજુદા ભાગોમાં રાજકીય પરિસ્થિતિને એકદમ ઉગ્ર બનાવી દે છે.

રાષ્ટ્રોના સાર્વભૌમ અધિકારોનો ભંગ કરતા સામ્રાજ્યવાદીઓ પોતાનાં કૃત્યોને વાજબી ઠરાવવાની કોશિશ એવી દલીલના આધારે કરે છે કે આપણા જમાનામાં રાષ્ટ્રીય સરહદો નિરર્થક બની ગઈ છે, અને રાજ્યોના રાષ્ટ્રીય સાર્વભૌમત્વની વિભાવના, પ્રાદેશિક અખંડતા સહિત એવી વિભાવના, કાલગ્રસ્ત બની ગઈ છે. પરંતુ ખરું જોતાં રાજ્યોને પોતપોતાની રાષ્ટ્રીય સરહદોની ભીતર સંપૂર્ણ અને એકમાત્ર પોતાના જ અખત્યારનો અવિચ્છેદ્ય અને પુનિત અધિકાર છે.

દુનિયાની વસતિ ૧૯૩૦માં ૨૦૦૦ મિલિયનથી ઓછી હતી, તેની સરખામણીમાં ૧૯૮૦ના આરંભના અંદાજ મુજબ વસતિ વધીને ૪૪૦૦ મિલિયન થઈ ગઈ હતી. એવો અંદાજ પણ કાઢવામાં આવ્યો છે કે વસતિમાં બે ટકાનો, અથવા ૭૦-૮૦ મિલિયન લોકોનો, સરેરાશ વાર્ષિક વધારો થાય છે. વસતિમાં વધારાનો એવો ઊંચો દર ચાલુ રહેશે તો ૨૦૦૦ના વર્ષ સુધીમાં દુનિયાની વસતિ ૬૦૦૦ મિલિયનથી વધારે થઈ જશે. વસતિમાં વધારાનું ઊંચામાં ઊંચું પ્રમાણ એશિયા, આફ્રિકા, અને લૅટિન અમેરિકાના દેશોમાં નોંધાયું છે.

વિકસતા દેશોમાં મૃત્યુ દર ઘટી જવાથી અને ઊંચો જન્મ દર ચાલુ રહેવાથી વસતિમાં વધારો ઝડપી બની ગયો છે. પશ્ચિમના વિદ્વાનો તેને "વસતિ વિસ્ફોટ" ગણાવે છે. એ રીતે "વસતિની સમસ્યા" આગળ આવી છે. મૂડીદાર વર્ગને તેનો ઉકેલ જન્મ દરને જોરજુલમથી મર્યાદિત રાખવામાં, સત્યાનાશી યુદ્ધ ચાલુ કરવામાં, તથા બીજા નવ-માલથસપંથી મતવાદોમાં દેખાય છે. પરંતુ ખરું જોતાં વસતિની સમસ્યાને ઉકેલવાનો એકમાત્ર શક્ય માર્ગ પ્રજાઓની આર્થિક તથા સામાજિક પ્રગતિનો છે.

પૃથ્વી પર લગભગ ૨૦૦૦ રાષ્ટ્રો વસે છે. તેમાં એક મિલિયનથી વધારે લોકો ધરાવતાં રાષ્ટ્રોની સંખ્યા માત્ર ૨૦૦ છે, અને એ ૨૦૦ રાષ્ટ્રો દુનિયાની કુલ વસતિનો ૯૫ ટકા હિસ્સો બની રહે છે.

૧૫૦૦ મિલિયનથી વધારે લોકો આર્થિક દૃષ્ટિએ સક્રિય છે, એટલે કે સામાજિક ઉત્પાદનમાં ભાગ લે છે. દુનિયાની વસતિ ઉત્પાદનમાં સ્થાન અને ઉત્પાદનનાં સાધનો જોડે સંબંધના આધારે મોટાં સામાજિક જૂથોમાં, અથવા વર્ગોમાં, વિભાજિત છે.

મૂડીવાદી દેશોમાં સર્વહારા વર્ગ અને કિસાનપ્રજા તેમ જ ઑફિસોના કર્મચારીઓ તથા બીજા વેતનદાર કામદારો મળીને વસતિની ભારે મોટી બહુસંખ્યા બની રહે છે, અને મૂડીદાર વર્ગ તથા જમીનદારો તેમ જ બીજા શોષક વર્ગો લઘુસંખ્યામાં હોય છે.

સમાજવાદી દેશોમાં શોષક વર્ગો નથી હોતા. એ દેશોની વસતિ બે મૈત્રીભાવી વર્ગોની બનેલી હોય છે—કામદારો અને કિસાનો. બુદ્ધિજીવીઓ મહત્ત્વનું સ્થાન ધરાવતા હોય છે. તેઓ કામદારો તથા કિસાનોમાંથી આગળ આવેલા હોય છે અને તેમની જોડે સહિયારાં હિતો તથા ધ્યેયોમાંથી ઉદ્ભવતા અત્યંત ગાઢ સંબંધો ધરાવતા હોય છે.

સર્વહારા વર્ગ આધુનિક યુગનો સૌથી વધારે સુસંગત ક્રાંતિકારી વર્ગ છે,

દુનિયાના ક્રાંતિકારી રૂપાંતરનું મુખ્ય પ્રેરક પરિબળ છે. ચાલુ સદીના નવમા દાયકાના આરંભ સુધીમાં દુનિયાના કામદાર વર્ગની કુલ સંખ્યા ૬૦૦ મિલિયનથી વધારે થઈ ગઈ હતી, અને તેમાંથી સમાજવાદી દેશોમાં વસતા કામદારોની સંખ્યા ૧૬૦ મિલિયન હતી.

વર્ગીય લડાઈઓમાં પોલાદી બનેલી માર્ક્સવાદી-લેનિનવાદી કોમ્યુનિસ્ટ પાર્ટીઓ કામદાર વર્ગની અને તમામ મહેનતકશ લોકોની મોખરાની ક્રાંતિકારી હરોળ બની રહેલી છે. એ પાર્ટીઓ વૈજ્ઞાનિક સામ્યવાદના મહાન આદર્શોને કેવળ સમજાવવાની જ નહિ પરંતુ અમલમાં મૂકવાની શક્તિ પણ પ્રદર્શિત કરી ચૂકી છે.

કોમ્યુનિસ્ટોની હરોળો તેમ જ લોકસમુદાયોની ઉપર તેમની અસર નિરંતર વધી રહી છે. આજે દુનિયામાં મહેનતકશ લોકોના એકદમ સભાન તથા સક્રિય પ્રતિનિધિઓને એકતામાં સાંકળી લેતી કોમ્યુનિસ્ટ તથા કામદાર પાર્ટીઓની સંખ્યા ૯૦થી વધારે છે.

વર્તમાન વિશ્વ અર્થકારણનું પ્રતિનિધિત્વ પરસ્પર વિરોધી બે આર્થિક પદ્ધતિઓ, સમાજવાદી અને મૂડીવાદી પદ્ધતિઓ, કરે છે. ૧૯૮૦માં આખી દુનિયાનું મુખ્ય ઔદ્યોગિક પેદાશોનું ઉત્પાદન નીચે મુજબની કક્ષાએ પહોંચી ગયું હતું: વીજળી — ૮૩૭૦ હજાર મિલિયન કિલોવાટ કલાકથી વધારે, તેલ — લગભગ ૩૦૦૦ મિલિયન ટન, ગૅસ — લગભગ ૧૫૦૦ મિલિયન ઘન મીટર, કોલસા — ૩૭૦૦ મિલિયન ટનથી વધારે, પોલાદ — ૭૧૫ મિલિયન ટનથી વધારે, સિન્થેટિક રેઝિન અને પ્લાસ્ટિક — લગભગ ૬૦ મિલિયન ટન, રસાયણિક તંતુઓ — ૧૬ મિલિયન ટનથી વધારે, સિમેંટ — લગભગ ૯૦૦ મિલિયન ટન. પરંતુ અલગ અલગ દેશોમાં તથા મોટા વિસ્તારોમાં ઔદ્યોગિક ઉત્પાદનની વહેંચણી અસમાન છે.

દુનિયાના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં સંયુક્ત રાજ્ય અમેરિકા તથા સોવિયેત સમાજવાદી પ્રજાસત્તાક સંઘનો, સૌથી મોટા બે ઔદ્યોગિક દેશોનો, ફાળો લગભગ ૫૦ ટકા જેટલો છે.

આજે દુનિયાના ખેતીવાડી ઉત્પાદનનો નિર્દેશ કરતા સરેરાશ વાર્ષિક ઉત્પાદન આંકડા નીચે મુજબ છે: ૧૬૦૦ મિલિયન ટનથી વધારે અનાજ તથા કઠોળ અને ૧૪ મિલિયન ટનથી વધારે કપાસ. એ ઉપરાંત કોફી તથા કોકોના દાણા, ચા, મગફળી, બટેટા, ફળો, તથા શાકભાજીના જબ્બર મોટા પાક ઉતારવામાં આવે છે. ઘઉંના મુખ્ય ઉત્પાદકો સોવિયેત સંઘ તથા અમેરિકા છે; ડાંગરના

સૌથી મોટા ઉત્પાદકો ચીન તથા ભારત છે; અને કપાસના સૌથી મોટા ઉત્પાદકો સોવિયેત સંઘ, અમેરિકા, તથા ભારત છે. દુનિયાની અંદાજી પશુસંખ્યા નીચે મુજબ છે: ઢોરઢાંખર—૧૫૦૦ મિલિયનથી વધારે, ઘેટાંબકરાં—૧૦૦૦ મિલિયનથી વધારે, અને ડુક્કર—૫૦૦ મિલિયનથી વધારે. પશુપાલનની પેદાશોના ઉત્પાદનમાં, પકડવામાં આવતાં માછલાં તથા સમુદ્રી જીવોના જથ્થાઓમાં, અને મત્સ્ય-ઉદ્યોગની પેદાશોના ઉત્પાદનમાં ખાસ કરીને સોવિયેત સંઘ, જાપાન, તથા અમેરિકામાં વધારો થઈ રહ્યો છે.

વાહનવ્યવહારના જમીનમાર્ગોની કુલ લંબાઈ લગભગ ૩૦ મિલિયન કિલોમીટર જેટલી છે. તેમાંથી પાકી સડકોની લંબાઈ ૧૨ મિલિયન કિલોમીટર છે, રેલવેની લંબાઈ ૧.૫ મિલિયન કિલોમીટર છે, અને મુખ્ય પાઈપલાઈનોની લંબાઈ એક મિલિયન કિલોમીટરથી વધારે છે.

રેલવેની લંબાઈની બાબતમાં અમેરિકા આખી દુનિયામાં પ્રથમ સ્થાન ધરાવે છે, પરંતુ વિદ્યુત રેલવેની લંબાઈ તેમ જ રેલવે મારફત માલની હેરફેરના કુલ પરિમાણની બાબતમાં સોવિયેત સંઘ આખી દુનિયામાં પ્રથમ સ્થાન ધરાવે છે.

દુનિયાના વ્યાપારી વહાણવટાના કાફલામાં ૬૦ હજાર વહાણો છે, અને તેમની નોંધાયેલી કુલ ભારવહન ક્ષમતા લગભગ ૩૦૦ મિલિયન ટન જેટલી છે.

આજના જમાનાનું વિશ્વ અર્થકારણ સમરૂપ નથી. રશિયામાં તેમ જ યુરોપ, એશિયા, તથા લૅટિન અમેરિકાના કેટલાય દેશોમાં ક્રાંતિઓના પરિણામે ઉદ્ભવ પામેલા વિશ્વ સમાજવાદી અર્થકારણની સ્થિતિ મક્કમ બની ગઈ છે દુનિયાના ઔદ્યોગિક ઉત્પાદનમાં સમાજવાદી દેશોનો ફાળો ૧૯૫૦માં ૨૦ ટકાનો હતો તે વધીને ૧૯૮૦માં ૪૦ ટકાનો થઈ ગયો હતો. એ ગાળા દરમિયાન દુનિયાના ઉત્પાદનમાં મૂડીવાદી દેશોનો હિસ્સો એટલા પ્રમાણમાં ઘટી ગયો છે. સમાજવાદી દેશોનું ઔદ્યોગિક ઉત્પાદન આર્થિક દૃષ્ટિએ વિકસિત મૂડીવાદી દેશોના ઔદ્યોગિક ઉત્પાદનના ૭૫ ટકાથી વધારે છે.

સમાજવાદી દુનિયા વિકાસના એવા તબક્કામાં દાખલ થઈ છે કે જેમાં નવી સામાજિક પદ્ધતિની, જનતાના હિતમાં અર્થતંત્રનો આયોજિત અને કટોકટી રહિત વિકાસ સુનિશ્ચિત બનાવવાનું સામર્થ્ય ધરાવતી પદ્ધતિની, પારાવાર સંભાવનાઓને સારી પેઠે વધારે પૂર્ણ રૂપમાં સાકાર બનાવવાનું શક્ય છે. અલગ અલગ દેશો બે વિશ્વ પદ્ધતિઓમાંથી કઈ પદ્ધતિ ધરાવે છે તેના આધારે સમાજવાદી અથવા મૂડીવાદી હોય છે. સાથે સાથે જ, વધતી જતી સંખ્યામાં

એવા દેશો જોવા મળે છે કે જે સંસ્થાનવાદથી મુક્ત થઈને હવે આર્થિક તથા રાજકીય વિકાસની વિવિધ કક્ષાઓએ પહોંચી રહ્યા છે.

ઘણાં નવોદિત રાષ્ટ્રીય રાજ્યો કટ્ટર વર્ગસંઘર્ષ, રાજ્યપલટાઓ, અને આદિમ જાતિઓ વચ્ચેની ઘાતક લડાઈઓના ગાળામાંથી પસાર થઈ રહ્યાં છે. કેટલાંક એવાં રાજ્યોમાં પ્રવર્તિત અસ્થાયી પરિસ્થિતિનો ફાયદો ઉઠાવીને સામ્રાજ્યવાદ તેમની લોક-વિરોધી સરકારોને ટેકો આપીને તેમની ઉપર નવ-સંસ્થાનવાદી પદ્ધતિ લાદવાની તથા તેમને ભૂતકાળની જેમ જ લૂંટવાનું ચાલુ રાખવાની કોશિશ કરે છે.

સમાજવાદી દેશો

વિશ્વ સમાજવાદી પદ્ધતિ યુરોપ, એશિયા, અને લૅટિન અમેરિકાના ઘણા સાર્વભૌમ દેશોને આવરી લે છે. દુનિયાનો પ્રથમ સમાજવાદી દેશ સોવિયેત સમાજવાદી પ્રજાસત્તાક સંઘ (સોવિયેત સંઘ) છે, તેની સ્થાપના ૧૯૧૭માં થઈ હતી; મોંગોલિયન લોક પ્રજાસત્તાકની સ્થાપના ૧૯૨૧માં થઈ હતી; આલ્બેનિયન લોક સમાજવાદી પ્રજાસત્તાક, બલ્ગારિયન લોક પ્રજાસત્તાક, હંગેરિયન લોક પ્રજાસત્તાક, જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાક, વિયેતનામ લોકશાહીવાદી પ્રજાસત્તાક (૧૯૭૬માં ઉત્તર અને દક્ષિણ વિયેતનામના ફરી એકીકરણ પછી વિયેતનામ સમાજવાદી પ્રજાસત્તાક), કોરિયન જન લોકશાહીવાદી પ્રજાસત્તાક, પોલૅંડ લોક પ્રજાસત્તાક, રુમાનિયન સમાજવાદી પ્રજાસત્તાક, ઝેકોસ્લોવાક સમાજવાદી પ્રજાસત્તાક, અને યુગોસ્લાવ સમાજવાદી સમવાયી પ્રજાસત્તાકની સ્થાપના ૧૯૪૪થી ૧૯૪૯ દરમિયાન થઈ હતી; ચીની લોક પ્રજાસત્તાકની સ્થાપના ૧૯૪૯માં અને ક્યૂબા પ્રજાસત્તાકની સ્થાપના ૧૯૫૯માં થઈ હતી.

૧૯૭૫માં લાઓસ જન લોકશાહીવાદી પ્રજાસત્તાક સમાજવાદી દેશોના પરિવારમાં સામેલ થઈ ગયું. અંગોલા, ઇથિયોપિયા, અને બીજા કેટલાય વિકસતા દેશોની પ્રજાઓએ વિકાસનો સમાજવાદી પંથ અપનાવ્યો.

સમાજવાદી દેશો પારાવાર આર્થિક, કુદરતી, અને માનવશક્તિ સંબંધી સાધનસામગ્રી ધરાવે છે. સોવિયેત સંઘનું સામર્થ્ય ખાસ મોટું છે.

સમાજવાદી દેશો સામાજિક પદ્ધતિના લાભોને કારણે અર્થતંત્રની બધી શાખાઓને ઝડપી વેગે વિકસાવી રહ્યા છે. તેની સાબિતી પરસ્પર આર્થિક સહાય

સમાજવાદી દેશોનો વિસ્તાર, વસતિ, અને ઉદ્યોગ (૧૯૮૦)

	વિસ્તાર		વસતિ		ઔદ્યોગિક ઉત્પાદન (ટકાવારી)
	ચોરસ કિલોમીટર (મિલિયનમાં)	ટકાવારી	મિલિયન	ટકાવારી	
બધા સમાજવાદી દેશો	૩૫.૬	૧૦૦	૧૪૬૩	૧૦૦	૧૦૦
તેમાંથી : સોવિયેત સંઘ	૨૨.૪	૬૨.૯	૨૬૭	૧૮.૨	૫૦

પરિષદના* સભ્ય બનેલા દેશોના ઉદાહરણમાં જોવા મળે છે. આઠમા દાયકામાં પરિષદના સભ્ય દેશોના ઔદ્યોગિક ઉત્પાદન તથા રાષ્ટ્રીય આવકની વૃદ્ધિનો દર વિકસિત મૂડીવાદી દેશોની સરખામણીમાં લગભગ બમણો હતો. પરિષદના સભ્ય દેશો એકધારી રીતે તેમની ઔદ્યોગિક સંભાવનાને સાકાર કરી રહ્યા છે અને દુનિયાના અર્થકારણમાં નિરંતર વધારે મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. સમાજવાદી બિરાદરીએ દુનિયામાં એકદમ ચેતનમય આર્થિક સામર્થ્યનું સ્થાન હાંસલ કરી લીધું છે. પરિષદના સભ્ય દેશો દુનિયાની કુલ જમીનનો ૧૯ ટકા ભાગ અને વસતિનો ૧૦ ટકા ભાગ ધરાવે છે, પરંતુ દુનિયાના ઔદ્યોગિક ઉત્પાદનમાં તેમનો ફાળો લગભગ ત્રીજા ભાગનો છે.

સમાજવાદી દેશોમાં ખેતીવાડીમાં સમાજવાદી મિલકતનાં બે રૂપો અસ્તિત્વમાં છે: સાર્વજનિક મિલકત (રાજ્ય ખેતરો અને જનતાની માલમતા) અને સામૂહિક ખેતીવાડીની તથા સહકારી મિલકત (સામૂહિક ખેતરો અને ખેતીવાડી ઉત્પાદક સહકારીઓ). સમાજવાદી દેશો ખેતીવાડીની જમીનના અફાટ વિસ્તારો, લગભગ ૧૨૦૦ મિલિયન હેક્ટાર જેટલા વિસ્તારો, ધરાવે છે.

સમાજવાદી દેશોમાં ખેતીવાડીનું ઉત્પાદન એકધારું વધી રહ્યું છે. તેઓ બધા ભેગા મળીને દુનિયાના અનાજના ઉત્પાદનમાં લગભગ ૫૦ ટકા, કપાસના ઉત્પાદનમાં ૪૦ ટકાથી વધારે, બટેટાના ઉત્પાદનમાં ૬૦ ટકાથી વધારે, સાકર-બીટના ઉત્પાદનમાં ૫૦ ટકાથી વધારે, માંસના ઉત્પાદનમાં ૩૩ ટકા, અને દૂધના ઉત્પાદનમાં લગભગ ૪૦ ટકાનો ફાળો આપે છે.

સમાજવાદી નિર્માણનાં વર્ષોમાં મહેનતકશ લોકોનાં ભૌતિક સુખસગવડ અને સાંસ્કૃતિક ધોરણનો ભારે ઉત્કર્ષ થયો છે. શિક્ષણ, આરોગ્યરક્ષા, વિજ્ઞાન, અને સંસ્કૃતિનાં ક્ષેત્રોમાં વિરાટ છલંગો મારીને પ્રગતિ સાધવામાં આવી છે. તેના પરિણામે સમાજવાદ આજે આપણા ગ્રહના કરોડો લોકોના વિચારો અને લાગણીઓ ઉપર પારાવાર પ્રભાવ પાડી રહ્યો છે, અને ભવિષ્ય સમાજવાદની અસીમ સંભાવનાઓની, મૂડીવાદની સરખામણીમાં તેની ઐતિહાસિક સરસાઈની, નવી સાબિતીઓ રજૂ કરશે.

સમાજવાદી દેશોની અદ્ભુત સિદ્ધિઓનો યશ તેમની અગ્રગામી ઉત્પાદન રીતને, નવા સામાજિક સંબંધોને, જનતાના સંનિષ્ઠ શ્રમને, આંતરિક સાધનસરંજામના પૂરા ઉપયોગને, તેમ જ તેમની વચ્ચે આર્થિક સહકાર તથા પરસ્પર સહાયના વિસ્તરણને ફાળે જાય છે. પરિષદના સભ્ય દેશોના સમાજવાદી એકીકરણને વિસ્તારીને તથા વધારે ગહન બનાવીને પ્રવેગ આપવામાં આવે છે. તેનો અમલ પરિષદના સભ્ય દેશોના સહકારને તથા સમાજવાદી આર્થિક એકીકરણના વિકાસને વધારે ગહન બનાવવા તથા સુધારવાના સર્વાંગી કાર્યક્રમના આધારે કરવામાં આવે છે. પરિષદના ૩૦મા અધિવેશનમાં (૧૯૭૬), ભૌતિક

---

*પરસ્પર આર્થિક સહાય પરિષદની, સમાજવાદી દેશોની આંતરરાષ્ટ્રીય આર્થિક સંસ્થાની, સ્થાપના ૧૯૪૯માં થઈ હતી. બલ્ગારિયા, હંગેરી, જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાક, ક્યૂબા, મોંગોલિયન લોક પ્રજાસત્તાક, પોલૅંડ, રુમાનિયા, સોવિયેત સંઘ, ચેકોસ્લોવાકિયા, અને વિયેતનામ સમાજવાદી પ્રજાસત્તાક તેના સભ્યો છે. યુગોસ્લાવિયા પરિષદનાં ઘટકોની કામગીરીમાં ભાગ લે છે. લાઓસ જન લોકશાહીવાદી પ્રજાસત્તાક, કોરિયન જન લોકશાહીવાદી પ્રજાસત્તાક, અંગોલા, અને ઇથિયોપિયાના પ્રતિનિધિઓ પરિષદનાં ઘટકોની કામગીરીમાં નિરીક્ષકો તરીકે ભાગ લે છે. પરિષદે ફિનલૅંડ, મેક્સિકો, અને ઇરાક જોડે સહકારના કરારો કર્યા છે. પરિષદના ઉદ્દેશોની ઘોષણા મુજબ તેની સ્થાપના સભ્યોની જહેમતોને સાંકળી લઈને તથા સમન્વિત કરીને તેમનાં અર્થતંત્રોના આયોજિત વિકાસને પ્રવેગ આપવા, આર્થિક અને ટેકનિકલ પ્રગતિને વેગીલી બનાવવા, ઉદ્યોગીકરણની કક્ષાનો ઉત્કર્ષ સાધવા, અને એકધારી રીતે શ્રમની ઉત્પાદકતાની વૃદ્ધિ તથા જીવનધોરણોની ઉન્નતિ સુનિશ્ચિત બનાવવા માટે કરવામાં આવી હતી.

ઉત્પાદનનાં અત્યંત મહત્ત્વનાં ક્ષેત્રોમાં ૧૦-૧૫ વર્ષો માટે સહકારના લાંબા ગાળાના સહેતુક કાર્યક્રમોના અમલનો આરંભ અંકિત કરતા અધિવેશનમાં, સહકારને વધારે દૃઢ બનાવવાની તથા સમાજવાદી આર્થિક એકીકરણને વધારે ગહન બનાવવાની દિશામાં પરિષદના સભ્ય દેશોની મક્કમ તૈયારીનો નિર્દેશ ભારપૂર્વક કરવામાં આવ્યો હતો. સમાજવાદી દેશો વચ્ચેના સર્વાંગી સહકારનો વિકાસ સમાજવાદ તથા સામ્યવાદના નિર્માણમાં નવી સફળતાઓ શક્ય બનાવે છે.

વિકસતા દેશો

વિકસતા દેશો દુનિયાના મામલાઓમાં નિરંતર વધતી જતી ભૂમિકા ભજવી રહ્યા છે. તેમાંથી મોટા ભાગના દેશો ભૂતકાળમાં સંસ્થાનો અથવા અર્ધ-સંસ્થાનો હતા અને તાજેતરમાં જ સાર્વભૌમ રાજ્યોમાં રૂપાંતર પામેલા છે. લેઓનીદ બ્રેઝનેવે જણાવ્યું છે કે "વર્તમાન દુનિયાનું ચિત્ર નીરખતી વેળા એવી મહત્ત્વની ઘટનાને લક્ષમાં લીધા વગર રહી શકાય જ નહિ કે જે રાજ્યો થોડા વખત પહેલાં સંસ્થાનો અને અર્ધ-સંસ્થાનો હતાં તેમના પ્રભાવમાં ગંભીર વૃદ્ધિ થઈ છે." "વિકસતા દેશો" શબ્દો હવે એવા દેશોને પણ લાગુ કરવામાં આવે છે કે જે લાંબા વખત પહેલાં રાજકીય સ્વતંત્રતા હાંસલ કરી ચૂક્યા હતા અને હવે મોટી સામ્રાજ્યવાદી સત્તાઓ પરના પોતાના આર્થિક તથા લશ્કરી અવલંબનને ખતમ કરી નાખવાની જહેમતો કરી રહ્યા છે. વિકસતાં રાજ્યો ભેગાં મળીને દુનિયાની સપાટીના ૬૦ ટકાથી વધારે ભાગને આવરી લે છે, અને તેમની સંયુક્ત વસતિ દુનિયાની વસતિના લગભગ અરધા ભાગ જેટલી છે. તેમ છતાં દુનિયાના ઔદ્યોગિક ઉત્પાદનમાં તેમનો ફાળો ૭ ટકાથી ઓછો છે. દુનિયાના એ હિસ્સામાં ભારે મુશ્કેલીઓ છતાં આર્થિક, સાંસ્કૃતિક, તથા સામાજિક ક્ષેત્રોમાં ગહન પ્રગતિશીલ રૂપાંતરો થઈ રહ્યાં છે.

વિકસતા દેશોમાંથી નવોદિત રાષ્ટ્રીય રાજ્યો વિકાસનો બિન-મૂડીવાદી પંથ, એટલે કે ભવિષ્યમાં સમાજવાદી સમાજના નિર્માણનો પંથ, નિરંતર વધતી જતી સંખ્યામાં અપનાવતાં જાય છે. એ દેશો દુનિયામાં રાષ્ટ્રીય મુક્તિ આંદોલનની મોખરાની હરોળ અંકિત કરે છે.

સોવિયેત સંઘ અને બીજા બધા સમાજવાદી દેશો નવોદિત રાજ્યોની વાજબી આકાંક્ષાઓને, સામ્રાજ્યવાદી શોષણથી પૂરેપૂરો છુટકારો હાંસલ કરી લેવાના

તેમના નિર્ધારને, પોતાની રાષ્ટ્રીય સંપદાના સ્વામીઓ પોતે જ બની રહેવાની તેમની મંછાને, સર્વાંગી ટેકો આપે છે. પરસ્પર આર્થિક સહાય પરિષદના દેશો નવ-સંસ્થાનવાદની વિરુદ્ધ, તેમ જ સામ્રાજ્યવાદ તરફથી લાદવામાં આવતા અસમાન સંબંધોને તથા કેટલાક દેશોની ઉપર બીજા દેશો તરફથી વરસાવવામાં આવતા જુલમને ખતમ કરી નાખવાના, સંઘર્ષમાં હંમેશાં વિકસતા દેશોના પક્ષે રહે છે, દુનિયાના વિવિધ દેશોના આર્થિક વિકાસની કક્ષાઓ વચ્ચેના તફાવતને ખતમ કરી નાખવામાં સુસંગત રીતે મદદ કરે છે.

હજી સામ્રાજ્યવાદીઓના જુલમમાં સબડતા સાંસ્થાનિક દેશોની પ્રજાઓ આઝાદીનો પરાક્રમી સંઘર્ષ લડી રહી છે. આખી દુનિયામાં સમાજવાદ અને લોકશાહીવાદનાં પરિબળો સામ્રાજ્યવાદના જુલમમાં સબડતી પ્રજાઓના ઇનસાફી સંઘર્ષને ટેકો આપે છે.

ઉન્નત મૂડીવાદી દેશો

ઉન્નત મૂડીવાદી રાજ્યો—સંયુક્ત રાજ્ય અમેરિકા, પશ્ચિમ યુરોપના મોટા ભાગના દેશો, જાપાન, દક્ષિણ આફ્રિકા પ્રજાસત્તાક, કૅનેડા, અને રાષ્ટ્ર સમૂહ ઑસ્ટ્રેલિયા—પણ સારા પ્રમાણમાં આર્થિક સામર્થ્ય ધરાવે છે. તેમનો કુલ વિસ્તાર અને વસતિ સઘળા મૂડીવાદી દેશોના કુલ વિસ્તાર અને વસતિના ત્રીજા ભાગથી ઓછાં હોવા છતાં સમગ્ર મૂડીવાદી કારખાના ઉદ્યોગના ઉત્પાદનમાં તેમનો ફાળો ૯૦ ટકાથી વધારે છે.

છ મોટી સત્તાઓ—સંયુક્ત રાજ્ય અમેરિકા, જાપાન, જર્મન સમવાયી પ્રજાસત્તાક, બ્રિટન, ફ્રાંસ, અને ઇટાલી—મૂડીવાદી અર્થકારણમાં મુખ્ય સ્થાનો ધરાવે છે. મૂડીવાદી દુનિયાના વિસ્તારનો ૧૦ ટકાથી ઓછો ભાગ ધરાવતા એ દેશોમાં સઘળાં મૂડીવાદી રાજ્યોના કુલ ઔદ્યોગિક ઉત્પાદનના ૮૦ ટકાથી વધારે ઉત્પાદન થાય છે.

સામ્રાજ્યવાદી રાજ્યો વચ્ચેના આંતરવિરોધો વધારે ને વધારે કટ્ટર બનતા જાય છે. આઠમા દાયકાના આરંભમાં સામ્રાજ્યવાદી ચડસાચડસીના ત્રણ મુખ્ય કેંદ્રોએ આખરે ઘાટ ધારણ કરી લીધો છે: સંયુક્ત રાજ્ય અમેરિકા, પશ્ચિમ યુરોપ (સૌપ્રથમ તો સહિયારા બજારના દેશો), અને જાપાન. દુનિયાના અર્થકારણમાં અમેરિકાનું સ્થાન નબળું પડતું જાય છે અને જાપાન તથા પશ્ચિમ યુરોપી દેશોનું, ખાસ કરીને જર્મન સમવાયી પ્રજાસત્તાકનું, સ્થાન વધારે જોરદાર

બનતું જાય છે. તેમની વચ્ચેનો આર્થિક તથા રાજકીય સંઘર્ષ વધારે ઉગ્ર બનતો જાય છે અને સામ્રાજ્યવાદી આંતરવિરોધો વધારે કટ્ટર બનતા જાય છે. મૂડીવાદી દુનિયાની આર્થિક કટોકટીના સંજોગોમાં એમ બની રહ્યું છે. એ કટોકટી એટલી ઊંડી છે કે તેને ચોથા દાયકાના આરંભની કટોકટી જોડે સરખાવી શકાય. મોટા ભાગના મૂડીવાદી દેશોમાં ઉત્પાદનમાં સખત ઘટાડા તથા બેકારીમાં વધારાની સાથે સાથે વિશ્વ મૂડીવાદી અર્થકારણને ચલણ, ઊર્જા, તથા કાચા માલની કટોકટીઓ જેવા ધક્કા લાગે છે. મૂડીવાદી દેશોમાં વધતા જતા લશ્કરી ખર્ચને લીધે વધારે જોર પકડતો ફુગાવો એ કટોકટીને ભારે પ્રમાણમાં વધારે ઉગ્ર બનાવે છે.

મોટા સામ્રાજ્યવાદી દેશોમાં રાજ્ય-ઇજારદારી મૂડીની અસર એકધારી વધી રહી છે, અને મૂડીવાદી રાજ્યો લશ્કરી-રાજકીય જૂથોમાં એકતા સાધી રહ્યાં છે. ઉત્તર આટલાંટિક સંધિ સંગઠનમાં (નાટો) સામ્રાજ્યવાદનું મુખ્ય આક્રમક જૂથ અંકિત છે, અને એ જૂથ સમાજવાદી દેશોની વિરુદ્ધ લક્ષ્યાંકિત છે. નાટો દેશો પશ્ચિમ યુરોપ તથા ઉત્તર અમેરિકામાં ૫૫૦ મિલિયનની વસતિ ધરાવતા ૨૨ મિલિયન ચોરસ કિલોમીટરના વિસ્તારને આવરી લે છે. પારાવાર લશ્કરી-આર્થિક સામર્થ્ય ધરાવતા નાટોમાં કેંદ્રસ્થાને અમેરિકા છે. મૂડીવાદી દુનિયામાં પરમાણુ શસ્ત્રાસ્ત્રો સમેત થતા કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાંથી ૭૫ ટકા કરતાં વધારે ઉત્પાદન નાટો દેશોમાં કેંદ્રીકૃત છે. સામ્રાજ્યવાદી દેશોએ પ્રશાંત મહાસાગરના વિસ્તારમાં પોતાની નવ-સંસ્થાનવાદી નીતિને આગળ ધપાવવાના આશયે આન્ઝુસ જૂથની (ઑસ્ટ્રેલિયા, ન્યુ-ઝીલૅંડ, તથા અમેરિકા) રચના કરી છે.

સામ્રાજ્યવાદ તરફથી સમાજવાદી દેશો તથા રાષ્ટ્રીય મુક્તિ આંદોલનની વિરુદ્ધ ઉપયોગમાં લેવામાં આવતાં આક્રમક જૂથો અને લશ્કરી અડ્ડાઓ શાંતિ માટે અને સઘળાં રાષ્ટ્રોની સલામતી માટે ગંભીર જોખમ ઊભું કરે છે. વિશ્વશાંતિનાં હિતો તકાદો કરે છે કે સામ્રાજ્યવાદી લશ્કરી જૂથોને તથા પરદેશી ધરતી ઉપર સ્થપાયેલા અડ્ડાઓને નાબૂદ કરી નાખવામાં આવે, અને દેશો તથા પ્રજાઓના સહકારને વધારે મજબૂત બનાવવામાં આવે.

સોવિયેત સંઘની કોમ્યુનિસ્ટ પાર્ટીએ ઘડી કાઢેલા શાંતિ કાર્યક્રમને અમલમાં મૂકતા સોવિયેત લોકો બંધુભાવી સમાજવાદી દેશોની પ્રજાઓ સાથે મળીને આક્રમણ તથા યુદ્ધની સામ્રાજ્યવાદી નીતિનો મક્કમ સામનો કરવાનું તથા આંતરરાષ્ટ્રીય સલામતીને વધારે મજબૂત બનાવવાનું ધોરણ સુસંગત રીતે અપનાવે છે. લેઓનીદ બ્રેઝનેવે જણાવ્યું છે કે "આપણા યુગમાં સમાજવાદી રાજ્યો વિશ્વશાંતિનો તથા પ્રજાઓની સલામતીનો મુખ્ય આધાર બની રહલાં છે."

ખંડો અને મહાસાગરો

પૃથ્વીની સપાટી ખંડો અને મહાસાગરોની બનેલી છે. માનવજાતિના જીવનમાં મહાસાગરો હવે વધારે મોટી ભૂમિકા ભજવવા લાગ્યા છે, પરંતુ રાષ્ટ્રો અને રાજ્યોના અસ્તિત્વનો કુદરતી આધાર તો જમીન જ છે.

દુનિયાના વિવિધ ભાગોમાં વિસ્તાર, વસતિ, અને રાજ્યો (૧૯૮૦)

દુનિયાના ભાગો	વિસ્તાર (ચોરસ કિલોમીટર) મિલિયનમાં	વસતિ (મિલિયનમાં)	રાજ્યો અને પ્રદેશો
યુરોપ	૧૦.૫	૬૭૮	૩૭
એશિયા	૪૪.૪	૨૬૩૦	૪૨
આફ્રિકા	૩૦.૩	૪૬૯	૫૬
અમેરિકા	૪૨.૧	૬૧૫	૪૭
ઑસ્ટ્રેલિયા અને ઓશનિયા	૮.૫	૨૩	૨૪
	૧૩૫.૮	૪૪૧૫	૨૦૬

યુરોપ

યુરોપ દુનિયાના નાનામાં નાના ખંડોમાંનો એક હોવા છતાં વધારેમાં વધારે ગીચ વસતિ ધરાવતા ભાગોમાંનો એક છે. યુરોપ દુનિયામાં વસતિની ગીચતાની દૃષ્ટિએ — દર ચોરસ કિલોમીટર દીઠ ૬૦થી વધારે માણસો — પહેલું સ્થાન અને વસતિની સંખ્યાની દૃષ્ટિએ એશિયા પછી બીજું સ્થાન ધરાવે છે.

દુનિયાની કુલ વસતિના છઠ્ઠા ભાગથી ઓછી વસતિ ધરાવતો યુરોપ ખંડ દુનિયાના ઔદ્યોગિક ઉત્પાદનમાં ૫૦ ટકાથી વધારે ફાળો આપે છે.

યુરોપના લોકોમાંથી ૫૦ ટકા કરતાં વધારે માણસો શહેરોમાં વસે છે. યુરોપમાં મોટાં શહેરો ઘણાં છે. તેમાંથી ૩૦ કરતાં વધારે શહેરો કેટલાય મિલિયનની વસતિ ધરાવે છે. એવાં શહેરોમાં લંડન, મોસ્કો, લેનિનગ્રાદ, પૅરિસ, અને બુદાપેસ્ત સામેલ છે. યુરોપનાં શહેરો કામદાર વર્ગની જમાવટ ધરાવતાં મોટાં ઔદ્યોગિક કેંદ્રો છે.

યુરોપના રાજકીય નકશામાં ૩૦થી વધારે રાજ્યો જોવા મળે છે. તેમાંથી કેટલાંક તો સાવ નાનકડાં છે. તેમની સામાજિક-આર્થિક પદ્ધતિઓ એકસરખી નથી. મધ્ય, પૂર્વ, અને દક્ષિણ-પૂર્વ યુરોપના સમાજવાદી દેશો અને સોવિયેત સંઘનો યુરોપી હિસ્સો યુરોપના ૬૦ ટકાથી વધારે પ્રદેશને આવરી લે છે. એ વિસ્તારોમાં ખંડની લગભગ અરધી વસતિ રહે છે અને યુરોપના ઔદ્યોગિક ઉત્પાદનમાં તેમનો ફાળો અરધા કરતાં વધારે છે. સમાજવાદી યુરોપ દુનિયાના એકદમ અગ્રગામી તથા મહત્ત્વના ઔદ્યોગિક ક્ષેત્રોમાં સ્થાન ધરાવે છે. યુરોપની વર્તમાન સ્થિતિમાં ખંડના કેટલાય દેશોની અંદર સમાજવાદ તથા સામ્યવાદના સફળ નિર્માણનું પરિણામ સારા એવા પ્રમાણમાં અંકિત છે.

પશ્ચિમ યુરોપ મૂડીવાદી દુનિયાના ઔદ્યોગિક ઉત્પાદનમાં લગભગ ત્રીજા ભાગનો ફાળો આપે છે અને સામ્રાજ્યવાદના લશ્કરી સામર્થ્યનો સારો એવો હિસ્સો ધરાવે છે. એવી સ્થિતિમાં જોખમ સમાયેલું છે, ખાસ તો એ હકીકતને લક્ષમાં લેતાં કે માનવજાતિના ઇતિહાસમાં એકદમ ખોફનાક યુદ્ધો યુરોપમાં શરૂ થયાં હતાં.

આર્થિક દૃષ્ટિએ વિકસિત નાના દેશો પશ્ચિમ યુરોપના વિસ્તાર અને વસતિમાં ચોથા ભાગથી ઓછો હિસ્સો ધરાવે છે, પરંતુ ચોથા ભાગથી વધારે ઔદ્યોગિક ઉત્પાદન, અથવા લગભગ બ્રિટનના જેટલું ઉત્પાદન, કરે છે. કેટલાક આર્થિક નિર્દેશકોની બાબતમાં, દાખલા તરીકે વસતિના માથા દીઠ યંત્ર ઓજારોના ઉત્પાદનની બાબતમાં, બેલ્જિયમ, નેધરલૅંડ, તથા સ્વિટ્ઝરલૅંડ કાં તો બ્રિટનથી આગળ નીકળી ગયાં છે અથવા બીજાં મોટાં પશ્ચિમ યુરોપી રાજ્યોને લગભગ આંબી ગયાં છે. પરંતુ સમગ્ર દૃષ્ટિએ જોતાં જર્મન સમવાયી પ્રજાસત્તાક, બ્રિટન, અને બીજી પશ્ચિમ યુરોપી સત્તાઓ સામ્રાજ્યવાદનું બીજા નંબરનું, સંયુક્ત રાજ્ય અમેરિકા પછી બીજા નંબરનું, અતિ મોટું "સત્તા કેંદ્ર" બની રહેલી છે.

પશ્ચિમ યુરોપી દેશોનાં ઇજારદારી વર્તુળો સામ્રાજ્યવાદીઓ વચ્ચેના આંતરવિરોધોના નિવારણની કોશિશો દરમિયાન તાજેતરનાં વર્ષોમાં મૂડીવાદી દેશોના એકીકરણની, આર્થિક અને રાજકીય એકીકરણની, રીત અજમાવી રહ્યાં છે. યુરોપી આર્થિક સમાજ અથવા સહિયારું બજાર એવા આંતર-રાજ્ય એકીકરણનું રૂપ છે. યુરોપી આર્થિક સમાજની રચના ૧૯૫૭માં કરવામાં આવી હતી અને શરૂઆતમાં તેમાં છ દેશોને — ફ્રાંસ, જર્મન સમવાયી પ્રજાસત્તાક, બેલ્જિયમ, નેધરલૅંડ, અને લુકઝેમ્બુર્ગને — સાંકળી લેવામાં આવ્યા હતા. આઠમા દાયકાના આરંભમાં બ્રિટન, ડેન્માર્ક, તથા આયરલૅંડ અને આગળ જતાં ગ્રીસ તેમાં જોડાયાં હતાં. "છ" વધીને "દસ" થઈ જવાથી યુરોપી આર્થિક સમાજની સ્થિતિ વધારે મજબૂત બની અને યુરોપમાં આક્રમક નાટો જૂથના આર્થિક આધારનું વિસ્તરણ થયું. સાથે સાથે જ, યુરોપી આર્થિક સમાજની અંદરના આંતરવિરોધો, ખાસ કરીને બ્રિટન, જર્મન સમવાયી પ્રજાસત્તાક, અને ફ્રાંસ વચ્ચેના તેમ જ યુરોપી આર્થિક સમાજ અને અમેરિકા વચ્ચેના તથા યુરોપી આર્થિક સમાજ અને જાપાન વચ્ચેના આંતરવિરોધો, વધી ગયા.

રાષ્ટ્રોના ભાવિ અંગે ફિકરમંદ સમાજવાદી દેશો ભરોસેદાર યુરોપી સલામતી પદ્ધતિની સ્થાપનાની હિમાયત કરે છે. મિત્રતા, સહકાર, અને પરસ્પર સહાયના વોર્સા સંધિ સંગઠનના સભ્ય દેશોએ નાટો સાથે અનાક્રમણ કરારની દરખાસ્ત લાંબા વખત પહેલાં કરી છે. શાંતિમય સહકારને પ્રવેગ આપવાની અને યુરોપમાં તેમ જ આખી દુનિયામાં સલામતીને વધારે મક્કમ બનાવવાની એ નીતિને સઘળાં પ્રગતિશીલ પરિબળોનો તેમ જ બહોળા લોકસમુદાયોનો વધતો જતો ટેકો મળી રહ્યો છે.

સમાજવાદી દેશોની પહેલકદમીના સુફળ રૂપે ૧૯૭૫માં ભરવામાં આવેલા યુરોપી રાજ્ય સંમેલને બીજા વિશ્વયુદ્ધનાં રાજકીય પરિણામોની તારવણી કરી અને યુરોપમાં શાંતિ તથા સલામતીને વધારે દૃઢ બનાવવાની નવી શક્યતાઓ પેદા કરી.

યુરોપની કોમ્યુનિસ્ટ અને કામદાર પાર્ટીઓ અને બધાં લોકશાહીવાદી પરિબળો યુરોપને પાછું શીતયુદ્ધના જમાનામાં ધકેલી દેવાની, રણમેદાન બનાવી દેવાની, પ્રત્યાઘાતી બળોની મુરાદનો સામનો કરે છે, અને યુરોપનાં રાજ્યો વચ્ચે, તેમની સામાજિક-આર્થિક પદ્ધતિઓના કશા ભેદભાવ વગર, આર્થિક સહકારને વિકસાવવા માટે, યુરોપને કાયમી શાંતિ, સહકાર, તથા સામાજિક પ્રગતિનો ખંડ બનાવવા માટે, સંઘર્ષ લડે છે.

એશિયાના અફાટ વિસ્તારોમાં ૨૬૦૦ મિલિયનથી વધારે, અથવા દુનિયાની વસતિના ૬૦ ટકાથી જરાક ઓછા, લોકો વસે છે. દુનિયાની મોટા ભાગની ગ્રામવસતિ પૂર્વ, દક્ષિણ-પૂર્વ, તથા દક્ષિણ એશિયાના દેશોમાં કેંદ્રીકૃત છે. એશિયાની લગભગ પાંચમા ભાગની વસતિ શહેરોમાં વસે છે. શહેરી વસતિની ટકાવારી પ્રમાણમાં ઓછી હોવા છતાં એશિયાના કેટલાક દેશોમાં બહુ મોટાં શહેરો આવેલાં છે. તેમાં સૌથી મોટાં શહેરો ટોક્યો (વસતિ ૧૨ મિલિયન), શાંઘાઈ, મુંબઈ, અને પેકિંગ છે. એ શહેરોમાંથી દરેકની વસતિ કેટલાય મિલિયનની છે.

એશિયામાં લગભગ ૪૦ રાજ્યો છે અને યુરોપના દેશોની જેમ તેઓ પણ કાં તો મૂડીવાદી અથવા સમાજવાદી વિશ્વ પદ્ધતિમાં સામેલ છે.

સમાજવાદી એશિયામાં તેના લગભગ ૬૦ ટકા વિસ્તારને આવરી લેતા સોવિયેત સંઘ ઉપરાંત મોંગોલિયન લોક પ્રજાસત્તાક, વિયેતનામ સમાજવાદી પ્રજાસત્તાક, લાઓસ જન લોકશાહીવાદી પ્રજાસત્તાક, કોરિયન જન લોકશાહીવાદી પ્રજાસત્તાક, અને ચીની લોક પ્રજાસત્તાક સામેલ છે.

એશિયાના રાજકીય નકશાને પલટાવી નાખનારી સૌથી વધારે મહત્ત્વની ઘટના ભૂતપૂર્વ સંસ્થાનોની જગ્યાએ નવમુક્ત રાજ્યોના મોટા જૂથના ઉદયની હતી. તેમાં સૌથી મોટો દેશ ભારત છે. બર્મા, સીરિયા, અને બીજા દેશોએ વિકાસનો બિનમૂડીવાદી પંથ અપનાવ્યો છે. કંપુચિયા, અફઘાનિસ્તાન, તથા દક્ષિણ યેમેનની પ્રજાઓ નૂતન જીવનનું નિર્માણ કરી રહી છે.

એશિયાના મોટા ભાગના વિકસતા દેશોએ બિનજોડાણની નીતિ અપનાવી છે. તેમની પ્રજાઓ પોતાની જહેમતોને સંસ્થાનવાદ પાસેથી વારસામાં મળેલી આર્થિક તથા સાંસ્કૃતિક પછાત દશાનો અંત આણવાની અને વસતિનાં જીવનધોરણોનો ઉત્કર્ષ સાધવાની સમસ્યાઓ જેવી મૂળભૂત રાષ્ટ્રીય સમસ્યાઓના ઉકેલમાં કેંદ્રિત કરે છે. એ સંબંધમાં તેમને સોવિયેત સંઘ તથા બીજા સમાજવાદી દેશોની નિઃસ્વાર્થ મદદ મળે છે.

એશિયામાં પરિસ્થિતિ ઉગ્ર બનવાથી સમાજવાદી દેશો અને શાંતિપ્રેમી રાજ્યોને ગંભીર ચિંતા થાય છે. અમેરિકી સામ્રાજ્યવાદે પોતાની આક્રમક નીતિને વધારે જોરદાર બનાવી દીધી છે, તે જાપાની લશ્કરવાદને ફરી ખડો થવામાં પ્રોત્સાહન આપે છે અને ચીનને હથિયારો પૂરાં પાડે છે, તેમાં તેને એવી આશા છે કે એ હથિયારોનો ઉપયોગ પ્રાદેશિક વિસ્તરણ માટે કરવામાં આવશે.

વૉશિંગ્ટન, પેકિંગ, અને ટોક્યોનો આક્રમક ત્રિકોણ એશિયાની બધી પ્રજાઓ માટે શાંતિ અને સલામતીના સંબંધમાં જોખમ ઊભું કરે છે.

એશિયામાં લશ્કરી ક્ષેત્રમાં પરસ્પર વિશ્વાસની લાગણી પ્રેરવાનાં પગલાંને વધારે મક્કમ બનાવવાનો ખ્યાલ સોવિયેત સંઘે રજૂ કર્યો હતો, અને શાંતિ તથા સામાજિક પ્રગતિના સંબંધમાં પ્રાણભૂત ઉત્સુકતા ધરાવતી પ્રજાઓ વધતી જતી સંખ્યામાં તેને ટેકો આપી રહી છે. સોવિયેત સંઘ એશિયા ખંડમાં શાંતિ અને સલામતીને વધારે મક્કમ બનાવવાની તથા સમાનતા ઉપર આધારિત સહકારને વિકસાવવાની રીતોની ખોજમાં સક્રિય ભાગ લે છે.

આફ્રિકા

આફ્રિકાનો વિસ્તાર યુરોપથી લગભગ ત્રણ ગણો છે પરંતુ વસતિ લગભગ ૫૦ ટકા જેટલી છે. સંસ્થાનવાદીઓ આફ્રિકામાં પહોંચ્યા ત્યારે ત્યાંની વસતિ આખા યુરોપની વસતિ કરતાંયે વધારે હતી.

સંસ્થાનવાદીઓએ આફ્રિકા ખંડની ફતેહ સોળમી સદીમાં શરૂ કરીને તેને માર્ક્સના શબ્દોમાં "કાળી ખાલના વ્યાપારી શિકારના જંગલ"માં પલટાવી નાખ્યો. ગુલામી લાદનારાઓના હાથે વિપદાઓના ભોગ બનેલા લગભગ ૧૦૦ મિલિયન આફ્રિકીઓમાંથી ૨૦ મિલિયન માણસોને અમેરિકા મોકલી દેવામાં આવ્યા હતા. ગુલામોનો વ્યાપાર, સાંસ્થાનિક યુદ્ધો, અને ખંડને ગુલામીમાં જકડી લેવાનાં કરતૂતોની સાથે આફ્રિકીઓની હત્યાનાં કુકર્મો કેટલીય સદીઓ સુધી ચાલતાં રહ્યાં. એથી તેમની સંખ્યામાં ભારે ઘટાડો થઈ ગયો. આફ્રિકી પ્રજાઓના અમાનુષી શોષણમાંથી અને ખંડની કુદરતી સંપદાની લૂંટમાંથી સંસ્થાનવાદીઓને અનગળ નફા હાંસલ થયા.

આફ્રિકા ખંડ તાજેતરના સમય સુધી સંસ્થાનવાદીઓ માટે મૂડીના સંચયનો મહત્ત્વનો સ્રોત હતો, ભરોસેદાર આર્થિક પીઠપ્રદેશ હતો, વ્યૂહાત્મક મોરચો હતો, અને રાજકીય દૃષ્ટિએ "સુષુપ્ત ખંડ" હતો. સોવિયેત સંઘની સરહદોની પાર ફેલાઈ ગયેલા સમાજવાદની વિજયી આગેકૂચે આફ્રિકી રાષ્ટ્રોની ચેતનાને જગાવી દીધી અને તેમની મુક્તિના યુગનો આરંભ કર્યો. બીજા વિશ્વયુદ્ધ પછી આફ્રિકી પ્રજાઓના રાષ્ટ્રીય મુક્તિ આંદોલને બધા આફ્રિકી દેશોને આવરી લીધા અને ખંડમાં સંસ્થાનવાદ તથા સામ્રાજ્યવાદનાં સ્થાનોને નબળાં પાડી દીધાં. તેના પરિણામે આફ્રિકાનો રાજકીય નકશો ધરમૂળથી પલટાઈ ગયો છે.

બીજા વિશ્વયુદ્ધ પહેલાં માત્ર ઇજિપ્ત, ઇથિયોપિયા, અને લાઇબેરિયાને જ રાજકીય દૃષ્ટિએ સ્વતંત્ર રાજ્યો ગણવામાં આવતાં હતાં, પરંતુ તેમની સ્વતંત્રતા પણ વાસ્તવમાં તો કેવળ નામ પૂરતી જ હતી. બીજા વિશ્વયુદ્ધના અંત પછી આફ્રિકામાં ૫૦થી વધારે રાષ્ટ્રીય રાજ્યો ઉદય પામ્યાં છે. તેઓ ખંડની વસતિ અને વિસ્તારના ૯૦ ટકાથી વધારે હિસ્સાને આવરી લે છે.

રાજકીય સ્વતંત્રતા હાંસલ કરી ચૂકેલા આફ્રિકી દેશોની સામે હવે રાષ્ટ્રીય અર્થતંત્રના સર્જનનું અને સાંસ્કૃતિક ધોરણોના ઉત્કર્ષનું મુશ્કેલ કર્તવ્ય ખડું છે. નવમુક્ત દેશોનો રાષ્ટ્રીય વિકાસ અવિકસિત ઉદ્યોગને લીધે, વસતિની આદિમ કક્ષાની ખેતીવાડી તથા ગરીબી તેમ જ લગભગ તમામ લોકોને આવરી લેતી નિરક્ષરતાને લીધે, અને તાલીમ પામેલા રાષ્ટ્રીય કાર્યકરોના અભાવને લીધે અવરોધાય છે. પરંતુ તેમની પ્રજાઓ બહેતર ભવિષ્ય કાજે, આર્થિક તથા સામાજિક પ્રગતિ કાજે, અને ખંડના દક્ષિણ ભાગમાં સંસ્થાનવાદના અવશેષોને તદ્દન ખતમ કરી નાખવા માટે વધારે ને વધારે મક્કમ નિર્ધારથી લડી રહી છે.

અમેરિકા

ઉત્તર અને દક્ષિણ અમેરિકાના બે ખંડો મળીને અમેરિકા, પશ્ચિમ ગોળાર્ધમાં આવેલો દુનિયાનો મોટો હિસ્સો, બની રહે છે. અમેરિકાના પેટા-વિભાજનમાં ત્યુઆન્તેપેક તથા પનામાની સંયોગીભૂમિઓની વચ્ચે આવેલ મધ્ય અમેરિકા અને વેસ્ટ-ઇન્ડિયન ટાપુઓ છે. પનામાની સંયોગીભૂમિને ઉત્તર અને દક્ષિણ અમેરિકા વચ્ચેની સરહદ ગણવામાં આવે છે. અમેરિકાનો વિસ્તાર યુરોપથી ચાર ગણો છે પરંતુ વસતિ યુરોપથી ઓછી છે.

મૂડીવાદી દુનિયાની પાંચમા ભાગની વસતિ ધરાવતું ઉત્તર અમેરિકા મૂડીવાદી દેશોના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં લગભગ અરધો ફાળો આપે છે. એ સંબંધમાં સૌથી વધારે મહત્ત્વનો દેશ સંયુક્ત રાજ્ય અમેરિકા છે. તે વર્તમાન મૂડીવાદનો મોટામાં મોટો લશ્કરી તથા આર્થિક આધાર અંકિત કરે છે. સંયુક્ત રાજ્ય અમેરિકાની દક્ષિણે લૅટિન અમેરિકી દેશો આવેલા છે. એ દેશોની વસતિ સ્પેનિશ ભાષા અને લૅટિન મૂળ ધરાવતી બીજી ભાષાઓ બોલે છે. લૅટિન અમેરિકી પ્રજાઓ ઉત્તર અમેરિકી ઇજારદારીઓના તથા સ્થાનિક મૂડીદાર વર્ગના વર્ચસ્વની સામે રાષ્ટ્રીય તથા આર્થિક મુક્તિ ખાતર, સામાજિક પ્રગતિ ખાતર, લડે છે.

અમેરિકાનો રાજકીય નકશો રાષ્ટ્રીય મુક્તિ સંઘર્ષની પ્રક્રિયા દરમિયાન

બદલાઈ રહ્યો છે. ક્યૂબામાં સમાજવાદી ક્રાંતિના વિજયમાં મહાન ઐતિહાસિક મહત્ત્વની ઘટના અંકિત હતી. લેઓનીદ બ્રેઝનેવે જણાવ્યું છે કે "...ક્યૂબામાં વિજયી સમાજવાદી ક્રાંતિનો ઇતિહાસ સામાજિક વિકાસના નિયમોની, બધા દેશો તથા પ્રજાઓને લાગુ થતા નિયમોની, અફરતાની વધુ એક પ્રતીતિજનક સાબિતી પૂરી પાડે છે."

અમેરિકામાં પ્રજાઓનો મુક્તિ સંઘર્ષ એક પછી એક વિજય હાંસલ કરતો જાય છે. બીજા વિશ્વયુદ્ધ પછી અમેરિકી વિસ્તારમાં નવાં રાષ્ટ્રીય રાજ્યો રચાયાં છે: ગાયાના, જમઇકા, ટ્રીનીડાડ અને ટોબાગો, બાર્બાડોસ, ગ્રેનાડા, સુરીનામ, વગેરે. તેના પરિણામે હવે અમેરિકામાં સ્વતંત્ર રાજ્યોની સંખ્યા ૩૦થી વધારે છે.

પરંતુ ઘણા અમેરિકી દેશો અને પ્રદેશો હજી સંસ્થાનો છે. સામ્રાજ્યવાદી રાજ્યોનાં શાસક વર્તુળો સંસ્થાનોમાં તથા પરાધીન દેશોમાંપોતાનાં સ્થાનો જાળવી રાખવા માગે છે અને તેમનો ઉપયોગ પશ્ચિમ ગોળાર્ધમાં સામ્રાજ્યવાદી અડ્ડાઓ તરીકે કરવાની મુરાદ ધરાવે છે. પરંતુ ત્યાં સામ્રાજ્યવાદની અખંડ આણનો જમાનો સદાને માટે ખતમ થઈ ગયો છે. અમેરિકાની તેમ જ દુનિયાના બીજા પ્રદેશોની પ્રજાઓની સામે આઝાદી, સ્વાધીનતા, અને આર્થિક તથા સામાજિક પ્રગતિનીં ઐતિહાસિક સંભાવના ઉપસ્થિત થઈ ગઈ છે.

ઑસ્ટ્રેલિયા

ઑસ્ટ્રેલિયા અને ઓશનિયા મળીને બનતો વિસ્તાર દુનિયાનો સૌથી નાનો હિસ્સો છે. તે યુરોપથી નાનો છે, અને તેની વસતિ યુરોપની વસતિના માત્ર ત્રણ ટકા જેટલી જ છે. યુરોપના લોકોએ સોળમી સદીના આરંભમાં ઑસ્ટ્રેલિયાની શોધ કરી હતી અને ત્યાં વસાહતો સ્થાપી હતી.

દુનિયાના એ ભાગમાં સૌથી મોટો દેશ રાષ્ટ્ર સમૂહ ઑસ્ટ્રેલિયા છે. તે બ્રિટિશ રાષ્ટ્રમંડળમાં સામેલ છે અને આર્થિક દૃષ્ટિએ વિકસિત મૂડીવાદી રાજ્ય છે. રાષ્ટ્ર સમૂહ ઑસ્ટ્રેલિયા કેટલાંય ટાપુ-સંસ્થાનો ધરાવે છે.

ન્યુ-ઝીલૅંડ પણ ઉન્નત મૂડીવાદી રાજ્ય છે અને પ્રશાંત મહાસાગરના પ્રદેશમાં સંસ્થાનો ધરાવે છે. તેનાં સંસ્થાનોમાં કૂક અને તોકેલાઉ ટાપુઓ સામેલ છે.

પ્રશાંત મહાસાગરના ટાપુઓના લોકો સાંસ્થાનિક શાસનને નાબૂદ કરી નાખવાનો સંઘર્ષ લડી રહ્યા છે. ઓશનિયામાં પહેલું સ્વતંત્ર રાજ્ય પશ્ચિમ

સામોઆ ૧૯૬૨માં અસ્તિત્વમાં આવ્યું હતું. ત્યાર બાદ નાઉરુ તથા ફીજી અને આગળ જતાં ટોંગા, પાપુઆ, ન્યુ-ગીની, સોલોમન ટાપુઓ, તથા તુવાલુ સ્વતંત્ર બન્યાં હતાં.

દક્ષિણ ધ્રુવ

દક્ષિણ ધ્રુવ એકમાત્ર એવો ખંડ છે કે જ્યાં કાયમી વસતિ નથી. એ હિમ-ખંડની શોધ ૧૮૧૯-૨૦ના દક્ષિણ ધ્રુવીય ઉનાળામાં પ્રથમ રૂસી દક્ષિણ ધ્રુવ શોધયાત્રા દરમિયાન થઈ હતી. શોધયાત્રાના આગેવાનો ફદ્દેઈ બેલીંગ્ઝહાઉસેન અને મિખાઈલ લાઝારેવ હતા.

આજે દક્ષિણ ધ્રુવના નકશામાં ડઝનબંધ ટપકાં વૈજ્ઞાનિક મથકોને નિર્દેશિત કરે છે. ત્યાં ઘણા દેશો એવાં મથકો ચલાવે છે. ૧૯૫૯માં સોવિયેત સમાજવાદી પ્રજાસત્તાક સંઘ અને સંયુક્ત રાજ્ય અમેરિકા સહિત બાર દેશોએ દક્ષિણ ધ્રુવના શાંતિમય ઉપયોગ સંબંધી કરારમાં સહીઓ કરી હતી.

દક્ષિણ ધ્રુવની અટપટી શોધયાત્રાઓમાં ભાગ લેનારા સોવિયેત વિજ્ઞાનીઓ એ હિમ-ખંડના અન્વેષણમાં બહુ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. દક્ષિણ ધ્રુવનાં વૈજ્ઞાનિક પરીક્ષણો એ ખંડ વિશે એકત્રિત માહિતીમાં પદ્ધતિસર ઉમેરો કરે છે અને પારાવાર અમલી મહત્ત્વ ધરાવે છે.

મહાસાગરો

મહાસાગરો અને સમુદ્રો મળીને વિશ્વ મહાસાગર બની રહે છે. વિશ્વ મહાસાગર ઉત્તર ગોળાર્ધના ૬૦ ટકાથી વધારે વિસ્તારને અને દક્ષિણ ગોળાર્ધના ૮૦ ટકા વિસ્તારને આવરી લે છે.

વિશ્વ મહાસાગર કુદરતી સાધનસંપત્તિનો વિશાળ ભંડાર છે. એ ભંડારને ઉપયોગમાં આણવાની શક્યતાઓ આપણા જમાનામાં ઝડપથી વધી રહી છે. તેમાં સમાયેલી જૈવ, ખનીજ, રાસાયણિક, અને બીજી સાધનસંપત્તિના આર્થિક ઉપયોગની વધારે ને વધારે રીતો માનવી ઘડતો જાય છે.

વિશ્વ મહાસાગરની જૈવ સાધનસંપત્તિને ૬૦૦૦૦ મિલિયન ટન જેટલા વિરાટ પ્રમાણમાં અંદાજવામાં આવી છે. પરંતુ અત્યાર સુધી મહાસાગરો અને સમુદ્રોના કુલ વિસ્તારના સાતમા ભાગથીયે ઓછા વિસ્તારનો ઉપયોગ મત્સ્યક્ષેત્રો તરીકે થાય છે.

વિશ્વ મહાસાગરની ખનીજ સાધનસંપત્તિ વિશે હાલ સુધીમાં જે કંઈ જાણવામાં આવ્યું છે તે કોઈ રીતે કલ્પી જ ન શકાય એવું છે. વિશ્વ મહાસાગરના તળિયા નીચેના તેલભંડારોનો અંદાજ ૧૪૦૦ અબજ ટન જેટલો કાઢવામાં આવ્યો છે. સમુદ્રના જળમાં સમાયેલ સોડિયમ ક્લોરાઇડ, મેગ્નેસિયમ, બ્રોમાઇન, પોટાશિયમ, આયોડિન, તથા બીજાં રાસાયણિક તત્ત્વોના જથ્થાઓને આસમાની આંકડાઓમાં અંદાજવામાં આવ્યા છે. મહાસાગરની ભરતીની વિદ્યુત સંપદાની ક્ષમતા એક હજાર મિલિયન કિલોવાટ જેટલી છે. ભવિષ્યમાં દુનિયાનો આર્થિક વિકાસ મહાસાગરની અખૂટ કુદરતી સાધનસંપત્તિના ઉપયોગ જોડે નિરંતર વધતા જતા પ્રમાણમાં સંકળાતો જશે.

વિશ્વ મહાસાગર દુનિયાના વાહનવ્યવહાર અને અર્થકારણમાં અત્યંત મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તેના કિનારાઓનાં ૧૬૦૦ મોટાં અને ૫૫૦૦ નાનાં બંદરો કિનારા નજીકના તથા આંતરરાષ્ટ્રીય જહાજી માર્ગોથી પરસ્પર સંકળાયેલાં છે. આખી દુનિયામાં થતી માલની હેરફેરમાંથી બે તૃતીયાંશ હેરફેર સાગરની સફરો ખેડતાં હજારો આધુનિક જહાજો મારફત થાય છે.

દુનિયાનાં ભારે મોટા ભાગનાં રાજ્યો સમુદ્રો તથા મહાસાગરોને કિનારે આવેલાં છે. મોટી સમુદ્રી સત્તાના દેશ સોવિયેત સંઘની ધરતી જોડે આટલાંટિક, પ્રશાંત, અને ઉત્તર ધ્રુવ મહાસાગરનાં મોજાં અફળાતાં રહે છે. દરિયાકાંઠાના સમાજવાદી દેશો પોતાના વ્યાપારી તથા માછીમાર કાફલાઓને વધારે મોટા બનાવી રહ્યા છે અને વિશ્વ મહાસાગરમાં વહાણવટાનું, માછીમારીનું, અને સમુદ્રી પ્રાણીઓના શિકારનું વિસ્તરણ કરી રહ્યા છે.

વિશ્વ મહાસાગરના હૂંફાળા સમુદ્રોને કિનારે આવેલાં નવોદિત એશિયાઈ, આફ્રિકી, તથા લૅટિન અમેરિકી રાજ્યો માટે મહાસાગરીય વહાણવટું તથા માછીમારી પ્રાણભૂત મહત્ત્વ ધારણ કરતાં જાય છે. ભારત, અલ્જીરિયા, અને બીજા દેશો પોતાના રાષ્ટ્રીય વ્યાપારી જહાજી કાફલાઓનું ઘડતર કરી રહ્યા છે, જૂનાં બંદરોનું નવચણતર કરી રહ્યા છે તથા નવાં બંદરો બાંધી રહ્યા છે, અને વહાણવટાને વિકસાવી રહ્યા છે.

વિશ્વ મહાસાગરના આર્થિક મહત્ત્વમાં થઈ રહેલી વૃદ્ધિ તેમાં સમાયેલી જૈવ સાધનસંપત્તિને પહોંચતી હાનિ સાથે, સમુદ્રી વાહનવ્યવહાર તથા ઉદ્યોગના વિકાસથી પહોંચતી હાનિ સાથે, સંકળાયેલી છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘ તરફથી પ્રગટ થયેલી માહિતી મુજબ દર વરસે ૧૨-૧૩ મિલિયન ટન તેલ, છ મિલિયન ટનથી વધારે ફોસ્ફરસ, બે મિલિયન ટનથી વધારે સીસું, અને પાંચ હજાર ટન

જેટલો પારો મહાસાગરમાં નાખવામાં આવે છે. એવા સંજોગોમાં મહાસાગરના જળના પ્રદૂષણને અટકાવવાની અને તેમાં સમાયેલી અખૂટ સાધનસંપત્તિના સર્વાંગી ઉપયોગની બાબત ભારે મહત્ત્વની બની જાય છે.

આટલાંટિક મહાસાગર

આટલાંટિક મહાસાગર તેના જળરાશિ તરફ ઢળતા પ્રદેશના વિસ્તાર અને વસતિની બાબતમાં પ્રશાંત મહાસાગર પછી બીજા નંબરનું સ્થાન ધરાવે છે, પરંતુ તટવર્તી દેશોની સંખ્યા તથા તેમની આર્થિક સંભાવનાની તેમ જ જહાજી તથા હવાઈ માર્ગોની બાબતમાં આટલાંટિક મહાસાગર બીજા બધા મહાસાગરોથી ચડિયાતું સ્થાન ધરાવે છે.

આટલાંટિક મહાસાગર અને તેના સમુદ્રોને કિનારે લગભગ ૭૦ રાજ્યો આવેલાં છે અને તેમની કુલ વસતિ ૧૩૦૦ મિલિયનની છે. દુનિયાનાં મોટામાં મોટાં બંદરોમાંથી બે તૃતીયાંશ આટલાંટિક મહાસાગરને કિનારે આવેલાં છે. એ મહાસાગરનાં તટવર્તી રાજ્યો દુનિયાના વ્યાપારી વહાણવટાના કુલ ભારવહનમાં ૫૦ ટકાથી વધારે હિસ્સો ધરાવે છે અને ભારે તડામાર વિમાની વ્યવહાર, ખાસ કરીને પશ્ચિમ યુરોપ અને ઉત્તર અમેરિકા વચ્ચેના ટ્રાન્સઆટલાંટિક હવાઈ માર્ગોએ, ચલાવે છે.

સોવિયેત સંઘમાં લેનિનગ્રાદથી લઈને જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાકમાં વીસ્માર સુધી બાલ્ટિક સમુદ્રની (આટલાંટિક વિસ્તાર) આખી પૂર્વ તથા દક્ષિણ તટરેખા સોવિયેત સંઘ, પોલૅંડ, તથા જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાકની ભાગીદારીની છે. કાળા સમુદ્રનો મોટા ભાગનો તટપ્રદેશ સોવિયેત સંઘ, રુમાનિયા, તથા બલ્ગારિયામાં છે. યુગોસ્લાવિયા અને આલ્બેનિયા આડ્રિયાટિક સમુદ્રને પૂર્વ કિનારે આવેલાં છે. ક્યૂબા પ્રજાસત્તાક કેરિબિયન સમુદ્રના વિસ્તારમાં આવેલું છે.

જાપાન સિવાય સઘળા મહત્ત્વના મૂડીવાદી દેશો આટલાંટિક વિસ્તારમાં આવેલા છે અને મૂડીવાદી દુનિયાનું મુખ્ય આર્થિક સામર્થ્ય ત્યાં કેંદ્રીકૃત છે. સંયુક્ત રાજ્ય અમેરિકામાં ન્યુ યોર્ક અને પશ્ચિમ યુરોપમાં લંડન, હામ્બુર્ગ, માર્સેઈ, તથા જેનોઆ સહિત દુનિયાનાં મોટામાં મોટાં કેટલાંક બંદરો આટલાંટિક મહાસાગરને કિનારે આવેલાં છે.

પ્રશાંત મહાસાગર

વિસ્તાર, જળરાશિ, ટાપુઓની સંખ્યા, તેમ જ તટવર્તી દેશોની વસતિના પરિમાણની બાબતમાં પ્રશાંત મહાસાગર પૃથ્વીના મહાસાગરોમાં સૌથી મોટો છે. દુનિયાની લગભગ ૫૦ ટકા વસતિ પ્રશાંત મહાસાગરના વિસ્તારના દેશોમાં વસે છે. માનવજાતિના એ હિસ્સા માટે પ્રશાંત મહાસાગરમાં સમાયેલી પારાવાર સાધનસંપત્તિ પ્રાણભૂત મહત્ત્વની બની રહી છે. પ્રશાંત મહાસાગર દુનિયામાં માછલાં અને સમુદ્રી પ્રાણીઓનો સૌથી મોટો ભંડાર પણ છે. જહાજી વ્યવહારની ગીચતાની બાબતમાં તે એકમાત્ર આટલાંટિક મહાસાગર પછીનું સ્થાન ધરાવે છે.

પ્રશાંત મહાસાગરને કિનારે લગભગ ત્રીસ દેશો આવેલા છે. સોવિયેત સમાજવાદી પ્રજાસત્તાક સંઘ અને બીજા દેશો પ્રશાંત મહાસાગરની લાંબી તટરેખાઓ ધરાવે છે. એકલો સોવિયેત સંઘ પ્રશાંત મહાસાગરના વિસ્તારમાં તળભૂમિની લગભગ ૧૮૦૦૦ કિલોમીટર લંબાઈની અને ટાપુઓની લગભગ ૯૦૦૦ કિલોમીટર લંબાઈની તટરેખા ધરાવે છે.

પ્રશાંત મહાસાગરને કિનારે સમાજવાદી દેશોનાં મોટામાં મોટાં બંદરો સોવિયેત સંઘમાં વ્લાદીવોસ્તોક તથા નાખોદકા, કોરિયન જન લોકશાહીવાદી પ્રજાસત્તાકમાં વોનસાન, અને વિયેતનામ સમાજવાદી પ્રજાસત્તાકમાં હાઈફોંગ છે.

આટલાંટિક મહાસાગરની જેમ જ પ્રશાંત મહાસાગરના વિસ્તારમાં પણ સામ્રાજ્યવાદી દેશોમાંની સૌથી મોટી સત્તા સંયુક્ત રાજ્ય અમેરિકા છે. પ્રશાંત મહાસાગરના વિસ્તારમાં સંયુક્ત રાજ્ય અમેરિકા પછીના નંબરે વધારેમાં વધારે આર્થિક સામર્થ્ય ધરાવતા દેશો જાપાન અને કેનેડા છે.

હિંદી મહાસાગર

હિંદી મહાસાગર વિસ્તાર, જહાજી વ્યવહારની ગીચતા, અને મત્સ્ય સંપત્તિના પરિમાણની બાબતમાં આટલાંટિક તથા પ્રશાંત મહાસાગરોની બરાબરી કોઈ રીતે કરી શકે એમ નથી. હિંદી મહાસાગરના તટપ્રદેશમાં તથા ટાપુઓમાં ૨૫ રાજ્યો આવેલાં છે અને તેમની કુલ વસતિ લગભગ ૧૦૦૦ મિલિયનની છે.

હિંદી મહાસાગરના વિસ્તારમાં તાજેતરના સમય સુધી ગ્રેટ-બ્રિટનનું વર્ચસ્વ હતું, પરંતુ રાષ્ટ્રીય મુક્તિ આંદોલનની સફળતાઓના પરિણામે હિંદી

મહાસાગરના દેશોમાં બ્રિટનનાં સ્થાનો સારી પેઠે નબળાં પડી ગયાં છે. એ સ્થાનોને જાળવી રાખવાના આશયે બ્રિટન તથા સંયુક્ત રાજ્ય અમેરિકા હિંદી મહાસાગરના વિસ્તારમાં પાંખી વસતિ ધરાવતા ટાપુઓમાં નવા લશ્કરી અડ્ડાઓની પદ્ધતિ સ્થાપી રહ્યાં છે. અમેરિકી સામ્રાજ્યવાદ એ વિસ્તારમાં પોતાના કાવાદાવા વધારી રહ્યો છે.

ઉત્તર ધ્રુવ મહાસાગર

બીજા વિશ્વયુદ્ધ પછી દુનિયાનાં રાજ્યો ઉત્તર ધ્રુવ મહાસાગર ઉપર ધ્યાન કેંદ્રિત કરી રહ્યાં છે. તેની એક બાજુએ સોવિયેત સંઘ આવેલો છે અને બીજી બાજુએ સંયુક્ત રાજ્ય અમેરિકા, કેનેડા, આઇસલૅંડ, નોર્વે, તથા ગ્રીનલૅંડ આવેલાં છે. સોવિયેત સંઘ અને સંયુક્ત રાજ્ય અમેરિકા વચ્ચે જહાજી અને વિમાની વ્યવહારમાં આટલાંટિક અથવા પ્રશાંત મહાસાગરના માર્ગ કરતાં ઉત્તર ધ્રુવ મહાસાગરનો માર્ગ ઘણો ટૂંકો છે.

સોવિયેત સંઘ તળભૂમિની ૨૮૦૦૦ કિલોમીટરથી વધારે લંબાઈની તટરેખા અને ઉત્તર ધ્રુવ વિસ્તારની ૩૫૦૦૦ કિલોમીટર લંબાઈની દ્વીપીય તટરેખા ઉપર સાર્વભૌમત્વના અધિકારો ધરાવે છે. બારન્ટ્સ તથા ધવલ સમુદ્ર તથા ઉત્તર ધ્રુવ મહાસાગરના બીજા સમુદ્રો તેમ જ ઉત્તર આટલાંટિક મહાસાગર સોવિયેત સંઘના મત્સ્ય ઉદ્યોગના મહત્ત્વના વિસ્તારો છે. તેના મુખ્ય મથક મુર્માન્સ્ક બંદરમાં પાણી કદી જામતું નથી. મુર્માન્સ્કથી શરૂ થતો ઉત્તર સમુદ્ર માર્ગ અફાટ સોવિયેત ઉત્તર ધ્રુવ પ્રદેશનો આર્થિક વિકાસ શક્ય બનાવે છે.

દુનિયાનાં રાજ્યો
વસતિ અને અર્થતંત્ર

સમાજવાદી દેશો

સમાજવાદી દેશો દુનિયાનાં ક્રાંતિકારી તથા પ્રગતિશીલ પરિબળોની મોખરાની હરોળ અંકિત કરે છે. દુનિયાની લગભગ ત્રીજા ભાગની વસતિ ધરાવતા દેશોમાં સમાજવાદની સ્થાપના થઈ ત્યાર પછી તેણે જબરજસ્ત આગેકૂચ કરી છે.

સમાજવાદી પદ્ધતિ બની રહેતા બધા દેશો સમાન છે, દરેક દેશ સમાજવાદી તથા સામ્યવાદી નિર્માણના ધ્યેયમાં, માનવીય પ્રગતિમાં, પોતાનો ફાળો આપે છે.

સમાજવાદી દુનિયાના આત્મવિશ્વાસ છલકાતા ચેતનમય વિકાસમાં, આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ ઉપર તેના લાભદાયક પ્રભાવમાં થતા એકધારા વધારામાં, વર્તમાન યુગનું વિશિષ્ટ લક્ષણ અંકિત છે.

સોવિયેત સમાજવાદી પ્રજાસત્તાક સંઘ

ફ્રેંચ લેખક આનાતોલ ફ્રાંસના શબ્દોમાં સોવિયેત રશિયા એવો દેશ છે કે જ્યાં અશક્ય પણ સાકાર થઈ જાય છે. સોવિયેત જનતાના શ્રમનાં પરાક્રમો અને સામર્થ્ય તો આખી દુનિયાની જાણમાં છે. સોવિયેત જનતાએ જબરજસ્ત મુશ્કેલીઓને પહોંચી વળીને અને પરદેશી ચડાઈખોરોને મારી હઠાવીને ટૂંકા ગાળામાં પોતાની ભૂમિને આર્થિક દૃષ્ટિએ પછાત દેશમાંથી ઉન્નત અને સમર્થ સમાજવાદી સત્તામાં પલટાવી નાખી તેમ જ વિકસિત સમાજવાદી સમાજનું નિર્માણ કર્યું. વિકસિત સમાજવાદની કક્ષા લેનિનના નિરૂપણની, "પૂર્ણ રૂપે વિજયી તથા દૃઢ સમાજવાદમાંથી પરિપૂર્ણ સામ્યવાદમાં સંક્રમણ"ની, લાક્ષણિકતાને અંકિત કરે છે.

સોવિયેત સંઘમાં એવા નૂતન સમાજનું નિર્માણ કરવામાં આવ્યું છે કે જે માનવ સમાજના ઇતિહાસમાં અપૂર્વ છે. એ સમાજ કટોકટીઓ વગર અવિરત વિકાસ પામતા અર્થતંત્રનો, જીવનની નવી સોવિયેત રીતનો, જોશીલા દેશાભિમાની અને સુસંગત આંતરરાષ્ટ્રવાદી નૂતન સોવિયેત માનવીનો, સમાજ છે.

તાજેતરનાં વર્ષોમાં સોવિયેત સંઘે સામ્યવાદના ભૌતિક અને ટેકનિકલ આધારના સર્જનમાં નવી કક્ષા સિદ્ધ કરી છે, સોવિયેત લોકોનું જીવન અગાઉ કરતાં બહેતર બન્યું છે, અને દેશના સામર્થ્યમાં વધારો થયો છે. પંચવર્ષી

યોજનાઓની સફળ પૂર્ણાહુતિ એકધારા અને સર્વાંગી વિકાસને સુનિશ્ચિત બનાવે છે, લોકોનાં સુખસગવડમાં વધારો કરે છે, અને સોવિયેત સમાજને સામ્યવાદની દિશામાં આગળ લઈ જાય છે.

દુનિયાની વસતિના છ ટકા જેટલી વસતિ ધરાવતો સોવિયેત સંઘ દુનિયાના ઔદ્યોગિક ઉત્પાદનમાં લગભગ ૨૦ ટકા જેટલો ફાળો આપે છે અને અર્થકારણની વિશ્વ સમાજવાદી પદ્ધતિના ઔદ્યોગિક સામર્થ્યમાં લગભગ ૫૦ ટકા જેટલો હિસ્સો ધરાવે છે.

પોતાની આંતરરાષ્ટ્રીય સ્થિતિને સતત વધારે મક્કમ બનાવતો સોવિયેત સંઘ બધા ખંડોના ૧૩૦થી વધારે દેશો જોડે ડિપ્લોમૅટિક સંબંધો ધરાવે છે, અને રાષ્ટ્રો વચ્ચે વિશ્વવ્યાપી સહકારના હિતમાં કાર્ય કરતી લગભગ ૪૦૦ પ્રાદેશિક, વિશેષીકૃત, તથા બીજી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનો સભ્ય છે.

સોવિયેત સંઘ મોટા ભાગના દેશો જોડે સમાનતા ઉપર આધારિત અને પરસ્પર લાભદાયક વ્યાપારી સંબંધો ધરાવે છે. તે દુનિયાના યંત્રસામગ્રી તથા પ્લાંટોની વધારેમાં વધારે નિકાસ કરતા દેશોમાં સામેલ છે.

સમાજવાદી દેશો જોડેના તેના આર્થિક સંબંધો ખાસ વિસ્તૃત અને બહુવિધ છે, અને વિદેશો જોડેના તેના કુલ વ્યાપારના લગભગ ૫૦ ટકા હિસ્સાને આવરી લે છે. તેલ, કોલસા, કાચું લોઢું, ઇમારતી લાકડાં, યંત્રસામગ્રી, અને પ્લાંટોના સંબંધમાં પરસ્પર આર્થિક સહાય પરિષદના દેશોની જરૂરિયાતો મોટે ભાગે સોવિયેત સંઘ પૂરી કરે છે.

યુદ્ધ પછી સોવિયેત સંઘે સમાજવાદી દેશોમાં ઔદ્યોગિક ઉત્પાદનની વૃદ્ધિ તથા સાંસ્કૃતિક વિકાસ સુનિશ્ચિત બનાવતા અનેક ઉદ્યોગધંધાઓને ફરી બાંધવામાં, નવા બાંધવામાં, તથા વિસ્તારવામાં તેમ જ બીજી પરિયોજનાઓને સાકાર કરવામાં ટેકનિકલ સહાય પૂરી પાડી છે. એવા ઉદ્યોગધંધાઓ તથા પરિયોજનાઓની સંખ્યા ૩૦૦૦ જેટલી છે.

સાથે સાથે જ, સમાજવાદી દેશો જોડે સોવિયેત સંઘના આર્થિક, વૈજ્ઞાનિક, તથા ટેકનોલોજિકલ સંબંધો તેને પોતાની દેશવ્યાપી આર્થિક યોજનાઓ સફળતાથી પાર પાડવામાં મદદ કરે છે. લિઓનીદ બ્રેઝનેવે જણાવ્યું છે કે "સમાજવાદી દેશોનું બંધુભાવી ઐક્ય તેમાંના દરેકના સામર્થ્યમાં વધારો કરે છે, અને સમાનતા ઉપર આધારિત આર્થિક સહકાર તેની સાધનસંપત્તિમાં પારાવાર નવી સંભાવનાઓ ઉમેરે છે."

સોવિયેત સંઘ વિકસતા દેશો જોડેના પોતાના સહકારના વ્યાપને વિસ્તારી

રહ્યો છે. તે ભારત, અલ્જીરિયા, અંગોલા, ઇથિયોપિયા, અને બીજા ઘણા દેશોની નવમુક્ત પ્રજાઓને આર્થિક સ્વતંત્રતા સિદ્ધ કરવામાં તથા સામાજિક પ્રગતિને પ્રવેગ આપવામાં મદદ કરે છે. તે ઘણા ઔદ્યોગિક મૂડીવાદી દેશો જોડે પણ ફળદાયક સહકારના સંબંધો ધરાવે છે.

દુનિયાના સૌથી મોટા દેશ સોવિયેત સંઘનું ક્ષેત્રફળ ૨૨.૪ મિલિયન ચોરસ કિલોમીટર છે. તે પશ્ચિમથી પૂર્વ તરફ લગભગ ૧૦૦૦૦ કિલોમીટર અને ઉત્તરથી દક્ષિણ તરફ લગભગ ૫૦૦૦ કિલોમીટરના વિસ્તારમાં પથરાયેલો છે. સોવિયેત સંઘમાં અગિયાર સમય-પ્રદેશો છે. બાલ્ટિક વિસ્તારમાં રાતનાં અંધારાં ફેલાવા લાગે ત્યારે પ્રશાંત મહાસાગરને કિનારે પ્રીમોર્યે પ્રદેશમાં તથા દૂર પૂર્વમાં નવા પરોઢના દોરા ફૂટતા હોય છે.

સોવિયેત સંઘ લગભગ આખો અફાટ ભૂમિ વિસ્તારમાં પથરાયેલો છે પરંતુ ટાપુઓ પણ ધરાવે છે. તેના ટાપુઓ મોટે ભાગે ઉત્તર ધ્રુવ તથા પ્રશાંત મહાસાગરના વિસ્તારોમાં છે અને દેશનો પ્રમાણમાં નાનો ભાગ અંકિત કરે છે.

સોવિયેત સંઘની ભૌગોલિક સ્થિતિ તેને યુરોપી તેમ જ એશિયાઈ દેશ બનાવે છે. એ હકીકત ઉપર ભાર મૂકતાં લેનિને જણાવ્યું હતું કે સોવિયેત સંઘ ભૌગોલિક, આર્થિક, તથા ઐતિહાસિક દૃષ્ટિએ કેવળ યુરોપનો જ નહિ પરંતુ એશિયાનો ભાગ પણ છે. તેનો લગભગ ચોથા ભાગનો પ્રદેશ (૫.૬ મિલિયન ચોરસ કિલોમીટર) યુરોપમાં છે અને લગભગ પોણા ભાગનો પ્રદેશ (૧૬.૮ મિલિયન ચોરસ કિલોમીટર) એશિયામાં છે. સોવિયેત સંઘ યુરોપમાં સામેલ હોવાની સાથે સાથે એશિયા તથા ઓશનિયામાં પણ સામેલ હોવાથી તેને એ વિસ્તારોના સંબંધમાં સંયુક્ત રાષ્ટ્ર સંઘનાં પગલાંમાં સક્રિય ભાગ લેવાનો અધિકાર છે.

સોવિયેત સંઘમાં લગભગ ૩ મિલિયન નદીઓ છે. તેમાંથી દુનિયાની વધારેમાં વધારે લાંબી કેટલીક નદીઓમાં ઓબ, આમૂર, ઇર્તીશ, લેના, યેનિસેઈ, તથા વોલ્ગા સામેલ છે. મહાન રૂસી સરિતા વોલ્ગા દેશનો મુખ્ય આંતરિક જળમાર્ગ છે.

સોવિયેત સંઘમાં લગભગ ૨.૮ મિલિયન સરોવરો છે. તેમાં કાસ્પિયન સાગર નામે ઓળખાતું દુનિયાનું સૌથી મોટું સરોવર અને બાઇકાલ સરોવર નામે ઓળખાતું દુનિયાનું તાજા પાણીનું સૌથી ઊંડું (વધારેમાં વધારે ઊંડાઈ ૧૭૪૧ મીટર) સરોવર સામેલ છે.

જળનિકાસ વ્યવસ્થામાં માનવસર્જિત જળસંગ્રહ સરોવરો વડે પુરવણી

કરવામાં આવી છે. દેશમાં અનેક મોટાં કૃત્રિમ જળાશયો છે. તેમાં સામેલ ઈર્કુત્સ્ક, કુઈબીશેવ, બ્રાત્સ્ક, રીબિન્સ્ક, વોલ્ગોગ્રાદ, ત્સીમ્લ્યાન્સ્કાયા, કાખોવ્કા, અને ક્રાસ્નોયાર્સ્ક જળસંગ્રહ સરોવરનું જળ વિરાટ હાઈડ્રો-પાવર સ્ટેશનોના બંધો વડે અવરોધિત છે.

સોવિયેત સંઘમાં ભૂમિગત જળભંડારો બીજા કોઈ પણ દેશ કરતાં વધારે છે. પશ્ચિમ સાઈબિરિયાનો પાતાળ જળભંડાર ધરતીના પેટાળમાં આવેલો બહુ મોટો મહાસાગર છે. ૩ મિલિયન ચોરસ કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલો એ જળભંડાર જાપાનના સમુદ્ર અને ઓખોત્સ્કના સમુદ્રના એકત્રિત વિસ્તારથીયે મોટો છે.

સોવિયેત સંઘની ધરતી ફરતે આટલાંટિક, ઉત્તર ધ્રુવ, તથા પ્રશાંત મહાસાગરોના ૧૨ સમુદ્રો* આવેલા છે. સોવિયેત સંઘની તટરેખાની કુલ લંબાઈ ૧૦૮૦૦૦ કિલોમીટરથી વધારે છે અને તેમાં જહાજો લાંગરી શકાય એવા સંખ્યાબંધ ઉપસાગરો તથા અખાતો છે.

સોવિયેત સંઘમાં પારાવાર કુદરતી સાધનસંપત્તિ છે. સોવિયેત સત્તાની સ્થાપના પછી ભૂસ્તરવિજ્ઞાનીઓએ ઉપયોગી ખનીજોના હજારો વધારે ભંડારો શોધી કાઢ્યા છે. સોવિયેત દેશ દુનિયામાં સૌથી વધારે કોલસાના (૯૦૦૦૦૦૦ મિલિયન ટન), કાચા લોઢાના (૬૦૦૦૦ મિલિયન ટન), મેંગેનીઝના (૨૫૦૦ મિલિયન ટન), સીસાના, નિકલના, મોલીબ્ડેનમના, પારાના, એન્ટીમનીના, આસ્બેસ્ટોસના, અને પોટાશિયમ ક્ષારોના ભંડારો ધરાવે છે. દેશમાં તેલ અને ગૅસના પણ વિશાળ ભંડારો છે. દુનિયામાં માત્ર સોવિયેત સંઘ જ ખનીજ કાચા માલની બાબતમાં સ્વાવલંબી દેશ છે.

સોવિયેત સંઘની હાઈડ્રો-પાવર સાધનસંપત્તિની ક્ષમતા દુનિયાની એવી ક્ષમતાના ૧૦ ટકાથી વધારે છે અને વાર્ષિક ૨૧૦૦૦૦૦ મિલિયન કિલોવાટ કલાક અંદાજવામાં આવી છે. હાઈડ્રો-પાવર સાધનસંપત્તિના પરિમાણની બાબતમાં સોવિયેત સંઘ દુનિયામાં પ્રથમ સ્થાન ધરાવે છે. સોવિયેત નદીઓ અને સરોવરોમાં માછલાંના વિપુલ ભંડારો છે.

દુનિયામાં કાળી ધરતીનું (ચોર્નોઝિમ) વિશાળ ૫૬ સોવિયેત સંઘમાં આવેલું છે. ખૂબ જ ફળદ્રુપ ચોર્નોઝિમ જમીન અને વનોની બદામી તથા રાખોડી

---

* કાસ્પિયન અને અરાલ સમુદ્રો તેમાં સામેલ નથી. તેઓ ધરતીથી ઘેરાયેલાં જળાશયો છે.

જમીન મળીને દેશના ખેતીવાડી જમીન ભંડોળનો આધાર બની રહે છે. ખેતીવાડીની અદ્યતન રીતોના ઉપયોગથી ઓછી ઉપજાઉ (પોદઝોલિક) જમીનમાં સરસ પાક ઊતરે છે.

વનો દેશના કુલ વિસ્તારના લગભગ ત્રીજા ભાગને આવરી લે છે. વનોની ઇમારતી લાકડાંની એકંદર સાધનસંપત્તિ ૮૦૦૦૦ મિલિયન ઘન મીટર અંદાજવામાં આવી છે. બીજા શબ્દોમાં કહીએ તો વસતિના માથા દીઠ સરેરાશ ત્રણ હેકટાર વનભૂમિ અને ૩૦૦ ઘન મીટરથી વધારે ઇમારતી લાકડાં છે. ઇમારતી લાકડાંની સાધનસંપત્તિમાંથી ૮૦ ટકા કરતાં વધારે હિસ્સો કોનિફર—લાર્ચ, પાઇન, અને ફર—વૃક્ષોનો છે. વનોમાં મૂલ્યવાન ફર પૂરાં પાડતાં પ્રાણીઓનો વસવાટ છે.

સોવિયેત સંઘ પારાવાર સંપદા અને મોટી સંભાવનાઓનો દેશ છે. લેઓનીદ બ્રેઝનેવે જણાવ્યું છે કે "આપણા દેશની કુદરતી સાધનસંપત્તિ આપણે માટે આત્મવિશ્વાસથી ભાવિમાં નજર નાખવાનું શક્ય બનાવે છે." વધુમાં, પ્રાકૃતિક વાતાવરણની રક્ષા તેમ જ કુદરતી સાધનસંપત્તિના તર્કસંગત ઉપયોગ તથા પુનરુત્પાદનના સંબંધમાં જરૂરી પગલાં દેશમાં સતત લેવાતાં રહે છે.

૧૯૮૨ના આરંભમાં સોવિયેત સંઘની વસતિ ૨૬૮ મિલિયનથી વધારે હતી. એ સંબંધમાં તેનું સ્થાન ચીન અને ભારત પછી ત્રીજા નંબરે છે. બીજા વિશ્વયુદ્ધની ખુવારીના પરિણામે વસતિમાં થયેલા ઘટાડાનો અંદાજ વીસ મિલિયનથી વધારે આંકવામાં આવ્યો હતો. યુદ્ધ પછી ૧૯૫૦થી લઈને ૧૯૮૦ સુધીનાં વર્ષોમાં સોવિયેત સંઘની વસતિમાં લગભગ ૮૦ મિલિયનનો વધારો થયો હતો. મૃત્યુ દરમાં, ખાસ કરીને શિશુ મૃત્યુ દરમાં, ભારે ઘટાડાને કારણે તેમ જ વસતિનું સરેરાશ આયુષ્ય વધવાથી વસતિમાં એટલો વધારો શક્ય બન્યો હતો.

વસતિની વહેંચણી અસમાન છે. આખા દેશની સરેરાશ ગીચતા ચોરસ કિલોમીટર દીઠ લગભગ ૧૨ માણસ જેટલી છે જ્યારે યુરોપી ભાગમાં ૩૦થી વધારે અને એશિયાઈ ભાગમાં ચાર અથવા એથીએ ઓછા માણસ જેટલી છે. મોસ્કો શહેર સમેત ઔદ્યોગિક મોસ્કો વિસ્તારમાં વસતિની ગીચતા ચોરસ કિલોમીટર દીઠ લગભગ ૩૦૦ માણસ જેટલી છે.

એકધારા ઉદ્યોગીકરણના પરિણામે ગામોની અને શહેરોની વસતિનું પ્રમાણ શહેરોની તરફેણમાં બદલાઈ રહ્યું છે. ૧૭૦ મિલિનથી વધારે અથવા કુલ વસતિના ૬૦ ટકા લોકો શહેરોમાં રહે છે. દૂર ઉત્તરના તથા પૂર્વના વિસ્તારોમાં શહેરી વસતિ ખાસ ઝડપી વેગે વધી રહી છે.

દેશમાં ૨૦૦૦થી વધારે શહેરો સહિત શહેરી પ્રકારના લગભગ ૬૦૦૦ વસવાટો છે. તેમાં ૫૦૦૦૦થી વધારે વસતિ ધરાવતાં મોટાં શહેરોની સંખ્યા ૫૦૦થી વધારે છે. મોસ્કોની વસતિ આઠ મિલિયનથી વધારે છે. એક મિલિયનથી વધારે વસતિ ધરાવતાં બીજાં શહેરો લેનિનગ્રાદ, કીયેવ, તાશકેન્ત, બાકુ, ખાર્કોવ, નોવોસીબીર્સ્ક, કુઈબીશેવ, મીન્સ્ક, સ્વેર્દલોવ્સ્ક, ઓદેસ્સા, ત્બીલીસી, દોનેત્સ્ક, ચેલ્યાબીન્સ્ક, નીપ્રોપેત્રોવ્સ્ક, ઓમ્સ્ક, અને યેરેવાન છે.

સોવિયેત સંઘની લગભગ ૩૭ ટકા વસતિ ગામોમાં વસેલી છે.

સોવિયેત સંઘમાં હાલના સમયે કામદારોની કુલ સંખ્યા ૮૦ મિલિયન છે. તેમની સંખ્યામાં એકધારો વધારો દેશના ઝડપી ઔદ્યોગિક વિકાસને પ્રતિબિંબિત કરે છે અને કામદાર વર્ગની આગેવાનીની ભૂમિકાની વધતી જતી દૃઢતાને વ્યક્ત કરે છે.

વસતિમાં સામૂહિક ખેડૂતોનો તેમ જ સહકારી સંસ્થાઓમાં સંકળાયેલા કસબીકારીગરો તથા તેમનાં કુટુંબોનો હિસ્સો લગભગ ૧૫ ટકા જેટલો છે. સામૂહિક ખેતરોમાં સીધા સંકળાયેલા લોકોની વાર્ષિક સરેરાશ સંખ્યા ૧૪ મિલિયન છે. રાજ્ય ખેતરોમાં ૧૨ મિલિયન લોકો અને જમીનના સહાયક પ્લોટો સમેત સમગ્ર ખેતીવાડીમાં ૨૮ મિલિયન લોકો કામ કરે છે.

દેશમાં બૌદ્ધિક કામ કરતા માણસોની સંખ્યા હાલ ૩૫ મિલિયનથી વધારે છે.

સમાજવાદે સોવિયેત સમાજના સાંસ્કૃતિક જીવનમાં અસીમ ઉન્નતિ અને સમૃદ્ધિ આણી છે. જે દેશમાં ક્રાંતિ પહેલાં પોણા ભાગની વસતિ વાંચી કે લખી નહોતી શકતી એવા દેશમાં હવે તમામ લોકો અક્ષરજ્ઞાન ધરાવે છે. સાર્વજનિક શિક્ષણના ક્ષેત્રમાં સાધવામાં આવેલી પ્રગતિના સુફળ રૂપે ૧૯૮૦ના આરંભમાં ૧૪૦ મિલિયનથી વધારે લોકો માધ્યમિક (પૂર્ણ અથવા અપૂર્ણ) અને ઉચ્ચતર શિક્ષણ ધરાવતા હતા. દેશની ઉચ્ચતર શિક્ષણની સંસ્થાઓમાં તથા ધંધાકીય શાળાઓમાં ૧૦ મિલિયન વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. બધાં ક્ષેત્રોમાં ઍન્જિનિયરોને તાલીમ આપવાની બાબત ઉપર ખાસ ધ્યાન આપવામાં આવે છે.

સોવિયેત સંઘે વિજ્ઞાન તથા ટેક્નોલોજીનાં બહુવિધ ક્ષેત્રોમાં અસાધારણ સફળતાઓ સાધી છે. સોવિયેત સંઘની વિજ્ઞાન અકાદમી, તેની શાખાઓ, પ્રજાસત્તાકોની અકાદમીઓ, સંખ્યાબંધ સંશોધન વિદ્યાલયો, અને યુનિવર્સિટીઓના વિભાગોમાં કામ કરતા સંશોધન કાર્યકરોની સંખ્યા ૧.૫ મિલિયન છે, અથવા આખી દુનિયામાં એવા માણસોની કુલ સંખ્યાના ચોથા ભાગ જેટલી છે. સોવિયેત

સંઘ નાભિકીય ભૌતિકવિજ્ઞાનમાં, ગણિતવિજ્ઞાનમાં, વીજાણુવિજ્ઞાનમાં, રેડિયો ઍન્જિનિયરીંગમાં, ધાતુકર્મના ક્ષેત્રમાં, રૉકેટરચનામાં, વિમાનનિર્માણમાં, અને વિજ્ઞાન તથા ટેકનોલોજીની બીજી કેટલીય શાખાઓમાં મોખરાનાં સ્થાનો ધરાવે છે. અવકાશના અન્વેષણમાં તેની સફળતાઓ સોવિયેત વિજ્ઞાનીઓ તથા ડિઝાઈનરોની અખૂટ સર્જન શક્તિઓની તેમ જ સોવિયેત મહેનતકશ લોકોના કૌશલ્ય તથા ઉદ્યમની સાબિતી પૂરી પાડે છે.

વિકસિત સમાજવાદના સંજોગોમાં સોવિયેત જનતાની ભૌતિક તથા બૌદ્ધિક જરૂરિયાતો વધતા જતા પ્રમાણમાં સંતોષાય છે. રાષ્ટ્રીય આવકમાં એકધારા વધારાના સુફળ રૂપે લોકોનાં ભૌતિક સુખસગવડ તથા સાંસ્કૃતિક ધોરણમાં લગાતાર સુધારણા થઈ રહી છે. ૧૯૮૦માં સોવિયેત સંઘની રાષ્ટ્રીય આવક ૪૬૦૦૦૦ મિલિયન રૂબલ હતી. રાષ્ટ્રીય આવકનો ૭૫ ટકાથી વધારે ભાગ વસતિની ભૌતિક તથા સાંસ્કૃતિક જરૂરિયાતો સંતોષવામાં વપરાય છે. સોવિયેત લોકોની ખરી આવકોમાં તેમ જ સાર્વજનીન વપરાશ ભંડોળોમાંથી વસતિને મળતી તરેહવાર મદદ અને લાભોમાં એકધારો વધારો થઈ રહ્યો છે.

સોવિયેત સંઘની મોટામાં મોટી સામાજિક સિદ્ધિઓમાં બેકારીની તદ્દન નાબૂદી સામેલ છે. સાથે સાથે, કામના સંજોગોમાં પણ બેહદ સુધારો થયો છે.

યુદ્ધ પછી રહેઠાણના સંજોગોમાં ઝડપી સુધારો થઈ રહ્યો છે. દેશમાં મકાનોના ચણતરનો તેમ જ શહેરો તથા ગામોની સુધારણાનો વ્યાપક કાર્યક્રમ અમલમાં મુકાઈ રહ્યો છે.

સમાજવાદી સમાજમાં મુખ્ય કાળજીની બાબત જીવનધોરણમાં એકધારો ઉત્કર્ષ સાધવાની હોય છે. મુદ્દલ સંકોચ વગર જણાવી શકાય કે દેશના મહેનતકશ લોકોના જીવનના ભૌતિક સંજોગો હાલ જેવા છે એટલી ઊંચી કક્ષાએ અમારા રાજ્યના આખા ઈતિહાસમાં અગાઉ ક્યારેય નહોતા, સોવિયેત લોકોનું શૈક્ષણિક ધોરણ આટલું ઊંચું અગાઉ ક્યારેય નથી રહ્યું. અને તેમને સાંસ્કૃતિક મૂલ્યો માણવાની જેટલી બહોળી તકો હાલ મળે છે એટલી અગાઉ ક્યારેય નથી મળી.

સોવિયેત સંઘમાં લગભગ ૧૩૦ નાનાંમોટાં રાષ્ટ્રો વસે છે. તેમાં રૂસીઓ, ઉક્રાઈનીઓ, તથા બેલોરૂસીઓ મળીને પોણા ભાગથી વધારે વસતિને આવરી લે છે, અને બાકીની વસતિમાં ઉઝબેક, કઝાખ, જ્યોર્જિયન, આઝરબૈજાની, લિથુઆનિયન, મોલદાવિયન, લાતવિયન, કિરગિઝ, તાજિક, આર્મેનિયન, તુર્કમેનિયન, તથા એસ્તોનિયન પ્રજાઓ સામેલ છે. સોવિયેત સંઘના તમામ

નાગરિકો રાજકીય, આર્થિક, તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિનાં સઘળાં ક્ષેત્રોમાં રાષ્ટ્રીયતા અથવા જાતિ સંબંધી કશા ભેદભાવ વગર સમાનતાનો દરજ્જો ધરાવે છે.

સમાજવાદી પદ્ધતિએ દેશમાં વસતાં સઘળાં રાષ્ટ્રોની, અગાઉની પછાત પ્રજાઓ સમેત બધાં રાષ્ટ્રોની, ખીલવણી સુનિશ્ચિત બનાવી છે અને સમાજવાદી રાષ્ટ્રોનું આર્થિક તથા સાંસ્કૃતિક સંયોજન સાધીને તેમને સોવિયેત પ્રજાઓના બંધુભાવી પરિવારમાં એકસૂત્રે સાંકળી લીધાં છે. વિકસિત સમાજવાદી સમાજનું નિર્માણ કરી ચૂકેલા સોવિયેત સંઘમાં લોકોની સામૂહિક સંઘટનાનું નવું રૂપ અસ્તિત્વમાં આવ્યું છે. તેને સોવિયેત જનતા કહેવામાં આવે છે અને તે સામાજિક રાજકીય તથા વૈચારિક દૃષ્ટિએ અવિભાજ્ય છે. સોવિયેત સંઘે અમલમાં બતાવી આપ્યું છે કે એકમાત્ર સમાજવાદ જ રાષ્ટ્રો ઉપરના જુલમનાં તમામ રૂપોની નાબૂદીની ખાતરી પૂરી પાડે છે અને સઘળાં રાષ્ટ્રોની તથા સમગ્ર રૂપમાં તેમની રાષ્ટ્ર-બિરાદરીની ખીલવણીને પ્રવેગ આપે છે. સોવિયેત રાજ્યમાં રાષ્ટ્રોની બિરાદરીનું મૂર્ત રૂપ અંકિત છે.

સોવિયેત સમાજવાદી પ્રજાસત્તાક સંઘ એક જ સંઘમાં સંકળાયેલું બહુરાષ્ટ્રીય રાજ્ય છે, તેની સ્થાપના રાષ્ટ્રોના મુક્ત આત્મનિર્ણય તેમ જ સમાન સોવિયેત સમાજવાદી પ્રજાસત્તાકોના મરજિયાત એકીકરણના સુફળ રૂપે સમાજવાદી સમવાયતંત્રના સિદ્ધાંતના આધારે કરવામાં આવી હતી.

સોવિયેત સંઘ સોવિયેત જનતાની રાજ્ય સંબંધી એકતાને મૂર્ત કરે છે, સંયુક્ત સામ્યવાદી નિર્માણ માટે બધાં સોવિયેત રાષ્ટ્રો તથા પ્રજાઓને એકસૂત્રે સાંકળે છે.

સોવિયેત સંઘની સર્વોચ્ચ સોવિયેત રાજ્ય સત્તાનું સર્વોપરી સંઘટન છે. તેમાં બે ભવનો છે: રાષ્ટ્રીયતાના કશા ભેદભાવ વગર તમામ લોકોનાં સહિયારાં હિતોનું પ્રતિનિધિત્વ કરતી સંઘની સોવિયેત, અને દરેક અલગ અલગ રાષ્ટ્ર તથા પ્રજાનાં હિતોને વ્યક્ત કરતી પ્રજાઓની સોવિયેત. દેશની સરકાર બની રહેતું સોવિયેત સંઘનું પ્રધાનમંડળ રાજ્ય સત્તાનું સર્વોપરી કાર્યવાહક તથા વહીવટી સંઘટન છે. દેશના બંધારણ મુજબ સોવિયેત સંઘની કોમ્યુનિસ્ટ પાર્ટી સોવિયેત સમાજના આગેવાન તથા માર્ગદર્શક પરિબળની તેમ જ તેની રાજકીય પદ્ધતિના, સઘળાં રાજ્ય-સંઘટનો તથા સાર્વજનીન સંસ્થાઓના, કેંદ્રકની કામગીરી બજાવે છે. સોવિયેત સંઘની કોમ્યુનિસ્ટ પાર્ટીના સભ્યોની સંખ્યા લગભગ ૧૮ મિલિયન છે.

સંઘ પ્રજાસત્તાકોની અંદર અલગ અલગ પ્રજાઓ પોતપોતાનાં સ્વાયત્ત

પ્રજાસત્તાકો, પ્રદેશો, તથા વિસ્તારો ધરાવે છે. એ સૌ રાજ્ય સત્તાનાં પોતપોતાનાં સંઘટનો ધરાવે છે, અને એવાં સંઘટનો સંબંધિત વિસ્તારોમાં રાષ્ટ્રીય અર્થતંત્ર તથા સાંસ્કૃતિક વિકાસનું સંચાલન કરે છે.

અર્થતંત્ર

સોવિયેત સંઘમાં વિકસિત સમાજવાદના અર્થતંત્રનું સર્જન કરવામાં આવ્યું છે. તે અનેક શાખાઓ ધરાવતા જબરજસ્ત ઉદ્યોગ તથા મોટા પાયાની સમાજવાદી ખેતીવાડી ઉપર, વિકસિત વિજ્ઞાન તથા ટેકનોલોજી ઉપર, તેમ જ કાબેલ કામદારો તથા સામૂહિક ખેડૂતો, વિશેષજ્ઞો, અને આર્થિક વ્યવસ્થાપકો ઉપર આધારિત છે. વિકસિત સમાજવાદનું અર્થતંત્ર ઉત્પાદનના પારાવાર વ્યાપની લાક્ષણિકતા ધરાવે છે અને દેશનાં સઘળાં પ્રજાસત્તાકો તથા પ્રદેશોનાં અર્થતંત્રોને સાંકળી લેતા એક જ દેશવ્યાપી આર્થિક સંકુલ તરીકે વિકાસ પામે છે.

સોવિયેત સંઘને ઝારશાહી રશિયા તરફથી એકદમ પછાત અને જંગની તારાજીનો ભોગ બનેલું અર્થતંત્ર વારસામાં મળ્યું હતું. લોકોએ આરંભની પંચવર્ષી યોજનાઓના ગાળામાં (૧૯૨૯-૪૧) દેશનું મૂળગામી રૂપાંતર સાધી લીધું, તેને સમર્થ ઔદ્યોગિક સત્તામાં પલટાવી નાખ્યો.

બીજા વિશ્વયુદ્ધથી (૧૯૪૧-૪૫) અર્થતંત્રને સખત ફટકો લાગ્યો. દેશને લગભગ ત્રીજા ભાગની રાષ્ટ્રીય સંપત્તિની ખુવારી વેઠવી પડી. અર્થતંત્રનું પુનરુત્થાન સાધવામાં અને તેનો અધિક વિકાસ સુનિશ્ચિત બનાવવામાં આખા દેશના તમામ લોકોને પરાક્રમી જહેમતો કરવી પડી.

યુદ્ધ પછી સોવિયેત અર્થતંત્ર ભયંકર મુશ્કેલીઓ છતાં એકધારી પ્રગતિ સાધતું ગયું. તેમાં એ હકીકતનું પરિણામ અંકિત છે કે દેશમાં આઠમા દાયકાના મધ્ય સુધીમાં, સોવિયેત રાજ્યના સમગ્ર પુરોગામી ઇતિહાસની સરખામણીમાં, ઘણી વધારે ઉત્પાદન ક્ષમતા સાધી લેવામાં આવી હતી.

દુનિયાના ઔદ્યોગિક ઉત્પાદનમાં સોવિયેત સંઘનો હિસ્સો તેના ઔદ્યોગિક વિકાસના ઊંચા દરોને કારણે દર વરસે વધતો જાય છે. સોવિયેત સંઘ દુનિયાના ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૯૧૭માં ૩ ટકાથી ઓછો અને ૧૯૩૭માં ૧૦ ટકાથી ઓછો ફાળો આપતું હતું, પરંતુ હવે લગભગ ૨૦ ટકાનો ફાળો આપે છે. આજે સોવિયેત સંઘ દુનિયામાં તેલ, કાચું લોઢું, પોલાદ, કોકીંગ કોલસા, સિમેંટ, પ્રિ-ફેબ્રીકેટેડ ફેરો-કોંક્રીટ બનાવટો, ખનીજ ખાતર, ડીમચાં, તથા વહેરેલાં લાકડાંનું ઉત્પાદન સૌથી વધારે કરે છે. સોવિયેત સંઘ ટ્રેક્ટરોના, લાંબી

ભારવહન સફરો માટેનાં ડીઝલ રેલવે-ઍન્જિનો તથા વીજળીથી ચાલતાં રેલવે-ઍન્જિનોના, ચામડાનાં પગરખાં તથા ગરમ કાપડના, અને માખણના ઉત્પાદનમાં દુનિયાના બીજા દેશોથી આગળ નીકળી ગયું છે.

સોવિયેત સંઘ દુનિયામાં સૌથી વધારે ખેડજમીન ધરાવે છે, અને દુનિયામાં ઘઉં, બટેટા, સાકર-બીટ, સૂરજમુખી, તથા બીજી ઔદ્યોગિક ખેતપેદાશોના સૌથી વધારે પાક સોવિયેત સંઘમાં લણવામાં આવે છે. રેલવે મારફત કુલ ભારવહનની, વીજળીના રેલમાર્ગની લંબાઈની, તેમ જ આંતરિક જળમાર્ગો તથા વિમાનમાર્ગોની લંબાઈની બાબતમાં સોવિયેત સંઘ બીજા દેશોથી ચડિયાતું સ્થાન ધરાવે છે.

સોવિયેત સમાજવાદી પ્રજાસત્તાક સંઘ અને સંયુક્ત રાજ્ય અમેરિકાના ઔદ્યોગિક ઉત્પાદનની કક્ષાઓ વચ્ચેનો તફાવત દર વરસે ઘટતો જાય છે. સોવિયેત ઔદ્યોગિક ઉત્પાદન ૧૯૫૦માં સંયુક્ત રાજ્ય અમેરિકાના ઔદ્યોગિક ઉત્પાદનના ૩૦ ટકાની કક્ષાએ હતું તે હવે વધીને ૮૦ ટકાની કક્ષાએ પહોંચી ગયું છે.

સોવિયેત સંઘમાં અર્થતંત્રની ગુણાત્મક સુધારણા ઉપર, તેને વધારે ચેતનમય તથા કાર્યસાધક બનાવવાની બાબત ઉપર, ખાસ ધ્યાન આપવામાં આવે છે. લેઓનીદ બ્રેઝનેવે ભારપૂર્વક જણાવ્યું હતું કે "મહેનતકશ લોકોનાં સુખસગવડમાં સારી પેઠે સુધારણા, ભવિષ્યમાં ઝડપી આર્થિક વિકાસના સંજોગો, અને દેશના સંરક્ષણના બંદોબસ્તની સમુચિત ધોરણે જાળવણી એકીસાથે સુનિશ્ચિત બનાવવા માટે નાણાકીય તથા બીજી સાધનસંપત્તિ મેળવવાનું કેવળ અર્થતંત્રની કાર્યસાધકતામાં વૃદ્ધિના આધારે જ શક્ય છે."

સામાન્ય રીતે જોતાં સોવિયેત સંઘમાં દુનિયાના સૌથી વધારે વિકસિત, ટેકનોલોજિકલ દૃષ્ટિએ આધુનિક, અને આર્થિક દૃષ્ટિએ અસરકારક દેશવ્યાપી અર્થતંત્રના સર્જનનો કાર્યક્રમ સફળતાથી અમલમાં મુકાઈ રહ્યો છે. દરેક પંચવર્ષી યોજનાના પરિણામે સામાજિક ઉત્પાદનનો વેગ વધે છે અને દેશની રાષ્ટ્રીય સંપત્તિ તેમ જ આર્થિક તથા સંરક્ષણ સામર્થ્યમાં વધારો થાય છે. એથી સોવિયેત લોકોનાં સુખસગવડમાં નિરંતર સુધારણા સુનિશ્ચિત બને છે.

ઉદ્યોગ

સોવિયેત ઉદ્યોગમાં તેના બહોળા વ્યાપની તથા અનેક શાખાઓની બાબત લાક્ષણિક છે. ૧૯૬૯ના આરંભમાં મોટા ભાગનું સોવિયેત ઔદ્યોગિક ઉત્પાદન

લગભગ ૪૪૦૦૦ મોટા ઉદ્યોગધંધાઓમાં થતું હતું. ઔદ્યોગિક ઉત્પાદનનું પરિમાણ એકધારું વધી રહ્યું છે.

સોવિયેત ઉદ્યોગની ૪૦૦થી વધારે શાખાઓમાં અનેકાનેક પ્રકારોનું ઉત્પાદન થાય છે. બધા ઉદ્યોગધંધાઓ મોટાં શાખા-સંકુલોમાં (શાખાઓનાં જૂથોમાં) સંકળાયેલા છે. તેમાં મુખ્ય સંકુલો ઍન્જિનિયરીંગ, ધાતુકર્મ, રસાયણ, ઈંધણ, પાવર ઍન્જિનિયરીંગ, ઈમારતી કાષ્ઠ, ઈમારતી સામગ્રી, ખોરાક, તથા હળવા ઉદ્યોગોનાં છે.

યંત્ર-ઈજનેરી, વિદ્યુત, અને રસાયણ ઉદ્યોગો બીજા ઉદ્યોગો કરતાં વધારે ઝડપથી વિકસી રહ્યા છે. સોવિયેત ઉદ્યોગનો આધાર અંકિત કરતા એ ઉદ્યોગો દેશના અર્થતંત્રમાં ટેકનોલોજિકલ પ્રગતિને તેમ જ સોવિયેત રાજ્યના સંરક્ષણ સામર્થ્યમાં વૃદ્ધિને સુનિશ્ચિત બનાવે છે.

ઈંધણ ઉદ્યોગે સોવિયેત ઔદ્યોગિક ઉત્પાદનની મુખ્ય શાખાનું સ્થાન લઈ લીધું છે. બધા પ્રકારોના ઈંધણનું ઉત્પાદન ૨૦૦૦ મિલિયન ટનની કક્ષાને પાર કરી ગયું છે. આઠમા દાયકાના મધ્યમાં હાઈડ્રો-પાવર, પરમાણુ ઈંધણ, તથા સસ્તા કોલસાના વધારે બહોળા ઉપયોગ મારફત સોવિયેત સંઘની પાવર ક્ષમતામાં વધારો સુનિશ્ચિત બનાવવાનો પાયો નાખવામાં આવ્યો હતો. સાથે સાથે જ, ટેકનિકલ હેતુઓ માટે તેલ અને ગૅસનો ઉપયોગ વધારે ને વધારે પ્રમાણમાં થઈ રહ્યો છે.

સોવિયેત સંઘમાં તેલનું ઉત્પાદન ૬૦૦ મિલિયન ટનની અને કુદરતી ગૅસનું ઉત્પાદન ૪૦૦૦૦૦ મિલિયન ઘન મીટરની કક્ષાએ છે.

સોવિયેત ઈંધણ ભંડોળમાં કોલસાનું ઉત્પાદન ભલે ધીરે ધીરે પણ વધી રહ્યું છે. કોલસાનું ઉત્પાદન ૧૯૫૦માં ૨૬૦ મિલિયન ટન હતું, પરંતુ ૧૯૮૦ સુધીમાં તે વધીને ૭૦૦ મિલિયન ટનની કક્ષાને પાર કરી ગયું હતું અને ૧૯૮૫ સુધીમાં ૭૭૫ મિલિયન ટન થઈ જશે. પૂર્વના વિસ્તારોમાં — કુઝબાસ, એકીબાસ્તુઝ, તથા કામા-આચીન્સ્કના કોલસા વિસ્તારોમાં — ખુલ્લી ખાણોમાંથી કોલસાનું ખોદાણ ખાસ ઝડપી વેગે વધી રહ્યું છે.

સોવિયેત સંઘનો પાવર ઉદ્યોગ દુનિયાના વધારેમાં વધારે સમૃદ્ધ પાવર ઉદ્યોગોમાં સ્થાન ધરાવે છે. મોટાં થર્મલ પાવર સ્ટેશનો બાંધવાની બાબત ઉપર ભાર મૂકવામાં આવે છે, અને દેશમાં એવાં પાવર સ્ટેશનોની સંખ્યા સૌથી વધારે છે, પરંતુ ખૂબ જ ઓછાં ખર્ચાળ હાઈડ્રો-પાવર સ્ટેશનો પણ બાંધવામાં આવે છે. અંગારા નદીના જગમશહૂર બ્રાત્સ્ક હાઈડ્રો-પાવર સ્ટેશનની ક્ષમતા

૪ મિલિયન કિલોવાટથી વધારે છે. યેનિસેઈ નદીનું ૬ મિલિયન કિલોવાટની ક્ષમતા ધરાવતું ક્રાસ્નોયાર્સ્ક હાઈડ્રો-પાવર સ્ટેશન બંધાઈ ગયું છે. યેનિસેઈના ઉપરવાસના સ્થળે ૬.૫ મિલિયન કિલોવાટની ક્ષમતા ધરાવતું સાયાનો-શૂશેન્સ્ક હાઈડ્રો-પાવર સ્ટેશન બંધાઈ રહ્યું છે. કોલા દ્વીપકલ્પમાં પ્રયોગાત્મક કીસલાયા ગુબા ભરતી-પાવર સ્ટેશન બંધાઈ જશે ત્યારે મહાસાગરની ભરતીની શક્તિના ઉપયોગના યુગનો આરંભ થશે.

પરમાણુ પાવર ઍન્જિનિયરીંગની સ્થાપના સૌપ્રથમ સોવિયેત સંઘમાં થઈ હતી. દુનિયાનું પહેલું પરમાણુ પાવર સ્ટેશન ૧૯૫૪માં મોસ્કો નજીક ઓબ્નીન્સ્કમાં ચાલુ થયું હતું. તેની ક્ષમતા ૫૦૦૦ કિલોવાટની હતી. ત્યાર પછી કેટલાંય મોટાં પરમાણુ પાવર સ્ટેશનો બાંધવામાં આવ્યાં છે અને તેમની કુલ ક્ષમતા ઘણા મિલિયન કિલોવાટની છે. સઘળાં સોવિયેત પાવર સ્ટેશનોની એકંદર ક્ષમતા ૨૭૦ મિલિયન કિલોવાટ સુધી પહોંચી ગઈ છે અને વરસ દરમિયાન ૧૩૦૦૦૦૦ મિલિયન કિલોવાટ-કલાક વીજળીનું ઉત્પાદન થાય છે. સોવિયેત સંઘમાં વીજળીનું ઉત્પાદન ૧૯૮૫માં ૧.૫ ટ્રિલિયન કિલોવાટ-કલાકની કક્ષાને પાર કરી જશે.

સોવિયેત સંઘમાં લગભગ એકસો મોટી પ્રાદેશિક પાવર પદ્ધતિઓ મળીને સર્વસામાન્ય એક પાવર ગ્રીડ બની રહે છે. સોવિયેત સંઘના સર્વસામાન્ય એક પાવર ગ્રીડ અને પરસ્પર આર્થિક સહાય પરિષદના સભ્ય દેશોની પાવર પદ્ધતિઓ વચ્ચે સહકારનું આયોજન થઈ રહ્યું છે. એવો સહકાર બર્લિનથી ઉલાન-બાતોર સુધી પથરાયેલા સમાજવાદી દેશોના અફાટ વિસ્તારમાં સ્થાયી અને ભરોસેદાર પાવર પુરવઠો સુનિશ્ચિત બનાવશે.

સોવિયેત સંઘમાં ભારે ઉદ્યોગની મુખ્ય શાખાઓમાંની એકને અંકિત કરતો ધાતુકર્મ ઉદ્યોગ વિકાસની ઊંચી કક્ષાએ પહોંચી ગયો છે. ૧૯૮૦માં ૧૪૮ મિલિયન ટન પોલાદનું ઉત્પાદન થયું હતું.

સોવિયેત સંઘ હાલ ત્રાંબું, એલ્યુમિનિયમ, સીસું, ઝિંક, નિકલ, અને ટીટાનિયમના ઉત્પાદનમાં આખી દુનિયામાં મોખરાનું સ્થાન ધરાવે છે. દેશમાં હળવી ધાતુઓ (ખાસ કરીને એલ્યુમિનિયમ), મિશ્ર ધાતુઓ (નિકલ, ટીટાનિયમ, ટંગ્સ્ટન, અને મોલીબ્ડેનમ), તથા વિરલ ધાતુઓનું ઉત્પાદન એકધારું વધી રહ્યું છે. વીજાણુ ઉદ્યોગ માટે સામગ્રી બનાવવાનાં વિશેષીકૃત કારખાનાં ખડાં થઈ રહ્યાં છે. સમૃદ્ધ પૂર્વ પ્રદેશોમાં બિનલોહ ધાતુ ઉદ્યોગનાં પ્લાંટ-કારખાનાં બંધાઈ રહ્યાં છે.

ઍન્જિનિયરીંગ ઉદ્યોગ અત્યંત ઉત્પાદક યંત્રસામગ્રીના સંબંધમાં અર્થતંત્રની જરૂરિયાતો પૂરી કરે છે અને પેદાશના અમુક હિસ્સાની નિકાસ પણ કરે છે.

પાવર, ધાતુકર્મ, રસાયણ, તેલ, અને કોલસા ઉદ્યોગ માટે સરંજામ બનાવતા ભારે ઍન્જિનિયરીંગ ઉદ્યોગના વિકાસને અગ્રસ્થાન આપવામાં આવે છે. વીજાણુ તથા રેડિયો ઍન્જિનિયરીંગ ઉદ્યોગોની સંઘટના ઝડપી વેગે થઈ રહી છે. ટ્રૅક્ટર તથા ખેતીયંત્રોના ઉદ્યોગના વિકાસને પ્રવેગ આપવાની અને મોટરવાહન ઉદ્યોગના ઉત્પાદનની ક્ષમતા વધારવાની બાબત ઉપર ખાસ ધ્યાન આપવામાં આવે છે. હળવા અને ખોરાક ઉદ્યોગો માટે સરંજામના ઉત્પાદનને પ્રવેગ આપવાનાં બહુ ગંભીર પગલાં લેવાઈ રહ્યાં છે.

સોવિયેત સંઘના યુરોપી ભાગમાં મોસ્કો, લેનિનગ્રાદ, કીયેવ, ખાર્કોવ, ગોર્કી, મીન્સ્ક, રીગા અને બીજાં શહેરોમાં ઍન્જિનિયરીંગ ઉદ્યોગને વધારે વિકસાવવાની સાથે સાથે પૂર્વમાં, ધાતુનું ઉત્પાદન કરતા અને ઍન્જિનિયરીંગની પેદાશોનો ઉપયોગ કરતા પ્રદેશોમાં, નવાં ઍન્જિનિયરીંગ કેંદ્રો સ્થપાઈ રહ્યાં છે. યંત્ર ઍન્જિનિયરીંગ તથા ધાતુકર્મ ઉદ્યોગોનું ઉત્પાદન, ખાસ કરીને ઓજારો, સ્વચાલનનાં સાધનો, તથા કોમ્પ્યુટરોનું ઉત્પાદન, દર વરસે વધી રહ્યું છે.

રસાયણ ઉદ્યોગ, દેશના રસાયણીકરણનો આધાર, ઝડપી વેગે વિકસી રહ્યો છે. પ્લાસ્ટિક, કૃત્રિમ તંતુઓ, અને ઘરેલુ વપરાશની રાસાયણિક ચીજોનું ઉત્પાદન ખાસ ઝડપથી વધી રહ્યું છે. ખનીજ ખાતરનું ઉત્પાદન ૧૦૦ મિલિયન ટનની કક્ષાને પાર કરી ગયું છે.

ઇમારતી લાકડાં, લાકડાનો ગર, કાગળ, અને કાષ્ઠકર્મના ઉદ્યોગોના ઉપયોગ માટે પારાવાર કાષ્ઠ-સંપદા મોજૂદ છે. એ ક્ષેત્રમાં ઉત્પાદન-તંત્રને સુધારવાનાં તથા લાકડાંનો સર્વાંગી ઉપયોગ સુનિશ્ચિત બનાવવાનાં પગલાં લેવાઈ રહ્યાં છે. લાકડાં વહેરવાનાં મહત્ત્વનાં કેંદ્રો— આર્ખાંગેલ્સ્ક, કોતલાસ, ક્રાસ્નોયાર્સ્ક, અને ઇગાર્કા—ધીરે ધીરે વિકસીને કાચી કાષ્ઠ સામગ્રીના જટિલ ઉપયોગનાં તેમ જ કાષ્ઠની રાસાયણિક તથા રાસાયણિક-યાંત્રિક પ્રક્રિયાનાં કેંદ્રોમાં પલટાઈ રહ્યાં છે. સાઈબિરિયા તથા દૂર પૂર્વમાં નવાં જબરજસ્ત કાષ્ઠ ઔદ્યોગિક સંકુલોની સ્થાપના થઈ રહી છે.

સોવિયેત સંઘમાં બાંધકામની પ્રવૃત્તિનું વિરાટ સ્વરૂપ તો સૌને જાણીતું છે. ચણતરની સામગ્રીનો તથા બાંધકામનો ઉદ્યોગ મોટા પાયાના મૂડીગત ચણતરના ભૌતિક અને ટેકનિકલ આધારની કામગીરી બજાવે છે. બાંધકામમાં જરૂરી સિમેંટ, ફેરો-કોંક્રીટ, અને બીજી વસ્તુઓનું ઉત્પાદન વધી રહ્યું છે.

હળવા અને ખોરાક ઉદ્યોગો વધતા જતા વેગે વિકસી રહ્યા છે. એ ઉદ્યોગોમાં દેશના કુલ ઔદ્યોગિક કામદારોમાંથી ચોથા ભાગના કામદારો કામ કરે છે અને કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાંથી ચોથા ભાગનું ઉત્પાદન થાય છે.

ખેતીવાડી

સોવિયેત સંઘમાં ખેતીવાડી અર્થતંત્રની પ્રાણભૂત મહત્ત્વની વિસ્તૃત શાખા છે, લોકો માટે ખોરાકનો અને ઉદ્યોગ માટે ખેતીમૂલક કાચા માલનો મુખ્ય સ્રોત બની રહેતી શાખા છે.

સોવિયેત સંઘની સમાજવાદી ખેતીવાડીમાં લગભગ ૨૬૦૦૦ સામૂહિક ખેતરો, ૨૦૦૦૦થી વધારે રાજ્ય ખેતરો, અને ૧૦૦૦૦ આંતરખેતર ઉદ્યોગધંધાઓ છે. દેશના ખેતી ઉત્પાદનમાં તેમની ભૂમિકા નિર્ણાયક છે. વસતિ માટે ખોરાકના પુરવઠામાં ખેડૂતોના વ્યક્તિગત સહાયક પ્લોટો પુરવણીની ભૂમિકા ભજવે છે.

જમીન ખાનગી માલિકીની હતી ત્યારે માનવીના હાથે માનવીના શોષણનું સાધન હતી. હવે સોવિયેત સંઘમાં તેનો ઉપયોગ જનતાના હિતમાં ખેતીવાડીની ઉત્પાદક શક્તિઓના વિકાસને પ્રવેગ આપવા માટે કરવામાં આવે છે.

રશિયન ફેડરેશનમાં બિન-કાળી જમીનના પ્રદેશમાં જમીનનો તેમ જ ખેતીવાડીનો વિકાસ સાધવાની બાબત ઉપર ખાસ ધ્યાન આપવામાં આવે છે. એ પ્રદેશમાં લગભગ ૬૦ મિલિયન લોકો વસે છે.

અગાઉનાં વર્ષોની જેમ હાલ પણ ખેતીવાડીમાં મુખ્ય કર્તવ્ય ખેતીવાડીની તેમ જ પશુપાલનની પેદાશમાં વધારો સાધવાનું છે. એ કર્તવ્ય ખેતીવાડીને વધારે ચેતનમય બનાવીને તથા તેમાં ઉદ્યોગીકરણ દાખલ કરીને, દેશવ્યાપી પાયા પર ખેતીવાડી-ઔદ્યોગિક સંકુલ સ્થાપીને, સાધવામાં આવી રહ્યું છે. સોવિયેત સંઘમાં ખોરાક કાર્યક્રમનું નિરૂપણ અપાર રાજકીય, આર્થિક, તથા સામાજિક મહત્ત્વ ધરાવે છે. એ કાર્યક્રમ ખેતરો વચ્ચે સહકાર તથા ખેતીવાડી-ઔદ્યોગિક એકીકરણના આધારે ખેતીવાડી ઉત્પાદનના વિશેષીકરણ તથા કેંદ્રીકરણના અધિક વિકાસ મારફત અમલમાં મુકાઈ રહ્યો છે. એ કાર્યક્રમનો અમલ દેશના ખેતીવાડી આધારને વધારે મક્કમ બનાવવાની ખાતરી ઊભી કરે છે અને સોવિયેત લોકોનાં સુખસગવડમાં વધારો કરે છે.

સોવિયેત ઉદ્યોગધંધાઓ ખેતીવાડીને મોટી સંખ્યામાં ટ્રેક્ટરો, મોટરવાહનો, કાપણીયંત્રો, તથા ખેતીવાડીનાં બીજાં યંત્રો પૂરાં પાડે છે. ખેતીવાડીના

વિદ્યુતકરણના વ્યાપમાં તેમ જ ખેતી તથા પશુપાલનના યંત્રીકરણના ધોરણમાં એકધારી ઉન્નતિ થઈ રહી છે. સામૂહિક તથા રાજ્ય ખેતરોને ખનીજ ખાતરના નિરંતર વધતા જતા જથ્થાઓ પૂરા પાડવામાં આવે છે.

જમીનની સુધારણા અનાજ તથા બીજા પાકોની ઊંચી તથા સ્થાયી પેદાશ સુનિશ્ચિત બનાવનારી બાબત તરીકે વધારે ને વધારે મહત્ત્વ ધારણ કરતી જાય છે. ડાંગરની અને ખાણ તથા શાકભાજીની પેદાશ બહુ વધવાનો અંદાજ કાઢવામાં આવ્યો છે. કપાસ તથા અનાજના પાકમાં પણ સારી પેઠે વધારો થશે. ખેતીવાડીની કુલ પેદાશમાં સીંચાઈની જમીનનો ફાળો લગભગ ત્રીજા ભાગનો છે.

ખેતીવાડીના ક્ષેત્રની મુખ્ય શાખા અંકિત કરતા જમીનના ખેડાણમાંથી દેશની કુલ ખેતીવાડી પેદાશનો ૫૦ ટકાથી વધારે હિસ્સો મળે છે. તેમાં મુખ્ય પાક અનાજના હોય છે. અનાજની સરેરાશ વાર્ષિક પેદાશ ૨૦૦ મિલિયન ટનથી વધારે છે. ૧૯૯૦ સુધીમાં અનાજનું ઉત્પાદન માણસ દીઠ એક ટનની કક્ષાએ પહોંચી જશે.

ઔદ્યોગિક પાકોમાં સાકર-બીટ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. સોવિયેત સંઘમાં સાકર-બીટની વાર્ષિક પેદાશ લગભગ ૯૦-૧૦૦ મિલિયન ટન અથવા સાકર-બીટની ખેતી કરતા બીજા યુરોપી દેશોની કુલ પેદાશ જેટલી છે.

તેલીબિયાંમાં સૌથી વધારે વ્યાપક ખેતી સૂરજમુખીની થાય છે. અળસી, એરંડા, સરસવ, અને બીજાં આવશ્યક તેલીબિયાંની ખેતી પણ કરવામાં આવે છે. તંતુ-પાકોમાં તરેહવાર શણની ખેતી થાય છે, પરંતુ હાલના સમયે મુખ્ય તંતુ-પાક કપાસ છે. સોવિયેત સંઘના મધ્ય એશિયા તથા બીજા પ્રદેશોમાં વાર્ષિક ૧૦ મિલિયન ટન કાચા કપાસનો પાક લણવામાં આવે છે.

પશુપાલનની શાખામાં દૂધ અને માંસના ઉત્પાદન ઉપર ભાર મૂકવામાં આવે છે. દેશમાં મોટાં શિંગાળાં ઢોરની સંખ્યા ૧૧૧ મિલિયન છે. દૂધની ચીજોને લગતું પશુપાલન મોટાં શહેરોની આસપાસ તેમ જ ઉત્તરના ખાસ પ્રદેશોમાં તથા સોવિયેત સંઘના યુરોપી ભાગના મધ્ય વિસ્તારોમાં અને પશ્ચિમ સાઇબિરિયામાં કેંદ્રીકૃત છે. બાલ્ટિક પ્રજાસત્તાકો જેવા કેટલાક આર્થિક વિસ્તારોમાં ડુક્કરના ઉછેરનું વિશેષીકરણ સાધવામાં આવ્યું છે. ડુક્કરોની સંખ્યા ૭૫ મિલિયનથી અને ઘેટાંબકરાંની સંખ્યા ૧૫૦ મિલિયનથી વધારે છે. દેશમાં ઉત્તર કોકેસસ, ઉક્રાઈનાના વનવગડાના વિસ્તારો, તથા બીજા ભાગોમાં બારીક ઊન આપતાં ઘેટાં ઉછેરવામાં આવે છે. સોવિયેત સંઘના યુરોપી ભાગના મધ્ય તથા ઉત્તર વિસ્તારોમાં ઘેટાં ઉછેરવાનાં મથકો છે, અને ઉઝબેકિસ્તાન તથા

તુર્કમેનિયામાં આસ્ત્રાખાન ઘેટાંના ઉછેરનું વિશેષીકરણ સાધવામાં આવ્યું છે.

સોવિયેત રાજ્ય ખેતીવાડીમાં તેમ જ સમગ્ર ખેતીવાડી-ઔદ્યોગિક સંકુલમાં વધારે ને વધારે સુધારણા આણવાની ભારે જહેમતો કરી રહ્યું છે.

વાહનવ્યવહાર

સોવિયેત સંઘમાં વાહનવ્યવહાર અર્થતંત્રની વિકસિત શાખા છે. હાલ બધા જમીનમાર્ગોની કુલ લંબાઈ લગભગ ૨ મિલિયન કિલોમીટર છે.

સોવિયેત સંઘમાં બધા આધુનિક પ્રકારોનો વાહનવ્યવહાર છે—રેલવે, જળમાર્ગ, મોટરવાહનો, પાઈપલાઈન, વિમાની, પરંતુ વાહનવ્યવહારની કામગીરીઓમાં એ બધા પ્રકારોની ભૂમિકા એકસરખી નથી. વાહનવ્યવહારની ટેકનિકલ પુનર્ઘટના અને નવા પ્રકારોના અગ્રસ્થાની વિકાસના પરિણામે તેની આર્થિક અસરકારકતામાં તેમ જ માલ તથા મુસાફરોની આવજાના સંબંધમાં વિવિધ પ્રકારોની ભૂમિકામાં ફેરફાર થઈ રહ્યા છે.

સોવિયેત સંઘ ખંડીય દેશ છે અને તેમાં વાહનવ્યવહારની પદ્ધતિના મુખ્ય આધારના સ્થાને રેલવે છે. વાહનવ્યવહારના બીજા પ્રકારો વધારે ઝડપી વેગે વિકસી રહ્યા હોવા છતાં માલની કુલ હેરફેરમાંથી લગભગ ૬૦ ટકા જેટલી અને મુસાફરોની આવજામાંથી ૫૦ ટકા કરતાં વધારે રેલવે મારફત થાય છે.

સોવિયેત રેલવેની લંબાઈ સંયુક્ત રાજ્ય અમેરિકાની રેલવેની લંબાઈના લગભગ ૬૦ ટકા જેટલી હોવા છતાં સંયુક્ત રાજ્ય અમેરિકાની રેલવે મારફત થતી માલની હેરફેર કરતાં અઢી ગણીથીયે વધારે હેરફેર સોવિયેત રેલવે મારફત થાય છે. સોવિયેત સંઘની રેલવેની લંબાઈ આખી દુનિયાની રેલવેની લંબાઈના ૧૦ ટકા જેટલી હોવા છતાં સોવિયેત રેલવે મારફત થતી માલની હેરફેર આખી દુનિયાની રેલવે મારફત થતી માલની હેરફેરના લગભગ ૫૦ ટકા જેટલી છે. સોવિયેત સંઘ યુરોપના તથા એશિયાના વીસેક દેશો જોડે સીધો રેલવે વ્યવહાર ધરાવે છે.

સોવિયેત સંઘમાં પચાસ વરસના સમયમાં રેલવેની લંબાઈ લગભગ બમણી થઈ ગઈ છે અને કુલ ૧૪૦૦૦૦ કિલોમીટરની કક્ષાને પાર કરી ગઈ છે. દેશમાં નવી મોટી રેલવે લાઈનો બંધાઈ રહી છે. તેમાં સૌથી મોટી બાઈકાલ-આમૂર રેલવે લાઈનની લંબાઈ ૩૦૦૦ કિલોમીટરથીયે વધારે હશે. તે બાઈકાલ સરોવરના વિસ્તારમાં આવેલા લેના નદીના બંદર ઉસ્ત-કુતને આમૂર-કિનારે-

કોમ્સોમોલ્સ્ક શહેર જોડે સાંકળી લેશે અને પૂર્વ સાઈબિરિયા તથા દૂર પૂર્વની કુદરતી સંપત્તિનો ઉપયોગ સુનિશ્ચિત બનાવશે તેમ જ પ્રશાંત મહાસાગરમાં બારું પૂરું પાડશે.

સોવિયેત સંઘમાં હવે લગભગ બધી રેલગાડીઓ વીજળી અથવા ડીઝલથી ચલાવવામાં આવે છે.

સોવિયેત વ્યાપારી જહાજી કાફલા મારફત થતી માલની હેરફેરના પરિમાણમાં યુદ્ધ પછી સતત વધારો થતો રહ્યો છે. જહાજી વાહનવ્યવહાર સોવિયેત સંઘના વહાણવટાના પ્રદેશો વચ્ચેના આર્થિક સંબંધોને (કિનારા નજીકના ટૂંકા તથા લાંબા જહાજી વ્યવહારને) સુનિશ્ચિત બનાવે છે, અને પરદેશો જોડે નિરંતર વધતી જતી આયાત-નિકાસના માલની હેરફેરની કામગીરી બજાવે છે. સોવિયેત જહાજો દુનિયાના ૧૨૦ દેશોનાં ૧૨૦૦ જેટલાં બંદરોએ જાય છે. તેમાં કેટલાય વિકસિત દેશોનાં બંદરો પણ સામેલ છે. સેંકડો જહાજો સોવિયેત સંઘ અને ક્યૂબા, વિયેતનામ, ભારત, તથા બીજા દેશો વચ્ચે માલની હેરફેર સુનિશ્ચિત બનાવે છે.

સોવિયેત વ્યાપારી જહાજી કાફલામાં ગત દાયકા દરમિયાન મોટી સંખ્યામાં આધુનિક જહાજો ઉમેરવામાં આવ્યાં છે. તેમાં સામાન્ય કામગીરીનાં તેમ જ સ્વચાલિત નિયંત્રણ પદ્ધતિઓ ધરાવતાં વિશેષીકૃત જહાજો સામેલ છે.

નદીઓનો જહાજી કાફલો દેશની અંદર કુલ ૧૪૦૦૦૦ કિલોમીટરથી વધારે લંબાઈ ધરાવતા જળમાર્ગોની સફરો ખેડે છે. મોસ્કો, ધવલ સમુદ્ર-બાલ્ટિક સાગર, લેનિન વોલ્ગા-દોન, અને લેનિન વોલ્ગા-બાલ્ટિક સાગર જહાજી નહેરો બંધાઈ જવાથી સોવિયેત સંઘના યુરોપી ભાગમાં સર્વસામાન્ય એક જળમાર્ગ વાહનવ્યવહાર પદ્ધતિની સ્થાપના થઈ. એ પદ્ધતિ કાસ્પિયન, આઝોવ, કાળા, બાલ્ટિક, તથા ધવલ સમુદ્રોને સાંકળી લે છે અને મુખ્ય નૌકાગમ્ય સરિતા માર્ગોના, મોટે ભાગે દક્ષિણ તરફ જતા માર્ગોના, સારા એવા હિસ્સાનું એકીકરણ સાધે છે.

પાઈપલાઈન મારફત માલની હેરફેરનો વિકાસ બહુ ઝડપી વેગે થઈ રહ્યો છે. રેલવે કરતાં સસ્તી પાઈપલાઈન પદ્ધતિ તેલ તથા તેલની પેદાશોની ભરોસેદાર તથા વેગીલી હેરફેર સુનિશ્ચિત બનાવે છે. એક મીટરથી વધારે વ્યાસની પાઈપલાઈન બાંધનારો પહેલો દેશ સોવિયેત સંઘ હતો. સોવિયેત સંઘની ગૅસ પાઈપલાઈનોનો સરેરાશ વ્યાસ સંયુક્ત રાજ્ય અમેરિકાની એવી પાઈપલાઈનોની સરખામણીમાં તૃતીયાંશ વધારે છે. તેનો અર્થ એવો થયો કે સોવિયેત ગૅસ

પાઈપલાઈનો આર્થિક દૃષ્ટિએ ઘણી વધારે કારગત છે અને ઘણો વધારે ગૅસ પહોંચાડી શકે છે. દેશમાં તેલની મુખ્ય પાઈપલાઈનોની કુલ લંબાઈ ૭૦ હજાર કિલોમીટરથી વધારે અને ગૅસની મુખ્ય પાઈપલાઈનોની કુલ લંબાઈ ૧૩૦ હજાર કિલોમીટરથી વધારે છે. આખી દુનિયામાં સૌથી મોટી ગૅસ પુરવઠા પદ્ધતિ સોવિયેત સંઘમાં સ્થાપવામાં આવી છે. બંધુભાવી સમાજવાદી દેશોને સોવિયેત ગૅસ પૂરો પાડવા માટે ઓરેનબુર્ગથી સોવિયેત સંઘની પશ્ચિમ સરહદ સુધી ૨૭૫૦ કિલોમીટર લાંબી મુખ્ય ગૅસ પાઈપલાઈન સોવિયેત સંઘ અને પરસ્પર આર્થિક સહાય પરિષદના સભ્ય યુરોપી દેશોની સંયુક્ત જહેમતોના આધારે બાંધવામાં આવી છે.

પાઈપલાઈનોનો વધારેમાં વધારે વિસ્તૃત બંદોબસ્ત કોકેસસ અને વોલ્ગા-ઉરાલ પ્રદેશનાં તેલક્ષેત્રોમાં છે. પશ્ચિમ સાઈબિરિયા તથા પશ્ચિમ કઝાખસ્તાનનાં તેલક્ષેત્રોમાંથી બહુ ભારે વહન ક્ષમતાની પાઈપલાઈનો દેશના પૂર્વ તથા પશ્ચિમ ભાગોમાં ઉદ્યોગધંધાઓ તથા તેલની રિફાઈનરીઓ સુધી પહોંચી રહી છે.

ટ્રાન્સ-સાઈબિરિયન તેલ પાઈપલાઈન, પૂર્વ દિશામાં જતી લાંબામાં લાંબી પાઈપલાઈન, ઓમ્સ્ક તથા ક્રાસ્નોયાર્સ્ક થઈને દૂર પૂર્વમાં પહોંચે છે. સોવિયેત સંઘમાં ૩૦૦૦ કિલોમીટરના અંતરને પાર કરતી 'દ્રુઝબા' (મિત્રતા) તેલ પાઈપલાઈન તાતાર સ્વાયત્ત સોવિયેત સમાજવાદી પ્રજાસત્તાકનું તેલ પોલૅંડ તથા ચેકોસ્લોવાકિયાને તેમ જ હંગેરી તથા જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાકને પણ પહોંચાડે છે. સોવિયેત સંઘમાં તેલની પેદાશોના ૫૦ ટકાથી વધારે હિસ્સાની હેરફેર પાઈપલાઈનો મારફત કરવામાં આવે છે.

સોવિયેત સંઘમાં મોટરવાહનોમાં લદાતો માલ બીજા બધા પ્રકારોના વાહનવ્યવહારમાં લદાતા માલ કરતાં પાંચ ગણો હોય છે. પરંતુ મોટરવાહન મારફત એક ટન માલના વહનનું સરેરાશ અંતર હજી બહુ ઓછું છે. એટલે સોવિયેત સંઘમાં માલની કુલ હેરફેરમાં મોટરવાહનોનો હિસ્સો ઓછો છે.

સોવિયેત સંઘ અને વિદેશો વચ્ચેનો મોટરવાહન વ્યવહાર વિસ્તરી રહ્યો છે. સોવિયેત ટ્રકોની કતારો માલના જથ્થા યુરોપના સમાજવાદી તથા બીજા દેશોને તેમ જ મોંગોલિયન લોક પ્રજાસત્તાકને પહોંચાડે છે.

સોવિયેત સંઘમાં હજારો મોટા બસ-માર્ગો છે. મોટર-માર્ગોની લંબાઈ યુદ્ધ પછી લગભગ બમણી થઈ ગઈ છે અને હાલ ૧.૫ મિલિયન કિલોમીટર જેટલી છે.

વિમાની વ્યવહાર દેશની અંદર મુખ્યત્વે લાંબાં અંતરોને તેમ જ પરદેશોને પણ આવરી લેતી માલની હેરફેર તથા મુસાફરોની આવજાની કામગીરી બજાવે

છે. 'એરોફ્લોત'નાં વિમાનો લગભગ ૨૦૦૦ વિમાની સફર માર્ગોનાં ઉડાનો કરે છે:

દેશના પાટનગર તથા મુખ્ય વિમાની મથક મોસ્કો અને સંઘ પ્રજાસત્તાકોનાં પાટનગરો તથા મોટી સંખ્યાનાં બીજાં શહેરો તથા ઔદ્યોગિક કેંદ્રો વચ્ચે નિયમિત વિમાની વ્યવહાર આખું વરસ ચાલતો રહે છે. દેશના આંતરિક વિમાની માર્ગોની લંબાઈ લગભગ ૮૦૦ ૦૦૦ કિલોમીટર જેટલી છે. આખી દુનિયામાં વિમાનો મારફત થતી માલની હેરફેર તથા મુસાફરોની આવજામાં 'એરોફ્લોત'નો હિસ્સો લગભગ ૩૩ ટકા જેટલો છે. સોવિયેત વિમાની વ્યવહારમાં સગવડદાર આધુનિક વિમાનોનો ઉપયોગ કરવામાં આવે છે.

સોવિયેત સંઘના આર્થિક નકશામાં પરિવર્તનો

સોવિયેત સંઘમાં સમાજવાદી ઉદ્યોગીકરણ, ખેતીવાડીની પુનર્ઘટના, અને વાહનવ્યવહારની ટેકનિકલ નવરચનાની સાથે સાથે ઉત્પાદનની ભૌગોલિક વહેંચણીમાં મૂળભૂત પરિવર્તનો કરવામાં આવ્યાં હતાં. મૂડીગત ચણતરના વિસ્તૃત વ્યાપને કારણે તેમ જ ઝારશાહી રશિયા તરફથી વારસામાં મળેલી ઉત્પાદનની ભૌગોલિક વહેંચણીમાં ફેરફાર કરવાની પ્રાણભૂત આવશ્યકતાને કારણે એવાં પરિવર્તનોની વસ્તુગત અનિવાર્યતા ઊભી થઈ હતી.

સોવિયેત સંઘની સ્થાપના કરવામાં આવી ત્યારે દેશમાં ઉદ્યોગની વહેંચણી અસમાન હતી અને આર્થિક વિકાસની કક્ષાની બાબતમાં મધ્ય વિસ્તાર તથા સરહદી વિસ્તારો વચ્ચે ભારે મોટો તફાવત હતો. બધાં પ્રજાસત્તાકો અને વિસ્તારોના ઝડપી આર્થિક તથા સાંસ્કૃતિક વિકાસના પરિણામે તેમની આર્થિક કક્ષાઓ વચ્ચેનો તફાવત ધીરે ધીરે ઘટતો ગયો અને અર્થતંત્રના તર્કસંગત પ્રાદેશિક માળખાનું ઘડતર થયું.

રાષ્ટ્રીય પ્રજાસત્તાકો અને દેશના પૂર્વ પ્રદેશોમાં આર્થિક વિકાસ ઝડપી વેગે થઈ રહ્યો છે. આજે ઉરાલ સમેત પૂર્વના પ્રદેશોમાં દેશનું લગભગ ત્રીજા ભાગનું ઔદ્યોગિક ઉત્પાદન થાય છે. એકંદર ઔદ્યોગિક પેદાશમાં કેટલીક અગત્યની ઔદ્યોગિક વસ્તુઓનો હિસ્સો જેટલો આખા દેશમાં છે તેનાથી પૂર્વ પ્રદેશોમાં વધારે છે.

પૂર્વ પ્રદેશોના આર્થિક સામર્થ્યમાં વધારો કરવાના આશયે દેશનાં કેંદ્રીકૃત મૂડી રોકાણોનો સારો એવો હિસ્સો તેમની દિશામાં વાળવામાં આવે છે. ઉત્તર

અને પૂર્વ પ્રદેશોના આકરા હવામાન તથા ભૌગોલિક સંજોગોમાં કામ કરતા સોવિયેત લોકો ઉદ્યોગધંધાઓ સ્થાપી રહ્યા છે, પારાવાર કુદરતી સાધનસંપત્તિના ઉપયોગનાં કેંદ્રોને વિકસાવી રહ્યા છે, કામદારોના વસવાટો અને શહેરો બાંધી રહ્યા છે.

દેશના યુરોપી ભાગમાં, બહોળી ઉત્પાદન શક્યતાઓ અને વિપુલ શ્રમ-સંપદા ધરાવતા ભાગમાં, ઉદ્યોગની શ્રમ-પ્રધાન શાખાઓનાં પ્લાંટ-કારખાનાં બાંધવાનું અને ચાલુ ઉદ્યોગધંધાઓના ટેકનિકલ પુનર્નિર્માણનું કામ સતત થઈ રહ્યું છે.

ઉપરોક્ત પગલાંની સાથે સાથે, ઉત્પાદક શક્તિઓની ગોઠવણીમાં સુધારણાની મુખ્ય દિશાઓમાં હયાત પ્રાદેશિક ઉત્પાદન સંકુલો તથા ઔદ્યોગિક કેંદ્રોના વિકાસ તથા એવાં નવાં મથકોની સ્થાપનાની, આર્થિક દૃષ્ટિએ આશાસ્પદ નાનાં તથા મધ્યમ શહેરોના પ્રવેગિત વિકાસ મારફત મોટાં શહેરોની વૃદ્ધિને વધારે સીમિત બનાવવાની, ગ્રામવિસ્તારોમાં શ્રમ-સંપદાના ઉપયોગમાં સુધારણા કરવાની, તેમ જ સોવિયેત સંઘના યુરોપી ભાગ અને પૂર્વ ભાગનાં સંઘ પ્રજાસત્તાકો તથા આર્થિક પ્રદેશો વચ્ચે વાહનવ્યવહારના સુઘટિત બંદોબસ્તની બાબતો પણ સામેલ છે. એથી દેશનાં બધાં પ્રજાસત્તાકો તથા આર્થિક પ્રદેશોમાં અર્થતંત્રની વધારે પ્રગતિ સુનિશ્ચિત બને છે. વર્તમાન સોવિયેત અર્થતંત્ર દેશવ્યાપી સર્વસામાન્ય એક વિરાટ આર્થિક સંકુલ છે, અને દરેક પ્રજાસત્તાકનું અર્થતંત્ર તેનું અવિભાજ્ય અંગ છે.

આર્થિક પ્રદેશો

ઉત્પાદક શક્તિઓની એકધારી વૃદ્ધિ, વધતું જતું વિશેષીકરણ, અને
અર્થતંત્રનો નિતનવો સર્વાંગી વિકાસ દેશના આર્થિક પ્રદેશીકરણમાં પ્રતિબિંબિત
છે. દેશવ્યાપી આર્થિક આયોજનને સરળ બનાવવાના આશયે સોવિયેત સંઘને
૧૯ મોટા આર્થિક પ્રદેશોમાં વિભાજિત કરવામાં આવ્યો છે.
રૂસી સોવિયેત સમવાયી સમાજવાદી પ્રજાસત્તાકમાં દસ આર્થિક પ્રદેશો છે.
એ પ્રજાસત્તાક સોવિયેત સંઘમાં સૌથી મોટું છે અને સૌથી વધારે ઔદ્યોગિક
તથા ખેતીવાડી સામર્થ્ય ધરાવે છે. તે દેશની વસતિમાં ૫૦ ટકાથી વધારે હિસ્સો
ધરાવે છે અને દેશના ઔદ્યોગિક ઉત્પાદનમાં બે તૃતીયાંશ તથા ખેતી ઉત્પાદનમાં
લગભગ અરધો ફાળો આપે છે.

રૂસી સોવિયેત સમવાયી સમાજવાદી પ્રજાસત્તાક બીજાં સંઘ પ્રજાસત્તાકોને આર્થિક તથા સાંસ્કૃતિક વિકાસ સાધવામાં સર્વાંગી મદદ પૂરી પાડે છે. સમાજવાદી તથા બીજા દેશો જોડે સોવિયેત સંઘના આર્થિક, વૈજ્ઞાનિક, ટેકનિકલ, તથા સાંસ્કૃતિક સહકારને વિસ્તારવામાં તે મોખરાની ભૂમિકા ભજવે છે.

વિસ્તાર, વસતિ, અને આર્થિક સામર્થ્યની દૃષ્ટિએ જોતાં, એ દસ પ્રદેશોમાંથી દરેકને ઘણા વિદેશો જોડે સરખાવી શકાય. દાખલા તરીકે, ઉરાલ પ્રદેશની વસતિ સ્વિડનની વસતિ કરતાં બમણી છે, ઉત્તર કોકેસસ પ્રદેશમાં વસતા લોકોની સંખ્યા લગભગ ઝેકોસ્લોવાકિયાની વસતિ જેટલી છે, અને મધ્યવર્તી પ્રદેશની વસતિ પોલૅંડની વસતિથી જરાક જ ઓછી છે.

મધ્યવર્તી આર્થિક પ્રદેશ દેશના ઔદ્યોગિક તથા સંરક્ષણ સામર્થ્યનો મુખ્ય આધાર છે અને વિજ્ઞાન તથા સંસ્કૃતિનું મુખ્ય કેંદ્ર છે. સોવિયેત સંઘનું અને રૂસી સોવિયેત સમવાયી સમાજવાદી પ્રજાસત્તાકનું પાટનગર મોસ્કો એ પ્રદેશમાં આવેલું છે. વસતિની સંખ્યાની દૃષ્ટિએ મોસ્કો દુનિયાનાં પાટનગરોમાં ટોક્યો તથા લંડન પછી ત્રીજા નંબરે આવે છે. મોસ્કો મહાન સત્તાનું પાટનગર હોવાથી મહત્ત્વનું આંતરરાષ્ટ્રીય આર્થિક, રાજકીય, તથા સાંસ્કૃતિક કેંદ્ર છે.

તે દેશનું સૌથી મોટું સંચાર મથક અને ઔદ્યોગિક કેંદ્ર પણ છે. ક્રાંતિ પહેલાં આખા રશિયામાં જેટલો માલ બનતો હતો તેનાથી કેટલાય ગણો માલ આજે એકલા મોસ્કો શહેરમાં બને છે. મોસ્કોના ઔદ્યોગિક સંકુલમાં ભારે ઇજનેરી (મુખ્યત્વે યંત્ર-નિર્માણ તથા ધાતુકર્મ), રસાયણ, હળવા, તથા ખોરાક ઉદ્યોગો સામેલ છે. મોસ્કોના ઔદ્યોગિક સંકુલની પેદાશનો ઉપયોગ શહેરમાં તેમ જ દેશના બીજા ભાગોમાં તથા પરદેશોમાં પણ થાય છે.

મોસ્કો દુનિયાનાં મોટાંમાં મોટાં વૈજ્ઞાનિક તથા સાંસ્કૃતિક કેંદ્રોમાં સ્થાન ધરાવે છે. શહેરની વૈજ્ઞાનિક, ઉચ્ચતર શૈક્ષણિક, તથા બીજી સંસ્થાઓમાં લગભગ ૨૦૦ ૦૦૦ વિશેષજ્ઞો કામ કરે છે. મોસ્કોમાં ઉચ્ચતર અભ્યાસની સંસ્થાઓમાં અભ્યાસ કરતા લાખો વિદ્યાર્થીઓમાં હજારો વિદેશીઓ સામેલ છે. એકલી મોસ્કો યુનિવર્સિટીમાં જ ૭૦થી વધારે દેશોના હજારો વિદ્યાર્થીઓ તથા અનુસ્નાતક સંશોધકો અભ્યાસ કરે છે.

મુખ્યત્વે એશિયા, આફ્રિકા, અને લૅટિન અમેરિકાના દેશોના તરુણ લોકોને તાલીમની સગવડ પૂરી પાડતી પેટ્રીસ લુમુમ્બા મિત્રતા યુનિવર્સિટી વિકાસ પામીને મહત્ત્વના શૈક્ષણિક કેંદ્રનું સ્થાન હાંસલ કરી ચૂકી છે. તેના વિદ્યાર્થીઓમાં ભાવિ ઍન્જિનિયરો, કૃષિવિજ્ઞાનીઓ, ડૉક્ટરો, ભૌતિકવિજ્ઞાનીઓ, અર્થશાસ્ત્રીઓ,

રસાયણવિજ્ઞાનીઓ, ગણિતવિજ્ઞાનીઓ, અને માનવ વિદ્યાઓના વિશેષજ્ઞો પણ સામેલ છે. તેઓ પોતાના મુખ્ય વ્યવસાયોની તાલીમની સાથે સાથે બીજી એક યોગ્યતા, રૂસી ભાષામાંથી અનુવાદ કરવાની યોગ્યતા, પણ હાંસલ કરે છે.

દુનિયાનાં મહાનતમ થિયેટરો, મ્યુઝિયમો, અને ગ્રંથાલયોમાંનાં કેટલાંક મોસ્કોમાં આવેલાં છે. તેમાં બોલ્શોઈ થિયેટર, આર્ટ થિયેટર, લેનિન ગ્રંથાલય, લેનિન મ્યુઝિયમ, ક્રાંતિ મ્યુઝિયમ, પોલીટેકનિકલ મ્યુઝિયમ, પૂશ્કિન લલિત કલા મ્યુઝિયમ, અને ત્રેત્યાકોવ ચિત્રકલા પ્રદર્શન સામેલ છે.

મોસ્કોમાં ઘરો સંબંધી સાધનસંપત્તિની જમાવટ, અને સ્થાનિક અર્થતંત્ર, રાજમાર્ગો, રસ્તાઓ, ચોકચૌટાઓ, તથા બાગબગીચાઓની સુધારણા, ઝડપથી થઈ રહી છે. સોવિયેત પાટનગરની મુલાકાતે આવેલ નામાંકિત અમેરિકી જાહેર કાર્યકર સાયરસ ઈટને જાણાવ્યું હતું કે મોસ્કો ઊંડી છાપ અંકિત કરતું શહેર છે, અનેક ક્ષેત્રોમાં પારાવાર પ્રગતિનાં શિખરો સર કરનારું મહાન શહેર છે.

મોસ્કોના વિકાસની મહાયોજનામાં ધ્યાનમાં રાખવામાં આવ્યું છે કે તે મુખ્ય આર્થિક, વૈજ્ઞાનિક, તથા સાંસ્કૃતિક કેંદ્ર બની રહે. તેમાં ઓલિમ્પિક રમતોની બધી સગવડો મોજૂદ છે.

મધ્ય-ચોર્નોઝિમ પ્રદેશમાં કાચા લોઢાની ખાણો તેમ જ લોખંડ તથા પોલાદ, રસાયણ, અને ઍન્જિનિયરીંગ ઉદ્યોગો મુખ્ય સ્થાને છે. ખેતીવાડીમાં અનાજ, માંસ, દૂધ, સૂરજમુખી, અને સાકર-બીટના ઉત્પાદનમાં વિશેષીકરણ સાધવામાં આવ્યું છે.

મધ્ય-ચોર્નોઝિમ પ્રદેશમાં કૂર્સ્ક મેગ્નેટિક એનોમલીનું ખાણ સંકુલ, દુનિયામાં કાચા લોઢાના સૌથી મોટા ભંડારનું મથક, તૂલા, લીપેત્સ્ક, તથા દોનબાસના લોખંડ તથા પોલાદ ઉદ્યોગો માટે કાચા લોઢાના આધારકેંદ્ર તરીકે વિકસી રહ્યું છે. ઓસ્કોલ ખાતે વિદ્યુત ધાતુકર્મ પ્લાંટ બંધાઈ રહ્યો છે.

ગોર્કી શહેર સહિત વોલ્ગા-વ્યાતકા પ્રદેશ વોલ્ગા નદીને કિનારે વિકસિત મોટરવાહન, નૌકાનિર્માણ, તથા વિદ્યુત ઍન્જિનિયરીંગ ઉદ્યોગો તેમ જ ઓજાર-રચના અને ઍન્જિનિયરીંગ ઉદ્યોગની બીજી શાખાઓ ધરાવતો વિશાળ ઔદ્યોગિક વિસ્તાર છે. એ પ્રદેશમાં કીરોવ, ચેબોક્સારી, સારાન્સ્ક, તથા બીજાં શહેરોમાં ઔદ્યોગિક ઉત્પાદન ઝડપથી વધી રહ્યું છે. વોલ્ગા નદીને ડાબે કિનારે આવેલી વિપુલ કાષ્ઠ સાધનસંપત્તિનો ઉપયોગ કરતા રસાયણ અને કાષ્ઠ ઉદ્યોગોનું ભવિષ્ય બહુ ઊજળું છે.

ઉત્તર-પશ્ચિમ પ્રદેશ સોવિયેત યંત્ર-નિર્માણ ઉદ્યોગનું મોટું મથક અંકિત

કરે છે. ત્યાં મોટા પાયાના કાષ્ઠ, રસાયણ, અને ખાણ ઉદ્યોગો પણ છે. લગભગ પાંચ મિલિયનની વસતિ ધરાવતું અને મોસ્કો પછી બીજા નંબરનું મોટું શહેર તેમ જ મહત્ત્વનું ઔદ્યોગિક તથા સંચાર કેંદ્ર લેનિનગ્રાદ એ પ્રદેશમાં આવેલું છે. તેના ઉદ્યોગધંધાઓમાં સાગર ખેડતાં જહાજો, જોરદાર વરાળ તથા જળ ટર્બાઈનો, અટપટો રેડિયો સરંજામ, ચોકસાઈ-ઉપકરણો, સ્વચાલિત યંત્ર-ઓજારો, રાસાયણિક પેદાશો, વપરાશી વસ્તુઓ, અને ખોરાકની ચીજો બને છે. લેનિનગ્રાદમાં બનતો માલ ઘણા પરદેશોને પણ મોકલવામાં આવે છે. લેનિનગ્રાદ દુનિયાનાં ભારે મોટાં વૈજ્ઞાનિક તથા સાંસ્કૃતિક કેંદ્રોમાં સ્થાન ધરાવે છે.

કોલા દ્વીપકલ્પમાં રાસાયણિક કાચા માલની (એપાટાઈટની) તથા કાચી ધાતુઓની ખાણો છે તેમ જ વિકસિત એલ્યુમિનિયમ, નિકલ, કાષ્ઠ (આર્ખંગેલ્સ્ક અને કોતલાસ), તેમ જ મત્સ્ય (મુર્માન્સ્ક) ઉદ્યોગો છે. ઉત્તર-પશ્ચિમ પ્રદેશનો અધિક ઔદ્યોગિક વિકાસ ધાતુકાર્મિક તેમ જ ઈંધણ તથા વિદ્યુત આધારના વિસ્તરણ સાથે સંકળાયેલો છે. લેનિનગ્રાદ તથા કોલા પરમાણુ પાવર સ્ટેશનો ચાલુ થવાથી અને તીમાન-પેચોરા પ્રાદેશિક-ઉત્પાદન સંકુલની સ્થાપનાથી એ આધાર વધારે મજબૂત બન્યો છે.

અનાજ, માંસ, દૂધ, અને બીજી ખેતીવાડી પેદાશોનું ઉત્પાદન વધારવાની દિશામાં મહત્ત્વનાં પગલાં લેવાઈ રહ્યાં છે.

વોલ્ગા પ્રદેશ દેશનો તેલનો મુખ્ય સ્રોત છે અને કુદરતી ગેસના વિશાળ જથ્થા પૂરા પાડે છે. એ પ્રદેશમાં ખૂબ વિકસિત પેટ્રોકેમિકલ ઉદ્યોગ છે. ઍન્જિનિયરીંગ, હળવા, ખોરાક, અને બીજા ઉદ્યોગો કુઈબીશેવ, કઝાન, વોલ્ગોગ્રાદ, સારાતોવ, પેન્ઝા, સ્તેર્લીતામાક, અને આસ્ત્રાખાનમાં કેંદ્રીકૃત છે. તોલ્યાતીમાં જબરજસ્ત વોલ્ઝ્સ્ક મોટરગાડી પ્લાંટમાં નિયમિત ઉત્પાદન થઈ રહ્યું છે, અને નજીકમાં કામા નદીને કિનારે દુનિયાનો સૌથી મોટો ટ્રક પ્લાંટ બાંધવામાં આવ્યો છે. વોલ્ગા પ્રદેશમાં અનાજના વિશાળ જથ્થાઓનું તેમ જ માંસ તથા બીજી વસ્તુઓનું ઉત્પાદન થાય છે. પ્રદેશના વિદ્યુત આધારમાં થર્મલ પાવર પ્લાંટો તેમ જ કુઈબીશેવ, સારાતોવ, અને વોલ્ગોગ્રાદનાં હાઈડ્રો-પાવર સ્ટેશનો સામેલ છે. ચેબોક્સારી અને નીઝનીકામ્સ્ક હાઈડ્રો-પાવર સ્ટેશનોમાં નવી ટર્બાઈનો ચાલુ થઈ રહી છે. વાહનવ્યહાર અને અર્થતંત્રમાં વોલ્ગા નદી ભારે મોટા મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

વોલ્ગા કિનારે બે શહેરો લેનિનના નામ સાથે ગાઢ સંકળાયેલાં છે—

ઉલ્યાનોવ્સ્ક અને કઝાન. વ્લાદીમિર ઈલ્યીચ ઉલ્યાનોવનો (લેનિનનો) જન્મ ઉલ્યાનોવ્સ્ક (સિમ્બીર્સ્ક) શહેરમાં સાર્વજનિક શાળાઓના સંચાલક ઈલ્યા નિકોલાયેવિચ ઉલ્યાનોવના પરિવારમાં ૧૮૭૦ના એપ્રિલની ૨૨મી તારીખે થયો હતો. લેનિનનું બાળપણ એ શહેરમાં વીત્યું હતું. તેમણે આગળ જતાં કઝાન યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો હતો. ત્યાર પછી ઉલ્યાનોવ્સ્ક ઓળખી ન શકાય એટલું બધું બદલાઈ ગયું છે. આજે તે એંજિનિયરીંગ તથા ખોરાક ઉદ્યોગોના કામદારોનું તેમ જ રેલવે તથા જળમાર્ગ વાહનવ્યવહારના કામદારોનું શહેર છે. લેનિન સ્મારક સંકુલનું નિર્માણ ૧૯૭૦માં, લેનિન શતાબ્દીના વર્ષમાં, પૂરું થયું હતું. સોવિયેત સંઘના બધા ભાગોના તેમ જ પરદેશોના સંખ્યાબંધ પ્રવાસીઓ સ્મારક સંકુલ જોવા આવતા રહે છે.

ઉત્તર કોકેસસ પ્રદેશમાં તેલ અને ગૅસના ઉત્પાદનનું વિશેષીકરણ સાધવામાં આવ્યું છે અને તે લોખંડ તથા પોલાદ, બિનલોહ ધાતુઓ, કોલસા, અને ઍંજિનિયરીંગના ઉદ્યોગોનું મોટું કેંદ્ર પણ છે. તેનાં મુખ્ય ઔદ્યોગિક મથકો દોન-કિનારે-રોસ્તોવ, ક્રાસ્નોદાર, તાગાનરોગ, નોવોરોસીઈસ્ક, સ્તાવ્રોપોલ, નાલચીક, ઓર્જોનીકીદ્ઝે, ગ્રોઝની, અને માખાચકાલા છે. પ્રદેશમાં આબોહવા અને માટીને લગતા સંજોગો બાગાયત અને દ્રાક્ષના પાક માટે તેમ જ ઘઉં, મકાઈ, સૂરજમુખી, તથા સાકર-બીટની ખેતી માટે સાનુકૂળ છે. ઉત્તર કોકેસસનાં ઘેટાંની બારીક ઊન મશહૂર છે અને ત્યાંનાં આરોગ્યધામો પણ સુખ્યાત છે.

ઉરાલ પ્રદેશ સોવિયેત સંઘનો ઔદ્યોગિક ગઢ છે. તેનું કેંદ્ર સ્વેર્દલોવ્સ્ક છે. આખી દુનિયામાં જાણીતો ઉરાલનો ભારે ઍંજિનિયરીંગ પ્લાંટ સ્વેર્દલોવ્સ્કમાં આવેલો છે. એ પ્રદેશમાં પેર્મ, ચેલ્યાબીન્સ્ક, માગ્નીતોગોર્સ્ક, અને બીજાં કેટલાંય મહત્ત્વનાં શહેરો છે. પેર્મમાં નૌકાનિર્માણ, પેટ્રોકેમિકલ, અને ગર તથા કાગળ ઉદ્યોગો છે. માગ્નીતોગોર્સ્ક દેશનું લોખંડ અને પોલાદનું મોટું કેંદ્ર છે. ઉરાલના દક્ષિણ ભાગમાં યુરોપના સૌથી મોટા કુદરતી ગૅસ ભંડાર સંબંધી કામ ચાલી રહ્યું છે.

પશ્ચિમ-સાઇબિરિયન પ્રદેશનું મુખ્ય ઔદ્યોગિક કેંદ્ર કુઝબાસ (કુઝનેત્સ્ક વિસ્તાર) છે. કુઝબાસમાં મોટાં ઔદ્યોગિક શહેરો આવેલાં છે: નોવોકુઝનેત્સ્ક (લોહમય તથા બિનલોહ ધાતુકર્મ અને ભારે ઍંજિનિયરીંગ ઉદ્યોગો). ઉરાલથી પૂર્વ તરફ સૌથી મોટું ઍંજિનિયરીંગ કેંદ્ર નોવોસિબીર્સ્ક છે, તેની વસતિ ૧૩૦૦ ૦૦૦થી વધારે છે. અકાદેમી-નગર નોવોસિબીર્સ્ક મોટું વૈજ્ઞાનિક કેંદ્ર

છે. સોવિયેત સંઘની વિજ્ઞાન અકાદમીની સાઇબિરિયન શાખા ત્યાં આવેલી છે. પશ્ચિમ સાઇબિરિયામાં આવેલાં બીજાં મોટાં શહેરોમાં ઓમ્સ્ક, બાર્નાઉલ, અને તોમ્સ્ક સામેલ છે.

પશ્ચિમ સાઇબિરિયાના અર્થતંત્રમાં ત્યુમેન અને તોમ્સ્ક પ્રદેશો વિશિષ્ટ સ્થાન ધરાવે છે. દેશમાં તેલ અને ગૅસના સૌથી મોટા અને અજોડ પણ ગણાવી શકાય એવા ભંડારો તાજેતરમાં એ પ્રદેશોમાં શોધી કાઢવામાં આવ્યા છે. પશ્ચિમ સાઇબિરિયા દેશનું મુખ્ય તેલ મથક બની ગયું છે અને ત્યાં ગૅસનું ઉત્પાદન મોટા પ્રમાણમાં થાય છે. હાલ સડકો, રેલવે, મોટી પાઇપલાઇનો, અને આધુનિક શહેરોનું બાંધકામ ઝડપથી થઈ રહ્યું છે, અને સાઇબિરિયાના નવા પ્રબળ ઔદ્યોગિક સંકુલને ખોરાક પૂરો પાડનારી ખેતીવાડીના વિકાસની બાબત ઉપર પુષ્કળ ધ્યાન અપાઈ રહ્યું છે.

પૂર્વ સાઇબિરિયન પ્રદેશમાં પારાવાર કોલસા તથા હાઈડ્રો-પાવર સાધનસંપત્તિ તેમ જ લોહમય તથા બિનલોહ ધાતુઓના વિશાળ ભંડારો છે. એ પ્રદેશમાં ક્રાસ્નોયાર્સ્ક-આચીન્સ્ક, સાયાની, બ્રાત્સ્ક-ઉસ્ત-ઇલીમ, અને ઇર્કૂત્સ્ક-ચેરેમખોવો પ્રાદેશિક-ઉત્પાદન સંકુલો સ્થાપવામાં આવ્યાં છે. ત્યાંનાં સૌથી મોટાં ઔદ્યોગિક કેંદ્રો ક્રાસ્નોયાર્સ્ક અને ઇર્કૂત્સ્ક છે. બ્રાત્સ્ક અને આંગાર્સ્કમાં તેમ જ ઉલાન-ઉદે તથા ચીતા સહિત પુરાણાં સાઇબિરિયન શહેરોમાં પણ ઉદ્યોગનો વિકાસ થઈ રહ્યો છે.

ઝારશાહીના જમાનામાં લેનિન હદપારી ગાળવા જ્યાં રહેલા એ શુશેન્સ્કોયે ગામમાં સ્મારક સંકુલનું બાંધકામ લેનિન શતાબ્દીના વર્ષમાં પૂરું થયું હતું. સંકુલમાં લેનિન નિવાસ મ્યુઝિયમ અને બીજાં સ્મારકો સામેલ છે. પુરાણા શુશેન્સ્કોયે ગામની જોડાજોડ એ જ નામનું નવું આધુનિક નગર ખડું થઈ ગયું છે. હાલ યેનિસેઈ નદીના ઉપરવાસના વિસ્તારમાં બંધાઈ રહેલું દેશનું સૌથી મોટું હાઈડ્રો-પાવર સ્ટેશન લેનિનનું ભવ્ય સ્મારક બની રહેશે.

યાકૂતિયાથી કામચાતકા અને ચુકોતકાથી પ્રીમોર્યે સુધી અફાટ વિસ્તારમાં પથરાયેલો દૂર પૂર્વ પ્રદેશ કોલસા, કાચું લોઢું, સોનું, હીરા, મિશ્ર ધાતુઓ, અને બીજાં ઉપયોગી ખનીજોની બાબતમાં સમૃદ્ધ છે. દૂર પૂર્વ પ્રદેશમાં તાઇગાવનમાં મૂલ્યવાન કાષ્ઠની તેમ જ નદીઓમાં તથા ધરતી જોડે અફળાતા પ્રશાંત મહાસાગરીય સમુદ્રોમાં માછલાંની પારાવાર સાધનસંપત્તિ છે, અને દક્ષિણના વિસ્તારોમાં ફળદ્રુપ જમીન છે. હાલ બંધાઈ રહેલી બાઇકાલ-આમૂર રેલવે દૂર પૂર્વની સંપદાના ઉપયોગને પ્રવેગ આપે છે.

ઝડપથી વધી રહેલાં ખાબારોવ્સ્ક અને આમૂર-કિનારે-કોમ્સોમોલ્સ્ક શહેરો પ્રદેશનાં ઔદ્યોગિક કેંદ્રો છે. યાકૂત્સ્ક, પેત્રોપાવલોવ્સ્ક-કામચાતસ્કી, માગાદાન, યુઝનો-સાખાલીન્સ્ક, અને વ્લાદીવોસ્તોકના ઉદ્યોગો પણ ઝડપથી વિકસી રહ્યા છે.

સોવિયેત ઉક્રાઈનાને બીજા વિશ્વયુદ્ધ દરમિયાન અને નાઝીઓના લશ્કરી કબજાના સમયમાં જબરજસ્ત ખુવારીઓ વેઠવી પડી હતી. નાઝી લશ્કરી કબજાથી ઉક્રાઈનાને માથે લદાયેલી સીધી ભૌતિક ખુવારી હિટલર-વિરોધી એકસંપીના બધા દેશોને (સોવિયેત સંઘ સિવાય) થયેલી કુલ ખુવારીના ૭૫ ટકાથી વધારે હતી.

એ વખતે લાગતું હતું કે યુદ્ધની ખોફનાક અસરોને ખતમ કરી નાખવામાં ઉક્રાઈનાને દાયકાઓ લાગી જશે. પરંતુ રૂસી અને બીજી સાથીભાવી પ્રજાઓની સહાયના સુફળ રૂપે ઉક્રાઈનાએ પોતાના અર્થતંત્રનું પુનરુત્થાન પાંચ વરસમાં કરી લીધું અને પછી પોતાના આર્થિક સામર્થ્યમાં પારાવાર વધારો કર્યો.

સોવિયેત સંઘના ઉત્પાદનમાં ઉક્રાઈનાનો ફાળો ભરતર લોખંડ અને કાચા લોઢામાં લગભગ ૫૦ ટકા, પોલાદમાં ૪૦ ટકાથી વધારે, કોલસા અને કુદરતી ગૅસમાં ૩૩ ટકાથી વધારે, ધાતુકર્મ ઉદ્યોગ માટેના સરંજામમાં લગભગ ૫૦ ટકા, અને રસાયણ ઉદ્યોગ માટેના સરંજામમાં ૩૩ ટકાથી વધારે છે. એ ઉપરાંત દેશનાં ટ્રૅક્ટરો, એક્સ્કેવેટરો, ઍન્જિનિયરીંગ ઉદ્યોગની બીજી પેદાશો, તેમ જ રસાયણ તથા ખોરાક ઉદ્યોગોની સંખ્યાબંધ વસ્તુઓના ઉત્પાદનમાં ઉક્રાઈના ગણનાપાત્ર ફાળો આપે છે. ખોરાક પેદા કરતા વિસ્તાર તરીકે ઉક્રાઈનાનું અતિ-મૂલ્યાંકન મુશ્કેલ છે. ઉક્રાઈના મિલિયનો ટન અનાજ પેદા કરવા ઉપરાંત સોવિયેત સંઘના ખોરાકના ઉત્પાદનમાં શાકભાજીમાં ૩૩ ટકા, સૂરજમુખીમાં ૪૦ ટકા, સાકર-બીટમાં પચાસ ટકાથી વધારે, તેમ જ પશુપાલનની પેદાશોમાં ૨૦ ટકા ફાળો આપે છે.

ઉક્રાઈની સોવિયેત સમાજવાદી પ્રજાસત્તાકમાં દેશવ્યાપી મહત્ત્વના ત્રણ આર્થિક પ્રદેશો છે.

દોનેત્સ-નીપર આર્થિક પ્રદેશનો ઔદ્યોગિક આધાર કોલસાની (દોનબાસ) અને કાચા લોઢાની (ક્રીવોઈ રોગ) તથા કાચા મૅંગેનીઝની (નીકોપોલ) ખાણોનો, લોહમય ધાતુકર્મ ઉદ્યોગનો (દોનબાસ, નીપર, તથા આઝોવ સમુદ્રના વિસ્તારો), તેમ જ પાવર ઍન્જિનિયરીંગ તથા રસાયણ ઉદ્યોગોનો છે. ભારે ઍન્જિનિયરીંગના પ્લાંટો ખાર્કોવ, દોનેત્સ્ક, કામાતોર્સ્ક, ઝાપોરોઝ્યે, નીપ્રોપેત્રોવ્સ્ક, અને ઝ્દાનોવમાં કેંદ્રીકૃત છે. ખાર્કોવ ભારે ઍન્જિનિયરીંગ, રસાયણ, હળવા, તથા ખોરાક ઉદ્યોગોનુ મોટું કેંદ્ર છે. પ્રદેશની ખૂબ જ ઘનિષ્ઠ ખેતીની મુખ્ય પેદાશો અનાજ, સૂરજમુખી, અને સાકર-બીટ છે.

દક્ષિણ-પશ્ચિમ પ્રદેશમાં ઍન્જિનિયરીંગ, રસાયણ, અને હળવા ઉદ્યોગો તેમ જ દેશનો સૌથી મોટો ખાંડ ઉદ્યોગ આર્થિક હાર્દનું સ્થાન ધરાવે છે. ઉક્રાઈનાના પાટનગર કીયેવની વસતિ બે મિલિયનથી વધારે છે. અત્યંત સુંદર સોવિયેત શહેરોમાં સ્થાન ધરાવતું કીયેવ વિકાસ પામીને મોટું ઔદ્યોગિક કેંદ્ર બની ગયું છે અને પ્રજાસત્તાકનું મુખ્ય વૈજ્ઞાનિક તથા સાંસ્કૃતિક કેંદ્ર પણ છે.

પશ્ચિમ ઉક્રાઈનાનું મુખ્ય ઔદ્યોગિક કેંદ્ર અને સંચાર મથક લ્વોવ છે. ચેર્કાસી, ઝીતોમીર, અને વીન્નીત્સા ઍન્જિનિયરીંગ, રસાયણ, તથા ખોરાક ઉદ્યોગોનાં કેંદ્રો તરીકે વિકસી રહ્યાં છે. પશ્ચિમના વિસ્તારોમાં વિદ્યુત, યંત્ર-ઇજનેરી, રસાયણ, તથા બીજા કેટલાક ઉદ્યોગો ખાસ ઝડપથી વિકસી રહ્યા છે.

દક્ષિણ પ્રદેશના અર્થતંત્રનો પાયો આધુનિક ઉદ્યોગ અને ઘનિષ્ઠ ખેતીનો (અનાજ, ફળો, અંગૂર) છે. ઓદેસ્સા, નિકોલાયેવ, અને ખેર્સોનમાં નૌકાનિર્માણનાં ભારે મોટાં મથકો અને ઍન્જિનિયરીંગ તથા ખોરાકના ઉદ્યોગધંધાઓ છે. ઓદેસ્સા અને ઇલ્યીચેવ્સ્કના સમુદ્રી બંદરોમાં ઘણા દેશોનાં જહાજો લાંગરે છે.

બાલ્ટિક આર્થિક પ્રદેશ લિથુઆનિયન, લાતવિયન, તથા એસ્તોનિયન સંઘ પ્રજાસત્તાકોને તેમ જ બાલ્ટિક સાગરકિનારાના કાલીનિનગ્રાદ વિસ્તારને આવરી લે છે. બાલ્ટિક પ્રજાસત્તાકોએ યુદ્ધની તથા નાઝીઓના લશ્કરી કબજાની કારમી અસરોને ખતમ કરી નાખીને આર્થિક તથા સાંસ્કૃતિક જીવનનાં બધાં ક્ષેત્રોમાં જબ્બર આગેકૂચ કરી છે.

અગાઉનું પછાત ખેતીપ્રધાન લિથુઆનિયા ઉન્નત ઔદ્યોગિક પ્રજાસત્તાક બની ગયું છે. લિથુઆનિયામાં યંત્ર-ઓજારોનું ઉત્પાદન મોટા પાયા ઉપર થાય છે (ધાતુ કાપવાનાં સોવિયેત લેથ-યંત્રોમાંથી દસમા ભાગનાં લિથુઆનિયામાં બને છે) અને વિદ્યુત ઇજનેરી, રેડિયો ઇજનેરી, વીજાણુ, રસાયણ, તથા તેલ ઉદ્યોગો વિકસી રહ્યા છે. પ્રજાસત્તાકનું પાટનગર અને મુખ્ય ઔદ્યોગિક કેંદ્ર વિલનિયુસ છે. બીજું મોટું ઔદ્યોગિક કેંદ્ર કાઉનાસ છે, અને ક્લાઈપેદા બંદરમાં નૌકાનિર્માણનાં મોટાં મથકો છે. એ બંદરમાં પાણી કદી જામતું નથી. પ્રજાસત્તાકમાં દ્રૂક્યાઈસ્ક ખાતે પરમાણુ પાવર સ્ટેશન બંધાઈ રહ્યું છે, પેટ્રોલિયમની પેદાશોનો મોટો ઉદ્યોગ સાકાર થઈ રહ્યો છે, દૂધની ચીજો તથા માંસને લગતું પશુપાલન વિકસી રહ્યું છે.

લાતવિયન સોવિયેત સમાજવાદી પ્રજાસત્તાક બાલ્ટિક પ્રજાસત્તાકોના

પરિવારમાં તેમ જ સમગ્ર સોવિયેત સંઘમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તેના અર્થતંત્રમાં મત્સ્ય અને ખોરાક ઉદ્યોગો ઉપરાંત હવે રેડિયો ઍન્જિનિયરીંગ વીજાણુ, ઓજાર, રસાયણ, તથા બીજા ઉદ્યોગો સામેલ છે.

બાલ્ટિક સાગરના કિનારે લાતવિયાનું સૌથી મોટું બંદર અને પ્રજાસત્તાકનું પાટનગર રીગા ઔદ્યોગિક તથા સાંસ્કૃતિક કેંદ્ર અને સંચાર મથક છે. ત્યાંની યુનિવર્સિટીમાં તેમ જ ઉચ્ચતર શિક્ષણનાં બીજાં વિદ્યાલયોમાં ઉત્પાદન, વિજ્ઞાન, તથા સંસ્કૃતિની વિવિધ શાખાઓ માટે કાબેલ કાર્યકરોનું ઘડતર કરવામાં આવે છે. લાતવિયામાં વસતિના દર એક હજાર માણસોમાંથી જર્મન સમવાયી પ્રજાસત્તાકની સરખામણીમાં સાડા ત્રણ ગણા, બ્રિટનની સરખામણીમાં ત્રણ ગણા, અને ફ્રાંસ કે સ્વીડનની સરખામણીમાં બમણા વિદ્યાર્થીઓ છે.

એસ્તોનિયન સોવિયેત સમાજવાદી પ્રજાસત્તાક સોવિયેત સત્તાની સ્થાપના પછીનાં વર્ષોમાં ઔદ્યોગિક દૃષ્ટિએ ઉન્નત પ્રજાસત્તાક બની ગયું છે. મુખ્ય આર્થિક શાખાઓમાં ઍન્જિનિયરીંગ, કાષ્ઠ, કાગળ, રસાયણ, ખોરાક, અને કાપડ ઉદ્યોગો સામેલ છે. પ્રજાસત્તાકનું પાટનગર તાલ્લીન બાલ્ટિક સાગરકિનારાનું બંદર અને એસ્તોનિયન સંસ્કૃતિનું કેંદ્ર છે.

રૂસી સોવિયેત સમવાયી સમાજવાદી પ્રજાસત્તાકના પશ્ચિમ ભાગમાં આવેલા કાલીનિનગ્રાદ વિસ્તારનું અર્થતંત્ર ઝડપથી પ્રગતિ સાધી રહ્યું છે. કાલીનિનગ્રાદ મોટું ઔદ્યોગિક કેંદ્ર, બાલ્ટિક સાગરકિનારાનું બંદર, અને આટલાંટિક મહાસાગરમાંથી માછલાં પકડવાનું મથક છે.

ટ્રાન્સકોકેસિયન આર્થિક પ્રદેશ જ્યોર્જિયન, આઝરબૈજાનિયન, તથા આર્મેનિયન સોવિયેત સમાજવાદી પ્રજાસત્તાકોને આવરી લે છે.

કાચી ધાતુની ખાણો તેમ જ ધાતુકર્મ, ઍન્જિનિયરીંગ, તથા ખોરાક ઉદ્યોગો ધરાવતું જ્યોર્જિયા સોવિયેત અર્થતંત્રમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. પ્રાચીન શહેર ત્બીલીસી પ્રજાસત્તાકનું પાટનગર અને ઉદ્યોગ તથા સંસ્કૃતિનું મુખ્ય કેંદ્ર છે.

આઝરબૈજાનને તેલ અને કપાસનું પ્રજાસત્તાક કહેવામાં આવે છે. તેના ઔદ્યોગિક તંત્રમાં તેલ અને ગૅસ નિષ્કર્ષણ, તેલ-શુદ્ધિકરણ, પેટ્રોકેમિકલ, તેમ જ તેલ ઉદ્યોગ માટે પાઇપો તથા પ્લાંટોના ઉત્પાદનની પરસ્પર સંકળાયેલી શાખાઓ સામેલ છે. કપાસ તથા પશુપાલનની પેદાશોની પ્રક્રિયા ખોરાકના તથા હળવા ઉદ્યોગધંધાઓમાં થાય છે.

પાટનગર બાકુ આઝરબૈજાનનું તેમ જ આખા ટ્રાન્સકોકેસિયાનું સૌથી

મોટું શહેર છે, તેલ તથા બીજા ઉદ્યોગોનું મહત્ત્વનું કેંદ્ર છે, અને સમાજવાદી આઝરબૈજાનની સંસ્કૃતિ તથા વિજ્ઞાનનું મથક છે.

વિસ્તાર તેમ જ વસતિની દૃષ્ટિએ નાનકડા આર્મેનિયન સોવિયેત સમાજવાદી પ્રજાસત્તાકે સાંસ્કૃતિક અને આર્થિક વિકાસની બાબતમાં જબ્બર આગેકૂચ કરી છે. આજે આર્મેનિયાના ખીલતા ઉદ્યોગમાં ઍન્જિનિયરીંગ, ઓજાર, વીજાણુ, તથા રેડિયો ઍન્જિનિયરીંગ જેવી શાખાઓ સામેલ છે. તે વિકસિત બિનલોહ ધાતુકર્મ ઉદ્યોગ, ખાસ કરીને ત્રાંબું-મોલીબ્ડેનમ તથા એલ્યુમિનિયમ ઉદ્યોગો, અને રબર, રસાયણ, ખોરાક, અને હળવા ઉદ્યોગો ધરાવે છે. પ્રજાસત્તાકના વિદ્યુત આધારમાં રાઝદાન તથા બીજી પહાડી નદીઓનાં હાઇડ્રો-પાવર સ્ટેશનો સામેલ છે. ખેતીવાડીમાં કપાસ, અંગૂર, શાકભાજી, અને તમાકુનું વિશેષીકરણ સાધવામાં આવ્યું છે.

પ્રજાસત્તાકનું પાટનગર યેરેવાન આર્મેનિયાનું તેમ જ સમગ્ર સોવિયેત સંઘનું મહત્ત્વનું ઔદ્યોગિક તથા સાંસ્કૃતિક કેંદ્ર છે.

અફાટ રણો, મોટા પર્વતો, અને ફળદ્રુપ ખીણોના વિસ્તારમાં આવેલાં મધ્ય એશિયાનાં સંઘ પ્રજાસત્તાકો—ઉઝબેકિસ્તાન, કિરગિઝિયા, તાજિકિસ્તાન, અને તુર્કમેનિયા—સમાન પ્રાકૃતિક અને ઐતિહાસિક લક્ષણો ધરાવે છે. તેઓ અનેક શાખાઓવાળું અર્થતંત્ર ધરાવે છે અને ભેગાં મળીને મધ્ય એશિયાઈ આર્થિક પ્રદેશ બની રહે છે. સામંતી મધ્ય એશિયાની ભૂમિ, મહાન પ્રાચીન સંસ્કૃતિ ધરાવતી ભૂમિ, ક્રાંતિ પહેલાં પછાત હતી અને સાંસ્થાનિક દશામાં સબડતી હતી. સોવિયેત સત્તાની સ્થાપના પછી મધ્ય એશિયાની પ્રજાઓએ એક જ પેઢીના જીવનકાળમાં સામંતશાહીમાંથી સમાજવાદ અને રાષ્ટ્રીય સમાનતા સુધી આગેકૂચ કરી લીધી. તેમણે આર્થિક અને સાંસ્કૃતિક પછાત દશાને ખતમ કરી નાખી અને ખીલતા સમાજવાદી અર્થતંત્ર તથા સંસ્કૃતિનું સર્જન કર્યું.

મધ્ય એશિયાઈ આર્થિક પ્રદેશમાં દેશનું ૯૦ ટકાથી વધારે કપાસ પેદા થાય છે. સોવિયેત મધ્ય એશિયા કપાસના કુલ પાકની બાબતમાં બર્મા, ભારત, પાકિસ્તાન, અને ઈરાનના સંયુક્ત પાકની કક્ષાને આંબી ગયું છે. મૂલ્યવાન કપાસની ખેતી આફ્રિકામાં જ્યાં જ્યાં થાય છે એ બધા દેશોનો કુલ પાક મધ્ય એશિયાનાં પ્રજાસત્તાકોના એકંદર પાકના માત્ર ૫૦ ટકા જેટલો જ છે. એ પ્રજાસત્તાકોનું કપાસનું ઉત્પાદન લૅટિન અમેરિકાના કપાસના ઉત્પાદનથી વધારે છે.

મધ્ય એશિયાનાં પ્રજાસત્તાકોમાં કપાસની ખેતીનું વિશેષીકરણ સાધવામાં આવ્યું હોવાથી તેમના અર્થતંત્રમાં કપાસની પ્રક્રિયાની શાખાઓ (કપાસ

લોઢવાનાં કારખાનાં, તેલની મિલો) તેમ જ સુતરાઉ કાપડનું, કપાસ લાણવાનાં યંત્રોનું, કાપડમિલનાં યંત્રોનું, કપાસનાં ખેતરો માટે ખનીજ ખાતરનું, અને સીંચાઈ બાંધકામ માટે સિમેંટનું તથા કોંક્રીટના એકમોનું ઉત્પાદન સામેલ છે. હાલ પ્રદેશમાં કુદરતી ગૅસ, તેલ, અને બિનલોહ તથા વિરલ ધાતુઓના ગણનાપાત્ર જથ્થાઓનું, દેશની લગભગ ૩૫ ટકા ઊન તથા લગભગ ૭૦ ટકા કાચા રેશમનું, તેમ જ દેશના આંતરિક ઉપયોગ માટે તથા ઘણા દેશોમાં નિકાસ માટે મોટી સંખ્યામાં કારાકુલ ખાલો અને બીજી વસ્તુઓનું ઉત્પાદન થાય છે.

ઉઝબેક સોવિયેત સમાજવાદી પ્રજાસત્તાક મધ્ય એશિયામાં આર્થિક દૃષ્ટિએ સૌથી વધારે વિકસિત વિસ્તાર છે. હાલ તે મધ્ય એશિયાઈ આર્થિક પ્રદેશના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં ૮૦ ટકાનો ફાળો આપે છે.

ઉઝબેકિસ્તાનનું પાટનગર તાશકેન્ત મધ્ય એશિયાનું સૌથી મોટું ઔદ્યોગિક કેંદ્ર છે. ભયંકર ધરતીકંપે વરસાવેલી તારાજી પછી આખા દેશે મળીને નવેસરથી બાંધેલું તાશકેન્ત હવે અગાઉ કરતાં બહેતર અને વધારે આધુનિક શહેર બની ગયું છે. પ્રજાસત્તાકમાં સોવિયેત પૂર્વનાં પ્રજાસત્તાકોની પ્રથમ યુનિવર્સિટી, લેનિન મધ્ય એશિયાઈ રાજ્ય યુનિવર્સિટી, પ્રજાસત્તાકીય વિજ્ઞાન અકાદમી અને તેનાં વીસથી વધારે સંશોધન વિદ્યાલયો, તેમ જ બીજી વૈજ્ઞાનિક તથા સાંસ્કૃતિક સંસ્થાઓ છે.

હરિયાળાં ચરાણો તથા પારાવાર ખનીજ સંપદાની ભૂમિ કિરગિઝિયામાં સોવિયેત સત્તાની સ્થાપના પછી સેંકડો મોટા ઉદ્યોગધંધાઓ બાંધવામાં આવ્યા છે. કિરગિઝ સોવિયેત સમાજવાદી પ્રજાસત્તાકમાં બહુવિધ ખાણ તથા કારખાના ઉદ્યોગો તેમ જ અનાજ તથા પશુપાલનનાં ખેતરો છે.[1] તે સોવિયેત સંઘમાં એન્ટીમની અને પારાના ભારે મોટા ઉત્પાદકોમાં સ્થાન ધરાવે છે. ફ્રૂન્ઝે શહેર પ્રજાસત્તાકનું પાટનગર અને મુખ્ય ઔદ્યોગિક તથા સાંસ્કૃતિક કેંદ્ર છે.

પામીર પર્વતમાળામાં ઊંચાઈએ આવેલા તાજિક સોવિયેત સમાજવાદી પ્રજાસત્તાકમાં કોલસા, તેલ, સીસું, ઝીંક, બીસ્મથ, ટંગ્સ્ટન, સોનું, તથા બીજી કીમતી ધાતુઓના વિશાળ ભંડારો છે. પ્રજાસત્તાકમાં એન્જિનિયરીંગ, વિદ્યુત એન્જિનિયરીંગ, હળવા, તથા ખોરાક ઉદ્યોગો વિકસાવવામાં આવ્યા છે. તાજિકિસ્તાનની ઝડપથી આગેકૂચ કરતી ખેતીવાડી સોવિયેત સંઘના કપાસના કુલ ઉત્પાદનમાં ૧૦ ટકાનો ફાળો આપે છે. ખેતીવાડીની બીજી શાખાઓમાં પશુપાલન, દ્રાક્ષની ખેતી, બાગાયત, અને રેશમનું ઉત્પાદન સામેલ છે. અગાઉનું નાનકડું પહાડી ગામ દુશાન્બે હવે પાટનગર છે, આધુનિક શહેર છે, તાજિકિસ્તાનનું ઔદ્યોગિક અને સાંસ્કૃતિક કેંદ્ર છે.

તુર્કમેનિયન સોવિયેત સમાજવાદી પ્રજાસત્તાકનાં કારાકુલ ઘેટાં, રેશમ, તથા ગાલીચા મશહૂર છે. પરંતુ અર્થતંત્રની મુખ્ય શાખાઓ તેલ, ગૅસ, રસાયણ, તથા એન્જિનિયરીંગ ઉદ્યોગોની છે. પ્રજાસત્તાક દેશમાં રૂસી સોવિયેત સમવાયી સમાજવાદી પ્રજાસત્તાક, કઝાખસ્તાન, અને યુક્રાઈના પછી ચોથું સ્થાન ધરાવતું મોટું તેલ-ઉત્પાદક ક્ષેત્ર છે. પાટનગર આશ્ખાબાદ સંચારનું મથક છે અને પ્રજાસત્તાકનું સાંસ્કૃતિક તથા વૈજ્ઞાનિક કેંદ્ર છે. તે મધ્ય એશિયાનાં અત્યંત સુંદર શહેરોમાંનું એક છે. બાકુ સાથે જળમાર્ગથી સંકળાયેલું કાસ્પિયન બંદર ક્રાસ્નોવોદ્સ્ક તુર્કમેનિયાના તેલ ઉદ્યોગનું કેંદ્ર છે.

ક્રાંતિ પહેલાં કઝાખસ્તાનમાં મોટે ભાગે ભમતા માલધારીઓની વસતિ હતી, ક્યાંક ક્યાંક ખેતી કરવામાં આવતી હતી, અને છૂટીછવાઈ ખાણો હતી. આજે કઝાખ સોવિયેત સમાજવાદી પ્રજાસત્તાક ઔદ્યોગિક ઉત્પાદનના પરિમાણની દૃષ્ટિએ રૂસી સમવાયતંત્ર અને યુક્રાઈના પછી મક્કમ ત્રીજું સ્થાન ધરાવતું મહત્ત્વનું આર્થિક ક્ષેત્ર છે.

બિનલોહ અને લોહમય ધાતુકર્મ ઉદ્યોગ, કોલસાની ખાણો (કારાગાન્દા), અને તેલક્ષેત્રો (માંગીશલાક, એમ્બા) કઝાખસ્તાનના સમાજવાદી અર્થતંત્રમાં હાર્દના સ્થાને છે. બીજા ખીલતા ઉદ્યોગોમાં એન્જિનિયરીંગ, રસાયણ, હળવા, તથા ખોરાક ઉદ્યોગો સામેલ છે.

ચાલુ સદીના છઠ્ઠા દાયકામાં અક્ષત જમીનમાં ખેતીના વિકાસથી અનાજના ઉત્પાદનના મોટા વિસ્તાર તરીકે કઝાખસ્તાનનું મહત્ત્વ વધી ગયું. પ્રજાસત્તાકના અર્થતંત્રમાં ઘેટાંનો ઉછેર તેમ જ માંસ અને દૂધનું ઉત્પાદન મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

પ્રજાસત્તાકનું પાટનગર આલ્મા-આતા કઝાખસ્તાનનું મહત્ત્વનું ઔદ્યોગિક, વૈજ્ઞાનિક, તથા સાંસ્કૃતિક કેંદ્ર છે.

બેલોરશિયન સોવિયેત સમાજવાદી પ્રજાસત્તાક મોટો આર્થિક પ્રદેશ છે. ક્રાંતિ પહેલાં બેલોરશિયાનું અર્થતંત્ર ભૌગોલિક સ્થિતિને કારણે સ્થગિત દશામાં હતું. એ વખતે બેલોરશિયાનો વિસ્તાર મોસ્કો, પેત્રોગ્રાદ (હવે લેનિનગ્રાદ), અને વોર્સાના હરીફ ઔદ્યોગિક વિસ્તારોની વચમાં અટવાઈ ગયેલો હતો. સોવિયેત સત્તાનાં વર્ષોમાં નિકટવર્તી સોવિયેત ઔદ્યોગિક કેંદ્રોનો લાભ લઈને તેના સમાજવાદી અર્થતંત્રના સર્વાંગી વિકાસને પ્રવેગ આપવામાં આવ્યો છે.

નાઝીઓની ચડાઈ અને મહાન દેશાભિમાની યુદ્ધમાં થયેલી ખુવારીના પરિણામે પ્રજાસત્તાકનું અર્થતંત્ર પાછું ૧૯૧૩ના સ્તરે ફેંકાઈ ગયું હતું.

બેલોરશિયાની ૯ મિલિયનની વસતિમાંનાં બે મિલિયનથી વધારે માણસો હણાઈ ગયાં હતાં અને લગભગ પાંચ લાખ માણસોને ગુલામીની મજૂરી કરવા નાઝી જર્મની મોકલી દેવામાં આવ્યા હતા.

બેલોરશિયાએ જંગના જખમોને બંધુભાવી સોવિયેત પ્રજાસત્તાકોની મદદ અને ટેકાના આધારે ટૂંકા ગાળામાં રુઝાવી લીધા અને અર્થતંત્રનું પુનરુત્થાન ઝડપથી સાધી લીધું. યુદ્ધ પછી બેલોરશિયાનું આર્થિક સામર્થ્ય વધીને અનેક ગણું થઈ ગયું છે અને સતત વધી રહ્યું છે. બેલોરશિયામાં બનતો માલ બધાં સંઘ પ્રજાસત્તાકોમાં અને ઘણા વિદેશોમાં જાય છે.

બેલોરશિયાના ઔદ્યોગિક સંકુલની અત્યંત મહત્ત્વની શાખાઓમાં ટ્રૅક્ટરો, મોટરસાઈકલ અને મોટર-સ્કૂટર, ધાતુ કાપવાનાં યંત્ર-ઓજારો, ભારે ટ્રકો, રેડિયો તથા ટેલિવિઝન; ખનીજ ખાતર, અને કૃત્રિમ તંતુઓ બનાવતા ઉદ્યોગો સામેલ છે.

પ્રજાસત્તાકમાં પ્રબળ ઉદ્યોગ ઉપરાંત ખૂબ વિકસિત ખેતીવાડીમાં બટેટાં અને શણના ઉત્પાદનનું વિશેષીકરણ સાધવામાં આવ્યું છે. બેલોરશિયામાં માંસ અને પશુપાલનની ચીજોનું ઉત્પાદન પણ મોટા પાયા પર થાય છે.

જંગમાં તારાજ થઈ ગયેલાં અને ફરી બાંધવામાં આવેલાં શહેરોમાંથી પ્રજાસત્તાકનું પાટનગર મીન્સ્ક ખાસ ઉલ્લેખને પાત્ર છે. આજે તે દેશનાં ભારે મોટાં ઔદ્યોગિક તથા સાંસ્કૃતિક કેંદ્રોમાં સ્થાન ધરાવે છે અને કેવળ ઉદ્યોગધંધાઓ બદલ જ નહિ પરંતુ સ્થાપત્ય સંયોજનો, થિયેટરો, તથા મ્યુઝિયમો બદલ પણ સુખ્યાત છે.

સોવિયેત સંઘની દક્ષિણ-પશ્ચિમ સરહદે આવેલા મોલદાવિયન સોવિયેત સમાજવાદી પ્રજાસત્તાકની આબોહવા હળવી અને ફળોના પાકને માફક હોવાથી તે ફળો તથા દ્રાક્ષની ખેતીનું મોટું મથક બની ગયું છે. પ્રજાસત્તાકમાં હળવા અને ખોરાક ઉદ્યોગો ઉપરાંત બહુશાખી ઍંજિનિયરીંગ ઉદ્યોગમાં વીજળીની મોટરો, ટ્રાન્સફોર્મરો, ટ્રૅક્ટરો, ઘરવપરાશનાં રેફ્રિજરેટરો, કપડાં ધોવાનાં મશીનો, તથા બીજી વસ્તુઓ બને છે.

ક્રાંતિ પહેલાં મોલદાવિયામાં મોટા ભાગની પુખ્ત વસતિ વાંચી કે લખી નહોતી શકતી. હવે ત્યાં પૂરી વસતિ ભણેલી છે. પાટનગર કીશીનેવ વિજ્ઞાન, સંસ્કૃતિ, અને ઉદ્યોગનું મોટું મથક છે.

સોવિયેત દેશનાં સંઘટક પ્રજાસત્તાકો અને આર્થિક પ્રદેશો અત્યંત બહુવિધ આર્થિક તથા સાંસ્કૃતિક લક્ષણો ધરાવે છે. સોવિયેત સંઘના એ બધા ભાગો

રાજ્યની સર્વસામાન્ય એક યોજનાના, સ્થાનિક સંજોગોને લક્ષમાં રાખીને આર્થિક વિકાસનાં મુખ્ય વહેણો નિર્ધારિત કરતી યોજનાના, માળખામાં પોતપોતાના આર્થિક તથા સાંસ્કૃતિક વિકાસની અમલી સમસ્યાઓ ઉકેલે છે. પ્રજાસત્તાકો તથા આર્થિક પ્રદેશોના સંયુક્ત પ્રયાસોના સુફળ રૂપે સોવિયેત સંઘનું આર્થિક સામર્થ્ય વધે છે અને દરેક નાગરિકનાં સુખસગવડમાં વધારો થાય છે.

સોવિયેત સંઘની અદ્ભુત આર્થિક સિદ્ધિઓ વિશ્વ સમાજવાદના ધ્યેયની તેમ જ બધી પ્રજાઓની સામાજિક પ્રગતિનાં હિતોની સેવા બજાવે છે. સોવિયેત જનતા પોતાની યોજનાઓને સાકાર કરતી વેળા અગાઉની જેમ જ શાંતિ, રાષ્ટ્રીય આઝાદી, અને સમાજવાદના ઉમદા ધ્યેય ખાતર તમામ ક્રાંતિકારી અને પ્રગતિશીલ પરિબળોની જોડાજોડ લડતી રહેશે.

યુરોપના સમાજવાદી દેશો

સામાન્ય લક્ષણો

પશ્ચિમમાં સોવિયેત સંઘની સરહદોની પાર યુરોપના સમાજવાદી દેશો આવેલા છે. યુરોપના મધ્ય, પૂર્વ, અને દક્ષિણ-પૂર્વ ભાગોમાં પથરાયેલા સમાજવાદી દેશો દક્ષિણ બાલ્ટિકના કિનારાથી આડ્રિયાટિક સમુદ્ર સુધીના અને એલ્બે તથા સુમાવાન પર્વતોથી પ્રુથ અને રોદોપ પર્વતમાળાનાં શિખરો સુધીના સળંગ વિસ્તારને આવરી લે છે. મહત્ત્વના આંતરરાષ્ટ્રીય માર્ગો સમાજવાદી યુરોપના પ્રદેશને પાર કરે છે.

યુરોપના સમાજવાદી દેશોએ વિકાસનો સમાજવાદી પંથ લગભગ એકીવેળાએ અપનાવ્યો હતો. તેમનો સૌનો કુલ પ્રદેશ પ્રમાણમાં નાનો છે (૧૩ લાખ ચોરસ કિલોમીટર) પરંતુ વસતિ સારી પેઠે મોટી છે (૧૩૫ મિલિયનથી વધારે). યુરોપના સમાજવાદી દેશોએ મૂળભૂત સામાજિક-આર્થિક સુધારાઓ અમલમાં મૂકીને, શ્રમ સંબંધી તથા કુદરતી સાધનસંપત્તિનો અસરકારક ઉપયોગ કરીને, અને સોવિયેત સંઘની નિઃસ્વાર્થ મદદ લઈને અર્થતંત્રનું, જંગમાં તારાજ થઈ ગયેલા અર્થતંત્રનું, પુનરુત્થાન સાધી લીધું અને ઝડપી વિકાસ સુનિશ્ચિત બનાવી લીધો.

૧૯૫૦થી લઈને ૧૯૮૧ સુધીમાં ઔદ્યોગિક ઉત્પાદન વધીને ઝેકોસ્લોવાકિયા તથા હંગેરીમાં ૮.૪ ગણું, જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાકમાં ૯.૩ ગણું,

પોલૅંડમાં ૧૫ ગણું, રુમાનિયામાં ૩૩ ગણું, અને બલ્ગારિયામાં લગભગ ૨૪ ગણું થઈ ગયું હતું. ઔદ્યોગિક ઉત્પાદન વધવાથી અને સમગ્ર રૂપમાં અર્થતંત્રના વિકાસથી સમાજવાદી દેશો માટે પોતાની રાષ્ટ્રીય આવકમાં તથા આર્થિક સામર્થ્યમાં તેમ જ લોકોનાં ભૌતિક સુખસગવડોમાં સારી પેઠે વધારો કરવાનું શક્ય બન્યું.

આજે યુરોપના સમાજવાદી દેશો આખી દુનિયાના ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૦ ટકાનો ફાળો આપે છે. આર્થિક દૃષ્ટિએ જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાક અને ઝેકોસ્લોવાકિયા દુનિયાના એકદમ ઉન્નત દેશોની કક્ષાએ પહોંચી રહ્યાં છે.

યુરોપના સમાજવાદી દેશોનું આર્થિક સામર્થ્ય એ હકીકતને કારણે વધી રહ્યું છે કે તેમાંથી મોટા ભાગના દેશો પરસ્પર આર્થિક સહાય પરિષદના, સમાનતાના આધારે સહકાર અને પરસ્પર સહાયની સંસ્થાના, સભ્યો છે. નિરંતર વધારે ગહન બનતું જતું સમાજવાદી આર્થિક એકીકરણ ખાસ મોટું મહત્ત્વ ધારણ કરતું જાય છે. વર્તમાન કક્ષાએ તેમાં એવા સર્વાંગી કાર્યક્રમો અમલમાં મુકાઈ રહ્યા છે કે જે કુદરતી સાધનસંપત્તિના ઉપયોગની, મોટાં ઔદ્યોગિક સંકુલોના નિર્માણની, તેમ જ ઈંધણ, કાચો માલ, યંત્રસામગ્રી, સરંજામ, વપરાશી માલ, વગેરેના સંબંધમાં સમાજવાદી દેશોની જરૂરિયાતો સંતોષવા માટે તેમના ઉદ્યોગો વચ્ચે સહકારની દિશામાં સંયુક્ત જહેમતો સુનિશ્ચિત બનાવે છે.

સોવિયેત સંઘ યુરોપના સમાજવાદી દેશોને વિસ્તૃત અને બહુવિધ આર્થિક સહાય પૂરી પાડે છે. સરકારો વચ્ચેના કરારો મુજબ યુરોપના સમાજવાદી દેશોમાં સોવિયેત સંઘની ટેકનિકલ સહાયના આધારે કુલ ૧૧૦૦થી વધારે ઔદ્યોગિક તથા આર્થિક પરિયોજનાઓ સાકાર થઈ ગઈ છે અથવા થઈ રહી છે. તેમાંથી મોટા ભાગનાં કેંદ્રો ક્યારનાં ચાલુ થઈ ગયાં છે.

યુરોપના સમાજવાદી દેશો પૂર્વ, મધ્ય, અને દક્ષિણ-પૂર્વ યુરોપમાં આવેલા છે. પોલૅંડ, જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાક, તથા ઝેકોસ્લોવાકિયા પૂર્વ તથા મધ્ય યુરોપમાં છે, અને હંગેરી, રુમાનિયા, બલ્ગારિયા, યુગોસ્લાવિયા, તથા આલ્બેનિયા દક્ષિણ-પૂર્વ યુરોપમાં છે.

પોલીશ લોક પ્રજાસત્તાક, ઝેકોસ્લોવાક સમાજવાદી પ્રજાસત્તાક, અને જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાક મહત્ત્વના આંતરરાષ્ટ્રીય માર્ગોને ચોભેટે આવેલાં છે. પોલૅંડ તથા જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાકનો બાલ્ટિક તટપ્રદેશ બાલ્ટિક સાગરને ઉત્તર સમુદ્ર તથા વિશ્વ મહાસાગરીય માર્ગો સાથે સાંકળી લેતી ખાડીઓ

નજીક આવેલો છે. ઝેકોસ્લોવાકિયા અને જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાક જર્મન સમવાયી પ્રજાસત્તાકની જોડે સહિયારી સરહદ (લગભગ ૧૭૫૦ કિલોમીટર લાંબી) ધરાવે છે. જબ્બર ઔદ્યોગિક સામર્થ્ય અને સારા એવા પ્રમાણમાં માનવશક્તિ ધરાવતાં જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાક તથા ઝેકોસ્લોવાકિયા મધ્ય યુરોપમાં સમાજવાદનો ગઢ બની રહેલાં છે.

બાલ્કન દ્વીપકલ્પ અને ડાન્યુબ વિસ્તારના મોટા ભાગમાં પથરાયેલાં હંગેરી, રુમાનિયા, બલ્ગારિયા, યુગોસ્લાવિયા, તથા આલ્બેનિયા દક્ષિણ-પૂર્વ યુરોપમાં ભૂમધ્ય સમુદ્રના જહાજી માર્ગો તથા કાળા સમુદ્રની ખાડીઓ નજીક મહત્ત્વનું ભૌગોલિક સ્થાન ધરાવે છે. દક્ષિણ-પૂર્વ યુરોપના સમાજવાદી દેશો ઇટાલી, ગ્રીસ, તથા તુર્કીની સરહદોએ આવેલા છે.

બાલ્કન દેશો સાનુકૂળ ભૌગોલિક સ્થિતિ અને કુદરતી સંપત્તિને કારણે વારંવાર પરદેશી ચડાઈખોરોના હુમલાઓના ભોગ બનતા હતા. દક્ષિણ-પૂર્વ યુરોપમાં લાંબા વખત સુધી તુર્કીઓનું વર્ચસ્વ રહ્યું હતું. પરંતુ બાલ્કન પ્રજાઓએ પોતાને માથે ગુલામી લાદનારા પરદેશીઓ તથા તેમના સ્થાનિક ખાંધિયાઓની સામે લડવાનું ક્યારેય બંધ નહોતું કર્યું. ૧૯મી સદીની રશિયા-તુર્કી લડાઈઓમાં અને બીજા વિશ્વયુદ્ધમાં, એમ બે વાર, રૂસી પ્રજાએ બાલ્કન રાષ્ટ્રોને મુક્તિ માટેની તેમની લડતમાં નિર્ણાયક મદદ પૂરી પાડી હતી.

પોલીશ લોક પ્રજાસત્તાક

યુરોપનાં સમાજવાદી રાજ્યોમાં પોલૅંડ વિસ્તારની દૃષ્ટિએ સોવિયેત સંઘ પછી બીજા નંબરે આવે છે, પૂર્વ યુરોપના સમાજવાદી દેશોના પ્રદેશ, વસતિ, અને આર્થિક સામર્થ્યમાં તેનો હિસ્સો લગભગ ત્રીજા ભાગનો છે. પોલૅંડ દુનિયાના દેશોમાં વસતિની દૃષ્ટિએ (૩૬ મિલિયન) ઓગણીસમા નંબરે આવે છે પરંતુ ઔદ્યોગિક ઉત્પાદનના પરિમાણની દૃષ્ટિએ (દુનિયાના કુલ ઉત્પાદનમાં બે ટકા) દસમા નંબરનું સ્થાન ધરાવે છે.

પોલૅંડ પૂર્વ યુરોપનાં અત્યંત પ્રાચીન સ્લાવ રાજ્યોમાંનું એક છે. ૧૯૬૬માં તેની સહસ્રાબ્દી ઊજવવામાં આવી હતી. પોલીશ પ્રજાને બીજા વિશ્વયુદ્ધમાં જબરજસ્ત ખુવારીઓ વેઠવી પડી હતી. હિટલરના જર્મનીના સખત પરાજયમાં સોવિયેત સેનાની નિર્ણાયક ભૂમિકાને કારણે પોલીશ મહેનતકશ લોકો નાઝી ચડાઈખોરોને હરાવી શક્યા અને પોલૅંડના યુગજૂના પશ્ચિમ પ્રદેશો પાછા હાંસલ

કરી શક્યા. નાઝીઓ સામેની લડાઈમાં ખપી ગયેલા છ લાખ સોવિયેત અફસરો અને સિપાહીઓ પોલૅંડની ધરતીમાં દફનાયેલા છે.

૩૧૨૭૦૦ કિલોમીટરનો વિસ્તાર ધરાવતું પોલૅંડ બાલ્ટિક સાગરથી કાર્પેથિયન પર્વતમાળા સુધી ૬૫૦ કિલોમીટરમાં અને બુગથી ઓડર સુધી ૭૦૦ કિલોમીટરમાં પથરાયેલું છે. તે પૂર્વ અને મધ્ય યુરોપના સંગમના વિસ્તારમાં સોવિયેત સંઘને જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાક, ઝેકોસ્લોવાકિયા, અને બીજાં પૂર્વ યુરોપી રાજ્યો સાથે સાંકળતા માર્ગોએ સાનુકૂળ ભૌગોલિક સ્થિતિમાં આવેલું છે. પશ્ચિમ અને પૂર્વને સાંકળતા મુખ્ય રેલમાર્ગો તથા મોટર-માર્ગો પોલૅંડને ઉપયોગી છે એટલું જ નહિ પરંતુ મોટું આંતરરાષ્ટ્રીય આર્થિક તથા વ્યૂહાત્મક મહત્ત્વ પણ ધરાવે છે. પોલૅંડને તેના પશ્ચિમ પ્રદેશો પાછા મળી જવાથી જળમાર્ગોના વ્યવહારમાં તેની સ્થિતિ વધારે મજબૂત બની છે. તેનો બાલ્ટિક સાગરકિનારો યુદ્ધ પહેલાંની સ્થિતિની સરખામણીમાં હવે સાત ગણો લાંબો છે અને ૭૦૦ કિલોમીટરને આવરી લે છે. તેને ગ્દાન્સ્ક, શ્ચેત્સીન, અને બીજાં બાલ્ટિક બંદરો પાછાં મળવાથી આટલાંટિક મહાસાગરમાં તથા વિશ્વ મહાસાગરમાં બારું હાંસલ થયું છે.

માફકસરની આબોહવા અને મોટે ભાગે સપાટ ધરતી તથા વિપુલ કુદરતી સાધનસંપત્તિને કારણે પોલૅંડ સર્વાંગી આર્થિક વિકાસના સાનુકૂળ સંજોગો ધરાવે છે. પોલૅંડમાં કોલસાના વિશાળ ભંડારો મુખ્યત્વે સાઈલેસિયન-ક્રેકાવ વિસ્તારમાં આવેલા છે. એકલા કોલસાના ભંડારોને ૮૫૦૦૦ મિલયન ટનના અંદાજવામાં આવ્યા છે. એ ઉપરાંત દેશમાં ટાર્નોબ્ઝેગ નજીક સલ્ફરના, નીચલા સાઈલેસિયામાં કાચા ત્રાંબાના, અને બીજાં ઉપયોગી ખનીજોના જબરજસ્ત ભંડારો છે.

યુદ્ધ પૂર્વે પોલૅંડ પછાત ખેતીપ્રધાન દેશ હતો અને તેના અર્થતંત્રમાં પરદેશી મૂડીનું વર્ચસ્વ હતું. યુદ્ધ અને નાઝીઓના લશ્કરી કબજા દરમિયાન તેને લગભગ છ મિલિયન જાનની અને ૪૦ ટકા રાષ્ટ્રીય સંપત્તિની ખુવારી વેઠવી પડી હતી. એથી તેનું અર્થતંત્ર કેટલાય દાયકા પાછળ ફેંકાઈ ગયું હતું. સમાજવાદી વિકાસના સુફળ રૂપે દેશમાં તદ્દન નવા આધુનિક અર્થતંત્રનું ઘડતર કરવામાં આવ્યું. એવી સિદ્ધિ બંધુભાવી સમાજવાદી દેશો અને ખાસ કરીને સોવિયેત સંઘની સહાયના આધારે હાંસલ કરવામાં આવી હતી. સોવિયેત સંઘ તરફથી પોલૅંડને પ્લાંટો, સરંજામ, કાચો માલ, બીજી જરૂરી સામગ્રી, વગેરે પૂરું પાડવામાં આવ્યું હતું.

પોલૅંડના અર્થતંત્રનો આધાર તેના મોટા પાયાના અને બહુવિધ ઉદ્યોગમાં

અંકિત છે. પોલૅંડે કોલસા, ખોરાક, તથા હળવા ઉદ્યોગોનું પુનરુત્થાન સાધી લેવા ઉપરાંત યંત્ર-નિર્માણ, નૌકાનિર્માણ, વિદ્યુત, રસાયણ, તથા બીજા અગત્યના ઉદ્યોગોની સ્થાપના કરી. આજે પોલૅંડના ઉદ્યોગોમાં ૫૦ ટકાથી વધારે રાષ્ટ્રીય સંપત્તિ પેદા થાય છે.

યંત્ર ઇજનેરી ઉદ્યોગે અગત્યનું સ્થાન ધારણ કરી લીધું છે અને તે દેશની કુલ માનવશક્તિના ઉપયોગમાં ૩૦ ટકાનો તથા કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં ૨૭ ટકાનો ફાળો આપે છે. પોલૅંડ અગાઉ યંત્રોની આયાત કરતું હતું તેને બદલે હવે જહાજો, ધાતુ કાપવાનાં યંત્ર-ઓજારો, રેલવેનાં ઍંજિનો, ખાણનો સરંજામ, તેમ જ રસાયણ, ખાંડ, તથા બીજા ઉદ્યોગો માટે પ્લાંટોની નિકાસ કરે છે.

યુદ્ધોત્તર પોલૅંડમાં મોટરવાહન ઉદ્યોગ વિકસી રહ્યો છે. ગ્દાન્સ્ક, ગ્દીન્યા, અને શ્ચેત્સીન નૌકાનિર્માણ બદલ જગમશહૂર છે. સમુદ્રની સફરનાં જહાજોના નિર્માણની બાબતમાં પોલૅંડ દુનિયાના કેટલાય મોટા સાગરખેડુ દેશોથી આગળ નીકળી ગયું છે. ૧૯૫ હજાર અને એથીયે વધારે ટનભારનાં જહાજો બંધાઈ રહ્યાં છે. પોલૅંડમાં બાંધવામાં આવેલાં જહાજોની નિકાસ દુનિયાના ડઝનબંધ દેશોમાં થાય છે.

ઝડપથી વિકસતા રસાયણ ઉદ્યોગમાં સોડા, સલ્ફરિક ઍસિડ, અને ખનીજ ખાતરના ઉત્પાદન ઉપરાંત કૃત્રિમ રબર, પ્લાસ્ટિક, અને કૃત્રિમ તંતુઓનું ઉત્પાદન થાય છે. સલ્ફરના ઉત્પાદનની બાબતમાં પોલૅંડ આખી દુનિયામાં ત્રીજું સ્થાન ધરાવે છે. યુરોપના સૌથી મોટા પ્લોત્સ્ક પેટ્રોકેમિકલ પ્લાંટમાં, વરસે ૬ મિલિયન ટન તેલની પ્રક્રિયાની ક્ષમતા ધરાવતા પ્લાંટમાં, તેલના વધારે ને વધારે મોટા જથ્થાઓનું શુદ્ધિકરણ થાય છે. મોટા ભાગનું તેલ સોવિયેત સંઘમાંથી 'દ્રુઝબા' પાઇપલાઈન વાટે આવે છે.

ક્રેકાવ નજીક નોવા હુતામાં સોવિયેત સહાયના આધારે બાંધવામાં આવેલો લેનિન ધાતુકર્મ પ્લાંટ પોલૅંડના ધાતુકર્મ ઉદ્યોગના મહત્ત્વના કેંદ્રનું સ્થાન ધરાવે છે. નવી મોટી પરિયોજના મુજબ બંધાઈ રહેલા ધાતુકર્મ પ્લાંટ 'કાતોવીત્સે'માં પ્રથમ કક્ષાએ વાર્ષિક ૪.૫ મિલિયન ટન ધાતુનું ઉત્પાદન થઈ રહ્યું છે. પોલૅંડમાં વરસે ૧૦ મિલિયન ટન ભરતર લોખંડનું અને ૧૮ મિલિયન ટનથી વધારે પોલાદનું ઉત્પાદન થાય છે. ઝીંક, ત્રાંબું, અને બીજી બિનલોહ ધાતુઓનું ઉત્પાદન વધી રહ્યું છે. બિનલોહ અને લોહમય ધાતુઓની, ખાસ કરીને પોલાદની, એકધારી વધતી જતી માંગને કારણે પોલૅંડના ધાતુકર્મ ઉદ્યોગનો ઝડપી વિકાસ ચાલુ છે.

વીજળી અને ઇંધણના ઉત્પાદનમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. દેશમાં વરસે ૨૩૦ મિલિયન ટનથી વધારે કોલસા તથા લિગ્નાઈટનું ઉત્પાદન થાય છે. પોલૅંડની નિકાસમાં મોખરાનું સ્થાન ધરાવતા કોકીંગ કોલસાનું ઉત્પાદન ખાસ ઝડપી વેગે વધી રહ્યું છે.

પાવર ઉદ્યોગમાં થર્મલ પાવરની શાખાનો વિકાસ મુખ્યત્વે કોલસાના આધારે થઈ રહ્યો છે. યુદ્ધ પછી ડઝનબંધ મોટા થર્મલ પાવર પ્લાંટો બાંધવામાં આવ્યા છે. પોલૅંડમાં વીજળીનું ઉત્પાદન ૧૯૮૦માં વાર્ષિક ૧૨૨૦૦૦ મિલિયન કિલોવાટ-કલાકની કક્ષાએ હતું. મોટાં થર્મલ પાવર સ્ટેશનોના અને વીસ્તુલા તથા બીજી નદીઓની કેટલીય હાઈડ્રો-પાવર પરિયોજનાઓના નિર્માણના પરિણામે પાવર ઉદ્યોગની ક્ષમતા વધી રહી છે.

પોલૅંડમાં કાપડ ઉદ્યોગ લાંબા વખતથી અસ્તિત્વમાં હતો અને તેમાં મુખ્યત્વે સુતરાઉ કાપડ બનતું હતું. હવે લોદ્ઝ અને બીજાં શહેરોની કાપડમિલોમાં લાખોક્રોડો ચોરસ મીટર સુતરાઉ કાપડનું તેમ જ વિશાળ જથ્થાઓમાં રેશમી તથા ગરમ કાપડનું ઉત્પાદન થાય છે. દેશમાં ચામડાં અને પગરખાંનો મોટો ઉદ્યોગ પણ છે.

પોલૅંડમાં ખેતીવાડીની પેદાશના આધારે ખાંડ, લોટ, અને ખોરાકની બીજી વસ્તુઓનું ઉત્પાદન એકધારું વધી રહ્યું છે.

પોલૅંડનું ઔદ્યોગિક સામર્થ્ય અગત્યના બે ઔદ્યોગિક વિસ્તારોમાં કેંદ્રીકૃત છે—દક્ષિણ વિસ્તાર (સાઈલેસિયન-ક્રેકાવ) અને મધ્ય વિસ્તાર (વોર્સા-લોદ્ઝ). પોલૅંડનું પાટનગર વોર્સો દેશનું સૌથી મોટું શહેર (૧૫૦૦૦૦૦ની વસતિ) અને ઔદ્યોગિક, સાંસ્કૃતિક, તથા વૈજ્ઞાનિક કેંદ્ર છે. વોર્સોનાં પ્લાંટ-કારખાનાંમાં ઊંચી કોટિનું પોલાદ, મોટરવાહનો, સેમી-કંડક્ટરો, સ્વચાલિત સરંજામ, દવાઓ, અને બીજી ઘણી વસ્તુઓ બને છે. વીસ્તુલા નદીને કિનારે આવેલું આધુનિક વોર્સો યુદ્ધ પછી ખંડેરોમાંથી ફરી બાંધવામાં આવેલું છે અને યુરોપનાં અત્યંત સુંદર શહેરોમાં સ્થાન ધરાવે છે. શહેરનાં જોવા લાયક સ્થળોમાં સ્તારે મિઆસ્તો (પુરાણું શહેર) અને પહોળા રસ્તાઓ તથા બાગબગીચા ધરાવતું નવું કેંદ્ર સામેલ છે.

ઉદ્યોગીકરણ દરમિયાન અગાઉના ખેતીપ્રધાન પૂર્વ વિસ્તારો લુબલીન તથા બેલોસ્તોકમાં નવા ઉદ્યોગધંધાઓ બાંધવામાં આવ્યા હતા. પોલૅંડમાં ફરી સામેલ કરવામાં આવેલા તેના પશ્ચિમ વિસ્તારોના ઉદ્યોગનું પુનરુત્થાન સાધવામાં આવ્યું છે અને તેને વધારે વિકસાવવામાં આવ્યો છે. એ

પ્રદેશોમાં લગભગ ૨૫ ટકા રાષ્ટ્રીય સંપત્તિ પેદા થાય છે. એ રીતે, દેશમાં ઉદ્યોગની વધારે સમાન વહેંચણી થઈ રહી છે.

પોલૅંડના ઔદ્યોગિક વિકાસના સુફળ રૂપે ખેતીવાડીના વિકાસને પ્રવેગ મળ્યો છે. એથી અનાજ (વાર્ષિક ૨૩ મિલિયન ટન), બટેટા (લગભગ ૫૦ મિલિયન ટન), સાકર-બીટ (લગભગ ૧૫ મિલિયન ટન) અને પશુપાલનની ચીજોનું ઉત્પાદન વધ્યું છે. ખેતીવાડીની કુલ પેદાશ યુદ્ધ પહેલાંની ૧૯૩૮ની કક્ષાને પાર કરીને એથી દોઢું થઈ ગયું છે. રાજ્ય ખેતરો અને સહકારી ખેતરો અનાજના તથા પશુપાલનની ચીજોના ઉત્પાદનમાં નોંધપાત્ર ફાળો આપે છે.

પોલૅંડમાં આર્થિક પરિવર્તનોના પરિણામે વસતિના સામાજિક સંયોજનમાં ફેરફાર થયા છે. કામદારો અને તેમનાં કુટુંબો મળીને વસતિનો અરધો હિસ્સો બની રહે છે. જનતાની સત્તાનાં વર્ષો દરમિયાન નિરક્ષરતાને નાબૂદ કરી નાખવામાં આવી છે. લોકોના સાંસ્કૃતિક અને ટેકનોલોજિકલ ધોરણનો ઉત્કર્ષ થઈ રહ્યો છે અને પોલૅંડની રાષ્ટ્રીય સંસ્કૃતિ વિકસી રહી છે.

પોલૅંડમાં નવમા દાયકાના આરંભમાં ઊભી થયેલી અને પ્રતિક્રાંતિના કાવાદાવાઓને લીધે વધારે કપરી બની ગયેલી મુશ્કેલીઓથી દેશમાં સમાજવાદી નિર્માણને હાનિ પહોંચી છે. પોલૅંડનાં બધાં ઇષ્ટ પરિબળો પ્રતિક્રાંતિકારીઓની તરાપો સામે દેશના કામદાર વર્ગ તથા તમામ મહેનતકશ લોકોની સમાજવાદી સિદ્ધિઓની રક્ષા કાજે, દેશની રાજકીય તથા આર્થિક કટોકટીના નિવારણ માટે, અને પોલીશ સંયુક્ત કામદાર પાર્ટીના માર્ગદર્શન હેઠળ પોલીશ રાજ્યના, સમાજવાદી બિરાદરીના સભ્ય રાજ્યના, સાર્વભૌમત્વને વધારે મક્કમ બનાવવા ખાતર પોલીશ સંયુક્ત કામદાર પાર્ટી ફરતે જમાવટ કરી રહ્યાં છે.

જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાક

૧૯૪૯માં જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાકની સ્થાપનાથી જર્મન પ્રજાના અને આખા યુરોપના ઇતિહાસમાં વળાંક અંકિત થયો.

જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાક પરસ્પર આર્થિક સહાય પરિષદનું તથા સંરક્ષણાત્મક વોર્સો સંધિનું તેમ જ સંયુક્ત રાષ્ટ્રસંઘ તથા બીજી ઘણી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનું સભ્ય છે. તે ૧૨૦થી વધારે રાજ્યો સાથે ડિપ્લોમૅટિક સંબંધો ધરાવે છે.

જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાક વિસ્તારની દૃષ્ટિએ પ્રમાણમાં નાનું છે (૧૦૮૦૦૦ ચોરસ કિલોમીટર) પરંતુ મધ્ય યુરોપમાં અત્યંત મહત્ત્વનું ભૌગોલિક સ્થાન ધરાવે છે. જર્મન સમવાયી પ્રજાસત્તાક જોડે તેની સરહદ ૧૩૮૦ કિલોમીટર લાંબી છે.

જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાક ઉન્નત ઔદ્યોગિક રાજ્ય છે. ઔદ્યોગિક સામર્થ્યની દૃષ્ટિએ તે સમાજવાદી દેશોમાં બીજા નંબરે (સોવિયેત સંઘ પછી) અને દુનિયામાં નવમા નંબરે આવે છે.

જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાકને પોતાના સમાજવાદી અર્થતંત્રના ઘડતરમાં જબરજસ્ત મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. હાલના જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાકનો પ્રદેશ યુદ્ધ પહેલાં પશ્ચિમ જર્મની કરતાં પ્રમાણમાં ઓછો વિકસિત હતો. એ ઉપરાંત, લડાઈ દરમિયાન ૫૦ ટકા ઉદ્યોગધંધાઓ અને ૬૬ ટકા વિદ્યુત ક્ષમતાઓનો ખાતમો થઈ ગયો હતો. યુદ્ધ પૂર્વેના જર્મનીમાં કોલસાના ઉત્પાદનના માત્ર ૩ ટકા જેટલું ઉત્પાદન યુદ્ધ પછી જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાકમાં થતું હતું. યુદ્ધ પછી જર્મની પશ્ચિમ અને પૂર્વ ભાગોમાં વિભાજિત થઈ જવાથી ઉદ્યોગની વહેંચણીમાં ભારે વિષમ પ્રમાણ આવી ગયું. એથી જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાકના અર્થતંત્ર ઉપર હાનિકારક અસર પડી.

તેમ છતાં જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાકે સમાજવાદી નિર્માણની પ્રક્રિયા દરમિયાન બધી મુશ્કેલીઓનો સફળ સામનો કર્યો. ઉદ્યોગમાં, ખેતીવાડીમાં, અને અર્થતંત્રની બીજી શાખાઓમાં સમાજવાદી મિલકત વર્ચસ્વી બની ગઈ છે.

સામાજિક ઉત્પાદનમાં સારી પેઠે વધારો થયો છે. ઉદ્યોગનું કુલ ઉત્પાદન યુદ્ધ પૂર્વેની કક્ષાને પાર કરી ગયું છે. યુદ્ધ પહેલાં આખા જર્મનીની સરહદોની ભીતર કારખાનાંમાં જેટલો માલ બનતો હતો તેનાથી વધારે આજે જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાકનાં કારખાનાંમાં બને છે.

જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાકના અર્થતંત્રનો આધાર બની રહેલું ઔદ્યોગિક ઉત્પાદન ૬૦ ટકાથી વધારે રાષ્ટ્રીય આવક પેદા કરે છે. દેશના આર્થિક રચનાતંત્રનાં બીજાં મહત્ત્વનાં ઘટકો ખૂબ વિકસિત ખેતીવાડી અને વાહનવ્યવહાર છે.

પાવર ઍન્જિનિયરીંગ, યંત્ર-નિર્માણ, અને રસાયણ ઉદ્યોગો ખાસ ઝડપી વેગે વિકસી રહ્યા છે. યંત્ર-નિર્માણ, રસાયણ, તથા કાપડ ઉદ્યોગો આંતરરાષ્ટ્રીય સમાજવાદી શ્રમ વિભાજનમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

દેશના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં ઍન્જિનિયરીંગ ઉદ્યોગનો ફાળો ૩૩ ટકાથી વધારે છે. શ્રેષ્ઠ પ્રકાશીય સરંજામ, ચોકસાઈ-ઓજારો, વીજાણુ સરંજામ, ધાતુ કાપવાનાં યંત્ર-ઓજારો, છાપકામ તથા પ્રકાશન ઉદ્યોગનાં યંત્રો, અને સાગરખેડુ ભારવાહક તથા મુસાફરી જહાજોએ જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાકને આખી દુનિયામાં ખ્યાતિ અપાવી છે. દેશમાં મોટરવાહનો, ટ્રેક્ટરો, એક્સ્કેવેટરો, તથા બીજી વસ્તુઓ પણ બને છે. જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાકની નિકાસની યાદીમાં ઍન્જિનિયરીંગ ઉદ્યોગની પેદાશો મોખરાનું સ્થાન ધરાવે છે.

લિગ્નાઈટની તથા પોટાશિયમ ક્ષારોની સારી એવી સ્થાનિક સાધનસંપત્તિ તેમ જ સોવિયેત તેલના વધતા જતા પુરવઠાના આધારે હાલ ઝડપથી વિકસી રહેલો રસાયણ ઉદ્યોગ અર્થતંત્રમાં અગત્યની ભૂમિકા ભજવે છે. જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાકના રસાયણ ઉદ્યોગમાં ખનીજ ખાતર, પ્લાસ્ટિક, તથા કૃત્રિમ તંતુઓનું ઉત્પાદન પરસ્પર સહાય પરિષદના સભ્ય બધા દેશોના કુલ ઉત્પાદનના લગભગ ૨૦ ટકા જેટલું છે, અને કૃત્રિમ રબર, વાર્નિશ તથા રંગો, ફિલ્મ, દવાઓ, તેમ જ બીજી રાસાયણિક ચીજોનું ઉત્પાદન વધી રહ્યું છે. જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાક રાસાયણિક ઉત્પાદનની બાબતમાં દુનિયામાં મોખરાના દેશોમાં સ્થાન ધરાવે છે.

જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાકમાં બહોળા વ્યાપનો વપરાશી માલ બનાવવામાં આવે છે. તેમાં કરોડો મિટર કાપડ, પગરખાં, તેમ જ રેશમ તથા ગૂંથણની ચીજોના વિશાળ જથ્થા સામેલ છે. રેફ્રિજરેટરો, કપડાં ધોવાનાં મશીનો, ટેલિવિઝન, રેડિયો, તેમ જ સાંસ્કૃતિક પ્રવૃત્તિ તથા રોજિંદી જિંદગીમાં ઉપયોગી બીજી ઘણી ચીજોના વિપુલ ઉત્પાદનની વ્યવસ્થા કરવામાં આવી છે.

વિદ્યુત આધારને સારી પેઠે મજબૂત બનાવવામાં આવ્યો છે. હાલ બંધાઈ રહેલાં થર્મલ પાવર સ્ટેશનોની પદ્ધતિ લિગ્નાઈટ ઉપર આધારિત છે. લિગ્નાઈટનું વાર્ષિક ઉત્પાદન ૨૫૦ મિલિયન ટનની કક્ષાને પાર કરી ગયું છે. પ્રજાસત્તાકનાં પાવર સ્ટેશનોમાં ૧૯૮૦માં ૯૦૦૦૦ મિલિયન કિલોવાટ-કલાકથી વધારે વીજળીનું ઉત્પાદન થયું હતું. બર્લિન નજીક રાઈન્સબેર્ગમાં બાંધવામાં આવેલા પ્રથમ પરમાણુ પાવર સ્ટેશનમાં વીજળીનું ઉત્પાદન શરૂ થઈ ગયું છે. સોવિયેત સંઘની મદદના આધારે બાંધવામાં આવેલા એ પાવર સ્ટેશનમાં સ્થાનિક યુરેનિયમનો ઉપયોગ કરવામાં આવે છે. વધારે ક્ષમતાનાં નવાં પરમાણુ પાવર સ્ટેશનો બાંધવાનું આયોજન કરવામાં આવ્યું છે.

લોખંડ અને પોલાદ ઉદ્યોગનું સર્જન વાસ્તવમાં નવેસરથી કરવામાં આવ્યું

હતું. આઈઝેનહુટ્ટેન્સ્ટાટમાં 'ઓસ્ટ' અને કાલ્બેમાં 'વેસ્ટ' પ્લાંટો નવા બંધાયેલા છે, અને પુરાણા પ્લાંટોમાં ઉત્પાદન વિસ્તારવામાં આવ્યું છે. તેમાં વરસે ૨.૬ મિલિયન ટન ભરતર લોખંડનું અને ૭ મિલિયન ટનથી વધારે પોલાદનું ઉત્પાદન થાય છે. લોહમય અને બિનલોહ ધાતુઓના વધારાના જથ્થાઓની આયાત સોવિયેત સંઘ તથા બીજા સમાજવાદી દેશોમાંથી કરવામાં આવે છે.

પ્રજાસત્તાકનું મોટા ભાગનું ઔદ્યોગિક ઉત્પાદન દક્ષિણ વિસ્તારના (સાક્ષોની-થુરીંગિયા વિસ્તારના) ઉદ્યોગધંધાઓમાં થાય છે. લાઈપઝિગ, ડ્રેસ્ડન, કાર્લ-માર્ક્સ-શ્ટાટ, અને બીજાં શહેરોમાં ઍન્જિનિયરીંગ, રસાયણ, તથા કાપડ ઉદ્યોગના કેટલાય પ્લાંટો છે. રોસ્ટોક, વીસમાર, તથા શ્વેરીનમાં વિકસતા નૌકાનિર્માણ તથા મત્સ્ય ઉદ્યોગો છે.

જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાકનું પાટનગર બર્લિન* (વસતિ ૧૧ લાખ) મહત્ત્વનું ઔદ્યોગિક અને સાંસ્કૃતિક કેંદ્ર છે. તે ઍન્જિનિયરીંગ, રસાયણ, ખોરાક, તથા હળવા ઉદ્યોગોનું મથક છે અને રેલવે, મોટર, વિમાન, તથા જળ માર્ગોનું મહત્ત્વનું જંક્શન છે. તેની સંખ્યાબંધ શિક્ષણ તથા વિજ્ઞાન સંસ્થાઓમાંથી જર્મન વિજ્ઞાન અકાદમી, કલા અકાદમી, અને હુમ્બોલ્ટ યુનિવર્સિટીનો ઉલ્લેખ આવશ્યક છે. એ ઉપરાંત, સુખ્યાત સ્થાપત્ય સ્મારકો પણ છે. ૧૯૪૫માં બર્લિન ઉપર હલ્લા દરમિયાન ખપી ગયેલા સોવિયેત અફસરો અને સિપાહીઓ ટ્રેપટોવ ઉદ્યાનના સ્મારક કબ્રસ્તાનમાં દફનાયેલા છે.

જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાકનાં શહેરો ઔદ્યોગિક કેંદ્રો ઉપરાંત સંસ્કૃતિ અને વિજ્ઞાનનાં મથકો પણ છે. લેનિનના 'ઈસ્ક્રા' અખબારનો પહેલો અંક જ્યાં છપાયો હતો એ લાઈપઝિગ શહેર છાપકામ અને પ્રકાશનનું મહત્ત્વનું કેંદ્ર છે, મહાન જર્મન સંગીતસર્જક જોહાન સેબાસ્ટીયન બાખનો જન્મ જ્યાં

*બીજું, ખાસ આંતરરાષ્ટ્રીય દરજ્જાની રાજકીય હસ્તી ધરાવતું, પશ્ચિમ બર્લિન (વસતિ બે મિલિયન) પણ છે.

પશ્ચિમ ભાગનું બર્લિન સ્વતંત્ર રાજકીય એકમ છે અને ખાસ આંતરરાષ્ટ્રીય સ્થિતિ ધરાવે છે. ૧૯૭૧માં સોવિયેત સંઘ, સંયુક્ત રાજ્ય અમેરિકા, ગ્રેટ બ્રિટન, અને ફ્રાંસ વચ્ચે થયેલા કરારમાં સાફ જણાવવામાં આવ્યું છે કે પશ્ચિમ બર્લિન જર્મન સમવાયી પ્રજાસત્તાકનો ભાગ નથી અને તેમાં ભવિષ્યમાં પણ તેનો વહીવટ નહિ હોય.

થયો હતો એ મકાન અને જર્મન સામાજિક-લોકશાહીવાદી પાર્ટીએ સ્થાપેલા મ્યુઝિયમને કારણે આઈઝેનાખ શહેર સુખ્યાત છે, એર્ફુર્ટનાં સ્થાપત્ય સ્મારકો મશહૂર છે, ડ્રેસ્ડનમાં વિખ્યાત ચિત્ર પ્રદર્શન છે, વેઈમાર શહેર ગેટે અને શીલરના જીવન અને કાર્યનું સ્થળ છે, યેના શહેર અત્યંત ચોકસાઈનાં પ્રકાશીય સાધનો બનાવનારી જગમશહૂર કાર્લ-ઝાઈસ પેઢીને કારણે જાણીતું છે.

પ્રજાસત્તાકની એકદમ ઘનિષ્ઠ ખેતીવાડી ખોરાકના સંબંધમાં દેશની બધી જરૂરિયાતોને મુખ્યત્વે સંતોષે છે. ખેતીવાડીની પેદાશનો મોટો હિસ્સો પશુપાલનની શાખામાંથી આવે છે. ખેતી પણ વિકસિત છે અને દર વરસે અનાજ, બટેટાં, તથા સાકર-બીટના પાક પુષ્કળ પ્રમાણમાં ઊતરે છે.

સમાજવાદી અર્થતંત્રના એકધારા વિકાસના સુફળ રૂપે દર વરસે જીવનધોરણનો ઉત્કર્ષ થઈ રહ્યો છે. દેશનું મુખ્ય સામાજિક પરિબળ કામદાર વર્ગનું છે. કામદારો અને તેમનાં કુટુંબો મળીને વસતિનો લગભગ ૬૦ ટકા હિસ્સો બની રહે છે. કામદારોની જોડે એકસંપી ધરાવતો નવો વર્ગ સહકારી મંડળોમાં સંકળાયેલા કિસાનોનો છે. જનતામાંથી આગળ આવેલા બુદ્ધિજીવીઓ વિજ્ઞાન, ટેકનોલોજી, તથા સંસ્કૃતિના વિકાસમાં નિરંતર વધતી જતી ભૂમિકા ભજવી રહ્યા છે.

જર્મન સમાજવાદી એકતા પાર્ટીની દસમી કોંગ્રેસે જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાકમાં વિકસિત સમાજવાદી સમાજનું નિર્માણ આગળ ધપાવવાનો અને ધીરે ધીરે સામ્યવાદમાં સંક્રમણ માટેના મૂળભૂત પૂર્વસંજોગોનું સર્જન કરવાનો કાર્યક્રમ અપનાવ્યો હતો. જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાકના મહેનતકશ લોકો એ કાર્યક્રમને અમલમાં મૂકી રહ્યા છે અને તેની સફળતાનો આધાર બીજા સમાજવાદી દેશો જોડે જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાકના સહકારના વિસ્તરણ ઉપર છે.

ઝેકોસ્લોવાક સમાજવાદી પ્રજાસત્તાક

ઝેકોસ્લોવાકિયાનું ભૌગોલિક સ્થાન જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાક અને પોલીશ લોક પ્રજાસત્તાકથી દક્ષિણ દિશામાં છે. નાઝીઓના લશ્કરી કબજાથી ઝેક અને સ્લોવાક લોકોનું રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય અને રાજ્ય સાર્વભૌમત્વ છીનવાઈ ગયું હતું. તેમણે સોવિયેત જનતાની નિર્ણાયક મદદના આધારે નાઝી ચડાઈખોરોને તથા આંતરરાષ્ટ્રીય પ્રત્યાઘાતને હરાવીને ફરી ઝેકોસ્લોવાક રાજ્યની સ્થાપના કરી અને તેને સમાજવાદી પ્રજાસત્તાકમાં પલટાવી નાખ્યું.

ઝેકોસ્લોવાકિયામાં બે સ્લાવ પ્રજાઓ વસે છે—ઝેક અને સ્લોવાક. દેશમાં મોટા ભાગની વસતિ એ પ્રજાઓની છે. ઝેકોસ્લોવાકિયા ૧૯૬૯થી બે સમાજવાદી પ્રજાસત્તાકોનું, ઝેક અને સ્લોવાક પ્રજાસત્તાકોનું, સમવાયતંત્ર છે. ઝેકોસ્લોવાક સમાજવાદી સમવાયતંત્રનું અને ઝેક સમાજવાદી પ્રજાસત્તાકનું પાટનગર પ્રાગ છે, અને સ્લોવાક સમાજવાદી પ્રજાસત્તાકનું પાટનગર બ્રાટીસ્લાવા છે.

જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાકની જેમ ઝેકોસ્લોવાકિયા પણ યુરોપનાં સમાજવાદી અને મૂડીવાદી રાજ્યોના સંગમની ભૂમિમાં મહત્ત્વના ભૌગોલિક સ્થાને આવેલું છે. તે પશ્ચિમથી પૂર્વ તરફ સાંકડી પટ્ટીમાં ૭૭૦ કિલોમીટરના વિસ્તારમાં પથરાયેલું છે. તેની સરહદોની કુલ લંબાઈ ૩૩૦૦ કિલોમીટરથી વધારે છે. લગભગ પોણા ભાગની સરહદ સમાજવાદી દેશો જોડેની છે.

ઝેકોસ્લોવાકિયાની પ્રકૃતિ બહુ સુંદર છે. બોહેમિયાના ડુંગરાળ વિસ્તારોના છેડા પૂર્વમાં મોરાવિયાની નીચાણભૂમિમાં વિલીન થઈ જાય છે અને ત્યાર પછી સ્લોવાકિયાના વનાચ્છાદિત પર્વતોનાં ચઢાણો ધીરે ધીરે વધતાં જાય છે. ઝેકોસ્લોવાકિયાની મોટા ભાગની સરહદો પહાડી પ્રદેશમાં છે. પહાડી ઘાટોને પાર કરતા રેલમાર્ગો તથા મોટરમાર્ગોની વ્યવસ્થા પાડોશી દેશો જોડે વ્યવહારની સ્થાયી કડીઓને સુનિશ્ચિત બનાવે છે. ડાન્યુબ નદી ઝેકોસ્લોવાકિયાને કાળા સમુદ્રમાં બારું પૂરું પાડે છે.

ઝેકોસ્લોવાકિયા વિસ્તારની (૧૨૮ ૦૦૦ ચોરસ કિલોમીટર) અને વસતિની (૧૫ મિલિયનથી વધારે) દૃષ્ટિએ નાનું પરંતુ ખૂબ ઉન્નત ઔદ્યોગિક રાજ્ય છે. ઝેકોસ્લોવાક સમાજવાદી પ્રજાસત્તાક દુનિયાના ઔદ્યોગિક ઉત્પાદનમાં બે ટકાનો ફાળો આપે છે. ઔદ્યોગિક વિકાસની બાબતમાં તે જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાકની જોડે સમાન કક્ષાએ છે.

દેશના અર્થતંત્રમાં નિકાસ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. દેશની નિકાસમાં લગભગ અરધો હિસ્સો યંત્રો અને પ્લાંટોનો છે. એ ઉપરાંત કાપડ, ગૂંથણની વસ્તુઓ, પગરખાં, અને ચામડાની ચીજોની નિકાસ પણ કરવામાં આવે છે. અત્યંત ઘનિષ્ઠ સમાજવાદી ખેતી ઝેકોસ્લોવાકિયાના અર્થતંત્રમાં પુરવણીની કામગીરી કરે છે. પોણા ભાગની રાષ્ટ્રીય આવક ઉદ્યોગ અને ચણતરમાંથી પેદા થાય છે. ઝેકોસ્લોવાકિયામાં ફરકડી વગરની સાળ અને ત્રાક વગરના કાંતણ યંત્રનું ઉત્પાદન થાય છે. એ ચીજોની ગુણવત્તા આંતરરાષ્ટ્રીય ધોરણની હોય છે.

અર્થતંત્રમાં ઍન્જિનિયરીંગ અગત્યની શાખાનું સ્થાન ધરાવે છે. યંત્ર-ઓજાર, ઉપકરણ, રેડિયો, અને વીજાણુ ઉદ્યોગો ઝડપથી વિકસી રહ્યા છે.

રોલીંગ મિલનો સરંજામ, વીજળીનાં તથા ડીઝલનાં રેલવે ઍન્જિનો, મોટરવાહનો, અને હળવા તથા ખોરાક ઉદ્યોગોના પ્લાંટોનું ઉત્પાદન વધતા જતા પરિમાણમાં થઈ રહ્યું છે.

રસાયણ ઉદ્યોગમાં ખનીજ ખાતરનું ઉત્પાદન થાય છે અને પ્લાસ્ટિકનું તથા કૃત્રિમ તંતુઓનું ઉત્પાદન વધારવામાં આવી રહ્યું છે. ડઝનબંધ પ્રકારોની પેટ્રોકેમિકલ વસ્તુઓ બનાવતાં કારખાનાંમાં સોવિયેત સંઘના તેલનો ઉપયોગ થાય છે.

ધાતુકાર્મિક આધાર ઍન્જિનિયરીંગ ઉદ્યોગની તેમ જ સમગ્ર અર્થતંત્રની જરૂરિયાતો અનુસાર વિકસી રહ્યો છે. ઝેકોસ્લોવાકિયામાં વરસે ૧૦ મિલિયન ટન ભરતર લોખંડ અને લગભગ ૧૫ મિલિયન ટન પોલાદનું ઉત્પાદન થાય છે. કોશીત્સે નજીક નવા મોટા પૂર્વ સ્લોવાક પ્લાંટના વિકાસથી અને ઓસ્ત્રાવાનાં જૂનાં કારખાનાંમાં ઉત્પાદનના વિસ્તરણથી ધાતુના કુલ ઉત્પાદનમાં વધારો થશે.

ઝેકોસ્લોવાકિયામાં ઈંધણ તથા વિદ્યુત આધારને વિસ્તારવામાં આવી રહ્યો છે અને વિદ્યુત સંતુલનમાં સુધારો થઈ રહ્યો છે. કોલસા તથા લિગ્નાઈટનું ઉત્પાદન વધારવામાં આવી રહ્યું છે, અને ઝેકોસ્લોવાક ઉદ્યોગમાં સોવિયેત સંઘથી આવતા વધારે ઉષ્મીય પ્રકારોના ઈંધણનો—તેલ અને ગૅસનો—ઉપયોગ વધી રહ્યો છે.

સમાજવાદી ઝેકોસ્લોવાકિયામાં વીજળીનું ઉત્પાદન ૧૯૬૦માં ૯૦૦૦ મિલિયન કિલોવાટ-કલાક હતું તે વધીને ૧૯૮૦માં ૭૩૦૦૦ મિલિયન કિલોવાટ-કલાક થઈ ગયું હતું. એ સમય દરમિયાન ડઝનબંધ થર્મલ અને હાઈડ્રો-પાવર સ્ટેશનો બાંધવામાં આવ્યાં હતાં. પ્રજાસત્તાકનું પ્રથમ પરમાણુ પાવર સ્ટેશન સોવિયેત સંઘની મદદના આધારે બંધાઈ રહ્યું છે અને થોડા વખતમાં તૈયાર થઈ જશે. તેની આયોજિત ક્ષમતા ૧૫૦ ૦૦૦ કિલોવાટની છે. એ ઉપરાંત ૩૦૦ ૦૦૦ કિલોવાટની ક્ષમતાનું બીજું એક પરમાણુ પાવર સ્ટેશન બાંધવાની યોજના ઘડવામાં આવી છે.

કાચ, ચિનાઈ માટી, અને બિલોરી કાચના પરંપરાગત ઝેકોસ્લોવાક ઉદ્યોગધંધાઓની વસ્તુઓની બહોળી માંગ આંતરરાષ્ટ્રીય બજારમાં હંમેશાં રહી છે. એ ઉદ્યોગધંધાઓનું નવનિર્માણ અને વિસ્તરણ થઈ રહ્યું છે. નોવી બોરમાં મોટા નવા કારખાનામાં કાચની કલાત્મક ચીજોનું ઉત્પાદન વધારવામાં આવી રહ્યું છે. દેશમાં 'સ્વીટ' ખાતે અને બીજી જગ્યાઓએ પગરખાંનાં કારખાનામાં વરસે ૧૦૦ મિલિયનથી વધારે જોડી પગરખાં બને છે. ઝેકોસ્લોવાકિયામાં વિશાળ

જથ્થાઓમાં દાણાદાર ખાંડ, પ્રખ્યાત બીયર, અને બીજી વપરાશી ચીજોનું ઉત્પાદન થાય છે.

બોહેમિયાનો પ્રદેશ ઔદ્યોગિક દૃષ્ટિએ દેશનો સૌથી વધારે વિકસિત ભાગ છે. ઍન્જિનિયરીંગ, કાપડ, અને કાચના ઉદ્યોગોની મોટા ભાગની ક્ષમતાઓ એ પ્રદેશમાં કેંદ્રીકૃત છે. મુખ્ય ઉદ્યોગધંધાઓ પ્રાગ તથા પીલ્સનમાં અને બોહેમિયાનાં બીજાં શહેરોમાં આવેલા છે.

બોહેમિયાના પહાડી વિસ્તારના મધ્ય ભાગમાં વલ્તાવાના ડુંગરાળ કિનારાપ્રદેશમાં પથરાયેલું રમણીય પાટનગર પ્રાગ (વસતિ એક મિલિયનથી વધારે) ઝેકોસ્લોવાકિયાનું સૌથી મોટું શહેર છે. ૧૩૪૮માં સ્થપાયેલી કાર્લોવ યુનિવર્સિટી, ઝેકોસ્લોવાક વિજ્ઞાન અકાદમીની બીજી શિક્ષણસંસ્થાઓ તથા સંશોધન વિદ્યાલયો, મ્યુઝિયમો, અને થિયેટરો ધરાવતું પ્રાગ શહેર દેશનું મુખ્ય વૈજ્ઞાનિક તથા સાંસ્કૃતિક મથક છે.

પ્રાગ કિલ્લો અને સેંટ વીટુસ કેથીડ્રલ, શિલ્પોની સજાવટથી સુશોભિત કાર્લોવ પુલ, પુરાણું નગર ભવન, અને બીજાં રસપ્રદ સ્થળોમાં નવા ચોક, તરુમાર્ગો, અને ઇમારતોની પુરવણી થઈ રહી છે. શહેરના ઉદ્યોગધંધાઓમાં દેશના ૧૦ ટકા ઔદ્યોગિક કામદારો કામ કરે છે અને મોટરવાહનો, વિમાનો, રેલવેનાં ઍન્જિનો, તથા જહાજો બને છે, અને વિદ્યુત ઇજનેરી ઉદ્યોગની કુલ પેદાશમાંથી ૨૦ ટકાનું તથા બીજી ઇજનેરી શાખાઓની પેદાશોના ગણનાપાત્ર હિસ્સાનું ઉત્પાદન થાય છે. પ્રાગ યુરોપનાં મોટામાં મોટાં સંચાર કેંદ્રોમાં સ્થાન ધરાવે છે.

મોરાવિયા સારી પેઠે મોટી ઔદ્યોગિક ક્ષમતા ધરાવે છે. તેમાં ઓસ્ત્રાવા-કાર્વિના વિસ્તારનું, દેશના મુખ્ય કોલસા તથા ધાતુકર્મ આધારનું, સ્થાન બહુ મહત્ત્વનું છે. ઉદ્યોગ ઓસ્ત્રાવા, બરનો, તથા ગોટવાલ્ડોવમાં કેંદ્રીકૃત છે.

એક જમાનામાં દેશનો પછાત ભાગ બની રહેલા સ્લોવાકિયામાં સમાજવાદી ઉદ્યોગીકરણના સુફળ રૂપે હવે મૂડીવાદી ઝેકોસ્લોવાકિયાના સમગ્ર ઉદ્યોગના ઉત્પાદન કરતાં વધારે ઉત્પાદન થાય છે.

ડાન્યુબ નદીને કિનારે આવેલું બ્રાટીસ્લાવા સ્લોવાક પ્રજાસત્તાકનું પાટનગર અને મહત્ત્વનું ઔદ્યોગિક, વૈજ્ઞાનિક, તથા સાંસ્કૃતિક કેંદ્ર છે. શહેરમાં મોટો રસાયણ તથા પેટ્રોકેમિકલ ઉદ્યોગ છે અને વિદ્યુત ઇજનેરી, ચોકસાઈ-ઉપકરણો, અને યંત્ર-નિર્માણનાં પ્લાંટકારખાનાં છે. તે સ્લોવાક વિજ્ઞાન અકાદમી, યાન આમોસ કોમેન્સ્કી યુનિવર્સિટી, અને બીજી શિક્ષણસંસ્થાઓનું મથક છે; બ્રાટીસ્લાવા ઝેકોસ્લોવાકિયાનું સૌથી મોટું નદી-બંદર છે. રુદની ગોરીની (ધાતુ પર્વતની) તળેટીમાં આવેલા કોશીત્સે નજીક વિરાટ ધાતુકર્મ પ્લાંટ બંધાયા પછી એ શહેર ઝડપથી વિકસી રહ્યું છે. પ્લાંટમાં મુખ્યત્વે સોવિયેત કાચી ધાતુનો ઉપયોગ થાય છે. સ્લોવાકિયામાં ઉદ્યોગને અધિક વિકસાવવાની અને ભૌતિક તથા સાંસ્કૃતિક ધોરણોનો ઉત્કર્ષ સાધવાની બહોળી શક્યતાઓ છે.

લગભગ આખા ઝેકોસ્લોવાકિયામાં ખેતીવાડી અને પશુપાલનનો વિકાસ સાધવામાં આવ્યો છે. હેકટાર દીઠ ૩.૫ ટન અનાજની પેદાશ ઊતરે છે અને ૧૧ મિલિયન ટનથી વધારે અનાજનો (મુખ્યત્વે ઘઉં) સરેરાશ વાર્ષિક પાક લણવામાં આવે છે. બીજા પાકોમાં સાકર-બીટ, બટેટાં, શાકભાજી, અને બીયરના ઉત્પાદનમાં વપરાતું પ્રખ્યાત ઝેકોસ્લોવાક હોપ-ફળ સામેલ છે.

ઝેકોસ્લોવાક સમાજવાદી પ્રજાસત્તાકમાં ભૌતિક તથા ટેકનિકલ આધારનો અધિક વિકાસ, વિકસિત સમાજવાદી સમાજનું નિર્માણ, ચાલુ છે. દર વરસે દેશનું આર્થિક સામર્થ્ય વધતું જાય છે, તેની પદ્ધતિના સમાજવાદી પાયાઓ વધારે મજબૂત બનતા જાય છે, લોકોનાં ભૌતિક તથા સાંસ્કૃતિક ધોરણોનો ઉત્કર્ષ થતો જાય છે.

હંગેરિયન લોક પ્રજાસત્તાક

હંગેરિયન પ્રજાએ સોવિયેત સત્તાની સ્થાપના છેક ૧૯૧૯માં કરી હતી, પરંતુ થોડાક મહિના પછી સંયુક્ત પ્રતિક્રાંતિકારી બળોના ફટકાઓના પરિણામે હંગેરિયન સમાજવાદી પ્રજાસત્તાક ઢળી પડ્યું હતું.

૧૯૪૫માં સોવિયેત સેનાએ હંગેરીને નાઝી લશ્કરી કબજામાંથી મુક્ત કરાવ્યું ત્યાર પછી સામાજિક જીવનનાં સઘળાં ક્ષેત્રોમાં યુદ્ધોત્તર મૂળભૂત પરિવર્તનોના પરિણામે હંગેરીના મહેનતકશ લોકોએ આધુનિક હંગેરીની સ્થાપના કરી. ત્યાર પછી હંગેરિયન લોક પ્રજાસત્તાકે આર્થિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક વિકાસની દિશામાં જબ્બર આગેકૂચ કરી છે. પ્રજાસત્તાક પરસ્પર સહાય પરિષદના તથા વૉર્સો સંધિના તેમ જ ૯૦૦ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના કાર્યમાં સક્રિય ભાગ લે છે.

હંગેરીનો મોટા ભાગનો વિસ્તાર મધ્ય ડાન્યુબ (અથવા હંગેરિયન) નીચાણભૂમિમાં, પૂર્વ તથા ઉત્તરે કાર્પેથિયન પર્વતમાળાનાં દક્ષિણ શિખરો અને પશ્ચિમે આલ્પ્સ પર્વતમાળાનાં પૂર્વ શિખરો વચ્ચે, આવેલો છે. ધરતીના પેટાળમાંથી મેળવવામાં આવતાં ઉપયોગી ખનીજોમાં સૌથી વધારે મહત્ત્વના

મોટા ભંડારો બોક્સાઇટ અને તેલ તથા ગૅસના છે. માફકસરની ખંડીય આબોહવા અને ફળદ્રૂપ જમીન ખેતીવાડીના વિકાસ માટે સાનુકૂળ સંજોગો પૂરા પાડે છે.

હંગેરીમાં રેલવેની તથા સડકોની વ્યાપક પદ્ધતિ અસ્તિત્વમાં છે, અને ડાન્યુબ નદીના નૌકાવ્યવહારમાં દેશના તથા પરદેશોના માલની આવનજાવન થાય છે. હંગેરીનું પાટનગર બુદાપેસ્ત વિમાનમાર્ગો વડે બીજા ઘણા દેશોનાં પાટનગરો સાથે સંકળાયેલું છે.

મૂડીવાદ અને જમીનદારીના હંગેરીમાં અર્થતંત્રની મુખ્ય શાખા મોટી ખાનગી જાગીરોના રૂપની ખેતીવાડીની હતી. દેશના ઓછા વિકસેલા ઉદ્યોગમાં પરદેશી, મુખ્યત્વે જર્મન, મૂડીનું વર્ચસ્વ હતું. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન હંગેરીના અર્થતંત્રને ભારે નુકસાન થતું હતું. યુદ્ધ પછી હંગેરીના મહેનતકશ લોકોએ રાષ્ટ્રીય અર્થતંત્રનું પુનરુત્થાન સમાજવાદી આધારે કર્યું.

આધુનિક હંગેરી વિકસિત ઉદ્યોગ અને ખેતીવાડી ધરાવતું સમાજવાદી રાજ્ય છે. તેના ઉદ્યોગમાં બહોળા વ્યાપનો ઊંચી કોટિનો માલ બને છે. સમાજવાદી ખેતીવાડી ઠીકઠીક ઝડપી વેગે વિકસી રહી છે.

હંગેરિયન લોક પ્રજાસત્તાક વિદેશો જોડેના આર્થિક સંબંધોને વિસ્તારી રહ્યું છે અને દેશની પેદાશના ગણનાપાત્ર હિસ્સાની નિકાસ કરે છે. તે લગભગ ૧૩૦ દેશો જોડે સંબંધો ધરાવે છે. વિદેશો જોડેના કુલ વ્યાપારમાં સમાજવાદી દેશો, મુખ્યત્વે સોવિયેત સંઘ, સાથેના વ્યાપારનો ફાળો બે તૃતીયાંશથી વધારે છે.

હંગેરીના અર્થતંત્રનો આધાર અંકિત કરતા સમાજવાદી ઉદ્યોગમાં રાષ્ટ્રીય આવકનો ૬૦ ટકાથી વધારે હિસ્સો પેદા થાય છે. ઉદ્યોગના માળખામાં નોંધપાત્ર સુધારો થઈ રહ્યો છે અને તેમાં સૌપ્રથમ તો ભારે ઇજનેરી, વિદ્યુત ઇજનેરી, અને રસાયણ ઉદ્યોગનો વિકાસ કારણભૂત છે.

આંતરરાષ્ટ્રીય સમાજવાદી શ્રમ વિભાજનમાં હંગેરિયન ઍન્જિનિયરીંગ ઉદ્યોગના ક્ષેત્રમાં સંચારનાં સાધનો, ચોકસાઈ-ઉપકરણો, તબીબી સાધનો, અને વિદ્યુત તથા રેડિયો ઍન્જિનિયરીંગની ચીજોના ઉત્પાદનનું વિશેષીકરણ સાધવામાં આવ્યું છે. નવાં બંધાયેલાં પ્લાંટ-કારખાનાંમાં ટ્રકો, બસો, ટ્રૅક્ટરો, અને ખેતીયંત્રો બને છે. ડાન્યુબનાં નૌકાનિર્માણ મથકોમાં વિવિધ પ્રકારોનાં જહાજો બાંધવામાં આવે છે.

હંગેરીમાં લોખંડ અને પોલાદનું મુખ્ય ઉત્પાદન ડાન્યુબને કિનારે દુનાઉવારોસના લેનિન ધાતુકર્મ પ્લાંટમાં થાય છે. મીસ્કોલ્ત્સ અને ઓઝ્દમાં જૂનાં પ્લાંટ-કારખાનાંના પુનર્નિર્માણ પછી ધાતુનું ઉત્પાદન વધી રહ્યું છે. હંગેરીમાં વાર્ષિક લગભગ બે

મિલિયન ટન ભરતર લોખંડ અને ૪ મિલિયન ટનથી વધારે પોલાદનું ઉત્પાદન થાય છે. ખાણોમાંથી કાચા બોકસાઇટના વિશાળ જથ્થાઓ ખોદવામાં આવે છે, પરંતુ વીજળીની તંગીને લીધે એલ્યુમિનિયમનું ઉત્પાદન અવરોધાતું હતું. હવે હંગેરી અને સોવિયેત સંઘ વચ્ચે થયેલા કરારના આધારે હંગેરિયન એલ્યુમિનાના ગણનાપાત્ર હિસ્સાની પ્રક્રિયા સોવિયેત સંઘમાં થાય છે અને પછી તૈયાર એલ્યુમિનિયમ ત્યાંથી હંગેરીને મોકલવામાં આવે છે.

રસાયણ ઉદ્યોગમાં ખનીજ ખાતર તથા જંતુનાશક દવાઓનું ઉત્પાદન થાય છે અને પ્લાસ્ટિક, રાસાયણિક તંતુ, તથા બીજી ચીજોનું ઉત્પાદન વધી રહ્યું છે. દુનિયામાં દવાઓનું ઉત્પાદન કરતા મુખ્ય દેશોમાં દસમા નંબરનું સ્થાન ધરાવતા હંગેરીમાં દવાઓનું ઉત્પાદન વધી રહ્યું છે. હંગેરીની નિકાસની યાદીમાં દવાઓનું સ્થાન મોખરે છે.

હંગેરીમાં કોલસા અને લિગ્નાઈટના ભંડારો છે. વધારાનું ઈંધણ તે સોવિયેત સંઘ પાસેથી મેળવે છે. સોવિયેત સંઘ હંગેરીને વીજળી પૂરી પાડે છે. હાલ સોવિયેત મદદના આધારે બંધાઈ રહેલું ૮૦૦ ૦૦૦ કિલોવાટની ક્ષમતાનું પરમાણુ પાવર સ્ટેશન તૈયાર થઈ જશે ત્યારે હંગેરીનો વિદ્યુત આધાર સારી પેઠે મજબૂત બની જશે.

ખેતીવાડીની મુખ્ય શાખા જમીનની ખેતીની છે અને ખેતીવાડીની લગભગ ૪૦ ટકા પેદાશ તેમાંથી મળે છે. મુખ્ય પાક વિવિધ પ્રકારોના, ઊંચી કક્ષાની પેદાશ આપતા પ્રકારોના, ઘઉંના છે. મકાઈ, સાકર-બીટ, બટેટાં, તેલીબિયાં, અને શાકભાજીની વાવણીની જમીનનો વિસ્તાર વધારવામાં આવી રહ્યો છે. દ્રાક્ષની ખેતી અને બાગાયત મુખ્યત્વે ડાન્યુબ અને તીસ્સા વચ્ચેના પ્રદેશમાં કેંદ્રીકૃત છે. દૂધાળાં પશુઓ, ડુક્કરો, અને મરઘાંબતકાંનો ઉછેર કરવામાં આવે છે.

જનતાની સત્તાના હંગેરીમાં કામદાર વર્ગની સંખ્યા બમણી થઈ ગઈ છે અને કિસાનો સહકારીઓમાં સંકળાયેલા છે. કામદારો અને કિસાનોમાંથી નવા બુદ્ધિજીવી સ્તરનો ઉદય થયો છે. જીવનધોરણનો ઉત્કર્ષ સારા પ્રમાણમાં થયો છે, ખરી આવકો બમણી થઈ ગઈ છે, અને સાંસ્કૃતિક ધોરણની નોંધપાત્ર ઉન્નતિ થઈ છે.

વસતિમાં ભારે મોટો ભાગ હંગેરિયનોનો છે. સ્લોવાક, ક્રોટ, સર્બ, રુમાનિયાન, અને બીજી રાષ્ટ્રીય લઘુસંખ્યાઓ ભેગી મળીને કુલ વસતિના ચાર ટકાથીયે ઓછી છે. બધી પ્રજાઓ સમાન અધિકારો માણે છે અને જોડાજોડ સમાજવાદની દિશામાં આગેકૂચ કરે છે.

હંગેરીનું પાટનગર બુદાપેસ્ત (વસતિ લગભગ બે મિલિયન) રાજકીય, ઔદ્યોગિક, અને વૈજ્ઞાનિક કેંદ્ર છે. દેશના લગભગ ૫૦ ટકા કામદારો ઉદ્યોગધંધાઓમાં કામ કરે છે અને ઔદ્યોગિક ઉત્પાદનમાં લગભગ ૬૦ ટકાનો ફાળો આપે છે, રેલ્વે, મોટર-માર્ગો, વિમાન વ્યવહાર, અને ડાન્યુબનો જળમાર્ગ બુદાપેસ્તને યુરોપનાં મોટામાં મોટાં વાહનવ્યવહાર મથકોમાં સ્થાન અપાવે છે. બુદાપેસ્ત સુંદર રીતે આયોજિત રમણીય શહેર છે. ડાન્યુબ નદી પાટનગરને બે ભાગમાં વહેંચી નાખે છે. ઊંચા મનોહર જમણા કિનારે બુદા અને નીચા ડાબા કિનારે પેસ્ત આવેલું છે. સરસ મઝાના પુલો શહેરના બે ભાગોને સાંકળી લે છે. પુરાણી અને આધુનિક ઈમારતોનો સમન્વય તેમ જ હરિયાળા તરુમાર્ગો સમાજવાદી હંગેરીના પાટનગરને અજોડ સુંદરતા બક્ષે છે.

હંગેરીની જનતા ભવ્ય ધ્યેયની સિદ્ધિ માટે, આગામી દસ-પંદર વર્ષોમાં દેશમાં વિકસિત સમાજવાદી સમાજનું નિર્માણ કરી લેવા માટે, ભારે ઉત્સાહથી જહેમતો કરી રહી છે.

રુમાનિયન સમાજવાદી પ્રજાસત્તાક

હિટલરપંથી ચડાઈખોરોની ઉપર સોવિયેત સેનાના વિજયોમાંથી પ્રેરણા પામીને રુમાનિયાની જનતાએ ૧૯૪૪માં લશ્કરી ફાસીવાદી સરમુખત્યારીને ઉથલાવી પાડી અને સમાજવાદી પંથે પોતાના દેશનો વિકાસ સુનિશ્ચિત બનાવ્યો. મૂળભૂત સામાજિક-આર્થિક પરિવર્તનોના પરિણામે રુમાનિયા પછાત ખેતીપ્રધાન દેશમાંથી વિકસિત ઉદ્યોગ અને ખેતીવાડી ધરાવતા રાજ્યમાં પલટાઈ ગયું છે. હાલ રુમાનિયાની જનતા વિકસિત સમાજવાદી સમાજના નિર્માણની જહેમતો અને સામ્યવાદની દિશામાં આગેકૂચ કરી રહી છે.

સમાજવાદી રુમાનિયા ડાન્યુબ તથા પ્રુથ નદીઓની વચ્ચે અને પૂર્વમાં કાળા સમુદ્રને કિનારે આવેલું છે. રુમાનિયા ભૌગોલિક દૃષ્ટિએ કાળા સમુદ્રના તેમ જ ડાન્યુબના વિસ્તારનું રાજ્ય છે. ક્ષેત્રફળ (૧૩૭૫૦૦ ચોરસ કિલોમીટર) અને વસતિની (૨૨ મિલિયનથી વધારે) દૃષ્ટિએ તે મધ્યમ કદનું યુરોપી રાજ્ય છે.

રુમાનિયાના વૈવિધ્યસભર પ્રાકૃતિક સંજોગો આર્થિક વિકાસના સંબંધમાં મોટે ભાગે સાનુકૂળ છે. સરહદી વિસ્તારો કાં તો નીચાણભૂમિના અથવા જરાક ઊંચા મેદાનપ્રદેશના છે. દક્ષિણ તથા દક્ષિણ-પૂર્વમાં ડાન્યુબની વિસ્તૃત નીચાણભૂમિ આવેલી છે અને દોબ્રુજાનો સૂકો ઉચ્ચપ્રદેશ તેને સમુદ્રથી અળગી

રાખે છે. સેરેત અને પ્રુથ નદીઓ વચ્ચેના દોઆબમાં મોલદોવા પહાડી પ્રદેશ આવેલો છે. ઊંચાણભૂમિમાં વનોની જમીન રતાશ પડતી છે, અને નીચાણભૂમિમાં ખૂબ ફળદ્રૂપ કાળી જમીન છે.

રુમાનિયાના લગભગ ત્રીજા ભાગના વિસ્તારમાં કાર્પેથિયન પર્વતમાળા ફેલાયેલી છે. કાર્પેથિયન મહેરાબના વળાંકમાં ગોળ શિખરવાળા પશ્ચિમ રુમાનિયન પર્વતો છે. એ પર્વતો અને કાર્પેથિયન પર્વતમાળાની વચ્ચે ટ્રાન્સીલવાનિયન ઉચ્ચપ્રદેશ પથરાયેલો છે. પર્વતોના ઢોળાવોમાં બીચ તથા કોનિફર વૃક્ષોનાં ગાઢ વનો આવેલાં છે. પહાડોના તથા તળેટીઓના વિસ્તારોમાં ઉપયોગી ખનીજોના ભંડારો છે. તેલના ભંડારોની બાબતમાં સોવિયેત સંઘને ન ગણવામાં આવે તો રુમાનિયા યુરોપમાં પ્રથમ સ્થાન ધરાવે છે. ટ્રાન્સીલવાનિયામાં કુદરતી ગૅસના નોંધપાત્ર ભંડારો છે. દેશની ધરતીમાંથી બીજાં ખનીજો પણ ખોદવામાં આવે છે, અને તેમાં કાચી લોહમય તથા બિનલોહ ધાતુઓ, સિંધાલૂણ, તથા કોલસા સામેલ છે.

રુમાનિયા આંતરિક જરૂરિયાતો માટે તેમ જ બહારના દેશો જોડે સંબંધો માટે આધુનિક સંચાર પદ્ધતિ ધરાવે છે. માલની કુલ હેરફેરમાંથી ૮૦ ટકા જેટલી રેલવે મારફત થાય છે. નવી સડકો અને મોટી પાઇપલાઈનો બંધાઈ રહી છે. રુમાનિયાની અંદર અથવા તેની સરહદો નજીક ૧૦૦૦ કિલોમીટરથી વધારે અંતરે વહેતી ડાન્યુબ નદી તેને ડાન્યુબ-રાજ્યો સાથે તેમ જ કાળા સમુદ્ર સાથે સાંકળે છે.

વિદેશો જોડે રુમાનિયાના સંબંધો બહુવિધ અને વિસ્તૃત છે. તે બહોળા વ્યાપની તેલ-પેદાશો, રસાયણ તેમ જ તેલ અને તેલ-શુદ્ધિકરણ ઉદ્યોગો માટેના પ્લાંટો, ખેતીની પેદાશો, ફળો, દ્રાક્ષ, અને મદ્યોની નિકાસ કરે છે. રુમાનિયાની આયાતમાં યંત્રસામગ્રી તથા પ્લાંટો, કાચું લોઢું, કોક, ગાળવેલી ધાતુ, કપાસ, અને વપરાશી માલ સામેલ છે.

મોટા પાયાનો ઉદ્યોગ અને સહકારી ખેતી મળીને રુમાનિયાનું સમાજવાદી અર્થતંત્ર બની રહે છે. અર્થતંત્રની મુખ્ય શાખા અંકિત કરતા ઉદ્યોગમાં લગભગ ૬૦ ટકા રાષ્ટ્રીય આવક પેદા થાય છે.

રુમાનિયાના ઉદ્યોગની બે વિકસિત શાખાઓ છે—પેટ્રોકેમિકલ અને ઍન્જિનિયરીંગ. ઈંધણ તથા કાચા માલની સ્થાનિક સાધનસંપત્તિનો ઉપયોગ કરતા ધાતુકર્મ, પાવર ઍન્જિનિયરીંગ, હળવા, ખોરાક, તથા બીજા ઉદ્યોગોનું વિસ્તરણ એકધારું થઈ રહ્યું છે.

પેટ્રોકેમિકલ ઉદ્યોગમાં પ્લોએસ્તી અને બીજા કાર્પેથિયન પ્રદેશોના તેલનો ઉપયોગ કરવામાં આવે છે. રુમાનિયામાં તેલનું ઉત્પાદન બીજા બધા યુરોપી સમાજવાદી દેશોના (સોવિયેત સંઘ સિવાય) કુલ ઉત્પાદન જેટલું થાય છે. તેના પેટ્રોકેમિકલ ઉદ્યોગમાં તેલની રિફાઈનરીઓ, પેટ્રોકેમિકલ કારખાનાં, તથા વિશેષીકૃત રસાયણિક ઉદ્યોગધંધાઓ સામેલ છે. ખનીજ ખાતર, રાસાયણિક તંતુ, પ્લાસ્ટિક, અને કૃત્રિમ રબરનું ઉત્પાદન મુખ્ય સ્થાન ધરાવે છે.

ઍન્જિનિયરીંગ ઉદ્યોગ દેશની યંત્રો તથા પ્લાંટોની ૬૬ ટકા જરૂરિયાત પૂરી કરે છે. ઍન્જિનિયરીંગ ઉદ્યોગની મુખ્ય શાખાઓમાંની એક તેલ ઉદ્યોગ માટે સરંજામના ઉત્પાદનની છે અને તે પ્લોએસ્તી તથા બ્રાસોવમાં કેંદ્રીકૃત છે. યંત્ર-નિર્માણ, મોટરવાહન, ટ્રેક્ટર, વિદ્યુત ઇજનેરી, અને ઍન્જિનિયરીંગ ઉદ્યોગની બીજી શાખાઓ તેમ જ નૌકાનિર્માણ મોટા મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

લોહમય ધાતુકર્મ ઉદ્યોગમાં વરસે ૯ મિલિયન ટનથી વધારે ભરતર લોખંડ અને ૧૩ મિલિયન ટનથી વધારે પોલાદનું ઉત્પાદન થાય છે. ડાન્યુબને કિનારે ગાલાતીમાં લોખંડ અને પોલાદનો પ્લાંટ બંધાઈ ગયો ત્યાર પછી લોહમય ધાતુઓના ઉત્પાદનમાં સારી પેઠે વધારો થયો છે. રુમાનિયામાં એલ્યુમિનિયમનું ઉત્પાદન શરૂ થઈ ગયું છે અને ત્રાંબું, સીસું, તથા બીજી બિનલોહ ધાતુઓનું ઉત્પાદન વધી રહ્યું છે.

સ્થાનિક સાધનસંપત્તિનો ઉપયોગ કરતા કાષ્ઠ, કાષ્ઠકર્મ, અને ગર તથા કાગળના ઉદ્યોગો દેશના અર્થતંત્રમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ખેતીવાડીના કાચા માલની પ્રક્રિયા કરતા ઉદ્યોગો, દાખલા તરીકે ખાંડ, ડબ્બાબંધ ખોરાક, મદ્ય, તથા લોટના ઉદ્યોગો, પણ વિકસી રહ્યા છે.

પાવર ઉદ્યોગમાં મોટે ભાગે ખનીજ તેલનો અને અમુક અંશે પહાડી નદીઓની હાઈડ્રો-પાવર સાધનસંપત્તિનો ઉપયોગ થાય છે. હાઈડ્રો-પાવર સ્ટેશનોમાં કાર્પેથિયન પર્વતમાળાના પૂર્વ ભાગમાં બાંધવામાં આવેલા બીસ્ત્રીત્સા નદીના લેનિન હાઈડ્રો-પાવર સ્ટેશનનો ઉલ્લેખ આવશ્યક છે. રુમાનિયા અને યુગોસ્લાવિયાએ મળીને ડાન્યુબના વિસ્તારમાં મોટી હાઈડ્રો-પાવર પદ્ધતિ "લોખંડી દ્વાર"નું નિર્માણ કર્યું છે, અને ડાન્યુબના હેઠવાસના વિસ્તારમાં સંયુક્ત પરિયોજનાનું હાઈડ્રો-પાવર સ્ટેશન "દ્વિતીય લોખંડી દ્વાર" બંધાઈ રહ્યું છે. રુમાનિયામાં વરસે કુલ ૭૦૦૦૦ મિલિયન કિલોવાટ-કલાક વીજળીનું ઉત્પાદન થાય છે.

રુમાનિયાના આર્થિક વિકાસમાં મુખ્ય વલણ ઉદ્યોગીકરણનું છે. વીજાણુ અને વિદ્યુત યંત્ર-ઇજનેરીના ક્ષેત્રમાં નોંધપાત્ર વિકાસ થયો છે. યંત્ર-ઓજારો તથા વિવિધ સરંજામના તેમ જ પોલાદ, પ્લાસ્ટિક, ખનીજ ખાતર, તથા રાસાયણિક તંતુઓના ઉત્પાદનમાં વધારો થયો છે. ઉદ્યોગીકરણના પરિણામે રાષ્ટ્રીય અર્થતંત્રની બધી શાખાઓમાં મૂળગામી પરિવર્તનો શક્ય બનશે.

અર્થતંત્રની મહત્ત્વની શાખા અંકિત કરતી સમાજવાદી ખેતીવાડીમાં અનાજની ખેતીનું વિશેષીકરણ સાધવામાં આવ્યું છે અને ઘઉં તથા મકાઈની ખેતી ઉપર ખાસ ધ્યાન આપવામાં આવે છે. પશુપાલનમાં મોટાં શિંગાળાં ઢોર, ડુક્કર, ઘેટાં, અને બકરાંનો ઉછેર સામેલ છે.

ઉદ્યોગીકરણનાં વર્ષો દરમિયાન રુમાનિયામાં કામદાર વર્ગની સંખ્યા લગભગ બમણી થઈ ગઈ છે. કિસાનો ઉત્પાદક સહકારીઓમાં સંકળાયેલા છે. જનતાના બુદ્ધિજીવીઓ અર્થતંત્ર, વિજ્ઞાન, તથા સંસ્કૃતિના વિકાસની પ્રવૃત્તિઓમાં જોમથી ભાગ લઈ રહ્યા છે.

દેશની વસતિમાં ૮૦ ટકાથી વધારે રુમાનિયનો અને લગભગ ૧૦ ટકા જેટલા હંગેરિયનો છે. એ ઉપરાંત જર્મનો, સર્બો, બલ્ગારિયનો, જિપ્સીઓ, અને રૂસી તથા ઉક્રાઈની વસાહતીઓના વંશજો પણ છે.

રુમાનિયાનું પાટનગર બુકારેસ્ત (વસતિ ૧૮ લાખથી વધારે) દેશનું સૌથી મોટું ઔદ્યોગિક, સાંસ્કૃતિક, અને વૈજ્ઞાનિક કેંદ્ર છે. શહેરમાં વિજ્ઞાન અકાદમી, યુનિવર્સિટી, મ્યુઝિયમો, તથા થિયેટરો છે. દેશના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાંથી પાંચમા ભાગ કરતાં વધારે બુકારેસ્તનાં પ્લાંટ-કારખાનાંમાં થાય છે.

બલ્ગારિયન લોક પ્રજાસત્તાક

૧૯૪૪માં બલ્ગારિયાના લોકોએ સોવિયેત સેનાની નિર્ણાયક મદદના આધારે દેશમાં રાજશાહીપંથી-ફાસીવાદી સરમુખત્યારીને ઉથલાવી પાડી અને મહેનતકશ લોકોની સત્તાની સ્થાપના કરી. ક્રાંતિએ બલ્ગારિયાના લાંબા અને ઘટનાસભર ઇતિહાસમાં વળાંક અંકિત કર્યો અને દેશમાં સમાજવાદી નિર્માણના યુગની શરૂઆત કરી. બલ્ગારિયા જનતાની સત્તાનાં વર્ષો દરમિયાન આર્થિક પછાત દશાને ખતમ કરીને વિકસિત ઉદ્યોગ, સામૂહિક ખેતીવાડી, તથા ઊંચાં સાંસ્કૃતિક ધોરણો ધરાવતા દેશમાં પલટાઈ ગયું. જનતાનું બલ્ગારિયા સમાજવાદી દેશોની બિરાદરીમાં પોતાનું સમુચિત સ્થાન ધરાવે છે.

બાલ્કન દ્વીપકલ્પના પૂર્વ ભાગમાં આવેલું બલ્ગારિયા પૂર્વથી પશ્ચિમે ૫૦૦ કિલોમીટર અને ઉત્તરથી દક્ષિણે ૩૦૦ કિલોમીટરના આંતરમાં પથરાયેલું છે. ઉત્તરના પવનને ઝીલતા લહેરીદાર ડાન્યુબ મેદાનપ્રદેશમાં બલ્ગારિયાના આંતરિક પ્રદેશો કરતાં વધારે સ્પષ્ટ ખંડીય આબોહવા જોવા મળે છે. નીચાણભૂમિનો મેદાનપ્રદેશ ધીરે ધીરે રીલા-રોડોપ પર્વતોના ઊંચા તથા પહાડી વિસ્તારોમાં પલટાઈ જાય છે ત્યાં આબોહવા એથીયે વધારે ખંડીય બની જાય છે. સમગ્ર દૃષ્ટિએ જોતાં, બલ્ગારિયા માફકસરની ખંડીય આબોહવાનો અને લાંબા તથા ગરમ ઉનાળાઓનો વિસ્તાર છે. ઊંચાણભૂમિને બાદ કરતાં બાકીના વિસ્તારમાં શિયાળામાં સખત ટાઢ જવલ્લે જ પડે છે. દેશમાં ત્રાંબું, સીસું, ઝીંક, તથા વિરલ ધાતુઓના તેમ જ તેલ, કુદરતી ગૅસ, કોલસા, કાચું લોઢું, તથા બીજાં ઉપયોગી ખનીજોના સારી પેઠે મોટા ભંડારો છે.

પૂર્વમાં કાળા સમુદ્રને કિનારે આવેલું બલ્ગારિયા બોસ્ફોરસ વાટે ભૂમધ્ય સમુદ્રમાં બારું ધરાવે છે અને વિશ્વ મહાસાગરની સંચાર પદ્ધતિમાં સંકળાયેલું છે. માલની કુલ હેરફેર અને મુસાફરોની આવજામાંથી અરધા ભાગની રેલવે મારફત થાય છે. મોટર વાહનવ્યવહાર તેમ જ ડાન્યુબના જળમાર્ગે જહાજોનો વ્યવહાર વિકસી રહ્યો છે.

જનતાની સત્તા ધરાવતું બલ્ગારિયા ઉદ્યોગ તથા ખેતીવાડીનો દેશ છે. તેની કુલ રાષ્ટ્રીય પેદાશના મોટા હિસ્સાનું ઉત્પાદન નવસ્થાપિત સમાજવાદી ઉદ્યોગમાં થાય છે.

આંતરરાષ્ટ્રીય સમાજવાદી શ્રમ વિભાજનમાં બલ્ગારિયાએ વિદ્યુત ઇજનેરી ઉદ્યોગની ચીજો, માલ લાદવાનો તથા પહોંચાડવાનો સરંજામ, અને બાગાયતનાં યંત્રોના ઉત્પાદનનું વિશેષીકરણ સાધ્યું છે. જમીન તથા આબોહવાના સંબંધમાં સાનુકૂળ સંજોગો ધરાવતું અને ગ્રામવિસ્તારોની વસતિના અનુભવનો ઉપયોગ કરતું બલ્ગારિયા તાજાં તેમ જ ડબ્બાબંધ ટમેટાં, દ્રાક્ષ, શાકભાજી, તથા ફળોની નિકાસનું મોટું મથક બની ગયું છે. સમાજવાદી એકીકરણ, વિશેષીકરણ, અને બીજા દેશો જોડે સહકારના અધિક વિકાસથી દેશના અર્થતંત્રની સુધારણા તથા સામાન્ય ઉત્કર્ષને પ્રવેગ મળે છે.

બલ્ગારિયાના અર્થતંત્રમાં અગત્યનું સ્થાન ધરાવતા ઍન્જિનિયરીંગ ઉદ્યોગની પેદાશોમાં વિદ્યુત તથા ડીઝલ ઍન્જિનો, ટ્રાન્સફૉર્મરો, સ્ટોરેજ બેટરીઓ, ધાતુ કાપવાનાં યંત્ર-ઓજારો, અને વિવિધ યંત્રસામગ્રી સામેલ છે. 'બાલ્કનકાર' રાજ્ય મંડળની યાદીમાં સામેલ કોડીબંધ ઉદ્યોગધંધાઓ ૬૦થી વધારે દેશોને

ફોર્ક-ટ્રકો (થપ્પી લગાવવાની તથા લાદવાની કામગીરી કરતી ટ્રકો) મોકલે છે. હાલ દેશમાં લૉરીઓ, મોટરગાડીઓ, અને નાની ડમ્પ-લૉરીઓના ઉત્પાદનની સંઘટના થઈ રહી છે. દેશની યંત્રો તથા સરંજામની ૬૦ ટકા જરૂરિયાત ઍન્જિનિયરીંગ ઉદ્યોગના ઉત્પાદનથી પૂરી થઈ જાય છે, અને બાકીની ૪૦ ટકા જરૂરિયાત માટે સોવિયેત સંઘ અને બીજા સમાજવાદી દેશોમાંથી આયાત કરવામાં આવે છે.

સોફિયા નજીક પ્રમાણમાં વિપુલ લોહધાતુ ભંડારોની (૨૫૦ મિલિયન ટન) પાસે બાંધવામાં આવેલા અને તાજેતરમાં વિસ્તારવામાં આવેલા ક્રેમીકોવ લોખંડ અને પોલાદ પ્લાંટમાં તેમ જ બીજાં કારખાનાંમાં વરસે બે મિલિયન ટન ભરતર લોખંડ અને ત્રણ મિલિયન ટન પોલાદનું ઉત્પાદન થાય છે. દેશના બિનલોહ ધાતુ ઉદ્યોગમાં વાર્ષિક ૩૬૦૦૦ ટન સીસાનું, ૭૫૦૦૦ ટન ઝીંકનું, અને ત્રાંબાના તથા બીજી ધાતુઓના વિશાળ જથ્થાઓનું ઉત્પાદન થાય છે.

રસાયણ ઉદ્યોગે વિકાસ પામીને દેશના અર્થતંત્રની મહત્ત્વની શાખાનું સ્થાન લઈ લીધું છે. તેના ઉદ્યોગધંધાઓમાં બુર્ગાસનું કૃત્રિમ રબરનું કારખાનું, સ્તારા-ઝાગોરાનું નાઇટ્રોજન ખાતરનું કારખાનું, અને વાર્ના નજીક દેવ્ન્યાનું ખનીજ ખાતરનું કારખાનું સામેલ છે. બુર્ગાસ અને પ્લેવેન સોવિયેત તેલના તથા બલ્ગારિયાના પોતાના તેલના શુદ્ધિકરણનાં મોટાં મથકો છે. બલ્ગારિયાનાં તેલક્ષેત્રો ઉત્તર-પૂર્વમાં વાર્ના નજીક આવેલાં છે. લિગ્નાઈટના ખોદાણ ઉપર ગંભીર ધ્યાન અપાઈ રહ્યું છે. ખુલ્લી ખાણોનો પૂર્વ મારિત્સા વિસ્તાર દેશના મુખ્ય કોલસા મથક તરીકે વિકસી રહ્યો છે. એ પ્રદેશમાં 'મારિત્સા-વોસ્તોક' ઈંધણ અને પાવર સંકુલ બંધાઈ રહ્યું છે.

બલ્ગારિયાનાં પાવર સ્ટેશનોમાં વરસે ૩૫૦૦૦ મિલિયન કિલોવાટ-કલાકથી વધારે, અથવા તુર્કી અને ગ્રીસના સંયુક્ત ઉત્પાદનથી વધારે, વીજળી પેદા થાય છે. ડાન્યુબને કિનારે કોઝ્લોદુઈ નજીક એક પરમાણુ પાવર સ્ટેશન સોવિયેત સંઘની મદદના આધારે બંધાઈ રહ્યું છે. બીજું પરમાણુ પાવર સ્ટેશન ડાન્યુબને કિનારે બેલેને શહેર નજીક બંધાઈ રહ્યું છે.

દેશની મોટા ભાગની ખેતી-પેદાશ વિશાળ સહકારી તથા રાજ્ય ખેતરોમાં થાય છે. બલ્ગારિયાના ખેડૂતો સારા વરસમાં ત્રણ મિલિયન ટન ઘઉં સમેત લગભગ ૮ મિલિયન ટન અનાજનો પાક લણે છે. અનાજની ખેતીનો મુખ્ય વિસ્તાર ડાન્યુબના કિનારે મેદાની પ્રદેશનો છે. દ્રાક્ષ, ફળો, અને શાકભાજી તો લગભગ આખા દેશમાં ઉગાડવામાં આવે છે. ઉપરવાસ થ્રાકિયાન

નીચાણભૂમિનાં અને સ્રુમા તથા મેસ્તા ખીણોનાં ખેતરોમાં વરસે ૨.૫ મિલિયન ટન દ્રાક્ષ તથા ફળો અને ૧.૬ મિલિયન ટનથી વધારે શાકભાજી તેમ જ ગણનાપાત્ર જથ્થામાં ઉત્તમ કોટિની તમાકુ પેદા થાય છે. બલ્ગારિયાની નિકાસની યાદીમાં તમાકુનું સ્થાન મોખરે છે. પશુપાલનનો (મોટાં ઢોર અને ઘેટાંબકરાં) તેમ જ મરઘાંબતકાંના ઉછેરનો વિકાસ એકધારો થઈ રહ્યો છે. ખેતીવાડી-ઔદ્યોગિક સંકુલોની સ્થાપનાથી ખેતીવાડીની અધિક પ્રગતિ સુનિશ્ચિત બની રહી છે.

બોલાતી અને લખાતી ભાષા તેમ જ સંસ્કૃતિની દૃષ્ટિએ રૂસી પ્રજાના સંબંધીઓ બની રહેતા બલ્ગારિયનો દેશની વસતિમાં બહુસંખ્યા ધરાવે છે. રાષ્ટ્રીય લઘુસંખ્યાઓમાં તુર્કો, જિપ્સીઓ, તથા આર્મેનિયનો સામેલ છે.

સમાજવાદના વિજયના પરિણામે વસતિના સામાજિક સંયોજનમાં મૂળભૂત પરિવર્તનો થયાં અને મૂડીદારોનો વર્ગ નાબૂદ થઈ ગયો. બલ્ગારિયાનું મુખ્ય સામાજિક પરિબળ બે મિલિયનની સંખ્યા ધરાવતા કામદાર વર્ગનું છે. કામદાર વર્ગ સહકારીઓમાં સંકળાયેલા કિસાનો જોડે એકસંપીના સંજોગોમાં સમાજવાદનું નિર્માણ કરી રહ્યો છે. જનતાના બુદ્ધિજીવીઓ સમાજવાદી નિર્માણમાં સક્રિય ભાગ લઈ રહ્યા છે.

દેશના પાટનગર અને સૌથી મોટા શહેર સોફિયાનું (વસતિ લગભગ એક મિલિયન) આધુનિકીકરણ તથા વિસ્તરણ થઈ રહ્યું છે. તે બલ્ગારિયાનું મુખ્ય ઔદ્યોગિક, વૈજ્ઞાનિક, તથા સાંસ્કૃતિક કેંદ્ર છે. શહેરના સ્થાપત્ય અને આયોજનમાં પુરાતન અને નૂતનનો સુભગ સમન્વય સાધવામાં આવ્યો છે. શહેરના મધ્ય ભાગમાં ગેઓર્ગી દિમિત્રોવનું માઉસોલિયમ છે. ચોકચૌટાઓમાં બલ્ગારિયા તથા રશિયાના ગૌરવમય સુપુત્રોનાં સંખ્યાબંધ સ્મારકો છે. તેમાં ગઈ સદીમાં બલ્ગારિયાને મુક્તિ અપાવનારા રૂસીઓની યાદમાં બાંધવામાં આવેલું અલેક્ઝાન્દર નેવ્સ્કી ચર્ચ અને સ્વોબોદા (આઝાદી) બાગમાં સોવિયેત સિપાહીઓનું સ્મારક સામેલ છે.

બલ્ગારિયન લોક પ્રજાસત્તાક એકધારા અને સમતોલ વિકાસ તેમ જ દેશમાં સમાજવાદી જીવન પદ્ધતિની સ્થાપનાના આધારે જનતાની ભૌતિક તથા સાંસ્કૃતિક જરૂરિયાતોને વધારેમાં વધારે સંતોષવાની પૂરી જહેમતો કરી રહ્યું છે.

યુગોસ્લાવ સમવાયી સમાજવાદી પ્રજાસત્તાક

સમાજવાદી યુગોસ્લાવિયાની સ્થાપના હિટલરના જર્મની ઉપર સોવિયેત સેનાના વિજયના, યુગોસ્લાવ પ્રજાના પરાક્રમી રાષ્ટ્રીય મુક્તિ સંઘર્ષના, અને

ફાસીવાદી ચડાઈખોરોના કબજામાંથી બાલ્કનપ્રદેશની મુક્તિના પરિણામે થઈ હતી.

૨૫૬ ૦૦૦ ચોરસ કિલોમીટરનું ક્ષેત્રફળ ધરાવતા દેશનો મોટો ભાગ ડાન્યુબ નદીના વિસ્તારમાં પથરાયેલો છે. ડાન્યુબ નદીનો પ્રવાહ યુગોસ્લાવિયાની ધરતીમાં લગભગ ૬૦૦ કિલોમીટરના અંતરને આવરી લે છે. યુગોસ્લાવિયા આડ્રિયાટિક સમુદ્રની ૨૦૦૦ કિલોમીટરથી વધારે લાંબી તટરેખા પણ ધરાવે છે. આડ્રિયાટિક તેમ જ ડાન્યુબ રાજ્ય બની રહેતું યુગોસ્લાવિયા આંતરરાષ્ટ્રીય સંચાર માર્ગોએ મહત્ત્વનું ભૌગોલિક સ્થાન ધરાવે છે. યુરોપના મહત્ત્વના કેટલાક જમીન તથા વિમાન માર્ગોનો સંગમ યુગોસ્લાવિયાના પ્રદેશમાં થાય છે.

યુગોસ્લાવિયા મોટે ભાગે પહાડી પ્રદેશ છે અને પ્રકૃતિ તથા આબોહવાના સંબંધમાં બહુવિધ સંજોગો તેમ જ વિપુલ કુદરતી સાધનસંપત્તિ ધરાવે છે. ઉત્તર-પૂર્વ ભાગમાં મધ્ય ડાન્યુબ મેદાનપ્રદેશ તથા નીચાણભૂમિ દેશના કુલ વિસ્તારના ત્રીજા ભાગને આવરી લે છે. બાકીનો વિસ્તાર ઊંચાણભૂમિનો છે. આબોહવા આર્થિક વિકાસ માટે સાનુકૂળ છે. યુગોસ્લાવિયાના ત્રીજા ભાગમાં લીલોતરીના તથા કોનિફરસ વનોના મોટા વિસ્તારો પથરાયેલા છે. દેશનાં સંખ્યાબંધ પહાડી સરિતા-સરોવરોમાં પુષ્કળ હાઈડ્રો-પાવર સાધનસંપત્તિ સમાયેલી છે.

ઉપયોગી ખનીજોના ભંડારોની વિપુલતા અને વિવિધતાની દૃષ્ટિએ યુગોસ્લાવિયા યુરોપના વધારેમાં વધારે સમૃદ્ધ સમાજવાદી દેશોમાં (સોવિયેત સંઘ સિવાયના) સ્થાન ધરાવે છે. હંગેરીની જેમ યુગોસ્લાવિયામાં પણ બોક્સાઈટના વિશાળ ભંડારો છે. પહાડી વિસ્તારોમાં ત્રાંબું, સીસું, ઝીંક, ક્રોમિયમ, ટંગ્સ્ટન, પારો, તથા એન્ટીમનીના મોટા ભંડારો શોધી કાઢવામાં આવ્યા છે. કાચું લોઢું, કોલસા, તેલ, અને કુદરતી ગેસના ભંડારો સરખામણીમાં બહુ નાના છે.

યુગોસ્લાવિયાની વસતિ ૨૨ મિલિયનથી વધારે છે. મોટા ભાગની વસતિ દક્ષિણી સ્લાવ રાષ્ટ્રોની છે: સર્બ — ૮ મિલિયનથી વધારે, ક્રોટ — લગભગ ૪.૫ મિલિયન, સ્લોવીન — લગભગ બે મિલિયન, મેસિડોનિયન — એક મિલિયનથી વધારે, અને બોસ્નિયન તથા મોન્તેનેગ્રીન. કુલ વસતિમાં તેમનો હિસ્સો લગભગ ૯૦ ટકા જેટલો છે. બાકીની વસતિ રાષ્ટ્રીય લઘુસંખ્યાઓની છે: આલ્બેનિયન, હંગેરિયન, બલ્ગારિયન, સ્લોવાક, ઝેક, રશિયન, ઉક્રાઈનિયન, રુમાનિયન, અને ઈટાલિયન. લઘુસંખ્યાઓ મુખ્યત્વે સરહદી વિસ્તારોમાં વસેલી છે. મેસિડોનિયા અને સ્લોવીનિયાને બાદ કરતાં રાજ્યની મુખ્ય ભાષા સર્બો-ક્રોટ છે.

બહુરાષ્ટ્રીય યુગોસ્લાવિયા સમવાયી સમાજવાદી પ્રજાસત્તાક છે. તેમાં છ

સમાન પ્રજાસત્તાકો સંકળાયેલાં છે: સર્બિયા, ક્રોટિયા, સ્લોવીનિયા, બોસ્નિયા તથા હેર્ઝેગોવિના, મેસિડોનિયા, અને મોન્તેનેગ્રો. સર્બિયન પ્રજાસત્તાકમાં બે સ્વાયત્ત પ્રદેશો સામેલ છે—હંગેરિયનોની વસતિ ધરાવતો વોયેવોદિના પ્રદેશ અને આલ્બેનિયનોની વસતિ ધરાવતો કોસોવો પ્રદેશ.

યુગોસ્લાવિયા તેમ જ બાલ્કન પ્રદેશનાં મોટામાં મોટાં ઔદ્યોગિક તથા વાહનવ્યવહાર કેંદ્રોમાં સ્થાન ધરાવતું બેલગ્રેડ શહેર એકીસાથે યુગોસ્લાવિયા તથા સર્બિયાનું પાટનગર છે. આધુનિક બેલગ્રેડ ડાન્યુબના કિનારાપ્રદેશનાં અત્યંત સુંદર શહેરોમાંનું એક છે.

અગાઉ યુરોપના પછાત વિસ્તારમાં સામેલ યુગોસ્લાવિયા જનતાની સત્તાની સ્થાપના પછી વિકાસ પામીને આધુનિક ઉદ્યોગ તથા ખેતીવાડી ધરાવતા દેશમાં પલટાઈ ગયું છે. દેશની રાષ્ટ્રીય આવકમાં ઉદ્યોગ ૫૦ ટકાનો અને ખેતીવાડી લગભગ ૩૦ ટકાનો ફાળો આપે છે.

યુગોસ્લાવિયાનાં અખબારોમાં લેવાતી નોંધ મુજબ, યુગોસ્લાવિયન પ્રજાસત્તાકોના પાર્થક્ય, આંતરિક બજારની અસ્થાયી દશા, વ્યાપારની સમતુલા તથા ચુકવણીની સમતુલામાં ખાધ, અને વિદેશી રાજ્યોનાં જબરજસ્ત લેણાંને લીધે દેશના અર્થતંત્રનો વિકાસ અવરોધાય છે.

તાજેતરનાં વર્ષોમાં ઍન્જિનિયરીંગે ઉદ્યોગની અગત્યની શાખાનું સ્થાન લઈ લીધું છે. યુગોસ્લાવિયામાં યુદ્ધ પહેલાં મોટરવાહન ઉદ્યોગ હતો જ નહિ, પરંતુ હવે મોટરગાડીઓ તથા ટ્રકોનું ઉત્પાદન થાય છે. ટ્રૅક્ટરનાં કારખાનાંમાં દર વરસે હજારો ટ્રૅક્ટરો બને છે. નૌકાનિર્માણ તેમ જ વિદ્યુત ઇજનેરી, રેડિયો, તથા વીજાણુ ઉદ્યોગોનું અને ઍન્જિનિયરીંગની બીજી શાખાઓનું વિસ્તરણ થઈ રહ્યું છે. તેલનું ઉત્પાદન લગભગ ૪ મિલિયન ટનની કક્ષાએ પહોંચી ગયું છે. દેશમાં વરસે કુલ ૬૦૦૦૦ મિલિયન કિલોવાટ-કલાક વીજળીનું ઉત્પાદન થાય છે, અને તેમાંથી મોટા ભાગની વીજળી પહાડી નદીઓના હાઈડ્રો-પાવર સ્ટેશનોમાં પેદા થાય છે.

ખાણ અને બિનલોહ ધાતુ ઉદ્યોગોનું ઘડતર વાસ્તવમાં શૂન્યમાંથી કરવામાં આવ્યું છે. સારાયેવો નજીક ઝેનીત્સામાં, સીસાકમાં, અને બીજાં શહેરોમાં બાંધવામાં આવેલા પ્લાંટોમાં વરસે બે મિલિયન ટનથી વધારે ભરતર લોખંડ અને લગભગ ચાર મિલિયન ટન પોલાદનું ઉત્પાદન થાય છે. ત્રાંબું, ઝીંક, સીસું, ઍલ્યુમિનિયમ, અને બીજી ધાતુઓનું ઉત્પાદન વધી રહ્યું છે.

રસાયણ ઉદ્યોગ દેશના ઔદ્યોગિક સંકુલમાં અગત્યનું સ્થાન લઈ રહ્યો છે.

યુગોસ્લાવિયામાં ખનીજ ખાતર, રાસાયણિક તંતુઓ, તથા પ્લાસ્ટિક બને છે અને બીજી વસ્તુઓનું ઉત્પાદન વધ્યું છે. બંદરોમાં તેલની પ્રક્રિયાની સંઘટના કરવામાં આવી છે.

સ્લોવીનિયા, બોસ્નિયા તથા હેર્ઝેગોવિના, અને ક્રોટિયામાં વિપુલ વનસમૃદ્ધિના વિસ્તારોમાં કાષ્ઠ, કાષ્ઠકર્મ, અને ગર તથા કાગળ ઉદ્યોગો સ્થાપવામાં આવ્યા છે. ફર્નિચર તથા બીજી વસ્તુઓ નિકાસમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

યુગોસ્લાવિયામાં ખેતીવાડીની મોટા ભાગની પેદાશ ખાનગી ક્ષેત્રમાં થાય છે. સમાજવાદી ક્ષેત્રમાં ખેતીવાડીનાં સંકુલો, રાજ્ય સંચાલિત ખેતરો, અને થોડીક ખેતીવાડી સહકારીઓ સામેલ છે.

ખેતીવાડીમાં મુખ્ય વહેણ ઘઉં (વાર્ષિક ૪-૫ મિલિયન ટન) અને મકાઈના (વાર્ષિક ૮ મિલિયન ટન) પાકનું છે. મુખ્ય ઔદ્યોગિક પાક સાકર-બીટ (વરસે ૩-૪ મિલિયન ટન), શણ તથા સૂરજમુખી, અને તમાકુના (વરસે ૫૦૦૦૦ ટનથી વધારે) છે. સર્બિયા અને ક્રોટિયામાં ફળો અને દ્રાક્ષનું ઉત્પાદન બહોળા પાયા પર થાય છે.

ભવિષ્યમાં યુગોસ્લાવિયાના અધિક વિકાસની બાંયધરી સમાજવાદી બિરાદરીના દેશો જોડેના આર્થિક સંબંધોને વધારે મજબૂત બનાવવાની તથા વિસ્તારવાની બાબતમાં છે.

આલ્બેનિયન લોક સમાજવાદી પ્રજાસત્તાક

બાલ્કન દ્વીપકલ્પમાં આવેલું આલ્બેનિયા નાનકડું યુરોપી સમાજવાદી રાજ્ય છે. દેશનું ક્ષેત્રફળ ૨૯૦૦૦ ચોરસ કિલોમીટર અને વસતિ ૨.૫ મિલિયન છે. તેની પશ્ચિમ સરહદે આડ્રિયાટિક સમુદ્રનો કિનારો છે અને ઓત્રાન્તોની ખાડી તેને ઇટાલીથી નોખું પાડે છે. આલ્બેનિયા ભૂમધ્ય સમુદ્રના વિસ્તારમાં ખાસ મહત્ત્વનું સ્થાન ધરાવે છે કારણ કે યુગોસ્લાવિયા તથા ગ્રીસ સાથેની તેની સરહદો મુખ્યત્વે પર્વતમાળાની જોડાજોડ છે અને પહાડી પ્રદેશને પાર કરતી રેલવેનો બંદોબસ્ત નથી.

યુદ્ધ પૂર્વેનું આલ્બેનિયા યુરોપના બીજા દેશોથી વાસ્તવમાં અળગું પડી ગયેલું એકાકી રાજ્ય હતું અને યુરોપના અત્યંત પછાત સરહદી વિસ્તારોમાં સામેલ હતું. આલ્બેનિયામાં લાંબા વખત સુધી તુર્કીઓનું વર્ચસ્વ રહ્યું હતું. બીજા વિશ્વયુદ્ધમાં ફાસીવાદી ચડાઈખોરોએ તેને કબજે કરી લીધું હતું. ૧૯૪૪માં

ફાસીવાદી લશ્કરોને દેશમાંથી હાંકી કાઢવામાં આવ્યાં અને આલ્બેનિયા મુક્ત થઈ ગયું.

જનતાની સત્તાનાં વર્ષો દરમિયાન સોવિયેત સંઘ તથા બીજા સમાજવાદી દેશોની બહોળી મદદના સુફળ રૂપે સામાજિક-આર્થિક રૂપાંતરો અમલમાં મૂકીને દેશનો આર્થિક તથા સાંસ્કૃતિક વિકાસ સુનિશ્ચિત બનાવવામાં આવ્યો. સોવિયેત સંઘ અને બીજાં સમાજવાદી રાજ્યો સાથેના સહકારમાં ભંગાણથી આલ્બેનિયામાં સમાજવાદી નિર્માણ ઉપર માઠી અસર પડી.

આધુનિક આલ્બેનિયા ખેતી-ઉદ્યોગનો દેશ છે. રાષ્ટ્રીય આવકમાં ૪૦ ટકાનો ફાળો આપતી ખેતીવાડી અર્થતંત્રની મહત્ત્વની શાખા છે. ઘઉં, મકાઈ, શાકભાજી, કઠોળ, સાકર-બીટ, અને તમાકુની ખેતી થાય છે. દેશમાં સંખ્યાબંધ ફળવાડીઓ તથા દ્રાક્ષવાડીઓ છે, અને સિટ્રસ ફળો તથા ઓલીવના પાક થાય છે. પશુપાલનના ક્ષેત્રમાં મુખ્ય વહેણ ઘેટાંબકરાંના ઉછેરનું છે.

આલ્બેનિયાના ઔદ્યોગિક વિકાસ દરમિયાન ઠીકઠીક મોટા ખાણ ઉદ્યોગનું ઘડતર થયું છે. દેશમાં તેલનું (વરસે લગભગ બે મિલિયન ટન) તેમ જ બિટ્યુમેન તથા કોલસાનું અને કાચા ક્રોમિયમ તથા] નિકલનું ઉત્પાદન થાય છે. હળવા અને ખોરાક ઉદ્યોગો કુલ ઔદ્યોગિક પેદાશમાં ૬૦ ટકાથી વધારે ફાળો આપે છે.

પાટનગર તીરાના ઔદ્યોગિક કેંદ્ર છે. બીજા વિશ્વયુદ્ધ પછી બાંધવામાં આવેલી રેલવે તીરાનાને આડ્રિયાટિક સમુદ્રના દુરેસ બંદર સાથે સાંકળે છે. આલ્બેનિયા એ બંદર મારફત બીજા દેશો જોડે સંબંધો રાખે છે.

એશિયાના સમાજવાદી દેશો

સોવિયેત સંઘ એશિયાના સમાજવાદી દેશો જોડે ૧૧૦૦૦ કિલોમીટર લાંબી સહિયારી સરહદ ધરાવે છે. માત્ર વિયેતનામ સમાજવાદી પ્રજાસત્તાક અને લાઓસ જન લોકશાહીવાદી પ્રજાસત્તાકની સરહદો સોવિયેત સંઘ જોડે સહિયારી નથી. એશિયાના સમાજવાદી દેશો ખંડના પૂર્વ તથા દક્ષિણ-પૂર્વ ભાગમાં આવેલા છે અને પ્રશાંત મહાસાગરની લાંબી તટરેખા ધરાવે છે.

એશિયાના સમાજવાદી દેશો પારાવાર કુદરતી અને માનવશક્તિ સંબંધી સાધનસંપત્તિ ધરાવે છે. એ સાધનસંપત્તિ તેમને માટે આર્થિક અને સાંસ્કૃતિક વિકાસની બહોળી સંભાવનાઓ રજૂ કરે છે.

મોંગોલિયન લોક પ્રજાસત્તાક

૧.૫ મિલિયન ચોરસ કિલોમીટરનું ક્ષેત્રફળ ધરાવતું મોંગોલિયા ભૌગોલિક દૃષ્ટિએ એશિયાના લગભગ બરાબર મધ્ય ભાગમાં આવેલું છે. પ્રજાસત્તાકના મોટા ભાગના વિસ્તારમાં પહાડો અને ઉચ્ચપ્રદેશો છે. દેશમાં નૈસર્ગિક સુંદરતાની રેલમછેલ છે પરંતુ આબોહવા અને પ્રકૃતિના સંજોગો મુશ્કેલ છે.

મોંગોલિયાની આબોહવા સારી પેઠે આકરી છે. શિયાળા લાંબા હોય છે, સખત ટાઢ પડે છે, તાપમાન ઘણી વાર માઈનસ ૪૦ ડિગ્રી સેન્ટીગ્રેડ જેટલું નીચે ઊતરી જાય છે. ઉનાળામાં તાપમાન વધીને ૪૦ ડિગ્રી સેન્ટીગ્રેડ સુધી પહોંચી જાય છે. પ્રજાસત્તાકમાં અફાટ હરિયાળાં ચરાણો છે, નદીઓ અને સરોવરોમાં મૂલ્યવાન જાતિઓનાં માછલાં પુષ્કળ પ્રમાણમાં હોય છે. મોંગોલિયા બહુવિધ વનસ્પતિઓ તથા પ્રાણીઓ ધરાવે છે, અને દેશમાં કોલસા, કાચું લોઢું, સોનું, ત્રાંબું, સીસું, ટિન, ટંગ્સ્ટન, તથા ફ્લુઓરાઇટના સાબિત થઈ ચૂકેલા ભંડારો છે.

મોંગોલિયામાં વસતા સાધારણ માલધારી લોકો સદીઓ સુધી સામંતી અને સાંસ્થાનિક ગુલામીમાં સબડતા રહ્યા હતા. પરદેશી વેપારીઓ અને સ્થાનિક સામંતી ઉમરાવો લોકોને નિર્દયતાથી લૂંટતા રહેતા. વીસમી સદીના આરંભમાં કહેવાતા સ્વાયત્ત મોંગોલિયન રાજ્યની સ્થાપના પછી પણ પ્રજા ધીરે ધીરે વિલયની દિશામાં ધકેલાઈ રહી હતી.

સોવિયેત રશિયાના ટેકા અને મદદના આધારે કરવામાં આવેલી પ્રજાકીય ક્રાંતિના પરિણામે મોંગોલિયાની જનતાને આઝાદી અને નવી જિંદગી સાંપડી. રશિયાની ઑક્ટોબર સમાજવાદી ક્રાંતિએ મોંગોલિયન પ્રજાના મુક્તિ સંઘર્ષ ઉપર જોરદાર અસર પાડી અને તેના આગેવાન સુખે-બાતોરના વિશ્વ દૃષ્ટિકોણના ઘડતરમાં મદદ કરી. સુખે-બાતોરે ૧૯૨૦માં ઈર્કુત્સ્કમાં રૂસી કોમ્યુનિસ્ટ પાર્ટીના સંમેલનમાં બોલતી વેળા જાહેર કરેલું કે મોંગોલિયાના વેરાન વિસ્તારોમાં સ્થાનિક ધર્મતંત્રીય સામંતી ઉમરાવો, ચીની લશ્કરવાદીઓ, અને વિશ્વ મૂડીની ગુલામીમાં સબડતા માલધારીઓએ પાર્ટીની અપીલ સાંભળી છે. તેણે જણાવેલું કે "પૂર્વની પ્રજાઓ જાગૃત થઈ રહી છે. રૂસી સામ્યવાદી ક્રાંતિએ પૂર્વમાં ક્રાંતિની જ્વાળાઓ પેટાવી છે."

મોંગોલિયન ક્રાંતિની પરિસમાપ્તિ ૧૯૨૧ના જુલાઈમાં થઈ. મોંગોલિયન લોક પ્રજાસત્તાકે વિકાસની મૂડીવાદી કક્ષાને બાજુએ રહેવા દઈને સીધું સમાજવાદી

નિર્માણ શરૂ કરનારા દુનિયાના પ્રથમ દેશનું સ્થાન લીધું. મોંગોલિયામાં જનતાની સત્તાની સ્થાપના પછી આર્થિક પછાત દશાને ખતમ કરી નાખવામાં આવી છે અને ગહનગામી સામાજિક-આર્થિક સુધારાઓ અમલમાં મૂકવામાં આવ્યા છે, તેના પરિણામે સર્વસામાન્ય એક સમાજવાદી અર્થતંત્રની સ્થાપના થઈ છે અને લોકોના જીવનધોરણ તથા સાંસ્કૃતિક સ્તરનો ભારે ઉત્કર્ષ થયો છે.

મોંગોલિયાની વસતિ ૧.૫ મિલિયનથી વધારે છે. મોંગોલિયામાં અગાઉ વસતિમાં લગાતાર ઘટાડો થતો હતો પરંતુ હવે ઝડપી કુદરતી વધારો થઈ રહ્યો છે. જનતાની સત્તાની સ્થાપના પહેલાં દેશમાં તબીબી બંદોબસ્ત, શબ્દોના આધુનિક અર્થમાં તબીબી બંદોબસ્ત, બિલકુલ હતો જ નહિ, પરંતુ હવે વસતિના દર ૧૦૦૦૦ માણસો દીઠ ૨૦ ડૉક્ટરો છે.

વર્તમાન મોંગોલિયા ચેતનમય વિકાસ પામતું રાજ્ય છે, આધુનિક બહુસ્તરીય અર્થતંત્ર તથા ખીલતી સંસ્કૃતિ ધરાવે છે, અને લોકોની સુખાકારી નિરંતર વધી રહી છે.

મોંગોલિયન લોક પ્રજાસત્તાકના અર્થતંત્રમાં ખેતીવાડી આધારના સ્થાને છે. વસતિના સશક્ત લોકોમાંથી ૪૦ ટકા જેટલા ખેતીવાડીમાં કામ કરે છે. મોંગોલિયન ખેતીવાડી નવા સામાજિક અને ટેકનિકલ આધારે વિકાસ પામી રહી છે. અગાઉના ભમતા માલધારીઓ ખેતીવાડીનાં સહકારી મંડળોમાં જોડાઈ ગયા છે અને ભેગા મળીને કામ કરે છે. મોંગોલિયામાં સેંકડો ખેતીવાડી સહકારીઓની જોડાજોડ કોડીબંધ રાજ્ય ખેતરો સ્થાપવામાં આવ્યાં છે. સમાજવાદી ખેતીવાડીમાં હજારો ટ્રેક્ટરો, અનાજની કાપણીનાં યંત્રો, અને બીજાં ખેતીવાડી યંત્રોનો ઉપયોગ થાય છે.

મોંગોલિયાના પરંપરાગત વ્યવસાય પશુપાલનમાં ઘેટાંબકરાં અને ઊંટ, ઘોડા, અને ઢોરના ઉછેરનું વિશેષીકરણ સાધવામાં આવ્યું છે. વસતિના માથા દીઠ ઢોરઢાંખરની સંખ્યાની બાબતમાં મોંગોલિયા સમાજવાદી દેશોમાં મોખરાનું સ્થાન ધરાવે છે. નિકાસની વસ્તુઓમાં પશુપાલનની પેદાશો મુખ્ય સ્થાન ધરાવે છે.

ઢોરઉછેરનું કામ હંમેશની જેમ રખડપટ્ટીનું છે, ગોવાળિયાઓ ઢોરનાં ધણોને હાંકતા એક પછી એક ચરાણમાં લઈ જાય છે. પરંતુ હવે તેમાં એક નવું તત્ત્વ ઉમેરાયું છે. ખેતીવાડીનાં સહકારી મંડળોનાં કેંદ્રીય મથકોમાં પશુપાલકો તથા તેમનાં કુટુંબોને રહેણાક-શાળાઓ, વિશ્રામગૃહો, તાત્કાલિક તબીબી મદદનાં કેંદ્રો, ક્લબો, તથા બીજી સાર્વજનિક સેવાઓનો લાભ મળે છે. કુદરતના તરંગો ઉપર પશુપાલનનું અવલંબન એકધારું ઘટતું જાય છે. રાજ્યનાં યંત્ર તથા

પશુપાલન મથકો શિયાળામાં ઢોરને ખવડાવવા માટે પૂરતા પ્રમાણમાં ખડ તથા ખાણ સંઘરી રાખે છે. ચરાણોમાં કૂવા ખોદવામાં આવે છે અને શિયાળાના ઠારથી ઢોરને બચાવવા માટે છાપરીઓ બાંધવામાં આવે છે. પશુ-ચિકિત્સાનાં મથકોની બહોળી વ્યવસ્થા થઈ રહી છે.

ખેતીવાડીનો વિકાસ થઈ રહ્યો છે. મુખ્ય વલણ અનાજની ખેતીનું છે. અક્ષત જમીનમાં રાજ્યનાં યંત્રીકૃત ખેતરોમાં ઘઉંના પાક વાવવામાં આવે છે. રાજ્ય ખેતરો અનાજની કુલ પેદાશમાં ૮૦ ટકાનો અને બટેટાં તથા બીજાં શાકભાજીની કુલ પેદાશમાં ૯૦ ટકાનો ફાળો આપે છે. અનાજ અને બીજા ખોરાકની બાબતમાં મોંગોલિયા સ્વાવલંબી છે.

સમાજવાદી ઉદ્યોગીકરણ દરમિયાન મોંગોલિયન લોક પ્રજાસત્તાક વિકસતા ઉદ્યોગ તથા ખેતીવાડીના દેશમાં પલટાઈ ગયું છે. કામદાર વર્ગની ભૂમિકા અને સંખ્યા વધી રહી છે. ગત ચાર દાયકાઓમાં (૧૯૪૦-૮૦) ઔદ્યોગિક ઉત્પાદન વધીને ૩૦ ગણું થઈ ગયું છે. ઉદ્યોગ, ચણતર, વાહનવ્યવહાર, અને સંચાર રાષ્ટ્રીય આવકમાં લગભગ અરધા ભાગનો ફાળો આપે છે.

મોંગોલિયામાં નિષ્કર્ષણ તેમ જ કારખાના ઉદ્યોગો છે. કારખાના ઉદ્યોગમાં ગરમ કાપડ, નમદાની તથા ચામડાની વસ્તુઓ, પગરખાં, માંસની ચીજો, તથા બીજી વસ્તુઓ બને છે. બિનલોહ ધાતુઓ, ફ્લુઓરાઈટ, અને કોલસાનું ઉત્પાદન વધી રહ્યું છે. દેશનાં પાવર સ્ટેશનોમાં વરસે ૧૦૦૦ મિલિયન કિલોવાટ-કલાકથી વધારે વીજળી પેદા થાય છે. સિમેંટ અને બીજી ચણતર સામગ્રીના ઉત્પાદનની સંઘટના થઈ રહી છે. મોંગોલિયામાં છેલ્લાં થોડાંક વરસો દરમિયાન જ ૮૦૦થી વધારે ઉદ્યોગધંધાઓ સોવિયેત સંઘની બંધુભાવી મદદના આધારે બાંધવામાં આવ્યા છે.

'એર્દેનેત' ઉદ્યોગધંધાઓ 'મોંગોલસોવત્સ્વેતમેત' (મોંગોલિયન—સોવિયેત બિનલોહ ધાતુઓ) નામે આર્થિક મંડળ તરફથી સ્થાપવામાં આવેલા છે. સોવિયેત સંઘની ટેકનિકલ મદદના આધારે બંધાયેલા એ ઉદ્યોગધંધાઓમાં દેશની ૯૦ ટકા વીજળી તથા ધાતુઓનું, ૮૦ ટકા કોલસાનું, અને બીજી ઔદ્યોગિક વસ્તુઓના ગણનાપાત્ર હિસ્સાનું ઉત્પાદન થાય છે.

કુદરતી સાધનસંપત્તિના વિકાસનો અને અધિક આર્થિક પ્રગતિનો આધાર સીધો વાહનવ્યવહાર પદ્ધતિના વિસ્તરણ ઉપર છે. માલની હેરફેરમાં, ખાસ કરીને પ્રજાસત્તાકને સોવિયેત સંઘ જોડે સાંકળતા માર્ગોએ માલની હેરફેરમાં, રેલવે અને મોટરવાહનો નિર્ણાયક ભૂમિકા ભજવે છે.

વાહનવ્યવહારના મુખ્ય માર્ગોએ, કુદરતી સાધનસંપત્તિને લગતા કામકાજનાં સ્થળોએ, ઔદ્યોગિક શહેરો ખડાં થઈ રહ્યાં છે. તેનું ઉદાહરણ રજૂ કરતું દાર્ખાન શહેર ઉલાન-બાતોરથી ઉત્તર દિશામાં શારીન-ગોલ કોલસા ખાણોના વિસ્તારમાં ટ્રાન્સ-મોંગોલિયન રેલવે નજીક બંધાયેલું છે. ત્યાં સમાજવાદી દેશોની મદદના આધારે જબરજસ્ત ઔદ્યોગિક સંકુલ સાકાર થઈ રહ્યું છે.

મોંગોલિયાનું પાટનગર અને ઔદ્યોગિક કેંદ્ર ઉલાન-બાતોર આર્થિક અને સાંસ્કૃતિક વિકાસની દિશામાં દેશની આગેકૂચનું ઝળકતું પ્રતિબિંબ રજૂ કરે છે. ઉલાન-બાતોર મોંગોલિયન વિજ્ઞાન અકાદમી તથા યુનિવર્સિટીનું મથક છે. શહેરમાં કોલેજો, થિયેટરો, અને બીજી વૈજ્ઞાનિક તથા સાંસ્કૃતિક સંસ્થાઓ પણ છે.

પંચવર્ષી યોજનાઓનો સફળ અમલ સમાજવાદી મોંગોલિયાની અધિક પ્રગતિને સુનિશ્ચિત બનાવે છે. સામાજિક ઉત્પાદનની અધિક પ્રગતિ સુનિશ્ચિત બનાવવાના, તેની કાર્યસાધકતા વધારવાના, રાષ્ટ્રીય અર્થતંત્રની બધી શાખાઓમાં કાર્યની ગુણવત્તા સુધારવાના, અને તેના આધારે લોકોની સુખાકારી તથા સાંસ્કૃતિક ધોરણનો એકધારો ઉત્કર્ષ સાધવાના મુખ્ય સામાજિક-આર્થિક કર્તવ્યને સફળતાથી પાર પાડવામાં આવી રહ્યું છે.

વિયેતનામ સમાજવાદી પ્રજાસત્તાક

બીજા વિશ્વયુદ્ધ પછી વિયેતનામને બે ભાગમાં વહેંચી નાખવામાં આવ્યું હતું—ઉત્તર અને દક્ષિણ. ઉત્તર વિયેતનામ અને દક્ષિણ વિયેતનામનાં ભવિતવ્યો ઘણાં વર્ષો સુધી અલગ અલગ રહ્યાં હતાં.

અસ્થાયી સીમારેખા મુજબ દેશના ઉત્તર ભાગમાં અળગા પડી ગયેલા વિયેતનામ લોકશાહીવાદી પ્રજાસત્તાકે ટૂંકા ગાળા દરમિયાન મૂળગામી સામાજિક-આર્થિક રૂપાંતરો અમલમાં મૂક્યાં અને સમાજવાદની દિશામાં સારી પેઠે આગેકૂચ કરી લીધી. સીમારેખાથી દક્ષિણ દિશામાં આવેલા દક્ષિણ વિયેતનામનો ઉપયોગ અમેરિકી સંસ્થાનવાદીઓએ વિયેતનામ લોકશાહીવાદી પ્રજાસત્તાકની સામે યુદ્ધ લડવાના, ઇન્ડોચાઈનામાં અમેરિકી સામ્રાજ્યવાદી વર્ચસ્વ સ્થાપવાના, મથક તરીકે કર્યો.

અમેરિકી સામ્રાજ્યવાદીઓ અને તેમના દક્ષિણ વિયેતનામી ઢીંગલાઓ નવોદિત વિયેતનામ સમાજવાદી રાજ્ય સામે, સમગ્ર વિયેતનામી જનતા સામે, રાષ્ટ્રીય પુનરેકીકરણ તથા સામાજિક પ્રગતિ ખાતર મક્કમ લડત ચલાવતી જનતા સામે, ખુવારીનું યુદ્ધ લડતા રહ્યા.

વિયેતનામી જનતાએ જેને ખાતર અકથિત કુરબાનીઓ આપી હતી એ યુગજૂનું સ્વપ્ન આખરે સાકાર થઈ ગયું. દેશનું રાજ્ય-મૂલક એકીકરણ ૧૯૭૬માં સાધી લેવામાં આવ્યું. હજી વિભાજિત દશામાં પડેલા કોરિયાથી નિરાળી રીતે વિયેતનામની ધરતી ઉપર સર્વસામાન્ય એક રાજ્યની, વિયેતનામ સમાજવાદી પ્રજાસત્તાકની, સ્થાપના કરવામાં આવી છે. એક મિલિયનથી વધારે વસતિ ધરાવતું હેનોઈ શહેર વિયેતનામ સમાજવાદી પ્રજાસત્તાકનું પાટનગર છે.

૧૯૭૯ના આરંભમાં ચીનના આગેવાનોએ વિયેતનામ ઉપર આક્રમણ કર્યું. વિયેતનામ સમાજવાદી પ્રજાસત્તાકના લોકો તથા હથિયારબંધ સૈન્યોએ સોવિયેત સંઘ તથા બીજા સમાજવાદી દેશો તેમ જ દુનિયાનાં સઘળાં પ્રગતિશીલ પરિબળોની મદદના આધારે ચીની હુમલાને મારી હઠાવ્યો. એ યુદ્ધે વિયેતનામના અર્થતંત્રને બહુ હાનિ પહોંચાડી, તેની શક્તિઓ તથા સાધનોને શાંતિમય સમાજવાદી નિર્માણથી અળગાં વાળી દીધાં.

ઇન્ડોચાઈનીઝ દ્વીપકલ્પમાં પૂર્વ કિનારાપ્રદેશમાં આવેલું વિયેતનામ સમાજવાદી પ્રજાસત્તાક સાનુકૂળ ભૌગોલિક સંજોગો ધરાવે છે. દક્ષિણ ચીન સમુદ્રનાં ગરમ પાણી તેની ધરતી જોડે અફળાતાં રહે છે. દક્ષિણમાં સિયામીઝ અને ઉત્તરમાં ટોનકીન અખાત છે. વિયેતનામ સમાજવાદી પ્રજાસત્તાકનો સાગરકિનારો ૨૫૦૦ કિલોમીટર લાંબો છે. હાઈફોંગ, હો ચી મીન્હ (સાઈગોન), અને બીજાં બંદરો મહાસાગરમાં પ્રજાસત્તાકનાં બારાંની કામગીરી બજાવે છે. વિયેતનામ સમાજવાદી પ્રજાસત્તાકની જમીન સરહદોએ ચીન, લાઓસ જન લોકશાહીવાદી પ્રજાસત્તાક, અને કંપુચિયા લોક પ્રજાસત્તાક આવેલાં છે.

વિયેતનામ સમાજવાદી પ્રજાત્તાકનો પ્રદેશ સમગ્ર દૃષ્ટિએ જોતાં ખીલતા સમાજવાદી અર્થતંત્રના સર્જનમાં સહાયક બને એવા સરસ પ્રાકૃતિક સંજોગો ધરાવે છે. પશ્ચિમમાં અને કેટલાક આંતરિક વિસ્તારોમાં પહાડો, ઊંડાં કોતરો, અને સદા હરિયાળાં ગાઢ વનો છે. એ પ્રદેશને પાર કરવાનું મુશ્કેલ છે. પ્રજાસત્તાકનાં વનોમાં ગુલાબ, કપૂર, અને બીજાં મૂલ્યવાન વૃક્ષોની વિપુલ સમૃદ્ધિ છે. વિયેતનામની નદીઓમાં છલકાતાં જળ ઉચ્ચપ્રદેશમાંથી ઢોળાવોએ વહેતાં સમુદ્રમાં અને નીચાણભૂમિમાં પહોંચે છે. સૌથી મોટી નદીઓની, ઉત્તરમાં રાતી નદી અને દક્ષિણમાં મેકોંગ નદીની, ખીણોમાં ખેતીવાડી માટે બહુ સાનુકૂળ સંજોગો છે, ત્યાંની જમીન બહુ ફળદ્રુપ છે. ઉદ્યોગના ઉપયોગ માટે કોલસા,

કાચી લોહમય તથા બિનલોહ ધાતુઓ (લોઢું, ત્રાંબું, સીસું, ટિન), સુવર્ણ, બિનધાતુ કાચી સામગ્રી (ફોસ્ફોરાઈટ, ક્ષાર), અને બીજાં ખનીજોના ભંડારો છે.

૫૦ મિલિયનથી વધારે વસતિ ધરાવતા વિયેતનામ સમાજવાદી પ્રજાસત્તાકમાં માનવશક્તિ સંબંધી સાધનસંપત્તિ વિપુલ પ્રમાણમાં છે. મોટા ભાગની વસતિ વિયેતનામી લોકોની છે. વિયેતનામી પ્રજા મહાન સંસ્કૃતિ ધરાવે છે અને ખૂબ ઉદ્યમી છે. પ્રજાસત્તાકમાં સમાન અધિકારો ધરાવતી બીજી બધી પ્રજાઓ સમાજવાદી નિર્માણમાં વિયેતનામી પ્રજાની જોડાજોડ ભાગ લે છે.

ઉત્તર વિયેતનામમાં સમાજવાદી ક્રાંતિનો અનુભવ સમાજવાદની દિશામાં આખા દેશની આગેકૂચ માટે ખાસ મોટું મહત્ત્વ ધરાવે છે. અમેરિકી આક્રમણ પહેલાં ઉત્તર વિયેતનામમાં જમીન સંબંધી સુધારાઓ અમલમાં મુકાઈ ગયા હતા, સામંતશાહીના અવશેષોને ખતમ કરી નાખવામાં આવ્યા હતા, અને ખેતીવાડીમાં સહકારની પદ્ધતિ દાખલ કરવામાં આવી હતી. ઉદ્યોગના રાષ્ટ્રીયકરણની સાથે સાથે ઉત્તરનું ઔદ્યોગિક હાર્દ બની રહેતા નવા ઉદ્યોગધંધાઓ બાંધવામાં આવ્યા હતા. સાંસ્કૃતિક ક્રાંતિના પરિણામે પુખ્ત વસતિમાં નિરક્ષરતા નાબૂદ થઈ ગઈ છે અને અર્થતંત્ર તથા સંસ્કૃતિ માટે કાબેલ કાર્યકરોની તાલીમ સુનિશ્ચિત બની છે. સમગ્ર દૃષ્ટિએ જોતાં, સમાજવાદના ભૌતિક તથા ટેકનિકલ આધારના સર્જનની, ઉત્પાદનના સમાજવાદી સંબંધોના ઘડતરની, અને મહેનતકશ લોકોની ભૌતિક સુખાકારી તથા સાંસ્કૃતિક ધોરણના ઉત્કર્ષની દિશામાં ઘણું બધું કરવામાં આવ્યું છે.

હાલના સમયે ઉત્તર વિયેતનામમાં સમાજવાદી નિર્માણ ચાલુ છે. ઈંધણ (હાઈફોંગ નજીક હોંગ-ગાઈ કોલસા વિસ્તાર), યંત્ર-ઈજનેરી (હેનોઈ, હાઈફોંગ), તથા રસાયણ ઉદ્યોગના તેમ જ ઉત્પાદનનાં સાધનો બનાવતા ઉદ્યોગોના વિકાસને અગ્રસ્થાન આપવામાં આવે છે. તેની સાથે સાથે, વપરાશી ચીજોનું ઉત્પાદન કરતા હળવા તથા ખોરાક ઉદ્યોગો પણ વિકસી રહ્યા છે. સહકારી અર્થકારણમાં સુધારણાના પરિણામે ખેતીવાડીમાં ખોરાક (ડાંગર, તેલીબિયાં, ઉત્પાદક પશુપાલન) અને કાચા માલ (કપાસ, ચા, કોફી, રબર, શેરડી) સંબંધી આધાર વધારે મજબૂત બની રહ્યો છે. વિયેતનામની જનતાની બધી શક્તિઓ અર્થતંત્રના રાજ્ય સંચાલિત ક્ષેત્રના વિકાસમાં, સહકારી ક્ષેત્ર સાથે તેના સંબંધોને મજબૂત બનાવવામાં, તેમ જ ખાનગી તથા કસબકારીગરીના ઉત્પાદનના ક્ષેત્રને માર્ગદર્શન પૂરું પાડવાના બંદોબસ્તમાં કેંદ્રિત કરવામાં આવે છે.

દક્ષિણ વિયેતનામ દેશના ઉત્તર ભાગના અનુભવ અને મદદનો લાભ લઈને સમાજવાદી રૂપાંતરોને અમલમાં મૂકે છે. પરદેશી મૂડીની દલાલી કરતા મૂડીદારો અને સામંતી જમીનદારોના સ્તરને વર્ગ તરીકે ખતમ કરી નાખવામાં આવ્યો છે. મિશ્રિત ઉદ્યોગધંધાઓની તેમ જ ખાનગી ઉત્પાદન ઉપર સમાજવાદી રાજ્યના નિયંત્રણની સ્થાપના મારફત મૂડીવાદી ક્ષેત્રની પુનર્ઘટના અમલમાં મુકાઈ રહી છે. ગ્રામવિસ્તારોમાં સહકારના આધારે નાના મિલકતદારોની ખેતીનું મોટા પાયાના સમાજવાદી ખેતી ઉત્પાદનમાં રૂપાંતર અર્થતંત્રમાં ભારે મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

એ બધાં કદમોનું લક્ષ્ય દેશના બે હિસ્સાઓના, ઉત્તર અને દક્ષિણ હિસ્સાઓના, ઉત્પાદન સંબંધોને પરસ્પર વધારે નિકટ આણવાનું છે. સમાજવાદી ઉદ્યોગીકરણ, વિયેતનામ સમાજવાદી પ્રજાસત્તાકમાં ઉન્નત અર્થતંત્રનું સર્જન, નિર્ણાયક મહત્ત્વની બાબત બની રહે છે.

પરસ્પર આર્થિક સહાય પરિષદના સભ્ય વિયેતનામ સમાજવાદી પ્રજાસત્તાક અને પરિષદમાં સામેલ બીજા દેશો વચ્ચેના બંધુભાવી સહકારમાં પ્રજાસત્તાકના અર્થતંત્ર, વિજ્ઞાન, તથા સંસ્કૃતિના વિકાસને પ્રવેગ આપતી મહત્ત્વની બાબત અંકિત છે. સોવિયેત સંઘ વિયેતનામ સમાજવાદી પ્રજાસત્તાકને ભારે ઉદ્યોગની મહત્ત્વની શાખાઓ તથા ખેતીવાડીના અધિક વિકાસમાં, દેશની વાહનવ્યવહાર પદ્ધતિની સંઘટનામાં, તથા સમાજવાદ તરફ આગેકૂચમાં મદદ કરે છે.

સમાજવાદના ભૌતિક તથા ટેકનિકલ આધારનું સર્જન કરવાના, સમાજવાદી સામાજિક સંબંધોને વિકસાવવાના, અને દેશના સંરક્ષણ સામર્થ્યમાં વધારો કરવાના સંબંધમાં વિયેતનામની કોમ્યુનિસ્ટ પાર્ટીએ નિર્ધારિત કરેલાં મોટાં અને જટિલ કર્તવ્યોને પાર પાડવા માટે વિયેતનામ સમાજવાદી પ્રજાસત્તાક સમાજવાદી બિરાદરીના બીજા દેશો જોડે મળીને જહેમતો કરે છે. વિયેતનામ સમાજવાદી પ્રજાસત્તાક એશિયા ખંડમાં સદ્‌ભાવી પાડોશીઓ જેવા સંબંધો વિકસાવવાના તેમ જ દક્ષિણ-પૂર્વ એશિયાને શાંતિનો પ્રદેશ બનાવવાના સંબંધમાં સમુચિત ધોરણ સુસંગત રીતે અપનાવતું રહે છે.

લાઓસ જન લોકશાહીવાદી પ્રજાસત્તાક

ઇન્ડોચાઈના દ્વીપકલ્પના મધ્ય ભાગમાં, લાઓસની ધરતી ઉપર, ૧૯૭૫માં લાઓસ જન લોકશાહીવાદી પ્રજાસત્તાકની સ્થાપના કરવામાં આવી હતી. તેનું

ક્ષેત્રફળ ૨૩૭૦૦૦ ચોરસ કિલોમીટર અને વસતિ લગભગ ત્રણ મિલિયન છે. પ્રજાસત્તાકનું પાટનગર વિયેનટિયેન છે. લાઓસની જનતાએ રાજાશાહીનો ખાતમો અને નવી પદ્ધતિની સ્થાપના કરી લીધા પછી વિકાસની મૂડીવાદી કક્ષાને બાજુએ રાખી દઈને સીધું સમાજવાદી નિર્માણ શરૂ કરી દીધું.

મુક્ત થઈ ગયેલો દેશ લાઓસની લોક ક્રાંતિકારી પાર્ટીના માર્ગદર્શન હેઠળ અર્થતંત્રના રાજ્ય સંચાલિત ક્ષેત્રને વિકસાવી રહ્યો છે, ખેતીવાડીમાં રૂપાંતરો અમલમાં મૂકી રહ્યો છે, અને સંસ્કૃતિનો વિકાસ સાધી રહ્યો છે. રાજાશાહીવાદી ભૂતકાળમાંથી વારસામાં મળેલી અને લાંબા યુદ્ધને કારણે તથા અમેરિકી બૉંબમારાને કારણે પેદા થયેલી ભયંકર મુશ્કેલીઓને પહોંચી વળીને ઐતિહાસિક કર્તવ્યો પાર પાડવામાં આવી રહ્યાં છે.

લાભદાયક મહેનત કરતી વસતિમાંથી ૯૦ ટકા લોકો ખેતીવાડીમાં કામ કરે છે અને ડાંગર, મકાઈ, શાકભાજી, તમાકુ, કોફી, તથા બીજા પાક પેદા કરે છે. પરંતુ લાઓસની ખેતીવાડી ખોરાકના સંબંધમાં દેશની જરૂરિયાતોને સંતોષવાની સ્થિતિમાં હજી નથી.

એ પહાડી દેશમાં કાચું લોઢું, ટિન, અને બીજી બિનલોહ ધાતુઓના મોટા ભંડારો છે. એ ઉપરાંત, દેશમાં મૂલ્યવાન કાષ્ઠ (સાગ, અબનૂસ, અને ચંદન) તેમ જ બીજા વનસ્પતિજ કાચા માલની વિપુલ સંપદા છે. વિષુવવૃત્તની વરસાદી આબોહવાનાં સંજોગોમાં ફળદ્રુપ જમીનમાં વરસ દરમિયાન બે પાક ઉતારી શકાય છે, અને અફાટ ચરાણો તથા બીડોને કારણે ઉત્પાદક ઢોરનો ઉછેર શક્ય બને છે.

નવા સમાજના નિર્માણનો પંથ અપનાવનારી લાઓસની જનતાને સમાજવાદી દેશો તરફથી આપવામાં આવતી મદદ અર્થતંત્રમાં ભારે મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

કોરિયન જન લોકશાહીવાદી પ્રજાસત્તાક

૧૯૪૫માં સોવિયેત સેનાએ કોરિયામાંથી જાપાની સંસ્થાનવાદીઓને હાંકી કાઢીને દેશને મુક્તિ અપાવી. પરંતુ ત્યાર પછી અમેરિકી સામ્રાજ્યવાદીઓની આક્રમક નીતિના પરિણામે દેશ ૩૮મી અક્ષાંશ રેખાએ બે ભાગમાં વિભાજિત થઈ ગયો. ત્યારથી ઉત્તર કોરિયા અને દક્ષિણ કોરિયા જુદાજુદા પંથે જઈ રહ્યાં છે. અમેરિકી સામ્રાજ્યવાદીઓ દક્ષિણનાં પ્રત્યાઘાતી વર્તુળોને ટેકો આપે છે.

ઉત્તર કોરિયામાં ૧૯૪૮માં જનતાએ સત્તા પોતાને હસ્તક લઈ લીધી

અને કોરિયન જન લોકશાહીવાદી પ્રજાસત્તાકની સ્થાપના કરી. હવે કોરિયન જન લોકશાહીવાદી પ્રજાસત્તાક વિકસિત ઉદ્યોગ તથા ખેતીવાડી ધરાવતું સમાજવાદી રાજ્ય બની ગયું છે.

દક્ષિણ કોરિયા વાસ્તવમાં સંયુક્ત રાજ્ય અમેરિકાના અર્ધ-સંસ્થાન જેવું છે.

કોરિયન દ્વીપકલ્પના ઉત્તર ભાગમાં આવેલું કોરિયન જન લોકશાહીવાદી પ્રજાસત્તાક દક્ષિણ કોરિયાથી મોટું છે પરંતુ તેની વસતિ સરખામણીમાં ઓછી છે. કોરિયન જન લોકશાહીવાદી પ્રજાસત્તાકનું ક્ષેત્રફળ ૧૨૧ ૦૦૦ ચોરસ કિલોમીટર અને વસતિ ૧૮ મિલિયન છે. દક્ષિણ કોરિયાનું ક્ષેત્રફળ ૧૦૦ ૦૦૦ ચોરસ કિલોમીટર છે અને વસતિ ૩૮ મિલિયન છે.

કોરિયન જન લોકશાહીવાદી પ્રજાસત્તાક સામાજિક અને આર્થિક વિકાસની બાબતમાં ખરેખરા અપૂર્વ વેગે આગેકચ કરી રહ્યું છે. અમેરિકી સામ્રાજ્યવાદીઓના આક્રમણના પરિણામે થયેલા ૧૯૫૦-૫૩ના યુદ્ધથી કોરિયન જન લોકશાહીવાદી પ્રજાસત્તાકના અર્થતંત્રને સખત હાનિ પહોંચી હોવા છતાં તેણે ટૂંકા ગાળામાં અર્થતંત્રનું પુનરુત્થાન સાધી લીધું અને તેને ઝડપથી વિકસાવ્યું.

કોરિયન જન લોકશાહીવાદી પ્રજાસત્તાકના વિકાસમાં સોવિયેત સંઘ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ચાલુ સદીના નવમા દાયકાના આરંભ સુધીમાં કોરિયન જન લોકશાહીવાદી પ્રજાસત્તાકમાં લગભગ ૬૦ મોટી રાષ્ટ્રીય આર્થિક પરિયોજનાઓનું નિર્માણ, પુનરુત્થાન, અથવા નવનિર્માણ કરવામાં આવ્યું છે. સોવિયેત સંઘ અને કોરિયન જન લોકશાહીવાદી પ્રજાસત્તાક વચ્ચે મિત્રતા, સહકાર, અને પરસ્પર સહાયની સંધિ તેમ જ આર્થિક તથા ટેકનિકલ સહકાર સંબંધી કરાર કોરિયન જન લોકશાહીવાદી પ્રજાસત્તાકના અર્થતંત્રના વિકાસને પ્રવેગ આપે છે અને દુનિયામાં તેની સ્થિતિને વધારે મજબૂત બનાવે છે.

કોરિયન જન લોકશાહીવાદી પ્રજાસત્તાકની ઔદ્યોગિક પેદાશ ૧૯૪૯ની સરખામણીમાં ૧૯૮૦માં ૯૦ ગણી થઈ ગઈ હતી. લોખંડ અને પોલાદ, બિનલોહ ધાતુ, યંત્ર-ઓજાર અને ઉપકરણ-બનાવટ, રસાયણ, તથા પાવર ઍન્જિનિયરીંગ ઉદ્યોગો વાસ્તવમાં શૂન્યમાંથી બાંધવામાં આવ્યા છે. હાલ ઍન્જિનિયરીંગ ઉદ્યોગ કુલ ઔદ્યોગિક પેદાશમાં લગભગ ૩૦ ટકાનો ફાળો આપે છે.

ધાતુકર્મ, ઍન્જિનિયરીંગ, તથા રસાયણ ઉદ્યોગો દેશના ઔદ્યોગિક તંત્રમાં અગત્યની શાખાઓનું સ્થાન ધરાવે છે. ચોંગજીન અને કીમ-ચાએકના પ્લાંટોમાં વરસે બે મિલિયન ટનથી વધારે પોલાદનું અને લગભગ ૨.૫ મિલિયન ટન

ભરતર લોખંડનું ઉત્પાદન થાય છે. દેશની સૌથી મોટી ખાણ કોમ-ડોક છે, તેમાં કાચા સીસા અને ઝીંકનું ઉત્પાદન વધી રહ્યું છે. કોલસાનું વાર્ષિક ઉત્પાદન 30 મિલિયન ટનથી વધારે છે. પ્યોંગયાંગ, વોનસાન, અને હુંગનામના યંત્ર-નિર્માણ પ્લાંટોમાં યંત્ર-ઓજારો, ઉપકરણો, મોટરવાહનો, ટ્રેક્ટરો વીજળીનાં રેલવે એંજિનો, અને બીજો બહુવિધ સરંજામ બને છે. હુંગનામના રાસાયણિક પ્લાંટમાં ખનીજ ખાતર અને ઘણા પ્રકારોની રાસાયણિક ચીજોનું ઉત્પાદન થાય છે.

પ્રજાસત્તાકનો વિદ્યુત પુરવઠો વધી રહ્યો છે. નવાં થર્મલ તથા હાઈડ્રો-પાવર સ્ટેશનો બંધાઈ રહ્યાં છે અને ચાલુ થઈ રહ્યાં છે. દેશની મોટા ભાગની વીજળી પહાડી નદીઓનાં હાઈડ્રો-પાવર સ્ટેશનોમાં પેદા થાય છે. પ્રજાસત્તાકના રાજ્યચિહ્નમાં હાઈડ્રો-પાવર સ્ટેશન ફરતે ડાંગરનાં કણસલાંનું ચિત્ર અંકિત છે.

ખેતીવાડીમાં યંત્રીકરણ અને સીંચાઈની જોડાજોડ થઈ રહેલા વિદ્યુતકરણથી ખેતીવાડીની ઉત્પાદકતા વધી રહી છે. ડાંગર અને બીજાં અનાજની ખેતીનું વિશેષીકરણ સાધવામાં આવ્યું છે અને વરસે લગભગ ૯ મિલિયન ટન અનાજનો પાક લણવામાં આવે છે. પશુપાલનના ક્ષેત્રમાં સરસ પ્રગતિ થઈ રહી છે. પાટનગર પ્યોંગયાંગ અને બીજાં ઔદ્યોગિક કેંદ્રોની આસપાસ શાકભાજીની મોટી મોટી વાડીઓ સ્થાપવામાં આવી છે.

સોવિયેત સંઘ અને બીજા સમાજવાદી દેશો જોડે સહકારના આધારે જનતાનું કોરિયા આર્થિક અને સામાજિક પ્રગતિના પંથે સફળ આગેકૂચ કરી રહ્યું છે. કોરિયન જન લોકશાહીવાદી પ્રજાસત્તાક કોરિયાના સ્વતંત્ર શાંતિમય એકીકરણના સંઘર્ષમાં નિતનવું જોમ રેડી રહ્યું છે.

ચીની લોક પ્રજાસત્તાક

આખી દુનિયામાં ચીનની વસતિ સૌથી વધારે છે—૧000 મિલિયનથી વધુ. લગભગ ૯.૬ મિલિયન ચોરસ કિલોમીટરની વસતિ ધરાવતો ચીન દેશ લગભગ આખા યુરોપ જેટલો મોટો છે અને વિસ્તારની દૃષ્ટિએ દુનિયામાં સોવિયેત સંઘ અને કેનેડા પછી ત્રીજા નંબરે આવે છે.

ચીની જનતાએ વિશ્વ સંસ્કૃતિના વિકાસમાં મોટો ફાળો આપ્યો છે, પરંતુ ભૂતકાળમાં એ સંસ્કૃતિ ખુદ ચીની જનતાની પહોંચમાં નહોતી. ચીન લાંબા વખત સુધી એશિયાનાં પછાત અર્ધ-સામંતી રાજ્યોમાં સામેલ હતું, અને લગભગ એક સદી સુધી વિશ્વ સામ્રાજ્યનું પીડિત અર્ધ-સંસ્થાન હતું.

અટપટી ઐતિહાસિક ઘટનાઓ અને રાષ્ટ્રીય મુક્તિ આંદોલનોના પરિણામે ચીની સામ્રાજ્યના પાયા ખોદાઈ ગયા. બહેતર ભવિષ્ય માટેના સંઘર્ષમાં ચીની જનતાની જહેમતો અને કુરબાનીઓના સુફળ રૂપે તેની મુક્તિને પ્રવેગ મળ્યો.

૧૯૪૫માં સોવિયેત સેનાએ જાપાની કવાન્તુંગ લશ્કરને સખત હાર આપી. એથી ચીનમાં પ્રજાકીય ક્રાંતિના વિજય માટે સાનુકૂળ સંજોગો પેદા થયા. ૧૯૪૯ના ઑક્ટોબરમાં ચીની લોક પ્રજાસત્તાકની સ્થાપના થઈ.

લોક ક્રાંતિના વિજયમાં અને ચીની લોક પ્રજાસત્તાકની સ્થાપનામાં પારાવાર આંતરરાષ્ટ્રીય મહત્ત્વની બાબત અંકિત હતી. આખી દુનિયામાં સૌથી વધારે વસતિ ધરાવતા દેશે સમાજવાદી વિકાસનો પંથ અપનાવ્યો હતો. ચીની જનતા સમક્ષ સામાજિક-આર્થિક તથા સાંસ્કૃતિક પ્રગતિની પ્રેરક સંભાવનાઓ પ્રસ્તુત થઈ ગઈ. નવી સામાજિક પદ્ધતિની સ્થાપનાના સુફળ રૂપે ચીન પારાવાર કુદરતી અને શ્રમ સંબંધી સાધનસંપત્તિનો આયોજિત અને અસરકારક ઉપયોગ ખુદ પોતાના હિતમાં શરૂ કરી શક્યું.

ચીનના પ્રદેશને વિરાટ ત્રિકોણ જોડે સરખાવી શકાય. ત્રિકોણનો પાયો પ્રશાંત મહાસાગરની સામે છે અને ટોચ પામીર પર્વતમાળામાં. ચીન ઉત્તરમાં અને ઉત્તર-પશ્ચિમમાં ત્રણ સમાજવાદી રાજ્યો સાથે, કોરિયન જન લોકશાહીવાદી પ્રજાસત્તાક તથા મોંગોલિયન લોક પ્રજાસત્તાક અને સોવિયેત સંઘ સાથે, સહિયારી સરહદો ધરાવે છે. દક્ષિણમાં અને દક્ષિણ-પશ્ચિમમાં અફઘાનિસ્તાન, ભારત, નેપાલ, બર્મા, લાઓસ, અને વિયેતનામની સરહદો છે.

ચીન પ્રશાંત મહાસાગરને કિનારે સાધારણ, ઉપોષ્ણ, અને ઉષ્ણ વિસ્તારોમાં આવેલો અને મોટે ભાગે પહાડી તથા ડુંગરાળ દેશ હોવાથી પ્રકૃતિના અને આબોહવાના બહુવિધ સંજોગો ધરાવે છે. આલંકારિક ભાષામાં કહીએ તો ચીનનો પશ્ચિમ ભાગ "પર્વતો અને રણોનો મહાસાગર" છે. પરંતુ દેશના એ ભાગમાં ૧૦૦ મિલિયન હેક્ટાર ખેડાણ લાયક અક્ષત જમીન પણ છે. પૂર્વના સપાટ વિસ્તારોમાં એકદમ ગીચ વસતિ છે. ત્યાં, મોટી ચીની નદીઓના પ્રદેશમાં, ફળદ્રુપ જમીનના સૌથી મોટા વિસ્તારો આવેલા છે. એ જમીનમાં વરસ દરમિયાન બે કે ત્રણ પાક લણવામાં આવે છે.

ચીનમાં ખનીજ સાધનસંપત્તિની શોધખોળ હજી સુધી બહુ ઓછી થઈ હોવા છતાં ખનીજ કાચા માલના તથા ઈંધણના સાબિત થઈ ચૂકેલા ભંડારો સમગ્ર દૃષ્ટિએ જોતાં ખાસા મોટા છે. દેશમાં કોલસાના ભંડારોનો અંદાજ

૧૫૦૦ ૦૦૦ મિલિયન ટનનો અને કાચા લોઢાના ભંડારોનો અંદાજ ૧૩૦૦૦ મિલિયન ટનનો આંકવામાં આવ્યો છે. ચીનમાં સારી પેઠે મોટા તેલ ભંડારો શોધી કાઢવામાં આવ્યા છે. ચીનના ટંગ્સ્ટન, ટિન, એન્ટીમની, મોલીબ્દેનમ, અને બીજી ખનીજ સામગ્રીના ભંડારો દુનિયાના સૌથી મોટા ભંડારોમાં સ્થાન ધરાવે છે.

સરકારે એક દાયકાથી ઓછા સમયમાં, ૧૯૪૯થી ૧૯૫૮ સુધીમાં, મહત્ત્વના સામાજિક-આર્થિક સુધારાઓ અમલમાં મૂક્યા: પરદેશી મૂડીની દલાલી કરતા દોલતમંદ મૂડીદારોની અને પરદેશી સામ્રાજ્યવાદીઓની મિલકતનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું અને ઉદ્યોગ તથા વ્યાપારના ખાનગી મૂડીવાદી ક્ષેત્રનું રૂપાંતર રાજ્ય-મૂડીવાદી ક્ષેત્રમાં કરવામાં આવ્યું. ખેતી સંબંધી સુધારાઓ મારફત સામંતી-જમીનદારી શોષણને ખતમ કરી નાખવામાં આવ્યું અને મોટા ભાગના ખેડૂતોને સમાજવાદી સહકારીઓમાં સાંકળી લેવામાં આવ્યા. એ બધાં કદમોમાં ચીનની યુગજૂની પછાત દશાના ખાતમાની શરૂઆત અંકિત હતી.

અનેક મિલિયનની સંખ્યા ધરાવતા ચીની રાષ્ટ્રને સર્જનાત્મક પ્રવૃત્તિનું પ્રોત્સાહન આપનારા સામાજિક-આર્થિક સુધારાઓની સાથે સાથે આર્થિક વિકાસમાં પ્રગતિ સાધવામાં આવી. જંગમાં તારાજ થઈ ગયેલા તેના અર્થતંત્રનું પુનરુત્થાન નવા ટેકનિકલ આધારે સાધવામાં આવ્યું.

આધુનિક ઉદ્યોગના પાયાની સ્થાપના નિર્ણાયક મહત્ત્વની હતી. આખા દેશમાં હજારો ઔદ્યોગિક પરિયોજનાઓ સાકાર થઈ રહી હતી. ૧૯૬૦માં કુલ ઔદ્યોગિક પેદાશ ૧૯૪૯ની સરખામણીમાં ૧૫ ગણીથીયે વધારે હતી. દુનિયાના ઔદ્યોગિક ઉત્પાદનમાં ચીનનો હિસ્સો બે ટકાનો હતો તે વધીને પાંચ ટકાનો થઈ ગયો, અને કેટલાક પ્રકારોની વસ્તુઓના ઉત્પાદનમાં આંકડો એથીયે મોટો હતો.

આનશાંગ ધાતુકર્મ પ્લાંટના પુનરુત્થાન અને વિસ્તરણના અને વુહાન તથા પાઓટાવમાં નવાં કારખાનાંના નિર્માણના પરિણામે લોખંડ અને પોલાદ ઉદ્યોગની ક્ષમતાઓમાં ઉમેરો થયો. બિનલોહ ધાતુ ઉદ્યોગના ક્ષેત્રમાં પણ પ્રગતિ સાધવામાં આવી. ચીનમાં ત્રાંબું, ટિન, સીસું, ઝીંક, મેગ્નેશિયમ, અને ટંગ્સ્ટનના ઉત્પાદન ઉપરાંત પહેલી જ વાર એલ્યુમિનિયમનું ઉત્પાદન શરૂ થયું.

ઈંધણ અને પાવર ઉદ્યોગોનું વિસ્તરણ કરવામાં આવ્યું અને તેમને વધારે મક્કમ બનાવવામાં આવ્યા. રાસાયણિક ખાતર અને સિમેંટનું ઉત્પાદન ઝડપથી વધ્યું, અને દેશના યુદ્ધ ઉદ્યોગના પાયા નાખવામાં આવ્યા.

ઉદ્યોગની ભૌગોલિક વહેંચણીમાં અને પુરાણાં ચીની શહેરોના ઔદ્યોગિક તંત્રમાં અમુક અંશે ફેરફાર થયા. ચીનના સૌથી મોટા શહેર અને બંદર તથા કાપડ ઉદ્યોગના પુરાણા કેંદ્ર શાંઘાઈમાં (વસતિ લગભગ ૧૦ મિલિયન) ઍન્જિનિયરીંગનાં પ્લાંટ-કારખાનાં બાંધવામાં આવ્યાં. પાટનગર પેકિંગના (વસતિ લગભગ ૯ મિલિયન) ધાતુકર્મ તથા ઍન્જિનિયરીંગ ઉદ્યોગનું વિસ્તરણ કરવામાં આવ્યું. ઉત્તર-પૂર્વમાં શેન્યાંગ, ઉત્તરમાં તિયેન્ત્સીન, પૂર્વમાં નાનકીંગ, અને દક્ષિણમાં ક્વાંગચાવની ઔદ્યોગિક ક્ષમતાઓમાં નવી ક્ષમતાઓની પુરવણી કરવામાં આવી.

વુહાનમાં મોટા લોખંડ અને પોલાદ તથા ભારે ઇજનેરી પ્લાંટો બાંધવામાં આવ્યા. ચીનનો પહેલો મોટરવાહન પ્લાંટ ચાંગચુનમાં અને પહેલો ટ્રેક્ટર પ્લાંટ લીઆઓયાંગમાં બાંધવામાં આવ્યો. લાનચાવના વિસ્તારમાં તેલની રિફાઈનરીઓ બાંધવામાં આવી અને પેટ્રોકેમિકલ પ્લાંટ ખડા થઈ ગયા.

ડાંગરના ઉત્પાદનમાં અને પશુપાલન તથા મરઘાંબતકાંના ઉછેરની પેદાશમાં ધીરે ધીરે વધારો થવા લાગ્યો.

આર્થિક જુવાળનાં પ્રથમ પરિણામોના આધારે દેશમાં જીવનધોરણનો ઉત્કર્ષ સાધવાનું શક્ય બન્યું. શહેરોમાં અને ગામોમાં ખોરાકનો વપરાશ વધ્યો, રોજના રેશનમાં માંસ, માખણ, ખાંડ, અને મીઠાઈનું પ્રમાણ વધારવામાં આવ્યું. લાખો મોટેરાંઓ વાંચતાં અને લખતાં શીખ્યા. શાળામાં ભણતાં બાળકોની સંખ્યા કરોડોની થઈ ગઈ. ઉચ્ચતર શાળાઓ તથા માધ્યમિક વિશેષીકૃત શાળાઓના તંત્રનું વિસ્તરણ કરવામાં આવ્યું, અને અર્થતંત્ર માટે કાર્યકરોની તાલીમનો બંદોબસ્ત વધારે ને વધારે બહોળા પ્રમાણમાં થતો ગયો.

સોવિયેત સંઘ અને બીજા સમાજવાદી દેશોએ ચીની લોક પ્રજાસત્તાકને અર્થતંત્ર અને સંસ્કૃતિના વિકાસમાં પારાવાર મદદ પૂરી પાડી.

ચીનની વિનંતિના જવાબમાં હજારો સોવિયેત વિશેષજ્ઞોને નિર્માણ પરિયોજનાઓ તથા ઉદ્યોગધંધાઓમાં કામ કરવા મોકલવામાં આવ્યા. તેમણે દેશના અર્થતંત્ર તથા સંસ્કૃતિના વિકાસમાં નિ:સ્વાર્થ, સર્વાંગી, તથા અસરકારક મદદ પૂરી પાડી અને રાષ્ટ્રીય કાર્યકરોને તાલીમ આપી. ૨૨૦૦૦થી વધારે ચીની નાગરિકોને સોવિયેત સંઘમાં શિક્ષણ આપવામાં આવ્યું. ૨૫૦થી વધારે સંખ્યામાં મોટા ઉદ્યોગધંધાઓ સોવિયેત સંઘની ભૌતિક અને ટેકનિકલ મદદના આધારે બાંધવામાં આવ્યા. એ ઉદ્યોગધંધાઓએ ઉદ્યોગની નવી શાખાઓના આધારનું સ્થાન લઈ લીધું.

ચાલુ સદીના છઠ્ઠા દાયકાના અંતમાં "વિરાટ છલાંગ"ની અને "લોક કોમ્યુનો"ની નીતિની નિષ્ફળતાના પરિણામે અર્થતંત્રના વિકાસમાં ગંભીર ભંગાણ પડ્યું હતું. વિકાસ લાંબા વખત માટે અવરોધાઈ ગયો હતો. લોકોની ભૌતિક સુખાકારી ઘટી ગઈ હતી. વિશ્વના અર્થકારણમાં ચીનની સ્થિતિ નબળી પડી ગઈ હતી.

તાજેતરમાં ચીનના અર્થતંત્રને પાછું રીતસરના પાટે ચડાવવાનાં પગલાં લેવામાં આવ્યાં છે.

આર્થિક વિકાસની કક્ષાને લક્ષમાં લેતાં ચીન ઉદ્યોગ અને ખેતીવાડીનો દેશ છે. ઉદ્યોગના ક્ષેત્રમાં બુનિયાદી ઉદ્યોગોના વિકાસને અગ્રસ્થાન આપવામાં આવે છે. ચીની આંકડાઓ મુજબ ૧૯૭૯માં ૬૦૦ મિલિયન ટનથી વધારે કોલસાનું, ૧૦૦ મિલિયન ટનથી વધારે તેલનું, અને ૨૮૦૦૦૦ મિલિયન કિલોવાટ-કલાક વીજળીનું ઉત્પાદન થયું હતું. પરંતુ એટલું ઉત્પાદન દેશની જરૂરિયાતો સંતોષવા માટે પૂરતું નથી. યંત્ર ઈજનેરીનો વિકાસ દેશમાં ગાળવામાં આવતા (૩૪ મિલિયન ટન) પોલાદના આધારે થાય છે. શેન્યાન, પેકિંગ, શાંઘાઈ, અને બીજાં મોટાં શહેરો યંત્ર ઈજનેરીનાં કેંદ્રો છે. રસાયણ, કાપડ, અને ખોરાક ઉદ્યોગો તેમ જ પરમાણુ તથા બીજી યુદ્ધ-ઉત્પાદન સંબંધી સવલતો પણ એ શહેરોમાં કેંદ્રીકૃત છે.

ચીનમાં લાભદાયક મહેનત કરતી વસતિમાંથી મોટા ભાગના લોકો ખેતીવાડીમાં કામ કરે છે. ખેતીવાડીની પેદાશમાં ડાંગર મુખ્ય સ્થાન ધરાવે છે. ઘઉં, બાજરી, તથા બીજાં અનાજની ખેતી પણ થાય છે. ૧૯૭૯માં અનાજનો કુલ પાક ૩૩૦ મિલિયન ટનનો હતો, પરંતુ વસતિની ખોરાકની જરૂરિયાતો સંતોષવા માટે એટલો પાક પૂરતો નહોતો. ખોરાકના પુરવઠામાં કાયમી ખાધ એ હકીકતને કારણે વધારે કારમી બની જાય છે કે ચીનમાં પશુપાલન બહુ નબળા વિકાસની સ્થિતિમાં છે. સમુદ્રમાંથી માછલાં પકડવાની અને જળાશયોમાં તથા ડાંગરનાં ખેતરોમાં માછલાંના ઉછેરની બાબત અમુક પ્રમાણમાં મહત્ત્વની છે. લાખોકરોડો લોકો, ખાસ કરીને કુદરતી આફતોનાં (અનાવૃષ્ટિ, પૂર) વર્ષોમાં ભૂખમરાના અને બીજી મુશ્કેલીઓના ભોગ બને છે.

સોવિયેત સંઘ ચીની લોક પ્રજાસત્તાકની સાથે શાંતિમય સહઅસ્તિત્વના સિદ્ધાંત ઉપર આધારિત, તથા સારા પડોશી જેવા, સંબંધોને સતત બહેતર બનાવવા માગે છે. એ બાબત યુરોપ અને આખી દુનિયામાં શાંતિ અને સલામતીને વધારે દૃઢ બનાવવામાં સહાયક થાય છે.

ક્યૂબા પ્રજાસત્તાક

પશ્ચિમ ગોળાર્ધમાં સમાજવાદી વિકાસનો પંથ અપનાવનારો પ્રથમ લૅટિન અમેરિકી દેશ ક્યૂબા પ્રજાસત્તાક છે. ક્યૂબામાં સમાજવાદી ક્રાંતિના વિજયથી લૅટિન અમેરિકાની પ્રજાઓના મુક્તિ આંદોલનમાં ગુણાત્મક નવી કક્ષા અંકિત થઈ. ક્યૂબાના લોકો સામ્રાજ્યવાદ-તરફી સરમુખત્યારીની ધૂંસરીને ફગાવી દઈને અને રાષ્ટ્રીય સાર્વભૌમત્વની ફરી સ્થાપના કરીને પોતાના દેશના સર્વાંગી સ્વામી બની ગયા છે દેશની કુદરતી સંપદાના અફર માલિક બની ગયા છે.

ક્યૂબા નાનામોટા લગભગ ૧૬૦૦ ટાપુઓનો દ્વીપસમૂહ છે અને તેનું કુલ ક્ષેત્રફળ ૧૧૧૦૦૦ ચોરસ કિલોમીટર છે. સમૂહના સૌથી મોટા ટાપુ ક્યૂબાનું ક્ષેત્રફળ ૧૦૮૦૦૦ ચોરસ કિલોમીટર (પ્રજાસત્તાકના કુલ વિસ્તારનો ૯૪ ટકા હિસ્સો) છે.

ક્યૂબાનો ટાપુ પશ્ચિમથી પૂર્વમાં ૧૨૦૦ કિલોમીટર લાંબો છે અને તેની પહોળાઈ ૪૦થી ૧૬૦ કિલોમીટર સુધીની છે. પ્રજાસત્તાકની ૩૫૦૦ કિલોમીટર લાંબી તટરેખાએ કૅરિબિયન સમુદ્રનાં, મેક્સિકોના અખાતનાં, અને આટલાંટિક મહાસાગરનાં મોજાં અફળાતાં રહે છે. ક્યૂબા મધ્ય આટલાંટિકથી પશ્ચિમે, ઉત્તર અને દક્ષિણ અમેરિકાના સંગમના સ્થળે, પનામા નહેરમાં થઈને આટલાંટિક તથા પ્રશાંત મહાસાગરોના વિસ્તારોના સંખ્યાબંધ દેશોને સાંકળી લેનારા ધમધમતા સમુદ્રી માર્ગોના મધ્ય બિંદુએ એકદમ સાનુકૂળ ભૌગોલિક સ્થાન ધરાવે છે.

ક્યૂબામાં પ્રજાકીય ક્રાંતિના વિજયથી લૅટિન અમેરિકી પ્રજાઓના ક્રાંતિકારી આંદોલનમાં ગુણાત્મક નવી કક્ષાનો આરંભ થયો. જનતાના ક્યૂબાએ ૧૯૬૧માં સમાજવાદી ક્રાંતિનો પંથ મક્કમપણે અપનાવી લીધો ત્યારે તેનું આંતરરાષ્ટ્રીય મહત્ત્વ ખાસ વધી ગયું. ક્યૂબા અમેરિકાના વિસ્તારમાં પહેલા ખરેખરા આઝાદ પ્રદેશનું, પશ્ચિમ ગોળાર્ધમાં સમાજવાદી નિર્માણ કરનારા પ્રથમ રાજ્યનું, સ્થાન ધરાવે છે.

ક્યૂબાના લોકો સાંસ્થાનિક શોષણની ધૂંસરીને ફગાવી દઈને પૂર્ણ રૂપે પોતાની ધરતી અને કુદરતી સંપદાના સ્વામી બની ગયા છે.

ક્યૂબાના ટાપુમાં ઘણા પર્વતો છે: પશ્ચિમમાં ગુઆનીગુઆનિકો પર્વતમાળા, મધ્યમાં ગુઆમુઆયા પર્વતમાળા, અને પૂર્વમાં માઉન્ટ તુર્કીનો નામનું દેશનું સૌથી ઊંચું શિખર (ઊંચાઈ ૧૯૭૪ મીટર) ધરાવતી સિયેરા માએસ્ટ્રા પર્વતમાળા.

ક્યૂબા ઉષ્ણ આબોહવા અને સાધારણ વ્યાપાર વાયુઓ તથા સમુદ્રી હવા ધરાવે છે. ક્યૂબામાં વરસાદના દિવસોમાં (મે-ઑક્ટોબર) ભયંકર ઉષ્ણ કટિબંધીય વાવાઝોડાં ત્રાટકે છે. સમાજવાદી ક્યૂબાના મહેનતકશ લોકો એ વાવાઝોડાંનો સામનો ઊંચી કક્ષાનું સંગઠન સાધીને અદ્ભુત હિંમતથી કરે છે. લોકો સૂકા હવામાનના દિવસોમાં (નવેંબર-એપ્રિલ) નદીઓ આડા બંધ બાંધીને વાડીઓ અને શહેરો માટે પાણી સંઘરી રાખે છે.

ટાપુની નદીઓની ખીણોમાં, મેદાનપ્રદેશોમાં, અને નીચાણભૂમિમાં ખેતીવાડી માટે અનુકૂળ ફળદ્રુપ જમીન છે. દેશમાં સિટ્રસ ફળો (નારંગી અને લીંબુ), કેળાં, કેરી, અને શેરડી જેવા મૂલ્યવાન પાકની ખેતી થાય છે.

પ્રજાસત્તાકમાં સંખ્યાબંધ પ્રકારોનાં ઉપયોગી ખનીજો શોધી કાઢવામાં આવ્યાં છે. તેમાં નિકલની કાચી ધાતુના ભંડારો દુનિયાના સૌથી મોટા ભંડારોમાં સામેલ છે. એ ભંડારોનો અંદાજ ૧૬૦૦ મિલિયન ટનનો આંકવામાં આવ્યો છે. એ ઉપરાંત ત્રાંબું, કાચું લોઢું, તથા મેંગેનીઝના પણ ગણનાપાત્ર ભંડારો છે, અને એથી ઓછા પ્રમાણમાં કોબાલ્ટ, ટંગ્સ્ટન, ક્રોમિયમ, તથા બીજાં ખનીજોના ભંડારો મળી આવ્યા છે.

દેશની વસતિ હાલ નવ મિલિયનથી વધારે છે. ક્યૂબાન રાષ્ટ્રની રચના સ્થાનિક ટાપુવાસીઓ, ઈન્ડિયનો, પંદરમી સદીના અંતમાં ટાપુઓમાં આવીને વસેલા સ્પેનિયોર્ડો, ગુલામોના વેપારીઓએ આણેલા આફ્રિકી હબસીઓ, અને પાડોશી લૅટિન અમેરિકી દેશોમાંથી તેમ જ કેટલાંક યુરોપી રાજ્યોમાંથી આવીને વસેલા લોકોમાંથી ઐતિહાસિક વિકાસની પ્રક્રિયા દરમિયાન થઈ હતી.

દેશમાં મહત્ત્વના સામાજિક સુધારાઓ અમલમાં મૂકવામાં આવ્યા છે. શોષક વર્ગોને નાબૂદ કરી નાખવામાં આવ્યા છે, અને કામદાર વર્ગની આગેવાની હેઠળ લાખો મહેનતકશ લોકોએ સર્જનાત્મક પ્રવૃત્તિનો માર્ગ અપનાવ્યો છે.

સ્વાધીનતા અને સ્વતંત્રતા માટે ક્યૂબાની જનતાનો સદીઓથી ચાલતો સંઘર્ષ ૧૯૫૯માં સામ્રાજ્યવાદ તથા સામંતશાહી વિરોધી લોક-ક્રાંતિના વિજયથી સફળતામાં પરિણમ્યો. ક્યૂબા પ્રજાસત્તાકે ૧૯૬૧માં સમાજવાદી ક્રાંતિનો પંથ અપનાવ્યો ત્યાર પછી તેનું આંતરરાષ્ટ્રીય મહત્ત્વ ખાસ વધી ગયું. ક્યૂબા અમેરિકા ખંડનો પહેલો જ ખરેખર સ્વતંત્ર દેશ અને પશ્ચિમ ગોળાર્ધમાં સમાજવાદનું નિર્માણ કરનારો પ્રથમ દેશ છે.

ક્યૂબામાં ક્રાંતિ એ કારણસર થઈ શકી કે તેના ઝંડા હેઠળ આખો કામદાર

વર્ગ અને મહેનતકશ જનતા એકસૂત્રે સંકળાયેલ હતાં. ફિડેલ કાસ્ટ્રોએ જણાવ્યું છે તેમ, ક્રાંતિનો વિજય સંભવિત બન્યો તેમાં એ કારણ પણ હતું કે ૧૯૧૭માં રશિયામાં ક્રાંતિ થઈ ચૂકી હતી. સોવિયેત સંઘ અને બીજા સમાજવાદી દેશોએ ક્યૂબાને આપેલા વ્યાપક આર્થિક, રાજકીય, ડિપ્લોમેટિક, તથા લશ્કરી ટેકાથી સામ્રાજ્યવાદનાં પ્રતિક્રાંતિકારી કારસ્તાનોને નાકામયાબ બનાવી દેવામાં ભારે મદદ મળી.

ક્રાંતિ પછી દેશમાં શોષક વર્ગોને નાબૂદ કરી નાખવામાં આવ્યા અને સ્થાનિક મૂડીદારોની મિલકતનું રાષ્ટ્રીયકરણ સાધી લેવામાં આવ્યું. ઉદ્યોગ, વાહનવ્યવહાર, બૅંકો, અને અર્થતંત્રનાં બીજાં અગત્યનાં તત્ત્વો સમગ્ર જનતાની મિલકત બની ગયેલ છે. હાલના સમયે અર્થતંત્રમાં વર્ચસ્વી સ્થાન ધરાવતું સમાજવાદી ક્ષેત્ર ઉદ્યોગ, વાહનવ્યવહાર, તથા વ્યાપારને સોએ સો ટકા આવરી લે છે અને ખેતીવાડીના ઉત્પાદનમાં લગભગ ૬૦ ટકાનો ફાળો આપે છે.

સમાજવાદી ક્યૂબા નિરક્ષરતાને નાબૂદ કરી નાખનારો પહેલો લૅટિન અમેરિકી દેશ છે. ક્યૂબાના ત્રીજા ભાગથી વધારે રહેવાસીઓ પ્રાથમિક, માધ્યમિક, અને ઉચ્ચતર શિક્ષણ સંસ્થાઓમાં મફત અભ્યાસ કરે છે. લોકસમુદાયોની સમાજવાદી કેળવણીને વ્યાપક રૂપે વિકસાવવામાં આવી છે. લાખો મહેનતકશ લોકો પોતાના અગ્રગામી પરિબળની, ક્યૂબાના કામદાર વર્ગની, આગેવાની હેઠળ ખંતીલી સર્જનાત્મક જહેમતોમાં મશગૂલ છે.

આરોગ્યની અને સામાજિક સુરક્ષાની પદ્ધતિની સ્થાપના તેમ જ વિજ્ઞાન તથા સંસ્કૃતિ, વ્યાયામ, અને ખેલકૂદના વિકાસમાં સફળતા સાધવામાં આવી છે. ધર્મસંસ્થાને રાજ્યથી અળગી કરી નાખવામાં આવી છે અને શિક્ષણને ધર્મસંસ્થાથી અળગું કરી નાખવામાં આવ્યું છે. સ્ત્રીઓની અસમાન સ્થિતિનો અને જાતિમૂલક ભેદભાવનો અંત આણવામાં આવ્યો છે.

નવું બંધારણ અપનાવવાની ઘટનાથી ક્રાંતિકારી ક્યૂબાના ઇતિહાસમાં મહત્ત્વનો તબક્કો અંકિત થયો હતો. દેશમાં કરવામાં આવેલાં સમાજવાદી રૂપાંતરોને નવા બંધારણમાં કાનૂની પુષ્ટિ આપવામાં આવી છે.

ખેતીવાડીનો વિકાસ નવા સામાજિક અને ટેકનિકલ આધારે થઈ રહ્યો છે. અગાઉની મૂડીવાદી જમીનજાગીરોની જગ્યાએ હવે લગભગ ૬૦૦ રાજ્ય-ખેતરો સ્થાપવામાં આવ્યાં છે. એ ખેતરોની કુલ જમીન ૪.૫ મિલિયન હેક્ટાર છે. અગાઉના પટ્ટેદારો, ગણોતિયાઓ, જેમને ખેતી સંબંધી સુધારાઓના પરિણામે

જમીન મળી હતી એ નાના તથા મધ્યમ કિસાનો, સહકારીઓમાં સંકળાઈ રહ્યા છે. એવી સહકારીઓની સંખ્યા ૧૦૦૦થી વધારે છે. રાજ્ય સહકારીઓને તથા કિસાનોને ખાતર અને યંત્રો પૂરાં પાડીને તેમ જ ખેતીવાડીના ઉત્પાદનમાં વૈજ્ઞાનિક તથા ટેકનોલોજિકલ સિદ્ધિઓનો ઉપયોગ દાખલ કરીને મદદ કરે છે.

ક્યૂબાનો મુખ્ય પાક શેરડીનો છે. ક્યૂબાની મુખ્ય પેદાશ શેરડીની ખાંડની છે. ક્રાંતિ પછી શેરડીનો પાક વધારવાના આશયે નવી જમીન વિકસાવવામાં આવી છે અને સીંચાઈની તેમ જ પાણીના નિકાલની નહેરો બાંધવામાં આવી છે.

બીજા મહત્ત્વના પાક તમાકુ અને કોફીના છે. દેશના પશ્ચિમ ભાગમાં પિનાર દેલ રિયો પ્રાંતમાં દુનિયાની સર્વોત્તમ તમાકુની ખેતી થાય છે. કોફીની ખેતી પૂર્વમાં ઓરિયેન્ટે પ્રાંતમાં થાય છે. કેનાફ, હેનેક્વેન, અને બીજા ઔદ્યોગિક પાકની ખેતીનું વિસ્તરણ થઈ રહ્યું છે. આંતરરાષ્ટ્રીય સમાજવાદી શ્રમ વિભાજનમાં ક્યૂબાના વિશેષીકરણની એક દિશા સિટ્રસ ફળોના પાકની છે.

ક્યૂબાને ખોરાકની બાબતમાં સ્વાવલંબી બનાવવાના આશયે, દેશના વપરાશની મુખ્ય ચીજોમાંની એક ડાંગરની વાવણીની જમીન વધારવામાં આવી રહી છે.

ક્યૂબામાં વિસ્તૃત કુદરતી ચરાણો છે આને પશુપાલનનું કામ આખા દેશમાં થાય છે. માંસ, માખણ, અને દૂધનું ઉત્પાદન વધારવાના આશયે ઢોરઉછેરની બાબત ઉપર ખાસ ભાર મૂકવામાં આવે છે.

ઉદ્યોગનો વિકાસ નિરંતર વધતા જતા વેગે થઈ રહ્યો છે અને તેના શાખાતંત્રને સુધારવામાં આવી રહ્યું છે. ક્યૂબાના અર્થતંત્રમાં હાલ સુધી તો ખાંડ ઉદ્યોગ મોખરાનું સ્થાન ધરાવે છે (ખાંડની મિલોની સંખ્યા ૧૫૦થી વધારે છે). ક્રાંતિ પહેલા બાંધવામાં આવેલી એ મિલો આધુનિક ધોરણોની બાબતમાં બહુ પછાત છે. સોવિયેત સંઘ તેમાંથી ૧૧૪ મિલોના નવનિર્માણમાં મદદ કરી રહ્યો છે. તેના પરિણામે ખાંડના ઉત્પાદનમાં તેમ જ શ્રમની ઉત્પાદકતામાં વધારો થશે.

ક્રાંતિ પછીના પહેલા દાયકામાં ખાણ ઉદ્યોગનું ઉત્પાદન વધીને બમણું થઈ ગયું હતું. આ સંબંધમાં નિકારો અને મોઆમાં (ઓરિયેન્ટે પ્રાંત) આવેલા નિકલના પ્લાંટોનો ઉલ્લેખ આવશ્યક છે. એ પ્લાંટોએ નિકલના ઉત્પાદનની બાબતમાં ક્યૂબાને દુનિયામાં ત્રીજું સ્થાન અપાવ્યું છે. માતાઆમ્બ્રેની ખાણોમાં કાચા ત્રાંબાનું અને સિયેરા-માએસ્ત્રોમાં કાચા મેંગેનીઝનું ઉત્પાદન થાય છે.

ઓરિયેન્ટે પ્રાંતમાં શોધી કાઢવામાં આવેલા કાચા લોઢાના મોટા ભંડારો લોહમય ધાતુકર્મ ઉદ્યોગના આધારનું સર્જન સુનિશ્ચિત બનાવે છે.

નવા ઉદ્યોગોને, યંત્ર ઇજનેરી અને રસાયણ ઉદ્યોગોને, ક્યૂબાના ઔદ્યોગિક સંકુલના ઘડતરમાં ખૂબ મહત્ત્વ આપવામાં આવે છે. સાન્તા-કલારા શહેરનો (લાસ-વિલ્યાસ પ્રાંત) યંત્ર-નિર્માણ પ્લાંટ પ્રજાસત્તાકનો મોટો ધાતુકર્મ ઉદ્યોગધંધો છે. હોલ્ગિયાનોસમાં (માતાન્સાસ પ્રાંત) ટ્રેક્ટરનાં એંજિનોના પુરજા બનાવવામાં આવે છે. યંત્રનિર્માણ અને ધાતુકર્મનાં નવાં કારખાનાં પણ સ્થપાઈ રહ્યાં છે. ઓલ્ગીના શહેરમાં શેરડી કાપવાના યંત્રોનું કારખાનું બંધાઈ રહ્યું છે, તે દેશનો સૌથી મોટો એંજિનિયરીંગ ઉદ્યોગધંધો બની રહેશે. તેમાં દર વરસે ૬૦૦ કાપણીયંત્રો તેમ જ વધારાના પુરજા બનશે. ટેલિવિઝન અને રેડિઓ બનાવવાનું કારખાનું પણ બંધાઈ રહ્યું છે.

માતાન્સાસ, સિયેનફુએગોસ, નુએવિતાસ, અને ફેલ્ટન શહેરોમાં ખનીજ ખાતરનું ઉત્પાદન થાય છે. હોવેલિયાનોસ અને બીજાં કેટલાંક શહેરો રાસાયણિક ઉત્પાદનનાં કેંદ્રો છે. પ્રજાસત્તાકમાં સિમેંટનું (મારિયેલ, નુએવિતાસ, સિગુઆનેઆ, સાન્ત્યાગો-દી-ક્યૂબા) અને બીજી ઇમારતી સામગ્રીનું ઉત્પાદન વધી રહ્યું છે.

ક્યૂબામાં મોટાં થર્મલ પાવર સ્ટેશનો બાંધવામાં આવ્યાં છે. વીજળીનું ઉત્પાદન ત્રણ ગણું થઈ ગયું છે અને ૭૫૦૦ મિલિયન કિલોવાટ-કલાકની કક્ષાને પાર કરી ગયું છે. સર્વસામાન્ય એક પાવર-ગ્રીડની સ્થાપના કરીને દેશના વિદ્યુતકરણને પ્રવેગ આપવામાં આવ્યો છે. સોવિયેત સંઘની સહાયના આધારે બંધાઈ રહેલું ૮૮૦૦૦૦ કિલોવાટની ક્ષમતાનું પરમાણુ પાવર સ્ટેશન ક્યૂબાના પાવર ઉદ્યોગનું નવું તત્ત્વ બની રહેશે.

ક્યૂબાના આર્થિક વિકાસમાં વાહનવ્યવહાર પદ્ધતિની સુધારણા લાક્ષણિક છે. વાહનવ્યવહાર પદ્ધતિમાં મોટર-વાહન વ્યવસ્થા મુખ્ય સ્થાન ધરાવે છે અને દેશના મોટા ભાગમાં ફેલાયેલી છે. જનતાની સત્તા દરમિયાન મોટર-માર્ગોની લંબાઈ બમણી થઈને ૨૭ હજાર કિલોમીટરથી વધી ગઈ છે. દેશના પશ્ચિમ અને પૂર્વ ભાગોને સાંકળી લેતો મોટર-માર્ગ ઝડપથી બંધાઈ રહ્યો છે અને એક હજાર કિલોમીટરની લંબાઈને પાર કરી ગયો છે. દેશની મુખ્ય રેલવેનું પુનર્નિર્માણ થઈ રહ્યું છે. આધુનિક સમુદ્રી બંદરો બંધાઈ રહ્યાં છે, ક્યૂબાના વ્યાપારી વહાણવટાનું મહત્ત્વ વધી રહ્યું છે અને તેનો જહાજોનો કાફલો લૅટિન અમેરિકાના અતિ મોટા કાફલાઓમાં સ્થાન ધરાવે છે.

ઉદ્યોગ જેમ જેમ વિકસતો જાય છે તેમ તેમ તેની ભૌગોલિક વહેંચણી સુધારવાનાં પગલાં લેવામાં આવે છે. સાન્ત્યાગો-દી-ક્યૂબા, કામાગુએ, તથા બીજાં શહેરો વિકસી રહ્યાં છે અને નવાં ઔદ્યોગિક કેંદ્રો સ્થપાઈ રહ્યાં છે.

પાટનગર હવાના ક્યૂબાનું સૌથી મોટું શહેર છે. બૃહત હવાનાની વસતિ લગભગ બે મિલિયન છે. આધુનિક હવાના દેશનું ઔદ્યોગિક કેંદ્ર અને મોટું મહાસાગરીય બંદર છે. પાટનગરમાં વિજ્ઞાન અકાદમી, રાષ્ટ્રીય સંગ્રહાલય, યુનિવર્સિટી, અને બીજી ઉચ્ચતર શિક્ષણ સંસ્થાઓ છે. ગગનચુંબી ઈમારતો અને પહોળા તરુમાર્ગોમાં તાડવૃક્ષોની કતારો, હરિયાળાં ઉદ્યાનો, અને સાર્વજનિક બાગબગીચાઓ ધરાવતું હવાના નૂતન જીવનનું નિર્માણ કરતા મહેનતકશ લોકોનું સુંદર અને સદા ધમધમતું શહેર છે.

ટાપુના દક્ષિણ-પૂર્વમાં આવેલું ગ્વાંતાનામો ક્યૂબાનાં શહેરોમાં ખાસ સ્થાન ધરાવે છે. અહીંની ખાડીમાં સંયુક્ત રાજ્ય અમેરિકાનો મોટો નૌકાદળ અડ્ડો છે. ક્રાંતિકારી ક્યૂબાએ માંગ ઉઠાવી છે કે ગ્વાંતાનામો પ્રદેશ તેને પરત કરી દેવામાં આવે. ૧૯૭૪ની સોવિયેત-ક્યૂબા ઘોષણામાં જણાવવામાં આવ્યું છે તેમ, ગ્વાંતાનામોમાંથી અમેરિકી નૌકાદળ અડ્ડો હટાવી દેવાની અને એ વિસ્તાર બિનશરતી રીતે ક્યૂબાને પરત કરી દેવાની ક્યૂબા પ્રજાસત્તાકની માંગને સોવિયેત સંઘ ઇંનસાફી ગણે છે અને પૂરો ટેકો આપે છે.

ક્યૂબાના આર્થિક વિકાસનું સંચાલન તેને ખૂબ ઉદ્યોગીકૃત સમાજવાદી રાજ્યમાં પલટાવી નાખવાના લક્ષ્ય અનુસાર થઈ રહ્યું છે. ક્યૂબા પરસ્પર આર્થિક સહાય પરિષદમાં જોડાઈ ગયું એટલે દેશમાં સમાજવાદી નિર્માણના અધિક વિકાસને પ્રવેગ મળ્યો છે. તેની એક સાબિતી નિકલ તથા કોબાલ્ટના ઉત્પાદનમાં વધારા વિશે કરારના અમલમાં જોવા મળે છે. એ કરાર ૧૯૭૫માં ક્યૂબા, બલ્ગારિયા, લોકશાહીવાદી જર્મની, પોલૅંડ, રુમાનિયા, સોવિયેત સંઘ, અને ઝેકોસ્લોવાકિયાની સરકારો વચ્ચે થયો હતો.

સમાજવાદ, આર્થિક પ્રગતિ, અને દેશના મહેનતકશ લોકોનાં ભૌતિક સુખસગવડમાં વધારા માટેના સંઘર્ષમાં ક્યૂબા એકલું નથી. હવાનામાં એક સાર્વજનિક સભામાં લેઓનીદ બ્રેઝનેવે જણાવ્યું હતું કે "બંધુભાવ, સાથીભાવ, તથા નિઃસ્વાર્થ પરસ્પર સહાયના અતૂટ સંબંધોથી સંકળાયેલાં રાજ્યોના વિશાળ પરિવારના ચેતનમય જીવનમાં ક્યૂબા સક્રિય અને સંમાનિત ભાગીદાર છે."

ક્યૂબાની કોમ્યુનિસ્ટ પાર્ટીની બીજી કૉંગ્રેસમાં દેશના આર્થિક અને સામાજિક વિકાસ માટેનાં માર્ગદર્શનોને બહાલી આપવામાં આવી હતી. એ માર્ગદર્શનો

મુજબ પ્રજાસત્તાક સમક્ષ રજૂ થયેલી નવી સંભાવનાઓને સાકાર કરવાની જોશીલી કામગીરીના આધારે થઈ રહેલો અધિક આર્થિક વિકાસ લોકોની સુખાકારીમાં વધારો સુનિશ્ચિત બનાવે છે, અને ક્યૂબા સમાજવાદી પ્રજાસત્તાકની આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠાને વધારે દૃઢ બનાવે છે.

સમાજવાદના નિર્માણમાં સફળતાઓને કારણે ક્રાંતિકારી ક્યૂબા રાષ્ટ્રીય સ્વાધીનતા તથા સામાજિક પ્રગતિ ખાતર લડતાં બધાં રાષ્ટ્રો માટે અનુકરણીય ઉદાહરણ બનતું જાય છે.

એ રીતે, જગતના મેદાનમાં સમાજવાદી બિરાદરીના દેશોની સ્થિતિ એકધારી વધારે મજબૂત બનતી રહી છે. તેમની બિરાદરી વધારે મજબૂત તથા ગહન બની રહી છે અને એકતા વધારે મક્કમ બની રહી છે. સમાજવાદી દેશોની અતૂટ એકતામાં સમગ્ર માનવજાતિની આર્થિક અને સામાજિક પ્રગતિની આવશ્યક શરત અંકિત છે. લેઓનીદ ઇલ્યીચ બ્રેઝનેવે સમુચિત રીતે જણાવ્યું છે તેમ, સોવિયેત સંઘ અને તેના સંગાથી દેશો મળીને આપણા ગ્રહમાં શાંતિનો મુખ્ય ગઢ બની રહે છે, અગાઉ કરતાં ઘણા વધારે ગહન અર્થમાં શાંતિનો મુખ્ય ગઢ બની રહે છે.

વિકસતા દેશો

વિકસતા દેશો એકત્રિત રૂપમાં આધુનિક દુનિયામાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. વિકસતા દેશોના સમૂહમાં ૧૨૦થી વધારે દેશો સામેલ છે. તેઓ દુનિયાના ૬૦ ટકાથી વધારે પ્રદેશને અને ૫૦ ટકાથી વધારે વસતિને આવરી લે છે. લેનિનના શબ્દોમાં સંસ્થાનવાદીઓએ સદીઓથી "ઇતિહાસની બહાર" રાખેલા એ દેશો હવે રાજકારણનું લક્ષ્ય મટી ગયા છે અને પોતે રાજકારણમાં સક્રિય ભાગ લઈ રહ્યા છે. એશિયા, આફ્રિકા, અને લૅટિન અમેરિકાના દેશોની પ્રજાઓ રાષ્ટ્રીય અને સામાજિક મુક્તિ માટે લડી રહી છે અને દુનિયાના સામ્રાજ્યવાદ-વિરોધી મોરચાની મૂળભૂત ટુકડીઓમાં સ્થાન ધરાવે છે.

વિકસતા દેશો પોતપોતાના રાષ્ટ્રીય ઉદ્યોગોની સ્થાપના માટે સારી પેઠે કુદરતી સાધનસંપત્તિ ધરાવે છે. તેઓ મૂડીવાદી દુનિયાની કુદરતી સાધનસંપત્તિમાંથી ૫૦ ટકાથી વધારે કુદરતી ગૅસ, ૬૦ ટકાથી વધારે લોઢું, લગભગ ૭૦ ટકા ત્રાંબું તથા નિકલ, ૮૦ ટકાથી વધારે તેલ, મૅંગેનીઝ, તથા કોબાલ્ટ, ૯૦ ટકા ટિન, અને બીજાં ઉપયોગી ખનીજોના વિશાળ ભંડારો ધરાવે છે. વિકસતા દેશોમાં જમીન, વનો, અને જળની પારાવાર સાધનસંપત્તિ છે. પરંતુ સામ્રાજ્યવાદી ઇજારદારીઓ તરફથી લગાતાર મનસ્વી રીતે ઉપયોગમાં લેવાતી એ બધી સંપદાથી વિકસતા દેશોને પોતાને હજી બહુ ઓછો ફાયદો થાય છે.

વિકસતા દેશો ઔદ્યોગિક ઉત્પાદનના પરિમાણની બાબતમાં દુનિયામાં સાધારણ સ્થાન ધરાવે છે. તેઓ દુનિયાની કુલ ઔદ્યોગિક પેદાશમાં ખાલી ૭ ટકાનો ફાળો આપે છે, તેમની માથા દીઠ પેદાશ સમગ્ર દૃષ્ટિએ જોતાં ઉન્નત ઔદ્યોગિક મૂડીવાદી રાજ્યોની સરખામણીમાં વીસમા તથા પચીસમા ભાગ જેટલી છે.

હાલના સમયે વિકસતા દેશોનું અર્થકારણ મુખ્યત્વે ખેતીવાડી ઉપર આધારિત છે. તેમની કુલ રાષ્ટ્રીય પેદાશમાં ખેતીવાડીનો હિસ્સો ૫૦થી ૯૦ ટકા સુધીનો હોય છે. મોટા ભાગના વિકસતા દેશોમાં હજી કાલગ્રસ્ત ખેતી-સંબંધોનું અને ખેતીની આદિમ રીતોનું વર્ચસ્વ છે. કેટલાક આફ્રિકી દેશોમાં ખેતીવાડી તદ્દન પછાત દશામાં છે.

વિકસતા દેશોમાં આર્થિક વિકાસ ધીમા વેગે થાય છે અને ખોરાકની તંગી રહે છે, તેનાં થોડાંક કારણોમાં એક જ પાક ઉતારવાની ખેત-પદ્ધતિને અને વાડીઓના અર્થકારણમાં પરદેશી મૂડી તથા જાગીરદારોના વર્ચસ્વને તથા સ્થાનિક ક્ષેત્રમાં સામંતી ઉમરાવો તથા જમીનદારોના વર્ચસ્વને ગણાવી શકાય. એ દેશોમાં ખોરાકની જરૂરિયાતમાં વરસે છ ટકાનો વધારો થાય છે, પરંતુ ખોરાકની ચીજોની સ્થાનિક પેદાશમાં વધારાનો વાર્ષિક દર ત્રણ ટકાથી વધુ નથી.

કેટલાય વિકસતા દેશો, ખાસ કરીને આફ્રિકા તથા એશિયાનાં નવસ્વતંત્ર રાજ્યો, અનાજની આયાતમાં વધારો કરીને ખોરાકની સમસ્યા ઉકેલવાની કોશિશ કરે છે, પરંતુ એવી કોશિશ બહુ કામયાબ નથી થતી. મોટા ભાગના વિકસતા દેશોમાં સાનુકૂળ પ્રાકૃતિક સંજોગો છે અને વસતિને ખોરાક પૂરો પાડવાની જ નહિ બલકે એથીયે વધારે ખોરાક પેદા કરવાની શક્યતા છે, તેમ છતાં મોટા ભાગના મહેનતકશ લોકો કાં તો અપૂરતા ખોરાકની અથવા સાવ ભૂખમરાની દશામાં સબડતા હોય છે.

કેટલાય દેશોમાં "હરિયાળી ક્રાંતિ"ની લાક્ષણિક નવી કૃષિ ટેકનોલોજીના ઉપયોગથી ખોરાકની ચીજોના ઉત્પાદનને પ્રવેગ મળે છે. પરંતુ ગામોમાં મૂડીવાદનો પગપેસારો અંકિત કરતી "હરિયાળી ક્રાંતિ" કિસાનોને પાયમાલ કરી નાખે છે અને વિકસતા દેશોની ખેતીવાડીની સમસ્યાને ઉકેલતી નથી.

એ દેશોનું સામાજિક માળખું આર્થિક પછાત દશાને પ્રતિબિંબિત કરે છે. વસતિમાં ભારે મોટી બહુસંખ્યા કિસાનોની હોય છે. કેટલાક દેશોમાં મોસમી મજૂરોનો — અર્ધ-કિસાનો તથા અર્ધ-સર્વહારાઓનો — ઠીકઠીક મોટો સ્તર હોય છે.

આફ્રિકા અને એશિયાના મોટા ભાગના વિકસતા દેશોમાં મોટા પાયાનો ઉદ્યોગ નથી અને કામદાર વર્ગનું ઘડતર હજી નથી થયું. પરંતુ ઉદ્યોગ જેમ જેમ વિકસતો જાય છે તેમ તેમ કામદારોની સંખ્યા વધતી જાય છે. તેઓ બહેતર સંગઠન સાધતા જાય છે, અને સામ્રાજ્યવાદ તથા સ્થાનિક પ્રત્યાઘાતની વિરુદ્ધ કામદાર વર્ગનો સંઘર્ષ જોર પકડતો જાય છે.

વિકસતાં રાજ્યો જેમ જેમ મક્કમ બનતાં જાય તેમ તેમ સાથોસાથ સામાજિક તફાવતો વધતા જાય છે અને આંતરિક સામાજિક ઘર્ષણો વધારે જોરદાર બનતાં જાય છે. એવી પરિસ્થિતિ સૌપ્રથમ તો, એક બાજુએ સામ્રાજ્યવાદ તથા સામ્રાજ્યવાદ-તરફી આંતરિક પ્રત્યાઘાત અને બીજી બાજુએ કામદાર વર્ગ, કિસાનપ્રજા, તથા સઘળાં દેશાભિમાની પરિબળો વચ્ચેના સંઘર્ષમાં વ્યક્ત થાય છે. એ પરિબળો વધારે રાજકીય સ્વતંત્રતા હાંસલ કરવાની, આર્થિક પછાત

દશાને ખતમ કરી નાખવાની, તેમ જ સામાજિક પ્રગતિને વધારે વેગીલી બનાવવાની જહેમતો કરે છે.

વિકસતા દેશોની સામાજિક સમસ્યાઓ જટિલ તો છે જ, અને વસતિમાં જાતિઓ, પ્રજાઓ, તથા ધર્મોની બહુવિધતાને લીધે વધારે ઉગ્ર બની જાય છે. રાષ્ટ્રો સંબંધી સવાલ વધારે અટપટો છે કારણ કે ઘણા નવસ્વતંત્ર દેશોમાં, ખાસ કરીને એશિયા અને આફ્રિકાના દેશોમાં, સંસ્થાનવાદીઓ રવાનગીની વેળાએ એવી સરહદો મૂકી ગયા છે કે જે પ્રજાઓના વસવાટના વિસ્તારોને અનુરૂપ નથી. એથી પુનરેકીકરણમાં અડચણો પડે છે, સાંસ્કૃતિક તથા સામાજિક વિકાસ અવરોધાય છે, અને સરહદોને લગતા ઝઘડા વારંવાર થતા રહે છે.

આર્થિક અને સામાજિક પ્રગતિમાં બીજો એક ગંભીર અવરોધ એ હકીકતમાં અંકિત છે કે ઘણાં નવસ્વતંત્ર રાજ્યો હજી પરદેશી ઇજારદારી મૂડી પર અવલંબિત છે. વિકસતા દેશોને લૂંટવાનું મુખ્ય રૂપ એ દેશોમાં પશ્ચિમી ઇજારદારીઓની શાખાઓ સ્થાપવાનું છે. ઇજારદારીઓ વિકસતા દેશોમાં સસ્તી સ્થાનિક મજૂરીનું શોષણ કરીને અને ધરતીમાંથી કુદરતી સંપત્તિ કાઢી લઈને અનગળ નફા હાંસલ કરે છે. એ રીતે, મૂડીવાદી આંકડાઓ મુજબ, વિકસતા દેશોમાં આઠમા દાયકાના મધ્યમાં વિકસિત ઔદ્યોગિક દેશોનાં સીધાં રોકાણોની કુલ રકમ ૬૦ ૦૦૦ મિલિયન ડોલર જેટલી હતી અને પશ્ચિમી ઇજારદારીઓએ ૧૯૭૧-૭૫ દરમિયાન ૪૫૦૦૦ મિલિયન ડોલરથી વધારે ચોખ્ખો નફો હાંસલ કર્યો હતો.

વિકસતા દેશોને માથે પરદેશી કરજોનો બોજો પણ વધી રહ્યો છે. એવાં કરજોની રકમ ૧૯૮૧માં ૫૦૦ ૦૦૦ મિલિયન ડોલરથી વધારે હતી.

વિકસતા દેશોમાં સતત ચાલતી સામ્રાજ્યવાદી લૂંટનું પરિણામ એવી હકીકતમાં આવ્યું છે કે ત્યાં ૫૭૦ મિલિયનથી વધારે લોકો ભૂખમરાની હાલતમાં સબડે છે, ૮૦૦ મિલિયન લોકો નિરક્ષર છે, ૨૫૦ મિલિયન બાળકો શાળાના ભણતરનો લાભ નથી લઈ શકતાં, ૧૫૦૦ મિલિયન લોકોને તબીબી મદદ નથી મળતી, ૧૭૦૦ મિલિયન લોકોને ૬૦ વરસથી વધારે જીવતા રહેવાના સંજોગો નથી સાંપડતા, અને ૧૧૦૦ મિલિયન લોકો બેકાર છે.

નવસંસ્થાનવાદીઓ પોતાના આર્થિક હલ્લામાં પુરવણી કરવાના આશયે રાષ્ટ્રીય મુક્તિ આંદોલનની વિરુદ્ધ આક્રમક લશ્કરી કદમો ઉઠાવે છે. દાખલા તરીકે, આરબ દેશોની ઉપર ઇસરાએલના આક્રમણમાં અમેરિકી મદદ, કેટલાય નવસ્વતંત્ર દેશોમાં પ્રતિક્રાંતિકારી સત્તાપલટાનાં કારસ્તાનો, અને બીજી સંખ્યાબંધ સામ્રાજ્યવાદી ઉશ્કેરણીઓ.

હાલના સંજોગોમાં વિકસતા દેશોની પ્રજાઓ સંસ્થાનવાદની તદ્દન નાબૂદી માટેના, નવસંસ્થાનવાદની વિરુદ્ધના, તેમ જ સઘળા દેશોનો અને સૌપ્રથમ તો અત્યંત અલ્પવિકસિત દેશોનો આર્થિક તથા સામાજિક વિકાસ સુનિશ્ચિત બનાવતી નવી આંતરરાષ્ટ્રીય આર્થિક વ્યવસ્થાના સર્જન માટેના સંઘર્ષને વધારે જોરદાર બનાવી રહી છે. વિકસિત રાજ્યો અને અગાઉના સાંસ્થાનિક તથા પરાધીન દેશો વચ્ચે સમાનતા ઉપર આધારિત રાજકીય તથા આર્થિક સંબંધો અને સહકાર, નવસ્વતંત્ર દેશો અને સમાજવાદી રાજ્યો વચ્ચે લાંબા વખતથી હયાત સંબંધો અને સહકાર, માટેના સંઘર્ષમાં સમાજવાદી દેશોની કોમ્યુનિસ્ટ પાર્ટીઓની સહિયારી આંતરરાષ્ટ્રીય ફરજોનો અત્યંત મહત્ત્વનો ભાગ અંકિત છે.

નવસ્વતંત્ર રાજ્યોમાં નવસંસ્થાનવાદ તથા સામ્રાજ્યવાદના જોખમ વિશેની સભાનતા વધી રહી છે. એ દેશોમાં શાંતિ અને પ્રગતિના ખરા લડવૈયાઓ વધારે ને વધારે સાફ સમજતા જાય છે કે રાષ્ટ્રીય હિતોને સલામત રાખવા માટે કામદાર વર્ગ અને કિસાનપ્રજાની, તમામ સામ્રાજ્યવાદ-વિરોધી પરિબળોની, મક્કમ એકસંપી સાધવાની બાબત અત્યંત મહત્ત્વની છે.

એ દેશોમાં સામ્રાજ્યવાદની સામે સંઘર્ષ માટે પ્રગતિશીલ પરિબળોની જમાવટ કરવામાં ક્રાંતિકારી-લોકશાહીવાદી પાર્ટીઓ બહુ મહત્ત્વની ભૂમિકા ભજવી રહી છે. રાષ્ટ્રીય મુક્તિના લડવૈયાઓ અને કોમ્યુનિસ્ટ પાર્ટીઓ વચ્ચે ગાઢ સંબંધોની સ્થાપનામાં, નવોદિત રાષ્ટ્રીય રાજ્યો અને સમાજવાદી બિરાદરીના દેશોની એકસંપીને વધારે મક્કમ બનાવવાની જહેમતોમાં, નવમુક્ત દેશોના પ્રગતિશીલ સામાજિક વિકાસ માટે સામ્રાજ્યવાદની સામે સફળ સંઘર્ષની બાંયધરી અંકિત છે.

મોટા ભાગનાં નવસ્વતંત્ર રાજ્યો સામાજિક પ્રગતિ અને આર્થિક મુક્તિ માટેના સંઘર્ષના તબક્કામાં દાખલ થયાં છે. લેનિને નિર્દેશ કર્યો હતો કે સામાજિક પ્રગતિ અને આર્થિક મુક્તિ વગર રાષ્ટ્રીય આઝાદી કોઈ રીતે પરિપૂર્ણ ન જ હોઈ શકે. મૂડીવાદના હિમાયતીઓની ટીકા કરતાં લેનિને જણાવ્યું હતું કે તેઓ "**રાષ્ટ્રીય** મુક્તિની વાતો કરે છે... **આર્થિક** મુક્તિને અળગી રાખે છે. પરંતુ વાસ્તવમાં મુખ્ય બાબત તો આર્થિક મુક્તિની જ છે."

આધુનિક ઉદ્યોગ અને ટેકનોલોજી ઉપર આધારિત સ્વાધીન રાષ્ટ્રીય અર્થતંત્રની સ્થાપના માટે અને લોકોના સાંસ્કૃતિક ધોરણ તથા ભૌતિક સુખાકારીના ઉત્કર્ષ માટે ગહનગામી સામાજિક-આર્થિક સુધારાઓ અમલમાં મૂકવાનું એકદમ જરૂરી હોય છે. કેટલાય વિકસતા દેશોમાં એવાં પરિવર્તનોની એક મુખ્ય દિશા ઉદ્યોગમાં રાજ્ય-સંચાલિત ક્ષેત્ર ઉપર ભાર મૂકવાની, સામંતી જમીનદારીને ખતમ કરી

નાખવાની, પોતાની કુદરતી સાધનસામગ્રીની માલિકી પોતાના હાથમાં રાખવા માટે પરદેશી નિયંત્રણના ઉદ્યોગધંધાઓનું રાષ્ટ્રીયકરણ સાધવાની, અને પોતાના કુશળ કાર્યકરો તૈયાર કરવાની છે.

ખેતીવાડીમાં લોકશાહીવાદી સુધારાઓ દાખલ કરવાની, કાલગ્રસ્ત સામંતી અને સામંતશાહી પૂર્વેના સંબંધોને ખતમ કરી નાખવાની, પરદેશી ઇજારદારોઓના વર્ચસ્વનો અંત આણવાની, સામાજિક અને રાજકીય જીવનનું લોકશાહીકરણ સાધવાની, રાષ્ટ્રીય સંસ્કૃતિને ફરી ચેતનમય બનાવવાની તથા તેની પ્રગતિશીલ પરંપરાઓને વધારે વિકસાવવાની, ક્રાંતિકારી પાર્ટીઓને વધારે મજબૂત બનાવવાની, અને જે દેશોમાં એવી પાર્ટીઓ ન હોય ત્યાં તેમની સ્થાપના કરવાની બાબત બેહદ મહત્ત્વની છે. માત્ર ખરેખરાં ક્રાંતિકારી રૂપાંતરો જ વિકસતા દેશો માટે પોતાની નવી સ્વાધીનતાનો વાસ્તવિક અમલ કરવાનું અને આર્થિક તથા સામાજિક પ્રગતિના પંથે આત્મવિશ્વાસથી આગેકૂચ કરવાનું શક્ય બનાવશે.

વિકસતા દેશોમાં હવે મૂળભૂત કર્તવ્ય પછાત દશાને અને સામાજિક અસમાનતાને ખતમ કરી નાખવાનું છે, એટલે નિર્ણાયક સવાલ સામાજિક પ્રગતિના પંથની પસંદગીનો છે. સામ્રાજ્યવાદ નબળો બનવાના અને વિશ્વ સમાજવાદી પદ્ધતિ મજબૂત બનવાના સંજોગો નવમુક્ત દેશો સમક્ષ વિકાસના બિનમૂડીવાદી પંથે આગેકૂચ કરીને યુગજૂની પછાત દશાને ખતમ કરી નાખવાની, તથા આર્થિક સ્વાધીનતા સિદ્ધ કરવાની, નવી સંભાવના રજૂ કરે છે.

કેટલાંય નવોદિત રાજ્યોએ પસંદ કરેલો બિનમૂડીવાદી વિકાસનો પંથ સાંસ્થાનિક ભૂતકાળમાંથી વારસામાં મળેલી પછાત દશાને ખતમ કરી નાખવાની અને સમાજવાદી વિકાસના પંથમાં સંક્રમણના સંજોગો પેદા કરવાની શક્યતા સુનિશ્ચિત બનાવે છે. માનવજાતિની અધિક પ્રગતિ માટે સમાજવાદ અત્યાવશ્યક બની ગયો છે. સામ્રાજ્યવાદી ધૂંસરીથી છૂટી ગયેલા અને સ્વતંત્ર વિકાસના પંથે આગળ ધપી રહેલા કેટલાય દેશોમાં સમાજવાદે ઊંડાં મૂળિયાં ધારણ કરી લીધાં છે.

વિકાસનો નવો પંથ પસંદ કરવાની મુશ્કેલીઓ છતાં સમાજવાદી વલણ ધરાવતા દેશોની સંખ્યા એકધારી વધી રહી છે. તેમાં મુખ્ય દેશો અલ્જીરિયા, અફઘાનિસ્તાન, બર્મા, ગીની, કોંગો, જન લોકશાહીવાદી યેમેન પ્રજાસત્તાક, અને તાંઝાનિયા છે. ગીની-બીસાઉ, કેપ વેર્દે દ્વીપસમૂહ, અંગોલા, મોઝાંબીક, બેનિન, માડાગાસ્કર, ઇથિયોપિયા, અને બીજા ઘણા દેશો પણ નવા પ્રગતિશીલ પંથે આગળ ધપી રહ્યા છે.

સમાજવાદની દિશામાં અભિમુખ વિકસતા દેશોમાં મહત્ત્વના સામાજિક-આર્થિક પરિવર્તનો થયાં છે. સામંતી ઉમરાવો અને બગીચા-વાડીઓના પરદેશી માલિકોની જમીન સામાન્ય રીતે જપ્ત કરી લેવામાં અને વાસ્તવમાં ખેડતા લોકોને સુપરત કરી દેવામાં આવી છે. કિસાનોને ખેતીવાડીની સહકારીઓમાં સંકળાઈ જવાનું પ્રોત્સાહન આપવામાં આવે છે. રાજ્ય સંચાલિત ક્ષેત્રને વધારે મજબૂત બનાવવામાં આવે છે. એ દેશો ધીરે ધીરે ઉદ્યોગીકરણ અમલમાં મૂકતા જાય છે અને અર્થતંત્રનો સર્વાંગી ઉત્કર્ષ સાધતા જાય છે. તેઓ સમાજવાદી દેશો જોડે આર્થિક, વૈજ્ઞાનિક તથા ટેકનોલોજિકલ, અને સાંસ્કૃતિક સહકારને સુસંગત રીતે વિસ્તારી રહ્યા છે.

૯૦થી વધારે વિકસતા દેશોમાં સોવિયેત સંઘ અને બીજા સમાજવાદી દેશોની મદદના આધારે લગભગ ૪૫૦૦ ઔદ્યોગિક તથા બીજી પરિયોજનાઓ સાકાર થઈ ગઈ છે અથવા થઈ રહી છે. ૧૦૦ વિકસતા દેશોના હજારો વિદ્યાર્થીઓ પરસ્પર સહાય પરિષદના દેશોમાં અભ્યાસ કરી રહ્યા છે. પોતાની કુદરતી સંપદા અને બધી ઉત્પાદક શક્તિઓ ઉપર પૂરું સ્વામિત્વ ધરાવવાના તેમ જ પોતાને ગમતી સામાજિક પદ્ધતિ અપનાવવાના દરેક પ્રજાના અધિકારની માન્યતા ખાતર વિકસતા દેશો તરફથી લડવામાં આવતા સંઘર્ષમાં સમાજવાદી દેશોની અને ખાસ કરીને પરસ્પર સહાય પરિષદના સભ્ય દેશોની મદદ અત્યંત મહત્ત્વનું અંગ બની રહે છે.

વિકસતા દેશો બધા એકસરખા કોઈ રીતે નથી. મોટા ભાગના વિકસતા દેશો એશિયા તથા આફ્રિકામાં છે. આટલાંટિક મહાસાગરના આફ્રિકી કિનારાથી લઈને પ્રશાંત મહાસાગરના ટાપુઓ સમેત અને સુધીના અફાટ વિસ્તારમાં એકસોથી વધારે નવસ્વતંત્ર રાજ્યો તથા સંસ્થાનો છે. પરંતુ વિકસતા દેશોના ઔદ્યોગિક ઉત્પાદનના કુલ પરિમાણમાં એશિયા અને આફ્રિકાના દેશો માત્ર લગભગ અરધો ફાળો આપે છે.

આર્થિક દૃષ્ટિએ જોતાં લૅટિન અમેરિકી રાજ્યો પ્રમાણમાં વધારે વિકસિત છે.

લૅટિન અમેરિકી દેશો

લૅટિન અમેરિકામાં વિકસતા દેશોની સંખ્યા ૩૦થી વધારે છે. સાંસ્થાનિક દેશો તથા પ્રદેશોની સાથે મળીને તેઓ લગભગ ૨૩ મિલિયન ચોરસ કિલોમીટરના વિસ્તારને આવરી લે છે અને ૩૭૦ મિલિયનથી વધારે વસતિ ધરાવે છે.

કેટલાક લૅટિન અમેરિકી દેશોનાં
ક્ષેત્રફળ અને વસતિ

	ક્ષેત્રફળ (ચોરસ કિલોમીટર)	વસતિ
બધા લૅટિન અમેરિકી દેશો	૨૦ ૫૦૦ ૦૦૦	૩૭૦ ૦૦૦ ૦૦૦
તેમાંથી — બ્રાઝિલ	૮ ૫૦૦ ૦૦૦	૧૨૦ ૦૦૦ ૦૦૦
મેક્સિકો	૨ ૮૦૦ ૦૦૦	૨૭ ૦૦૦ ૦૦૦
આર્જેન્ટીના	૨ ૦૦૦ ૦૦૦	૭૦ ૦૦૦ ૦૦૦
વેનેઝુએલા	૯૦૦ ૦૦૦	૧૪ ૦૦૦ ૦૦૦
કોલંબિયા	૧ ૧૦૦ ૦૦૦	૨૬ ૦૦૦ ૦૦૦
પેરુ	૧ ૩૦૦ ૦૦૦	૧૭ ૦૦૦ ૦૦૦
ચીલી	૭૬૦ ૦૦૦	૧૧ ૦૦૦ ૦૦૦
બોલીવિયા	૧ ૧૦૦ ૦૦૦	૬ ૦૦૦ ૦૦૦
ઈક્વેડોર	૩૦૦ ૦૦૦	૮ ૦૦૦ ૦૦૦

લૅટિન અમેરિકી દેશોની મોટા ભાગની વસતિ સ્પૅનિશ અથવા પોર્ચુગીઝ ભાષા બોલે છે. લગભગ દસમા ભાગની વસતિ લૅટિન અમેરિકાના મૂળ વતનીઓની છે અને ઈન્ડિયન ભાષાઓ બોલે છે. લોકોમાં એકરૂપ ન બનેલા યુરોપી વસાહતીઓ પોતપોતાનાં વતનની ભાષાઓ બોલે છે.

લૅટિન અમેરિકી દેશોએ રાજકીય સ્વાધીનતા છેક ઓગણીસમી સદીના આરંભમાં હાંસલ કરી લીધી હતી. પરંતુ ઔપચારિક દૃષ્ટિએ સાર્વભૌમ રાજ્યો બની ગયા પછી તેઓ થોડા વખતમાં જ પશ્ચિમ યુરોપી સામ્રાજ્યવાદી સત્તાઓના અને આગળ જતાં સંયુક્ત રાજ્ય અમેરિકાની ઈજારદારી મૂડીના ભારે આર્થિક અવલંબનની દશામાં ધકેલાઈ ગયા.

લૅટિન અમેરિકામાં વિપુલ પ્રાકૃતિક સંપદા છે. તે ખનીજ કાચા માલની બાબતમાં ખાસ સમૃદ્ધ છે અને નાયોબિયમ, ટૅન્ટેલમ, એન્ટીમની, બેરીલિયમ, લોહું, તથા મૅંગેનીઝ જેવી અત્યંત મૂલ્યવાન કાચી સામગ્રીની વીસેક વસ્તુઓના ઉત્પાદનની બાબતમાં મૂડીવાદી દુનિયામાં પ્રથમ સ્થાન અથવા મુખ્ય સ્થાનોમાંનું એક ધરાવે છે. વેનેઝુએલા, આર્જેન્ટીના, અને બીજા કેટલાક લૅટિન અમેરિકા દેશો મળીને મૂડીવાદી દુનિયાના તેલ અને ગૅસના સાબિત ભંડારોના લગભગ દસમા હિસ્સાને આવરી લે છે. સોનું, રૂપું, પ્લૅટિનમ, માટી અને

ટ્રેસનાં તત્ત્વો, કાચું યુરેનિયમ, અને બિનધાતુ ખનીજોના સંબંધમાં લૅટિન અમેરિકા દુનિયાના મોટામાં મોટા સ્રોતોમાં સ્થાન ધરાવે છે. દક્ષિણ અમેરિકાનાં (ઍમેઝોન વિસ્તાર) ઉષ્ણ કટિબંધીય વનોમાં રેડવૂડ, યુકેલિપ્ટસ, અને બીજી મૂલ્યવાન જાતિઓનાં વૃક્ષોની જે પારાવાર સંપદા ભરેલી છે એવી બીજે ક્યાંય નથી.

લૅટિન અમેરિકાના દેશોમાં વસતિના વધારાનો દર દુનિયામાં ઊંચામાં ઊંચો છે અને માનવશક્તિ સંબંધી સાધનસંપત્તિ વિપુલ પ્રમાણમાં છે. સામ્રાજ્યવાદી વર્ચસ્વ અને સામંતી વ્યવસ્થાના વ્યાપક અવશેષોને લીધે શ્રમના અનામત લશ્કરમાં એકધારો વધારો થઈ રહ્યો છે. હાલ વસતિના સશક્ત લોકોમાંથી દસમા ભાગનાં માણસો બેકાર છે, અને બેકારોની સંખ્યા એકધારી વધી રહી છે. ૪૦ મિલિયનથી વધારે સંખ્યાનો કામદાર વર્ગ લૅટિન અમેરિકી મહેનતકશ લોકોના મુક્તિ સંઘર્ષમાં મોખરાનું પરિબળ બની ગયો છે.

કેટલાંક લૅટિન અમેરિકી રાજ્યોમાં સંયુક્ત રાજ્ય અમેરિકાનાં સામ્રાજ્યવાદી વર્તુળોના દબાણને લીધે અને ટેકાના આધારે લશ્કરીકરણ વધી રહ્યું છે, અને તેમને માથે લશ્કરી-સરમુખત્યારશાહી લાદવામાં પણ એ જ વર્તુળો કારણભૂત છે. લૅટિન અમેરિકામાં છેલ્લાં ૧૫૦ વર્ષો દરમિયાન ૫૦૦થી વધારે સત્તાપલટાઓ થયા છે, અને તેમાંથી ૭૦ સત્તાપલટાઓ બીજા વિશ્વયુદ્ધ પછીના ગાળામાં થયા છે.

લૅટિન અમેરિકાના દેશોમાં પોતાનું વર્ચસ્વ ગમે તે ભોગે ટકાવી રાખવાનો અને વધારે જોરદાર બનાવવાનો પાકો નિર્ધાર ધરાવતું સંયુક્ત રાજ્ય અમેરિકા એ જ હેતુ ખાતર ૧૯૪૮માં સ્થાપવામાં આવેલા અમેરિકી રાજ્ય સંગઠનનો ઉપયોગ કરે છે. સંયુક્ત રાજ્ય અમેરિકાનાં શાસક વર્તુળો એક તરફ લૅટિન અમેરિકામાં મુક્તિ આંદોલનના વિકાસને અવરોધવાની અને બીજી તરફ અમુક દેશોને બીજા દેશો સામે ટકરાવી દેવાની, પ્રત્યાઘાતી દેશોનું જૂથ રચવાની, અને જાગૃત થઈ રહેલા ખંડમાં ત્રાસ તથા હિંસાના ભડકા પેદા કરવાની કોશિશો કરે છે.

પરંતુ લૅટિન અમેરિકાની પ્રજાઓ સામ્રાજ્યવાદી સંયુક્ત રાજ્ય અમેરિકાની આક્રમક નીતિનો વધારે ને વધારે વિરોધ અને સામનો કરી રહી છે. ખંડના બધા દેશોમાં લોકસમુદાયોની અંદર રાષ્ટ્રીય જાગૃતિ વધી રહી છે, ક્રાંતિકારી ભાવના જોર પકડી રહી છે, અને તેઓ પરદેશી તથા સ્થાનિક ઈજારદારીઓ તેમ જ જાગીરદારીઓની સામે સંઘર્ષના મોરચાને વિસ્તારી રહ્યા છે.

હાલના સમયે લૅટિન અમેરિકાના દેશોમાં ખરા રાષ્ટ્રીય સાર્વભૌમત્વ અને આર્થિક આઝાદી ખાતર તેમ જ જુલમી સરમુખત્યારીઓ અને પરદેશી તથા સ્થાનિક ઈજારદારીઓની વિરુદ્ધ પ્રજાકીય આંદોલન વધારે જોરદાર બની રહ્યું છે. ક્યૂબા પ્રજાસત્તાક, સોવિયેત સંઘ, અને બીજા સમાજવાદી દેશો જોડે ડિપ્લોમૅટિક અને વ્યાપારી સંબંધો બાંધનારા લૅટિન અમેરિકી રાજ્યોની સંખ્યા વધી રહી છે.

વિકસતા લૅટિન અમેરિકી દેશોનો પરસ્પર સહયોગ સહિયારાં પ્રગતિશીલ સામ્રાજ્યવાદ-વિરોધી હિતોના આધારે વધી રહ્યો છે. ૧૯૮૦માં સામાજિક અને આર્થિક વિકાસના ક્ષેત્રમાં સંયુક્ત કદમો માટે લૅટિન અમેરિકી એકીકરણ મંડળની સ્થાપનાથી શરૂઆત કરવામાં આવી હતી. ખંડના ૨૫ વિકસતા દેશોને આવરી લેતા એ મંડળમાં સમાજવાદી ક્યૂબા પણ સામેલ છે. મંડળ લૅટિન અમેરિકી દેશોની આર્થિક સ્વાધીનતા માટેની જહેમતોમાં, તેમના આંતર-પ્રાદેશિક સહકારના વિકાસમાં, મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

લૅટિન અમેરિકાના દેશોમાં યુદ્ધ પછીનાં વર્ષો દરમિયાન રાષ્ટ્રીય આવક અને ઔદ્યોગિક ઉત્પાદનના પરિમાણમાં નોંધપાત્ર વધારો થયો છે અને તેમનું આર્થિક સામર્થ્ય સારી પેઠે વધ્યું છે. લૅટિન અમેરિકાના દેશોની કુલ વસતિ બધાં વિકસતાં રાજ્યોની વસતિના છઠ્ઠા ભાગ જેટલી છે, અને તેમનું ઔદ્યોગિક ઉત્પાદન વિકસતાં રાજ્યોના ઔદ્યોગિક ઉત્પાદનના ૫૦ ટકા જેટલું છે. લૅટિન અમેરિકાના દેશોમાં માથા દીઠ રાષ્ટ્રીય આવક પશ્ચિમ યુરોપી રાજ્યોની સરખામણીમાં ત્રીજા ભાગ જેટલી અને સંયુક્ત રાજ્ય અમેરિકાની સરખામણીમાં આઠમા ભાગ જેટલી છે. લૅટિન અમેરિકાના ઉદ્યોગમાં વર્ચસ્વી સ્થાન ધરાવતી નિષ્કર્ષણ શાખાઓમાંથી મુખ્ય મૂડીવાદી દેશોને બહુવિધ ખનીજ કાચો માલ પૂરો પાડવામાં આવે છે. નિષ્કર્ષણ સામાન્ય રીતે પરદેશી, મુખ્યત્વે સંયુક્ત રાજ્ય અમેરિકાની, ઈજારદારીઓના હાથમાં હોય છે.

અગ્રગામી લૅટિન અમેરિકી દેશોમાં વિકસી રહેલા કારખાના ઉદ્યોગમાં પણ નિર્ણાયક સ્થાનો હાંસલ કરી લેવાની જહેમતો પરદેશી મૂડી કરી રહી છે. આર્જેન્ટીના, બ્રાઝિલ, અને મેક્સિકોમાં સંયુક્ત રાજ્ય અમેરિકાનાં રોકાણો ખાસ મોટાં છે, અને તેમાંથી મોટા ભાગનાં રોકાણો ઍન્જિનિયરીંગ, વિદ્યુત ઍન્જિનિયરીંગ, રસાયણિક, અને બીજા કારખાના ઉદ્યોગોમાં વાળવામાં આવ્યાં છે.

લૅટિન અમેરિકી દેશોમાં ખેતીવાડીની સ્થગિત અને પછાત દશામાં, ગામોના લોકોની ગરીબીમાં, અને ખોરાકની તંગીમાં એક જ પાકની મર્યાદિત ખેતીની

રીત, જાગીરદારીઓ તથા પરદેશી પેઢીઓનું વર્ચસ્વ, અને ખેતીવાડીમાં જરીપુરાણા સંબંધો મુખ્યત્વે કારણભૂત છે. એ દેશોમાં ખોરાકનું માથા દીઠ ઉત્પાદન આજ સુધી બીજાં મૂડીવાદી રાજ્યોની સરખામણીમાં બહુ ઓછું છે. લૅટિન અમેરિકી દેશોમાં ખેતીની સમસ્યાનો ઉકેલ અને બીજા મૂળભૂત સુધારાઓ તેમના આર્થિક અને સાંસ્કૃતિક વિકાસની આવશ્યક પૂર્વશરત અંકિત કરે છે.

સમગ્ર લૅટિન અમેરિકાનાં સર્વસામાન્ય લક્ષણોની સાથે દુનિયાના એ ભાગના દરેક દેશનું સ્થાન અને ભૂમિકા નિર્ધારિત કરતાં વિશિષ્ટ લક્ષણો પણ છે. આર્થિક વિકાસની સૌથી ઊંચી કક્ષા મેક્સિકો, વેનેઝુએલા, બ્રાઝિલ, અને આર્જેન્ટીનામાં જોવા મળે છે. એ દેશો ભેગા મળીને લૅટિન અમેરિકાના ઔદ્યોગિક ઉત્પાદનના કુલ પરિમાણમાં લગભગ ૭૫ ટકાનો ફાળો આપે છે. કોલંબિયા, પેરુ, ઉરુગુએ, અને ચીલી પણ પ્રમાણમાં વિકસિત દેશો છે.

બ્રાઝિલ

દક્ષિણ અમેરિકાના પૂર્વ અને મધ્ય ભાગમાં આવેલું આધુનિક બ્રાઝિલ સૌથી વધારે વિસ્તાર ધરાવતું લૅટિન અમેરિકી રાજ્ય છે. કુદરતી સાધનસંપત્તિની બાબતમાં પણ તે સૌથી વધારે સમૃદ્ધ છે. બ્રાઝિલ દક્ષિણ અમેરિકી ખંડના લગભગ અરધા હિસ્સાને અને અરધી વસતિને આવરી લે છે. તેનો આટલાંટિક કિનારો હજારો કિલોમીટર લાંબો છે અને આટલાંટિક મહાસાગરના કેટલાય ટાપુઓ તેની માલિકીના છે.

બ્રાઝિલના ઉત્તર-પશ્ચિમ ભાગમાં દુનિયાની સૌથી વધારે વિસ્તૃત ઍમેઝોન નીચાણભૂમિમાં પથરાયેલું ઉષ્ણ કટિબંધીય વન રબરનાં ઝાડનો પ્રદેશ છે અને મૂલ્યવાન જાતિઓના કાષ્ઠનો વિશાળ ખજાનો છે.

ઍમેઝોન અને તેની શાખાઓ ઍમેઝોનાઝ નામે ઓળખાતા જબ્બર મોટા અને પાંખી વસતિવાળા વિસ્તારમાં થઈને વહેતી રહે છે. ત્યાં લાખો ચોરસ કિલોમીટરને આવરી લેતી રતૂમડી જમીન છે, જળ અને વૃક્ષોની વિશાળ દુનિયા છે, તરતા ટાપુઓ છે, અને લગભગ રંગ વગરની સાગર જેવી અફાટ નદી છે.

દેશના આટલાંટિક કિનારાને પેરુની સરહદે એન્ડીઝ કોર્ડીલેર્સનાં શિખરો જોડે સાંકળી લેતો ટ્રાન્સ-ઍમેઝોન રાજમાર્ગ આઠમા દાયકામાં બંધાઈ જવાથી ઍમેઝોન પ્રદેશની સાધનસંપત્તિના વિકાસને તથા દેશના આર્થિક જીવનમાં એ સાધનસંપત્તિના ઉપયોગને પ્રવેગ મળ્યો.

દેશના મધ્ય અને દક્ષિણ ભાગમાં પથરાયેલી બ્રાઝિલિયન ઊંચાણભૂમિમાં મૂડીવાદી દુનિયાના કાચા લોઢાના સૌથી મોટા ભંડારો અને બોક્સાઇટ, મૅંગેનીઝ, ક્રોમિયમ, નિકલ, સોનું, ઝીરકોનિયમ, બેરીલિયમ, ટિટાનિયમ, તેલ, ગ્રાફાઇટ, હીરા, અને બીજાં એવાં ખનીજોના વિશાળ ભંડારો છે કે જેની શોધખોળ હજી પૂરતા પ્રમાણમાં નથી કરવામાં આવી. ખુદ બ્રાઝિલવાસીઓના કથન મુજબ બ્રાઝિલ વિપુલ કુદરતી સંપદા ધરાવતો દેશ હોવા છતાં હજી એવા કંગાલને મળતો આવે છે કે જે સોનાના ઢગલા ઉપર બેઠો હોય પરંતુ એ સોનાનો ઉપયોગ ન કરી શકતો હોય.

બીજા વિશ્વયુદ્ધના અંત પછી બ્રાઝિલમાં ઉદ્યોગ ખેતીવાડી કરતાં પ્રમાણમાં વધારે ઝડપથી વિકસી રહ્યો છે. સૌથી વધારે પ્રગતિ ખાણ ઉદ્યોગમાં સાધવામાં આવી છે. મોટા ભાગનું કાચું લોઢું, મૅંગેનીઝ, ક્રોમિયમ, અને વિરલ તથા બિનલોહ ધાતુઓ પરદેશોને મોકલવામાં આવે છે. બ્રાઝિલમાં તેલનું વાર્ષિક ઉત્પાદન દેશની જરૂરિયાતો સંતોષવા માટે પૂરતું નથી.

અર્થતંત્રની બીજી વિકસતી શાખાઓમાં પાવર ઍન્જિનિયરીંગ, લોખંડ અને પોલાદ, ઍન્જિનિયરીંગ (મોટરવાહનો, જહાજો, અને ઇલેક્ટ્રોટેકનિકલ તથા બીજી પેદાશો), શસ્ત્રસરંજામ, રસાયણ, ખોરાક, તથા હળવા ઉદ્યોગો સામેલ છે. કેટલાક ઉદ્યોગધંધાઓ રાજ્યની માલિકીના છે, પરંતુ બ્રાઝિલિયન ઉદ્યોગમાં વર્ચસ્વી સ્થાનો હાલ સુધી પરદેશી, મુખ્યત્વે સંયુક્ત રાજ્ય અમેરિકાની, મૂડીને હસ્તક છે. સંયુક્ત રાજ્ય અમેરિકાની મૂડી બ્રાઝિલના અર્થતંત્રમાંનાં કુલ પરદેશી રોકાણોના ૫૦ ટકાથી વધારે હિસ્સાને આવરી લે છે.

વસતિના ૫૦ ટકા લોકો ખેતીવાડીમાં કામ કરે છે. દુનિયાની ૪૦ ટકા કોફી બ્રાઝિલમાં પેદા થાય છે. દેશની ખેતીવાડીની પેદાશમાં નિકાસની મુખ્ય ચીજ કોફી છે. કોકો, કપાસ, શેરડી, કેળાં, સંતરાં, તમાકુ, અને નિકાસના બીજા પાકોની ખેતી પણ કરવામાં આવે છે. બ્રાઝિલ ખોરાકની બાબતમાં સ્વાવલંબી નથ અને પાડોશી આર્જેન્ટીના તથા સંયુક્ત રાજ્ય અમેરિકામાંથી ઘઉંની આયાત કરે છે. બ્રાઝિલની ખેતીવાડીની પછાત દશા અને ઓછી ઉત્પાદકતામાં નિકાસલક્ષી વલણ તથા જાગીરદારી પ્રથા કારણભૂત છે. ખેતીની અરધી જમીન દોલતમંદ જાગીરદારોની માલિકીની છે. બહોળી સંખ્યાના ગામલોકો જમીનના ખાલી નાના નાના પ્લોટ ધરાવતા હોય છે અથવા બિલકુલ જમીન વગરના હોય છે. કંગાલિયતમાં ધકેલાઈ રહેલા બ્રાઝિલિયન કિસાનો શહેરોમાં બેકારોના લશ્કરમાં ઉમેરાતા રહે છે.

બ્રાઝિલનાં શહેરો ઝડપથી વિકસી રહ્યાં છે અને કુલ વસતિના લગભગ ૫૦ ટકા હિસ્સાને આવરી લે છે. બહુ મોટાં શહેરોમાં સેંટ-પાઉલો (વસતિ લગભગ ૮ મિલિયન), રિયો ડી જાનેરો (વસતિ ૪ મિલિયનથી વધારે), અને એક મિલિયનથી વધારે વસતિ ધરાવતાં રેસીફે, બેલો હોરીઝોન્ટે, તથા પોર્ટો આલેગ્રે સામેલ છે. નવા પાટનગર બ્રાઝિલિઆની વસતિ લગભગ એક મિલિયન છે.

શહેરી અને દેહાતી કામદારોની હાલત બેહદ કપરી છે. કામદાર વર્ગની અંદર તેમ જ બ્રાઝિલના લોકોના લોકશાહીવાદી અધિકારો તથા આઝાદી ખાતર અને સામાજિક તથા આર્થિક પ્રગતિ ખાતર, બ્રાઝિલને સમૃદ્ધ દેશમાં પલટાવી નાખે એવી પ્રગતિ ખાતર, લડતા બીજા સામાજિક સ્તરોની અંદર ક્રાંતિકારી પરિબળો વધારે જોરદાર બની રહ્યાં છે.

મેક્સિકો

મેક્સિકો (મેક્સિકોનાં સંયુક્ત રાજ્યો) ઉત્તર અમેરિકા ખંડના દક્ષિણ-પશ્ચિમ ભાગમાં આવેલું છે. પાટનગર મેક્સિકો શહેર (વસતિ લગભગ ૧૪ મિલિયન) મેક્સિકોના સમવાયી વિસ્તારમાં આવેલું છે.

યુદ્ધ પછીના ગાળામાં પ્રમાણમાં ઊંચા તથા સ્થાયી દરે થઈ રહેલા વિકાસના સુફળ રૂપે મેક્સિકોનું રૂપાંતર વિકસિત ઉદ્યોગ તથા ખેતીવાડીના દેશમાં થઈ ગયું છે. મેક્સિકોનું ઔદ્યોગિક ઉત્પાદન કુલ રાષ્ટ્રીય પેદાશમાં લગભગ ત્રીજા ભાગનો ફાળો આપવા લાગ્યું છે. ખાણ ઉદ્યોગમાં તેલ, સલ્ફર, રૂપું (દુનિયામાં પ્રથમ સ્થાન), લોઢું, બિનલોહ ધાતુઓ, અને નિકાસની બીજી ચીજોનું ઉત્પાદન થાય છે. એ ઉપરાંત ધાતુકર્મ, વિમાન, મોટરવાહન, વીજાણુ, તથા બીજા કારખાના ઉદ્યોગોનું નિર્માણ થઈ રહ્યું છે. તેલ અને કુદરતી ગૅસના ઉત્પાદનમાં એકધારા વધારાના આધારે કેમિકલ અને પેટ્રોકેમિકલ ઉદ્યોગનો અધિક વિકાસ થઈ રહ્યો છે. અર્થતંત્રનો પ્રમાણમાં મોટો હિસ્સો (તેલ તથા પાવર ઍન્જિનિયરીંગ ઉદ્યોગો તેમ જ ધાતુકર્મ તથા બીજા ઉદ્યોગોનો અમુક ભાગ) રાજ્ય સંચાલિત હોવાની હકીકત ઉદ્યોગના તથા સમગ્ર રૂપમાં અર્થતંત્રના વિકાસને પ્રવેગ આપે છે.

ઉદ્યોગની સરખામણીમાં ખેતીવાડી બહુ પાછળ રહી ગયેલી છે. મુખ્ય પાક (મકાઈ, કઠોળ, ઘઉં, તથા ડાંગર) આંતરિક બજારમાં વેચવામાં આવે છે અને કોફી, કપાસ, શેરડી, કેળાં, નારંગી, તથા અનેનાસની નિકાસ કરવામાં આવે છે. ખેતીવાડીની ઉત્પાદકતા વધારવાના આશયે ખનીજ ખાતરના વધતા

જતા જથ્થા પૂરા પાડવામાં આવે છે. ધીરે ધીરે સીંચાઈનું વિસ્તરણ થઈ રહ્યું છે. જમીન સંબંધી સુધારો અમલમાં મુકાઈ રહ્યો છે, પરંતુ ત્રીજા ભાગના કિસાનો હજી સાવ જમીન વગરના છે. મેક્સિકો સ્વતંત્ર ગૃહનીતિ અને વિદેશનીતિ અપનાવવાની કોશિશો કરે છે અને સામ્રાજ્યવાદી સંયુક્ત રાજ્ય અમેરિકાની એવી માગણીઓને નકારી કાઢે છે કે જે ક્રાંતિકારી ક્યૂબાની વિરુદ્ધ લક્ષ્યાંકિત હોય. મેક્સિકો અને સોવિયેત સંઘ, ક્યૂબા, જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાક, ઝેકોસ્લોવાક સમાજવાદી પ્રજાસત્તાક, તથા બીજા કેટલાક સમાજવાદી દેશો વચ્ચેના આર્થિક સંબંધો તાજેતરનાં વર્ષોમાં વધી રહ્યા છે.

આર્જેન્ટીના

આર્જેન્ટીના સમવાયી પ્રજાસત્તાક છે. પાટનગર બુએનોસ આઇરીસ તથા તેનાં ઉપનગરોની વસતિ ૧૦ મિલિયન છે. આર્જેન્ટાઇન પ્રજાસત્તાક પાડોશી બ્રાઝિલથી વિસ્તારની દૃષ્ટિએ નાનું હોવા છતાં આર્થિક વિકાસની બાબતમાં ચડિયાતી સ્થિતિમાં છે. આર્જેન્ટીનાના અર્થતંત્રમાં પરદેશી, અને સૌપ્રથમ તો સંયુક્ત રાજ્ય અમેરિકાની, ઇજારદારી મૂડી મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આર્જેન્ટીનામાં અર્થતંત્રની મુખ્ય શાખા ખેતીવાડી છે. ખેતીવાડીમાં ઘઉં, મકાઈ, અળસી, તથા સૂરજમુખીની ખેતીનું તેમ જ ઢોર, ઘેટાં, તથા ડુક્કરોના ઉછેરનું વિશેષીકરણ સાધવામાં આવ્યું છે. માંસ, લોટ, ખાંડ, અને ખોરાક ઉદ્યોગની બીજી શાખાઓ મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

યુદ્ધ પછીના સમયમાં, ખાસ કરીને તાજેતરનાં વર્ષોમાં, ધાતુકર્મ તથા ઍન્જિનિયરીંગ તેમ જ પેટ્રોકેમિકલ ઉદ્યોગોના ક્ષેત્રમાં જબ્બર પ્રગતિ સાધવામાં આવી છે. આર્જેન્ટીના ભરતર લોખંડના ઉત્પાદનની બાબતમાં ખંડમાં ત્રીજા સ્થાને પહોંચી ગયું છે. યંત્ર-ઓજારો તેમ જ મોટરવાહનો તથા ટ્રેક્ટરોનું ઉત્પાદન વધી રહ્યું છે. એ પેદાશોનો અમુક હિસ્સો પાડોશી દેશોને મોકલવામાં આવે છે. આર્જેન્ટીના સમાજવાદી દેશો સહિત દુનિયામાં ઘણા દેશોની સાથે વ્યાપારિક સંબંધો ધરાવે છે.

બોલીવિયા

બોલીવિયા બધી બાજુએ જમીનની સરહદો ધરાવતું રાજ્ય છે. તેનું મુખ્ય ભૌગોલિક લક્ષણ મધ્ય ભાગમાં વિશાળ ઉચ્ચપ્રદેશનું છે. દેશનું રાજકીય કેંદ્ર

લા પાઝ સમુદ્રની સપાટીથી ૩૦૦૦ મીટરથી વધારે ઊંચાઈએ આવેલું છે. ઊંચા એન્ડીઝ પહાડો અને તેમના સૂકા પશ્ચિમ ઢોળાવો તથા ભેજદાર પૂર્વ ઢોળાવો દેશના અમુક ભાગને આવરી લે છે. બોલીવિયાના પૂર્વ ભાગમાં ગરમ આબોહવા, ઉપઉષ્ણ કટિબંધીય વનો, અને છૂટાંછવાયાં ઝાડવાળા ઘાસપ્રદેશોનાં ચરાણો છે.

બોલીવિયા પેરુ કરતાંયે વધારે પ્રમાણમાં લાક્ષણિક ઇન્ડિયન દેશ છે. દેશની બે તૃતીયાંશ વસતિ મૂળ વતની ઇન્ડિયનોની છે. સોળમી સદીના આરંભમાં સ્પેનિશ જુલમગાર વિજેતાઓએ તેમને ગુલામીમાં જકડી લીધા હતા.

લગભગ ૧૫૦ વરસ પહેલાં સ્થપાયેલા બોલીવિયા પ્રજાસત્તાકમાં ૧૮૦થી વધારે લશ્કરી સત્તાપલટાઓ થયા છે. પ્રમુખો એક પછી એક આવ્યા અને ગયા, પરંતુ બોલીવિયાની આર્થિક પછાત દશા તેમ જ પરદેશી મૂડી પર અવલંબનની હાલત ચાલુ રહી એટલું જ નહિ પરંતુ વધારે વણસતી ગઈ. મોટા ભાગના લોકોનું જીવનધોરણ કેટલીય સદીઓ પહેલાંના જીવનધોરણથી જરાય બહેતર નથી. ખુદ જિંદગી સામાજિક-આર્થિક સુધારાઓનો તકાદો કરે છે.

ઉદ્યોગ અને બાંધકામ રાષ્ટ્રીય આવકમાં લગભગ ત્રીજા ભાગનો ફાળો આપે છે. બોલીવિયા દુનિયામાં ટિનનું સૌથી વધારે ઉત્પાદન તથા નિકાસ કરતા દેશનું સ્થાન ધરાવે છે. બે તૃતીયાંશથી વધારે વસતિને આવરી લેતી ખેતીવાડી દેશની ખોરાકની જરૂરિયાતોને નથી સંતોષી શકતી.

વેનેઝુએલા

વેનેઝુએલા પ્રજાસત્તાક દક્ષિણ અમેરિકાના ઉત્તર ભાગમાં આવેલું છે. તેની બે તૃતીયાંશ વસતિ શહેરોમાં વસે છે. પાટનગર કારાકાસ (વસતિ પરાં સહિત ૨.૫ મિલિયનથી વધારે) સૌથી મોટું શહેર છે.

દક્ષિણ અમેરિકાના સૌથી મોટા તેલ ભંડારોના (કુલ ભંડારોનો અંદાજ ૨૬૦૦ મિલિયન ટન આંકવામાં આવ્યો છે) આધારે સ્થાપવામાં આવેલો તેલ ઉદ્યોગ વેનેઝુએલાની ઔદ્યોગિક સંપદાનું હાર્દ અંકિત કરે છે. વેનેઝુએલા પશ્ચિમ ગોળાર્ધમાં તેલના ઉત્પાદનની બાબતમાં સંયુક્ત રાજ્ય અમેરિકા પછી બીજું અને તેલની નિકાસની બાબતમાં પહેલું સ્થાન ધરાવે છે. વેનેઝુએલાના તેલ ઉદ્યોગમાં દેશની કુલ નિકાસનો ૯૦ ટકા હિસ્સો અને કુલ રાષ્ટ્રીય આવકનો ૨૦ ટકા હિસ્સો પેદા થાય છે, પરંતુ દેશની લાભદાયક કામ કરતી વસતિમાંથી માત્ર લગભગ ૧.૫ ટકા લોકો તેલ ઉદ્યોગમાં કામ કરે છે.

સંયુક્ત રાજ્ય અમેરિકાની મૂડી વેનેઝુએલાના અર્થતંત્રની એ નિર્ણાયક શાખામાં અગત્યનાં સ્થાનો ઉપર તેમ જ દેશના વિકસતા ઉદ્યોગમાં કાચા લોઢાના ઉત્પાદનની તથા બીજી શાખાઓ ઉપર અને તેલ-શુદ્ધિકરણ, પેટ્રોકેમિકલ, ધાતુકર્મ, કાપડ, તથા ખોરાક ઉદ્યોગો ઉપર કાબૂ જમાવીને પડી છે.

અર્થતંત્રની મુખ્ય શાખાઓને રાજ્યના કાબૂમાં આણવા માટેનું આંદોલન દેશમાં શરૂ કરવામાં આવ્યું છે. ૧૯૭૬ના આરંભમાં અમલી બનેલા કાનૂન મુજબ તેલના પૂરા નિષ્કર્ષણનું, દેશના ઉદ્યોગની મુખ્ય શાખાનું, રાષ્ટ્રીયકરણ સાધવામાં આવ્યું છે.

યુદ્ધ પછીના સમયમાં ખેતી સંબંધી સુધારો અપનાવવામાં આવ્યો છે, પરંતુ ખેતીવાડીમાં હજી મોટી ખાનગી જાગીરોનું વર્ચસ્વ છે. ખેતીની ૮૦ ટકા જમીન ગણતર જાગીરદારોની માલિકીની છે અને તેઓ ગણોતિયાઓનું તથા ખેતમજૂરોનું શોષણ કરે છે. મોટા ભાગના વિષુવવૃત્તીય દેશોમાં થતા ઔદ્યોગિક (તમાકુ, કપાસ, શેરડી) તથા ખોરાકના (કોકો, કૉફી, કેળાં, મકાઈ) પાકોની ખેતી વેનેઝુએલામાં થાય છે.

ઈક્વેડોર

ઈક્વેડોર દક્ષિણ અમેરિકા ખંડમાં કોલંબિયા, પેરુ, અને પ્રશાંત મહાસાગરની વચ્ચે આવેલો દેશ છે. તેનું ક્ષેત્રફળ ૨૭૧ ૦૦૦ ચોરસ કિલોમીટર, વસતિ લગભગ ૮ મિલિયન, પાટનગર કીતો (વસતિ લગભગ ૬ લાખ), અને મુખ્ય ઔદ્યોગિક કેંદ્ર ગુઆયાકિલ છે. ઈક્વેડોરમાં તેલના ભંડારો વેનેઝુએલાની સરખામણીમાં અરધા પરંતુ બાકીના બધા દક્ષિણ અમેરિકી દેશોની સરખામણીમાં વધારે છે.

ઈક્વેડોરનું અર્થતંત્ર બહુ ઓછું વિકસેલું છે. દેશની વસતિના અરધાથી વધારે ભાગના લોકો ખેતીવાડીમાં કામ કરે છે. ઈક્વેડોરના કિસાનો કેળાં (કેળાંની પેદાશની બાબતમાં ઈક્વેડોર આખી દુનિયામાં ત્રીજા નંબરનું સ્થાન ધરાવે છે), કૉફી, અને નિકાસની બીજી ચીજોની ખેતી કરે છે. દેશમાં સોનાની અને રૂપાની ખાણો છે. ધરતીમાંથી તેલ કાઢવાનું કામ એક રાષ્ટ્રીય કંપની કરે છે. આઠમા દાયકાના આરંભથી ઈજારદારીઓના વર્ચસ્વ ઉપર અંકુશ મૂકવામાં આવ્યો છે અને ઘણા લોકશાહીવાદી સુધારા દાખલ કરવામાં આવ્યા છે.

પનામા

નાનકડો લૅટિન અમેરિકી દેશ પનામા એ જ નામની સંયોગીભૂમિમાં આવેલો છે. તેની આરપાર વહેતી પનામા નહેર આટલાંટિક અને પ્રશાંત મહાસાગરોને સાંકળે છે. સંયુક્ત રાજ્ય અમેરિકા અને પનામા વચ્ચેના કરાર મુજબ નહેરનો પ્રદેશ ૨૦૦૦ના વર્ષમાં પનામાની સરકારને સુપરત કરવામાં આવશે.

પનામા ખનીજોની બાબતમાં સમૃદ્ધ છે, પરંતુ ખાણ ઉદ્યોગનો વિકાસ હજી બહુ ઓછો થયો છે. ખેતીવાડીમાં નિકાસના પાકોનું (કેળાં, નારંગી, વગેરે) વિશેષીકરણ સાધવામાં આવ્યું છે. દેશની લગભગ અરધા ભાગની વસતિ ખેતીવાડીમાં કામ કરે છે. પનામા સમાજવાદી દેશો સહિત બધા દેશો જોડે આર્થિક સંબંધો વિકસાવવાનું ધોરણ અપનાવે છે.

પેરુ

પેરુનું ક્ષેત્રફળ લગભગ ૧.૩ મિલિયન ચોરસ કિલોમીટર અને વસતિ ૧૭ મિલિયન છે. પેરુના પાટનગર લીમાની વસતિ ૪ મિલિયનથી વધારે છે. દક્ષિણ અમેરિકા ખંડના ઉષ્ણ અને ઉપોષ્ણ વિસ્તારમાં આવેલા પેરુ દેશમાં એકદમ વિષમ કુદરતી સંજોગો જોવા મળે છે. ઘણાં હિમાચ્છાદિત શિખરો અને ઊંડી ખીણો ધરાવતી ઊંચી પર્વતમાળા ક્યાંક સાંકડા સૂકા કિનારાપ્રદેશની અડોઅડ ખડી હોય છે, અથવા સંખ્યાબંધ ઉત્તરોત્તર નાની ટેકરીઓના રૂપમાં ઉત્તર-પશ્ચિમની ઍમેઝોન નીચાણભૂમિ સુધી પહોંચી જતી હોય છે. પેરુવાસીઓની બાબતમાં કુદરતે ઝાઝી ઉદારતા નથી દાખવી.

પેરુમાં તેલ, ત્રાંબું, કાચું લોઢું, સીસું, ઝીંક, બીસ્મથ, સોનું, રૂપું, પારો, ટંગ્સ્ટન, યુરેનિયમ, અને બીજાં ખનીજોના વિશાળ ભંડારો શોધી કાઢવામાં આવ્યા છે. પેરુ મૂડીવાદી દુનિયામાં બીસ્મથના ઉત્પાદનની બાબતમાં પહેલું અને રૂપાના ઉત્પાદનની બાબતમાં બીજું સ્થાન ધરાવે છે. રાષ્ટ્રીય ખાણ ઉદ્યોગના પાયા નખાઈ રહ્યા છે.

કારખાના ઉત્પાદનનો વિકાસ બહુ ઓછો થયો છે. તેની મુખ્ય શાખા રસાયણ ઉદ્યોગ છે. ધાતુકર્મ, ઍન્જિનિયરીંગ, કાપડ, ખોરાક, અને બીજા કારખાના ઉદ્યોગો વિકસાવવાનાં પગલાં લેવાઈ રહ્યાં છે.

ખેતી સંબંધી સુધારો ખેતીવાડીને તેમ જ સમગ્ર અર્થતંત્રને પ્રવેગ આપવામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે.

ક્યૂબા સાથે ડિપ્લોમૅટિક સંબંધોની સ્થાપનાથી અને સોવિયેત સંઘ તથા બીજા સમાજવાદી દેશો જોડે આર્થિક સહકારના વિસ્તરણથી દુનિયામાં પેરુનું સ્થાન વધારે મજબૂત બની રહ્યું છે.

ચીલી

ચીલી દક્ષિણ અમેરિકા ખંડમાં દક્ષિણ-પશ્ચિમ કિનારાપ્રદેશમાં જમીનની ૪૦૦૦ કિલોમીટરથી વધારે લાંબી સાંકડી પટ્ટીમાં પથરાયેલું છે. પાટનગર સાન્ત્યાગો (વસતિ લગભગ ૪ મિલિયન) દેશના લગભગ કેંદ્રભાગમાં આવેલું છે.

ચીલી પ્રજાસત્તાકનું વર્ણન ક્યારેક, સ્પેનિશ વિજેતાઓની સામે ત્યાંના લોકોની મુક્તિની લડાઈઓની યાદમાં, દક્ષિણ અમેરિકાને પડખે લટકતી તલવાર તરીકે અને ક્યારેક ખંડના ઉષ્ણ કટિબંધીય પ્રદેશોમાંથી દક્ષિણ ધ્રુવ નજીકના શીત પ્રદેશો સુધી પહોંચતા ત્રાંબાના તાર તરીકે કરવામાં આવે છે. ચીલીના લોકોમાં એવી દંતકથા પ્રચલિત છે કે ઈશ્વરે ધરતીનું સર્જન કરી લીધા પછી જોયું તો મોટી સંખ્યામાં કરાડો, ટાપુઓ, અને સરોવરોની સામગ્રી હજી બચી ગયેલી હતી. એટલે એ બધું એક જગ્યાએ ભેગું કરીને તેણે ચીલીનું, તરેહવાર ખનીજો ધરાવતી ભૂમિનું, સર્જન કર્યું. ચીલીમાં ત્રાંબું, સ્ફોટક ક્ષાર, કોલસા, તેલ, કાચું લોઢું, મૅંગેનીઝ, કાચી બિનલોહ ધાતુઓ, અને ઔદ્યોગિક વિકાસ માટે આવશ્યક વિરલ ધાતુઓના સારા એવા ભંડારો છે.

ખાણ ઉદ્યોગમાં દેશના અર્થતંત્રનું હાર્દ અંકિત છે. ચીલી ત્રાંબાના ઉત્પાદનની બાબતમાં તેમ જ મોલીબ્ડેનમ, સ્ફોટક ક્ષાર, તથા આયોડિનના ઉત્પાદન અને નિકાસની બાબતમાં મૂડીવાદી રાજ્યોમાં મોખરાનું સ્થાન ધરાવે છે.

ચીલીની ક્રાંતિના ગાળામાં (૧૯૭૦-૭૩) રાષ્ટ્રીય એકતાની સરકારના કાર્યક્રમને અમલમાં મૂકી રહેલા દેશે ગહનગામી સામાજિક-આર્થિક સુધારાઓનો પંથ અપનાવ્યો હતો. ચીલીના અર્થતંત્રનો પાયો અંકિત કરતા કાચા ત્રાંબાના ઉદ્યોગના અને બીજા ઉદ્યોગોના રાષ્ટ્રીયકરણનું કદમ ઉઠાવવામાં આવ્યું હતું. ખેતી સંબંધી સુધારાના અમલથી દેશમાં જાગીરદારી પ્રથા વાસ્તવમાં ખતમ થઈ ગઈ હતી. ચીલીમાં મૂડીવાદી પદ્ધતિનાં તથા સામ્રાજ્યવાદની ઉપર અવલંબનનાં મૂળિયાં કાપી નાખવામાં આવ્યાં હતાં અને ક્રાંતિકારી પ્રક્રિયાને વધારે ગહન બનાવવાના પૂર્વસંજોગો પેદા કરવામાં આવ્યા હતા.

પરંતુ બહારની સામ્રાજ્યવાદી તાકાતોનો ટેકો ધરાવતા આન્તરિક પ્રત્યાઘાત તરફથી ૧૯૭૩ના સપ્ટેંબરમાં લશ્કરી-ફાસીવાદી સત્તાપલટાના પરિણામે ચીલીમાં રાષ્ટ્રીયકૃત ઉદ્યોગધંધાઓ પાછા મૂળ માલિકોને સુપરત કરી દેવામાં આવ્યા અને જપ્ત થયેલી જમીન પણ પાછી જાગીરદારોને આપી દેવામાં આવી. પરદેશી મૂડી અને સ્થાનિક અલ્પતંત્ર તરફથી મહેનતકશ લોકોને માથે લાદવામાં આવેલી ગુલામી વધારે ને વધારે કારમી બની રહી છે.

લશ્કરી-ફાસીવાદી ટોળકીએ દેશમાં ઘાતકી ત્રાસનું શાસન સ્થાપીને આર્થિક સ્થિતિને ભયંકર વણસાડી દીધી છે. ઔદ્યોગિક અને ખેતીવાડીની પેદાશ ઘટી રહી છે, લોકોની ભૌતિક સુખાકારીમાં ઓટ આવી રહી છે, બેકારી વધી રહી છે. ચીલીના લોકો પાશવી ત્રાસ છતાં દેશની સ્વાધીનતા, લોકશાહી, અને સામાજિક પ્રગતિ માટેના સંઘર્ષને વધારે જોરદાર બનાવી રહ્યા છે. આખી દુનિયાનાં પ્રગતિશીલ પરિબળો ચીલીની જનતાના પક્ષે છે.

લૅટિન અમેરિકી દેશો પોતપોતાનાં વિશિષ્ટ પ્રાકૃતિક, આર્થિક, અને સામાજિક લક્ષણો ધરાવે છે. પરંતુ તેમનું સૌનું એક સર્વસામાન્ય લક્ષણ પણ છે—પરદેશી સામ્રાજ્યવાદ અને સ્થાનિક પ્રત્યાઘાતી અલ્પતંત્રના વર્ચસ્વની વિરુદ્ધ અને આર્થિક પ્રગતિ તથા ખરી રાષ્ટ્રીય સ્વાધીનતા માટે એ દેશોની જનતાના વધતા જતા સંઘર્ષનું લક્ષણ.

લૅટિન અમેરિકામાં રાષ્ટ્રીય મુક્તિ આંદોલનના વિકાસમાં 'સામ્રાજ્યવાદની વિરુદ્ધ અને રાષ્ટ્રીય સ્વાધીનતા, લોકશાહી, જનતાની સુખાકારી, શાંતિ, તથા સમાજવાદ માટેના સંઘર્ષમાં લૅટિન અમેરિકા' સંબંધી ઘોષણા ભારે મહત્ત્વની છે. ૧૯૭૫માં હવાના ખાતે લૅટિન અમેરિકા તથા કૅરિબિયન વિસ્તારના દેશોની કોમ્યુનિસ્ટ પાર્ટીઓના સંમેલનમાં સર્વાનુમતે અપનાવવામાં આવેલા એ કાર્યક્રમ દસ્તાવેજમાં ભારપૂર્વક જણાવવામાં આવ્યું છે કે લૅટિન અમેરિકાના ખરા વિકાસને સુનિશ્ચિત બનાવી શકે એવી એકમાત્ર પદ્ધતિ સમાજવાદની છે.

દક્ષિણ-પૂર્વ અને દક્ષિણ એશિયા

દક્ષિણ-પૂર્વ અને દક્ષિણ એશિયા વિકસતી દુનિયાનો ગીચ વસતિ ધરાવતો વિસ્તૃત પ્રદેશ છે. લગભગ ૯ મિલિયન ચોરસ કિલોમીટરને આવરી લેતા એ પ્રદેશની વસતિ તમામ આફ્રિકી તથા એશિયાઈ દેશોની કુલ વસતિના ૬૦ ટકા જેટલી છે.

દક્ષિણ-પૂર્વ અને દક્ષિણ એશિયાના દેશો આધુનિક દુનિયામાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તેમના જબ્બર આંતરરાષ્ટ્રીય મહત્ત્વનો ખુલાસો સૌપ્રથમ તો એ હકીકતમાં મળે છે કે તેઓ માનવશક્તિ સંબંધી સાધનસંપત્તિના મોટા સ્રોતને અને વધતા જતા રાષ્ટ્રીય મુક્તિ સંઘર્ષના પ્રદેશને અંકિત કરે છે.

સારી પેઠે કુદરતી સાધનસંપત્તિ ધરાવતા એ દેશો દુનિયાનાં બજારોમાં કુદરતી રબર, ટિન, તથા ચાનો મોટો હિસ્સો તેમ જ મેંગેનીઝ, કાચું ત્રાંબું, નિકલ, તથા બીજા અગત્યના માલના વિશાળ જથ્થા પૂરા પાડે છે.

યુરોપ તથા આફ્રિકાને એશિયા તથા ઑસ્ટ્રેલિયા સાથે અને હિંદી મહાસાગરને પ્રશાંત મહાસાગર સાથે સાંકળી લેતા વિશ્વ સમુદ્રી તથા વિમાની માર્ગો પણ મોટું વ્યૂહાત્મક તથા આર્થિક મહત્ત્વ ધરાવે છે.

દક્ષિણ-પૂર્વ અને દક્ષિણ એશિયાના વિકસતા દેશોનાં ક્ષેત્રફળ અને વસતિ

	ક્ષેત્રફળ (ચોરસ કિલોમીટર)	વસતિ
દક્ષિણ-પૂર્વ અને દક્ષિણ એશિયાના બધા વિકસતા દેશો	૯ ૦૦૦ ૦૦૦	૧ ૨૦૦ ૦૦૦ ૦૦૦
તેમાંથી:		
ભારત	૩ ૩૦૦ ૦૦૦	૬૮૪ ૦૦૦ ૦૦૦
ઈન્ડોનેશિયા	૨ ૦૦૦ ૦૦૦	૧૪૮ ૦૦૦ ૦૦૦
પાકિસ્તાન	૮૦૦ ૦૦૦	૮૦ ૦૦૦ ૦૦૦
બાંગલાદેશ	૧૪૦ ૦૦૦	૮૭ ૦૦૦ ૦૦૦
બર્મા	૭૦૦ ૦૦૦	૩૩ ૦૦૦ ૦૦૦
ફીલીપાઇન્સ	૩૦૦ ૦૦૦	૪૭ ૦૦૦ ૦૦૦
થાઈલૅંડ	૫૦૦ ૦૦૦	૪૬ ૦૦૦ ૦૦૦
કંપુચિયા	૨૦૦ ૦૦૦	૯ ૦૦૦ ૦૦૦

ભૂતકાળમાં દક્ષિણ-પૂર્વ અને દક્ષિણ એશિયાનો પ્રદેશ બ્રિટિશ, ડચ, અને ફ્રેંચ સંસ્થાનવાદીઓના ખાનગી રાજનો વિસ્તાર હતો. દક્ષિણ એશિયાના સૌથી મોટા દેશ હિંદુસ્તાનમાં બ્રિટનનું અખંડ શાસન હતું. લેનિને બ્રિટિશ

સંસ્થાનવાદીઓને બે સદીથી વધારે સમય દરમિયાન હિંદુસ્તાનમાં લૂંટફાટ અને જુલમ કરતા રહેલા "રીતસરના ચંગીઝખાનો" ગણાવ્યા હતા.

હિંદુસ્તાનની પ્રજાઓ હંમેશાં પરદેશી ચડાઈખોરોની સામે લડતી રહી હતી. તેમના સંઘર્ષ ઉપર રશિયાની ૧૯૧૭ની મહાન ઑક્ટોબર ક્રાંતિની ખૂબ અસર પડી હતી. એ ક્રાંતિએ રાષ્ટ્રીય મુક્તિ આંદોલનને જોરદાર પ્રવેગ આપ્યો હતો. ૧૯૪૧-૪૫ના મહાન દેશાભિમાની યુદ્ધમાં સોવિયેત જનતાના વિજયથી હિંદુસ્તાનના લોકોને બ્રિટિશ શાસનની વિરુદ્ધ નિર્ણાયક સંઘર્ષ શરૂ કરવાની પ્રેરણા મળી. તેના પરિણામે હિંદુસ્તાન સ્વતંત્ર વિકાસના પંથે પહોંચી ગયું.

દક્ષિણ એશિયામાંથી બ્રિટિશ સંસ્થાનવાદીઓની હકાલપટ્ટીના પરિણામે હિંદુસ્તાન દ્વીપકલ્પમાં બે મોટાં રાજ્યો ભારત અને પાકિસ્તાનનો ઉદય થયો. ૧૯૭૧માં પૂર્વ બંગાળમાં રાષ્ટ્રીય મુક્તિ આંદોલનના વિજયના પરિણામે પાકિસ્તાનની પૂર્વ પાંખમાં બાંગલાદેશના સ્વતંત્ર પ્રજાસત્તાકની ઘોષણા કરવામાં આવી. ભૂતપૂર્વ બ્રિટિશ સંસ્થાનો બર્મા, શ્રી લંકા, તથા માલ્દીવ ટાપુઓએ પણ સ્વતંત્રતા હાંસલ કરી લીધી. નેપાલ પોતાની સ્વતંત્રતાને વધારે મક્કમ બનાવી રહ્યું છે. ભુતાન સંયુક્ત રાષ્ટ્રસંઘમાં સભ્ય તરીકે સામેલ થઈ ગયું છે.

દક્ષિણ-પૂર્વ એશિયામાં ડચ ઈસ્ટ ઈંડીઝની જગ્યાએ ઈન્ડોનેશિયા પ્રજાસત્તાકનો ઉદય થયો. સંસ્થાનવાદીઓની સામે વિજયી લડાઈઓના પરિણામે ભૂતપૂર્વ ફ્રેંચ ઈન્ડોચાઈનાના પ્રદેશમાં લાઓસ, કંબોડિયા, અને વિયેતનામ અસ્તિત્વમાં આવ્યાં. ક્રાંતિ દરમિયાન વિયેતનામ સમાજવાદી પ્રજાસત્તાક, લાઓસ જન લોકશાહીવાદી પ્રજાસત્તાક, અને કંપુચિયા લોક પ્રજાસત્તાકની સ્થાપના થઈ છે. વિયેતનામ સમાજવાદી પ્રજાસત્તાકને પગલે પગલે લાઓસ અને કંપુચિયાની પ્રજાઓએ નવા સમાજના નિર્માણનો પંથ અપનાવ્યો છે. ભૂતપૂર્વ બ્રિટિશ સંસ્થાનોની જગ્યાએ મલાયેશિયા અને સિંગાપોરનાં રાજ્યોનો ઉદય થયો. સંયુક્ત રાજ્ય અમેરિકાને ફીલીપાઈન્સની સ્વતંત્રતાની ઘોષણા કરવી પડી.

દક્ષિણ-પૂર્વ અને દક્ષિણ એશિયાનાં નવસ્વતંત્ર રાજ્યોના અર્થતંત્રની મુખ્ય શાખા ખેતીવાડીની છે. એ દેશોમાં ખેતીવાડી લગભગ ૮૦ ટકા વસતિને આવરી લે છે અને ૫૦ ટકાથી વધારે રાષ્ટ્રીય આવક પેદા કરે છે. ઉત્પાદનની એ શાખામાં ચા, તમાકુ, રબર, અને નિકાસની બીજી ચીજોની ખેતી મહત્ત્વની ભૂમિકા ભજવે છે. સ્થાનિક અર્ધ-પ્રાકૃતિક અર્થકારણમાં અટવાતા નાના ખેડૂતો અને મોટી જમીનજાગીરોનું ઉત્પાદન એ દેશોની ખોરાકની જરૂરિયાતો સંતોષવા

માટે પૂરતું નથી. એ દેશોમાં ઔદ્યોગિક વિકાસના ધીમા વેગનાં કારણોમાંનું એક પછાત ખેતીવાડીનું છે.

કંપુચિયા લોક પ્રજાસત્તાક

ઇન્ડોચાઈનાના બીજા દેશોની જેમ કંબોડિયા લાંબા વખત સુધી પરદેશી સંસ્થાનવાદીઓની ધૂંસરીમાં જકડાયેલું રહ્યું હતું. ત્યાં મુખ્યત્વે ફ્રાંસનું, બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જાપાનનું, અને યુદ્ધ પછી વળી ફ્રાંસનું શાસન રહ્યું હતું. અમેરિકી ચડાઈખોરોએ પણ સ્થાનિક પ્રત્યાઘાતીઓના આધારે કંપુચિયાની જનતાની આઝાદી તથા સ્વતંત્રતાના માર્ગમાં અવરોધો ઊભા કર્યા હતા. પેકિંગે લાદેલા પ્રત્યાઘાતી શાસનથી દેશને અકથ્ય હાડમારીઓ વેઠવી પડી હતી. કંપુચિયાની રાષ્ટ્રીય મુક્તિના સંયુક્ત લોક મોરચાએ ૧૯૭૯ના જાન્યુઆરીમાં પ્રત્યાઘાતી ટોળકીને ઉથલાવી પાડી અને કંપુચિયા લોક પ્રજાસત્તાકની સ્થાપના કરી.

ચડાઈખોરો અને પ્રત્યાઘાતીઓએ દેશની ખેતીવાડીને, કંપુચિયાના અર્થતંત્રની મુખ્ય શાખાને, તારાજ કરી નાખી હતી. મુખ્ય પાક ડાંગરની તેમ જ મકાઈ તથા બીજા ખોરાકી પાકોની પેદાશ ઘટી ગઈ છે. કુદરતી રબરના ઉત્પાદનનો આધાર અંકિત કરતી રબરની વાડીઓને ખતમ કરી નાખવામાં આવી હતી. મોટી સંખ્યામાં ઉત્પાદક ઢોરને કતલ કરી નાખવામાં આવ્યાં હતાં. બીજા વિશ્વ યુદ્ધ પછી વિકસી રહેલા કાપડ, ખોરાક, તથા બીજા ઉદ્યોગોને સખત નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું, શહેરો તથા કસબાઓને ખેદાનમેદાન કરી નાખવામાં આવ્યા હતા.

કંપુચિયા લોક પ્રજાસત્તાકની સ્થાપનાથી દેશના આર્થિક અને સામાજિક વિકાસની નવી સંભાવનાઓનો ઉદય થયો છે. અર્થતંત્રનું પુનરુત્થાન સાધવામાં આવી રહ્યું છે, અને ઉદ્યોગમાં રાજ્ય સંચાલિત ક્ષેત્રની સ્થાપના કરવામાં આવી છે. મુખ્ય ધ્યાન ખેતીવાડીના વિકાસ ઉપર આપવામાં આવે છે.

દેશના પ્રાકૃતિક સંજોગો સરસ છે. મેકોંગ નદીની હેઠવાસની ખીણની ગરમ અને ભેજદાર આબોહવા ડાંગર, મકાઈ, શેરડી, કપાસ, તમાકુ, તેમ જ રબર, કાળાં મરી, વગેરેના પાક માટે બહુ માફક છે. ઉષ્ણ કટિબંધીય વનોમાં મૂલ્યવાન જાતિઓનું કાષ્ઠ થાય છે. દેશમાં ઉદ્યોગ માટે ફોસ્ફોરાઈટ, મેગ્નેશિયમ, બિનલોહ ધાતુઓ, રત્નો, તથા બીજા ખનીજ કાચા માલના ભંડારો છે.

નવા જીવનના નિર્માણના પંથે જઈ રહેલા કંપુચિયા લોક પ્રજાસત્તાકને વિયેતનામ સમાજવાદી પ્રજાસત્તાક તથા બીજા સમાજવાદી દેશોની મદદ મળે છે. કંપુચિયાની જનતા તેમની મદદના આધારે શાંતિમય, સ્વતંત્ર, લોકશાહીવાદી કંપુચિયાના, સમાજવાદની દિશામાં આગેકૂચ કરતા કંપુચિયાના, પાયા નાખી રહી છે.

ભારત

દુનિયાનાં મોટામાં મોટાં રાજ્યોમાંનું એક ભારત આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે વધારે ને વધારે મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. દક્ષિણ એશિયાના મધ્ય ભાગમાં આવેલા ભારતની ચીન, પાકિસ્તાન, નેપાલ, ભુતાન, બાંગલાદેશ, અફઘાનિસ્તાન, બર્મા અને સિક્કીમ જોડેની સરહદોની કુલ લંબાઈ ૧૫૦૦૦ કિલોમીટરની છે.

તેનો અફાટ પ્રદેશ ઉત્તરમાં હિમાલય પર્વતમાળાથી દક્ષિણમાં હિંદુસ્તાન દ્વીપકલ્પના છેડા સુધી 3000 કિલોમીટરથી વધારે લંબાઈને આવરી લે છે. ગંગા તથા બ્રહ્મપુત્રા અને સિંધુ તથા તેની શાખાઓ—ભારતના અનાજના ભંડાર સમા વિશાળ મેદાનપ્રદેશોમાં સીંચાઈનું પાણી પૂરું પાડતી મહાન નદીઓ—સનાતન હિમ તથા હિમનદીઓથી છવાયેલાં હિમાલય પર્વતમાળાનાં ગગનચુંબી શિખરોમાંથી ઉગમ પામે છે. વિશાળ મેદાનપ્રદેશોની દક્ષિણે ઉચ્ચ પ્રદેશ, રણ તથા મધ્યમ ઊંચાઈના પહાડોનો મોટો વિસ્તાર, આવેલો છે. હિંદી મહાસાગરની સામેના કિનારાપ્રદેશમાં ઉષ્ણ કટિબંધીય વનો છે. વનસ્પતિ સંપદામાં કાચું લોઢું, મેંગેનીઝ, બોકસાઈટ, સોનું, તથા બીજાં ઉપયોગી ખનીજોના વિશાળ ભંડારોની પુરવણી થયેલી છે.

પ્રાચીન સંસ્કૃતિના દેશ ભારતમાં વિવિધ જાતિઓના લોકો તથા આદિવાસીઓની ૬૮૪ મિલિયનથી વધારે વસતિ છે.

ભારતના પાટનગર દિલ્હીમાં છ મિલિયનની વસતિ છે. મિલિયનથી વધારે વસતિ ધરાવતાં બીજાં મોટાં શહેરો કલકત્તા, મુંબઈ, મદ્રાસ, હૈદરાબાદ, અમદાવાદ, બૅંગલોર, કાનપુર, અને પુણે છે.

ભારત લગભગ બે સદી સુધી બ્રિટિશ સંસ્થાનવાદીઓના શાસનમાં રહ્યું હતું. ભારતની જનતા તેમની સામે લગાતાર સંઘર્ષ લડતી રહી અને આખરે ૧૯૪૭માં બ્રિટનની ગુલામીની ધૂંસરી ફગાવી દેવામાં સફળ થઈ ગઈ. ભારતના

સ્વતંત્રતા સંઘર્ષને ૧૯૧૭ની મહાન ઑક્ટોબર સમાજવાદી ક્રાંતિ અને ૧૯૪૧-૪૫ના મહાન દેશાભિમાની યુદ્ધમાં સોવિયેત જનતાના વિજયમાંથી મોટી પ્રેરણા મળી હતી. ભારતની જનતા સાંસ્થાનિક શોષણથી મુક્તિ હાંસલ કરી લીધા પછી પ્રગતિ અને લોકશાહી માટેના સંઘર્ષને વધારે જોરદાર બનાવી રહી છે.

ભારતમાં સ્વતંત્રતા હાંસલ થઈ ગયા પછી આર્થિક અને સાંસ્કૃતિક વિકાસની તેમ જ સાર્વભૌમત્વને વધારે મક્કમ બનાવવાની દિશામાં સારી પેઠે પ્રગતિ સાધવામાં આવી છે.

અર્થતંત્રમાં આયોજનનાં તત્ત્વો દાખલ કરનારાં પ્રથમ નવસ્વતંત્ર રાજ્યોમાં ભારત મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ભારે ઉદ્યોગ, વાહનવ્યવહાર તથા સંચાર, બેંકો, તથા વીમા સંસ્થાઓ મુખ્યત્વે રાજ્ય સંચાલિત છે. બીજા શબ્દોમાં કહીએ તો અર્થતંત્રમાં અગત્યનાં સ્થાનો રાજ્યને હસ્તક છે.

રાજ્ય સંચાલિત ક્ષેત્ર સોવિયેત સંઘની મદદ વડે બંધાયેલા અથવા બંધાઈ રહેલા ડઝનબંધ ઉદ્યોગધંધાઓ ઉપર આધારિત છે. એ ઉદ્યોગધંધાઓ વરસે ૧૦ મિલિયન ટન જેટલું પોલાદ અને ૧૨ મિલિયન ટન જેટલી પેટ્રોકેમિકલ પેદાશો બનાવવાની ક્ષમતા ધરાવે છે.

ભારત સ્વતંત્ર થઈ ગયું ત્યાર પછી દેશમાં ઔદ્યોગિક ઉત્પાદનનું પરિમાણ વધીને કેટલાય ગણું થઈ ગયું છે. ભારત કુલ રાષ્ટ્રીય પેદાશના પરિમાણની બાબતમાં હવે દુનિયના ૧૨ મુખ્ય દેશોમાં સ્થાન ધરાવે છે. પરંતુ ઔદ્યોગિક અને ખેતીવાડીના ઉત્પાદનની વૃદ્ધિના દરો વસતિની વૃદ્ધિના દરથી હજી ઓછા છે. વસતિના ગરીબ વિભાગોના જીવનસંજોગો સુધારવાના સંબંધમાં સામાજિક-આર્થિક રૂપાંતરોને ગહન બનાવવાની, ખેતીને લગતા સુધારાના અમલની, સહકારી બેંકોના તંત્રના સર્જનની, અર્થતંત્રના રાજ્ય સંચાલિત ક્ષેત્રને વધારે પ્રબળ બનાવવાની, વગેરે બાબતો ખૂબ મહત્ત્વની છે.

મિલિયનો કામદારોને આવરી લેતા લગભગ એકસોથી વધારે રાજ્ય સંચાલિત મોટા ઉદ્યોગધંધાઓ ભારતના વિકસતા આધુનિક ઉદ્યોગમાં હાર્દનું સ્થાન ધરાવે છે. ધાતુકર્મ, તેલ, રસાયણ, ઍન્જિનિયરીંગ, અને દેશના ઉદ્યોગીકરણને સુનિશ્ચિત બનાવતા બીજા અગત્યના ઉદ્યોગોને આવરી લેતા રાજ્ય સંચાલિત ક્ષેત્રનાં સ્થાનોનું સતત વિસ્તરણ થઈ રહ્યું છે. પરંતુ દેશમાં થતું ઉત્પાદન ભારતની વધતી જતી જરૂરિયાતોને સંતોષવા હંમેશાં પૂરતું સાબિત નથી થતું, એટલે મોટા પાયા પર નવું નિર્માણ ચાલતું રહે છે.

ભારતમાં રાજ્ય સંચાલિત ક્ષેત્રમાં લોખંડ અને પોલાદનો પહેલો પ્લાંટ

સોવિયેત મદદના આધારે ભિલાઈમાં (મધ્ય પ્રદેશ) બાંધવામાં આવ્યો હતો. સોવિયેત સંઘના સહકારના આધારે નવા ધાતુ પ્લાંટો બોકારોમાં (પોલાદનું ઉત્પાદન પ્રથમ કક્ષાએ ૧.૫ મિલિયન ટન અને કુલ વાર્ષિક ક્ષમતા ૧૦ મિલિયન ટન) તથા વિશાખાપટનમમાં (૩ મિલિયન ટન પોલાદ) અને એલ્યુમિનિયમ પ્લાંટ કોરબામાં (ઉત્પાદન એક લાખ ટન) બંધાઈ રહ્યા છે. રૂરકેલા (ઉડીસા) અને દૂર્ગાપૂરમાં (પશ્ચિમ બંગાળ) ધાતુકર્મ પ્લાંટો બાંધવામાં આવ્યા છે. વિકસતો ઍન્જિનિયરીંગ ઉદ્યોગ દેશની યંત્રો તથા પ્લાંટો સંબંધી જરૂરિયાતોને નિરંતર વધતા જતા પ્રમાણમાં સંતોષી રહ્યો છે. નવા યંત્ર-ઓજાર અને પાવર ઍન્જિનિયરીંગ ઉદ્યોગધંધાઓ ચાલુ થઈ રહ્યા છે: ભારે યંત્ર-નિર્માણ પ્લાંટ (રાંચી), ખાણનો સરંજામ બનાવતો પ્લાંટ (દૂર્ગાપૂર), અને ભારે વિદ્યુત સરંજામ બનાવતો પ્લાંટ (હરદ્વાર). કલકત્તા નજીક ચિત્તરંજન (રેલવેનાં ઍન્જિનો) અને દક્ષિણમાં વિશાખાપટનમ (નૌકાનિર્માણ) મહત્ત્વનાં ઔદ્યોગિક કેંદ્રો છે. કલકત્તા, મુંબઈ, તથા મદ્રાસમાં મોટરવાહન એસેમ્બ્લી પ્લાંટો અને બેંગલોરમાં વિમાન બનાવવાનો પ્લાંટ છે. દેશનો સૌથી મોટી નાઈટ્રોજન ખાતર પ્લાંટ કલકત્તા નજીક સીંદરીમાં આવેલો છે.

ભારત સુતરાઉ કાપડના ઉત્પાદનની બાબતમાં (વાર્ષિક લગભગ ૮૦૦૦ મિલિયન મીટર) મૂડીવાદી દુનિયામાં પ્રથમ સ્થાન ધરાવે છે. દેશનાં સૌથી મોટાં કાપડ કેંદ્રો મુંબઈ અને અમદાવાદ છે. કલકત્તાની આસપાસ શણની લગભગ એકસો મિલોમાં વરસે એક મિલિયન ટનથી વધારે કંતાન, કેન્વાસ, દોરડાં, તથા બીજી ચીજોનું ઉત્પાદન થાય છે.

ભારતના ખોરાક ઉદ્યોગમાં વરસે ૩ મિલિયન ટન ખાંડ અને લાખો ટન તમાકુ, ચા, વનસ્પતિ ઘી, તથા બીજી ચીજોનું ઉત્પાદન થાય છે. ખેતીવાડીના કાચા માલની પ્રક્રિયાના હાથકારીગરી ઉદ્યોગમાં વપરાશી માલના વિશાળ જથ્થાઓનું ઉત્પાદન થાય છે.

ભારતની લગભગ બે તૃતીયાંશ સશક્ત વસતિને આવરી લેતી ખેતીવાડીમાં ૫૦ ટકા રાષ્ટ્રીય આવક પેદા થાય છે. ભારતના ગ્રામવિસ્તારોમાં મોટા જમીનદારો તથા ધનવાન ખેડૂતોનાં ખેતરોમાં "હરિયાળી ક્રાંતિ" નામે ઓળખાતાં ખેતીવાડી-ટેક્નોલોજિકલ પગલાંના અમલની પ્રક્રિયા દરમિયાન ખોરાકની ચીજોનું ઉત્પાદન વધી રહ્યું છે.

દેશનો મુખ્ય પાક ડાંગર છે. ઘઉં, બાજરો, અને કઠોળની ખેતી પણ થાય છે. ઔદ્યોગિક પાકોમાં કપાસ, શણ, ચા, તમાકુ, શેરડી, અને મગફળી

સામેલ છે. મબલખ પાકનાં વર્ષોમાં ૧૨૫ મિલિયન ટન જેટલું અનાજ પેદા થાય છે.

ભારત ઢોરની વસતિની (૨૦૦ મિલિયન) બાબતમાં દુનિયાના મુખ્ય દેશોમાં સ્થાન ધરાવે છે, પરંતુ એ ક્ષેત્રમાં ઉત્પાદકતા દુનિયાની નીચામાં નીચી કક્ષાઓમાં સામેલ છે. બળદનો ઉપયોગ ભારવાહક પશુ તરીકે કરવામાં આવે છે.

માત્ર પાંચમા ભાગની વસતિ શહેરોમાં વસે છે. શહેરો અને ગામોમાં સાર્વજનિક સેવાઓ તથા સવલતો અને આરોગ્ય રક્ષાના સંજોગોમાં સુધારણા થઈ રહી છે. રોગચાળાઓનાં મૂળિયાંને નાબૂદ કરી નાખવાનાં પગલાં લેવાઈ રહ્યાં છે, બીમારીઓનું પ્રમાણ ઘટી રહ્યું છે. અક્ષરજ્ઞાનનો ફેલાવો નિરંતર વધી રહ્યો છે. ભારતની યુનિવર્સિટીઓ તથા કોલેજોમાં વધારે ને વધારે સંખ્યામાં રાષ્ટ્રીય વિશેષજ્ઞોને તાલીમ અપાઈ રહી છે. રાષ્ટ્રીય વિજ્ઞાન અને સંસ્કૃતિનાં ક્ષેત્રોમાં પ્રગતિ થઈ રહી છે.

રાષ્ટ્રીય-ધાર્મિક સંબંધો બહુ અટપટા છે. ભારતનાં સંખ્યાબંધ રાષ્ટ્રો તથા જનજાતિઓમાં લગભગ ૧૫ મોટી પ્રજાઓ સામેલ છે. ઉત્તર-પશ્ચિમમાં કાશ્મીરીઓ, રાજસ્થાનીઓ, તથા પંજાબીઓ, ઉત્તર તથા મધ્ય ભાગોમાં હિંદુસ્તાનીઓ તથા બિહારીઓ, ઉત્તર-પૂર્વમાં બંગાળીઓ, આસામીઓ, તથા ઓરિયા લોકો, અને પશ્ચિમમાં ગુજરાતી તથા મરાઠી લોકોની વસતિ છે. દક્ષિણમાં તેલુગુ, તામિલ, મલયાલી, તથા કન્નડ લોકો વસે છે. ભારે મોટા ભાગની વસતિ હિંદુઓની છે. મુસલમાનોની સંખ્યા પણ કરોડોની છે. ભારતનાં રાજ્યોની સરહદો મુખ્ય પ્રજાઓનાં વસવાટને લક્ષમાં રાખીને સ્થાપવામાં આવી છે.

ભારતનાં રાજ્યો અને મોટા વિસ્તારો વચ્ચે પ્રાકૃતિક સંજોગો, વસતિ, વિકાસની કક્ષા, અને અર્થતંત્રની રચનાના સંબંધમાં બહોળા તફાવતો છે. ઉત્તર-પૂર્વનો ભાગ (પશ્ચિમ બંગાળ, બિહાર, ઉડીસા) ડાંગર, શેરડી, અને ચાની પેદાશનો મોટો વિસ્તાર છે અને સાથે સાથે દેશનો કોલસા તથા ધાતુ આધાર છે. એ વિસ્તારમાં ભારે યંત્ર ઇજનેરીનો વિકાસ ઝડપથી થઈ રહ્યો છે (કલકત્તા, રાંચી). ઉત્તર-મધ્ય ભાગ (ઉત્તર પ્રદેશ) દેશનો અનાજ ભંડાર (ઘઉં, મકાઈ) છે. એ વિસ્તારમાં રોકડિયા તથા તેલી પાક થાય છે, હળવા તથા ખોરાક ઉદ્યોગો છે, તેમ જ ભારે યંત્ર ઇજનેરી (હરદ્વાર) તથા હાઈડ્રો-પાવર ઉદ્યોગ છે. મધ્ય પ્રદેશમાં ભિલાઈ પોલાદ પ્લાંટ તથા તેની સાથે સંકળાયેલા ઉદ્યોગધંધાઓએ અર્થતંત્રમાં હાર્દનું સ્થાન ધારણ કરી લીધું છે, અને ખેતીવાડીમાં અનાજ તથા કપાસ મુખ્ય પાક છે.

દક્ષિણ ભારત (આંધ્ર પ્રદેશ, કર્ણાટક, તામિળનાડુ, કેરળ) ડાંગર, કપાસ, તમાકુ, અને મગફળી, એરંડા, તથા બીજા તેલી પાકોનો મહત્ત્વનો વિસ્તાર છે. એ વિસ્તારમાં નાળિયેર, ચા, કાળાં મરી, કોફી, તથા બીજી વાડી-પેદાશોની ખેતી પણ થાય છે. કાપડ, ચામડું, તથા ચાના પરંપરાગત ઉદ્યોગો અને યંત્ર ઇજનેરી (મદ્રાસ તથા બૅંગલોર) તેમ જ ધાતુકર્મ તથા તેલ-શુદ્ધિકરણના (વિશાખાપટનમ તથા કોચિન) નવા ઉદ્યોગો વિકસી રહ્યા છે.

પશ્ચિમ ભારતનો વિસ્તાર (મહારાષ્ટ્ર તથા ગુજરાત) કપાસ અને મગફળીની પેદાશ બદલ જાણીતો છે. એ વિસ્તારમાં બાગાયત અને પશુપાલન પણ વિકસિત છે. મુખ્ય ઉદ્યોગ સુતરાઉ કાપડનો છે (મુંબઈ તથા અમદાવાદ). તેલ-નિષ્કર્ષણ (અંકલેશ્વર), તેલ-શુદ્ધિકરણ, પેટ્રોકેમિકલ, અને યંત્ર ઇજનેરી (મુંબઈ) ઉદ્યોગો વિકસી રહ્યા છે.

ઉત્તર-પશ્ચિમ ભાગ (પંજાબ, રાજસ્થાન, હરિયાણા, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, તથા કેંદ્ર-શાસિત દિલ્હી) દેશમાં વેચાઉ ઢોરના ઉછેરનો (મોટાં શિંગાળાં ઢોર, ઘેટાં-બકરાં, ઊંટ) મુખ્ય વિસ્તાર છે. શહેરોમાં સુતરાઉ કાપડ, રેશમ, તથા ગરમ કાપડના ઉદ્યોગો વિકસિત છે. દિલ્હીમાં યંત્ર-ઓજાર ઉદ્યોગ વિકસી રહ્યો છે. એ વિસ્તારમાં રાસાયણિક (ખનીજ ખાતર) અને સિમેંટના ઉત્પાદનની વ્યવસ્થા કરવામાં આવી છે. રાણા પ્રતાપ સાગરના પ્રદેશમાં ૪ લાખ કિલોવાટની ક્ષમતાનું પરમાણુ પાવર સ્ટેશન ચાલી રહ્યું છે.

ભારતનો અધિક આર્થિક તથા સાંસ્કૃતિક વિકાસ દેશમાં ગહનગામી સામાજિક-આર્થિક પરિવર્તનો તથા શાંતિલક્ષી વિદેશ નીતિ જોડે સીધી રીતે સંકળાયેલો છે. ૧૯૭૧ની સોવિયેત-ભારત શાંતિ, મિત્રતા, અને સહકાર સંધિથી ભારતને સામાજિક-આર્થિક પ્રગતિ વધારે વેગીલી બનાવવાની તેમ જ એશિયા તથા દુનિયામાં શાંતિને વધારે મક્કમ બનાવવાની યોજનાઓ અમલમાં મૂકવામાં મદદ મળે છે.

સોવિયેત સંઘ સાથે મિત્રતા અને સહકારની સંધિ ભારતની સામાજિક તથા આર્થિક પ્રગતિની યોજનાઓને સાકાર કરવામાં સહાયક સાબિત થઈ રહી છે. લેઓનીદ બ્રેઝનેવે જણાવ્યું હતું કે "સોવિયેત લોકો ભારત સાથે સ્થપાયેલ સાચી મિત્રતા અને બહુમુખી સહકારના સંબંધોને બહુ મૂલ્યવાન ગણે છે." એ મિત્રતા સંબંધ બન્ને દેશોની જનતાના હિતમાં છે અને કેવળ એશિયામાં જ નહિ પરંતુ બાકીની દુનિયામાં પણ આંતરરાષ્ટ્રીય સમસ્યાઓના ઉકેલમાં રચનાત્મક ભૂમિકા ભજવે છે.

બાંગલાદેશ

બાંગલાદેશ દક્ષિણ એશિયાના રાજકીય નકશામાં સામેલ થયેલું નવું સાર્વભૌમ રાજ્ય છે. ૧૯૭૧માં પૂર્વ બંગાળની જનતાના રાષ્ટ્રીય મુક્તિ આંદોલનના વિજયના પરિણામે પૂર્વ બંગાળ પાકિસ્તાનથી અળગું થઈ ગયું ત્યારે બાંગલાદેશની સ્થાપના થઈ હતી. બાંગલાદેશ ગંગાના હેઠવાસના વિસ્તારમાં આવેલો છે. તેની પૂર્વની સરહદે બર્મા અને ઉત્તર તથા પશ્ચિમની સરહદે ભારત છે. બાંગલાદેશની ધરતીને દક્ષિણ છેડે બંગાળના અખાતનાં મોજાં અફળાતાં રહે છે. બંગાળનો અખાત હિંદી મહાસાગરનો એક ભાગ છે.

બાંગલાદેશનો પ્રદેશ પ્રમાણમાં નાનો છે (૧૪૦૦૦૦ ચોરસ કિલોમીટર). કુલ ૮૭ મિલિયનની વસતિમાં બહુસંખ્યા પ્રાચીન સંસ્કૃતિ ધરાવતી બંગાળી પ્રજાની છે. મોટા ભાગની વસતિ ગામોમાં રહે છે. દેશમાં મોટાં શહેરો જૂજ છે, અને તેમાં પાટનગર ઢાકા (વસતિ ૧.૬ મિલિયનથી વધારે) અને ચટગાંવ બંદર (વસતિ પાંચ લાખ) મહત્ત્વનાં છે.

બાંગલાદેશનું અર્થતંત્ર નબળું છે. ૮૦ ટકાથી વધારે વસતિ ખેતીવાડીમાં કામ કરે છે. બાંગલાદેશમાં ડાંગર અને શણની ખેતી થાય છે. આખી દુનિયામાં સૌથી વધારે શણ બાંગલાદેશમાં પેદા થાય છે. એ ઉપરાંત, ચા, તમાકુ, શાકભાજી, અને ફળોના પાક થાય છે. મત્સ્ય ઉદ્યોગ સારી પેઠે વિકસેલો છે, અને શણ, ખાંડ, તથા કાપડ ઉદ્યોગો પણ છે. હજી ઓછા વિકસેલા અર્થતંત્રમાં હાથકારીગરીના ઉદ્યોગો મુખ્ય સ્થાન ધરાવે છે.

બાંગલાદેશ લોક પ્રજાસત્તાકમાં, જંગથી તારાજ થઈ ગયેલા અર્થતંત્રના પુનરુત્થાનની દિશામાં, સ્વતંત્રતાનાં આરંભનાં વર્ષોમાં ઘણું કાર્ય કરવામાં આવ્યું હતું. આઠમા દાયકાના મધ્યમાં દેશમાં લશ્કરી સત્તાની સ્થાપના પછી ખાનગી મૂડીવાદી સંબંધો વધારે મજબૂત બનવા લાગ્યા અને પરદેશી મૂડીનો પેસારો વધી ગયો. બાંગલાદેશની જનતાની ભારે મોટી બહુસંખ્યા દેશની રાષ્ટ્રીય સ્વતંત્રતાને વધારે મક્કમ બનાવવાની અને શાંતિ, લોકશાહી, તથા સામાજિક પ્રગતિની દિશામાં વિકાસ સાધવાની ઊંડી ઉત્સુકતા ધરાવે છે.

પાકિસ્તાન

પાકિસ્તાન સિંધુ નદીની ખીણમાં ભારત, અફઘાનિસ્તાન, અને ઈરાનની વચ્ચે આવેલું છે. તેના દક્ષિણ કિનારાપ્રદેશમાં અરબી સમુદ્રનાં મોજાં અફળાતાં રહે છે.

પાકિસ્તાનના વિસ્તારને (૮ લાખ ચોરસ કિલોમીટરથી વધારે) મુખ્યત્વે આવરી લેતા પહાડો અને ઉચ્ચપ્રદેશોમાં આબોહવા ગરમ અને સૂકી હોય છે, અને અર્ધ-રણ જેવી જમીનની વનસ્પતિ જોવા મળે છે. તેમાં સિંધુની ખીણ અપવાદ છે. ત્યાં સીંચાઈ માટે નદીના પાણીને ઉપયોગમાં લઈને ખેતી કરવામાં આવે છે. સૌથી વધારે ગીચ વસતિ દેશના એ ભાગમાં છે.

પાકિસ્તાનની લગભગ ૮૦ મિલિયનની વસતિમાં સિંધીઓ, પંજાબીઓ, બલુચીઓ, પઠાણો, અને બીજી પ્રજાઓ સામેલ છે. દેશનું પાટનગર ઈસ્લામાબાદ છે. કરાંચી શહેર દેશનું સૌથી મોટું ઔદ્યોગિક કેંદ્ર અને સમુદ્રી બંદર છે. કરાંચી અને તેનાં પરાંની વસતિ ૪ મિલિયનથી વધારે છે.

દેશના અર્થતંત્રનો આધાર અંકિત કરતી ખેતીવાડી વસતિની ભારે મોટી બહુસંખ્યાને આવરી લે છે. સૌથી વધારે મહત્ત્વના પાક ઘઉં અને કપાસના છે. પશુપાલનના ક્ષેત્રમાં માંસ અને દૂધની ચીજો બને છે. ખોરાકની ચીજોની આયાત ઉપર પાકિસ્તાનનું અવલંબન તાજેતરનાં વર્ષોમાં ઓછું થઈ ગયું છે, પરંતુ ખેતીવાડીનું ઉત્પાદન દેશની ખોરાકની જરૂરિયાતોને સંતોષવા માટે પૂરતું નથી.

તાજેતરના સમય સુધી પાકિસ્તાનમાં આધુનિક ઉદ્યોગ નહોતો. છેલ્લાં થોડાં વર્ષો દરમિયાન સંખ્યાબંધ નવા ઉદ્યોગધંધાઓ બાંધવામાં આવ્યા છે. હાલ દેશમાં હળવા, ખોરાક, ઍંજિનિયરીંગ, રસાયણ, તથા બીજા કેટલાય ઉદ્યોગોનું નિર્માણ થઈ રહ્યું છે.

સમાજવાદી દેશો સહિત પરદેશો જોડે પાકિસ્તાનના આર્થિક સંબંધો વિસ્તરી રહ્યા છે. સોવિયેત સંઘ પાકિસ્તાનને કરાંચી નજીક ધાતુ પ્લાંટ, ગુડ્ડુમાં પાવર સ્ટેશન, સૂતરની મિલો, અને બીજી ઔદ્યોગિક પરિયોજનાઓ બાંધવામાં મદદ પૂરી પાડે છે.

સંયુક્ત રાજ્ય અમેરિકા અને ચીનની તરફદારી કરવાનું પાકિસ્તાનનું ધોરણ દેશના સ્વતંત્ર વિકાસને અવરોધે છે અને આસપાસના વિસ્તારમાં પરિસ્થિતિને વધારે ઉગ્ર બનાવે છે. પાકિસ્તાન દક્ષિણ-પૂર્વ એશિયામાં સામ્રાજ્યવાદી આક્રમણનું મથક બની રહ્યું છે.

બર્મા

ઈન્ડોચાઈના દ્વીપકલ્પના ઉત્તર-પશ્ચિમ ભાગમાં અને તેની સાથે સંકળાયેલી તળભૂમિના અમુક ભાગમાં પથરાયેલો બર્મા દેશ થાઈલૅંડ, લાઓસ, ચીન,

ભારત, અને બાંગલાદેશની સરહદે આવેલો છે. બર્મા પર્વતો અને ઉચ્ચપ્રદેશો તથા નદીઓની ખીણોનો તેમ જ ઉષ્ણ કટિબંધીય વનોનો દેશ છે.

બર્માના લોકો ઉમદા પ્રાચીન સંસ્કૃતિ ધરાવે છે. તેમણે ૧૯૪૮માં બ્રિટિશ સંસ્થાનવાદીઓથી મુક્તિ હાંસલ કરી લીધી અને બર્માની સ્વતંત્રતા ઘોષિત કરી.

પરંતુ સત્તાસ્થાને આવી ગયેલા રાષ્ટ્રીય મૂડીદાર વર્ગ તથા જમીનદારોએ સામાજિક-આર્થિક તથા રાજકીય સુધારાઓનો વિરોધ કર્યો અને બર્માની રાષ્ટ્રીય સ્વતંત્રતાને જોખમમાં મૂકી દીધી. ૧૯૬૨માં ક્રાંતિકારી પરિષદે સત્તા કબજે કરી લીધી અને સમાજવાદના બર્મીઝ પંથનો કાર્યક્રમ રજૂ કર્યો. એ કાર્યક્રમમાં વિકાસના પ્રગતિશીલ પંથે દેશનું સંક્રમણ અંકિત હતું.

બંધારણ મુજબ રાજ્યનું નામ બર્મા સંઘ સમાજવાદી પ્રજાસત્તાક છે. દેશના પાટનગર રંગૂનની વસતિ બે મિલિયનથી વધારે છે.

બર્મા પોતાની પસંદગીના પંથે આગેકૂચ કરતું દૂરગામી સુધારાઓ દાખલ કરી રહ્યું છે. દેશમાં તમામ પરદેશી બૅંકો, કંપનીઓ, ઉદ્યોગધંધાઓ, વાહનવ્યવહાર, તથા સંચાર વ્યવસ્થા તેમ જ ખાનગી મૂડીવાદી ઉત્પાદનની કેટલીક શાખાઓ અને વિદેશો જોડેના તથા જથ્થાબંધ વ્યાપારનું રાષ્ટ્રીયકરણ સાધી લેવામાં આવ્યું છે. કુલ રાષ્ટ્રીય પેદાશના લગભગ ૩૫ ટકા હિસ્સાનું ઉત્પાદન વિકસતા રાજ્ય સંચાલિત ક્ષેત્રને હસ્તક છે. તેલ, રૂપું, ટિન, ટંગ્સ્ટન, સીસું, ઝીંક, ત્રાંબું, રત્નો, તથા સાગના લાકડાના તેમ જ કાષ્ઠકર્મ તથા બીજા કારખાના ઉદ્યોગોના ઉત્પાદનનું સંચાલન રાજ્યના હાથમાં છે.

રાજ્ય તરફથી કેટલીય ઔદ્યોગિક પરિયોજનાઓ સાકાર થઈ રહી છે. તેમાં ટ્રેક્ટર એસેમ્બ્લી પ્લાંટ, નાઈટ્રોજન ખાતર અને ખેતીયંત્રોના પ્લાંટો, તથા કાપડમિલ સામેલ છે. એ બધા ઉદ્યોગધંધાઓ બર્માના વિકસતા રાષ્ટ્રીય ઉદ્યોગનો આધાર અંકિત કરે છે.

અર્થતંત્રમાં મહત્ત્વની શાખાનું સ્થાન ધરાવતી અને ૮૦ ટકા વસતિને આવરી લેતી ખેતીવાડીનું ઉત્પાદન વધારવાનાં ગંભીર પગલાં લેવાઈ રહ્યાં છે. જમીનદારોની સાંથના બોજાથી અને વ્યાજખોર મહાજનોની ધૂંસરીથી છુટકારો પામેલા કિસાનોને ખાતર ખરીદવા અને સીંચાઈનો બંદોબસ્ત કરવા રાજ્ય તરફથી નાણાં ધીરવામાં આવે છે. કિસાનો પોતાની જહેમતોને અક્ષત જમીન વિકસાવવામાં, સીંચાઈની જમીન વધારવામાં, ખાતર અને ખેતીયંત્રોનો વધારે કાર્યસાધક ઉપયોગ કરવામાં, અને પેદાશ વધારવામાં કેંદ્રિત કરી રહ્યા છે. એ

સંબંધમાં રાજ્ય તરફથી ખેતીયંત્રો ભાડે આપવાનાં મથકો અને પ્રયોગાત્મક આદર્શ ખેતીવાડી સહકારીઓની સ્થાપના કરવામાં આવી છે.

ખેતીની મોટા ભાગની જમીનમાં ડાંગરની વાવણી થાય છે. ડાંગરની સરેરાશ વાર્ષિક પેદાશ લગભગ 10 મિલિયન ટન જેટલી છે. ખેતીવાડીની બીજી મહત્ત્વની પેદાશોમાં મગફળી, તલ, કપાસ, શેરડી, અને કઠોળ સામેલ છે. તેમાંથી કેટલીક ચીજોની, મુખ્યત્વે ચોખાની, નિકાસ મોટા પ્રમાણમાં કરવામાં આવે છે. પાડા તથા બળદ જેવાં ભારવાહક પશુઓનો તેમ જ ગાયો તથા બીજાં ઢોરનો ઉછેર કરવામાં આવે છે.

આર્થિક સુધારાઓના પરિણામે વસતિના સામાજિક સંયોજનમાં પરિવર્તનો થઈ રહ્યાં છે. શોષક વર્ગોનાં આર્થિક સ્થાનો એકધારાં છીનવાઈ રહ્યાં છે તથા તેમનો રાજકીય પ્રભાવ ઘટાડવામાં આવી રહ્યો છે, કામદાર વર્ગની સંખ્યા વધી રહી છે અને તે દેશમાં વધારે ને વધારે મહત્ત્વની ભૂમિકા ભજવતો જાય છે. ઉદ્યોગધંધાઓમાં સ્થાપવામાં આવેલી કામદાર પરિષદો લોકસમુદાયોને ઉત્પાદનની વ્યવસ્થામાં સાંકળી લે છે. લોક કિસાન પરિષદો ગામોની વસતિને ખેતી સંબંધી સુધારા અમલમાં મૂકવાનું, સહકારી આંદોલનને વિકસાવવાનું, અને ખેતીવાડીની પેદાશ વધારવાનું પ્રોત્સાહન આપે છે. મહેનતકશ લોકોની જરૂરિયાતોને સંતોષવાના આશયે હારબંધ સામાજિક પગલાં લેવાઈ રહ્યાં છે. ન્યૂનતમ વેતન નક્કી કરવામાં આવ્યું છે અને મહેનતકશ લોકોને ચાલુ પગારે રજા, પેન્શન, મફત તબીબી સેવા અને શિક્ષણની વ્યવસ્થા થઈ રહી છે. રાષ્ટ્રીય કાર્યકરોને તાલીમ અપાઈ રહી છે. અક્ષરજ્ઞાન અને સંસ્કૃતિના ધોરણનો એકધારો ઉત્કર્ષ થઈ રહ્યો છે.

પશ્ચિમ એશિયા અને ઉત્તર આફ્રિકા

પશ્ચિમ એશિયાના દેશો (ક્યારેક તેમનો ઉલ્લેખ નિકટ તથા મધ્ય પૂર્વના દેશો તરીકે કરવામાં આવે છે) અને ઉત્તર આફ્રિકાના દેશો મળીને વિકસતી દુનિયાનો વિશાળ વિસ્તાર બની રહે છે. દક્ષિણ-પૂર્વ તથા દક્ષિણ એશિયાની સરખામણીમાં પશ્ચિમ એશિયા તથા ઉત્તર આફ્રિકાનો વિસ્તાર લગભગ બમણો છે પરંતુ વસતિ ચોથા ભાગની છે.

ભૂમધ્ય અને રાતા સમુદ્રોની જોડાજોડ આવેલા એ વિસ્તારમાં સદીઓ પહેલાં ઉમદા પ્રાચીન સંસ્કૃતિ અને સભ્યતાનાં મથકો અસ્તિત્વમાં આવ્યાં હતાં.

પશ્ચિમ અને ઉત્તર-પૂર્વ તથા ઉત્તર આફ્રિકાની પ્રજાઓ વચ્ચે ગાઢ આર્થિક, રાજકીય, તથા સાંસ્કૃતિક સંબંધો હતા.

સામ્રાજ્યવાદનો ઉદય થતાં સંસ્થાનવાદીઓએ પશ્ચિમ એશિયા અને ઉત્તર-પૂર્વ તથા ઉત્તર આફ્રિકાના ઘણા દેશો તથા રાષ્ટ્રોને માથે પોતાનું શાસન જોરજુલમથી લાદી દીધું. ચાલુ સદીના આરંભનાં વર્ષોમાં દુનિયાના એ ભાગમાં માત્ર પાંચ રાજશાહીઓ નામ પૂરતી સ્વતંત્ર હતી: પશ્ચિમ એશિયામાં અફઘાનિસ્તાન, ઈરાન, તથા તુર્કી, અને આફ્રિકામાં ઇથિયોપિયા તથા મોરોક્કો. આગળ જતાં મોરોક્કો ફ્રાંસનું રક્ષિત રાજ્ય બની ગયું.

પશ્ચિમ એશિયા અને ઉત્તર આફ્રિકાની કુદરતી સાધનસંપત્તિ હંમેશાં સામ્રાજ્યવાદી ચડાઈખોરોને આકર્ષતી રહી છે. એકદમ મૂલ્યવાન ખનીજ સાધનસંપત્તિ તેલ અને ગૅસના સાબિત થઈ ચૂકેલા અતિ વિશાળ ભંડારોની છે (મૂડીવાદી દુનિયાના લગભગ ૮૦ ટકા તેલ ભંડારો એ વિસ્તારમાં છે). દુનિયાના એ ભાગમાં તેલનું વાર્ષિક ઉત્પાદન ૧૦૦૦ મિલિયન ટનની કક્ષાને પાર કરી ગયું છે. પશ્ચિમની ઇજારદારીઓ તેલક્ષેત્રોનું સત્યાનાશી શોષણ કરીને અબજો ડોલરના નફા કમાય છે.

પશ્ચિમ એશિયા તથા ઉત્તર આફ્રિકાના દેશોની સાનુકૂળ ભૌગોલિક સ્થિતિ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તેમાંથી અફઘાનિસ્તાનને બાદ કરતાં બાકીના દેશો ભૂમધ્ય, કાળા, રાતા અથવા અરબી સમુદ્રની તટરેખા ધરાવે છે અને વિશ્વ જહાજી માર્ગોનો લાભ લઈ શકે છે. તેમાં યુરોપ, આફ્રિકા, અને એશિયાના દેશોને સાંકળી લેતો જિબ્રાલ્ટર-સુએઝ-એડન ભૂમધ્ય જહાજી માર્ગ સૌથી વધારે મહત્ત્વનો છે.

સામ્રાજ્યવાદીઓ દુનિયાના એ મહત્ત્વના વ્યૂહાત્મક વિસ્તારમાં પોતાનાં સ્થાનો જાળવી રાખવાની પૂરી કોશિશ કરતા હોવા છતાં આરબ પ્રજાઓના રાષ્ટ્રીય મુક્તિ આંદોલનના જોરદાર જુવાળની સામે તેમને પીછેહઠ કરવી પડે છે. ભૂતપૂર્વ ફ્રેંચ સંસ્થાનો સીરિયા અને લેબેનોન ૧૯૪૩માં સ્વતંત્ર થઈ ગયાં. ફાસીવાદી ઇટાલીના સજ્જડ પરાજયના પરિણામે લીબ્યા ૧૯૫૧માં સ્વતંત્ર થઈ ગયું. સુદાન, મોરોક્કો, અને ટ્યુનિસિયાએ ૧૯૫૬માં રાજ્ય સાર્વભૌમત્વ હાંસલ કરી લીધું. ૧૯૬૦માં સાઈપ્રસ પ્રજાસત્તાક અને ૧૯૬૧માં કુવેઇટ નવોદિત રાષ્ટ્રીય રાજ્યોના પરિવારમાં સામેલ થઈ ગયાં. ૧૯૬૨માં અલ્જીરિયા સ્વતંત્ર લોકશાહીવાદી રાજ્ય બની ગયું. ૧૯૬૭ના અંતમાં સ્વતંત્ર દક્ષિણ યેમેનની

સ્થાપના થઈ. ૧૯૭૧માં કટાર અને બહરેઇન સ્વતંત્ર થઈ ગયાં. સંયુક્ત આરબ અમીરશાહીને પણ સ્વતંત્રતા મળી ગઈ.

પશ્ચિમ એશિયા તથા ઉત્તર આફ્રિકાના મોટા ભાગના દેશો સાંસ્થાનિક પદ્ધતિના પતનના પરિણામે અસ્તિત્વમાં આવેલાં નવોદિત રાષ્ટ્રીય રાજ્યો છે.

એ બધા દેશો પૂરી આર્થિક અને રાજકીય સ્વતંત્રતા સિદ્ધ કરવાના ઉપાયોને વધતા જતા વર્ગસંઘર્ષના સંજોગોમાં ખોળી રહ્યા છે. કેટલાક દેશોમાં સામ્રાજ્યવાદની તરફદારી કરતાં તત્ત્વો વર્ચસ્વ હાંસલ કરી રહ્યાં છે. સામ્રાજ્યવાદીઓએ મધ્ય પૂર્વમાં પ્રગતિશીલ શાસનોને ઉથલાવી પાડવાના આશયે ઇસરાએલ તરફથી આરબ દેશોની ઉપર આક્રમણ કરાવ્યું.

૧૯૮૧ના અંતમાં સંયુક્ત રાજ્ય અમેરિકા અને ઇસરાએલે "વ્યૂહાત્મક સહકારના ક્ષેત્રમાં પરસ્પર સમજણ" સંબંધી ઉદ્દેશપત્ર અપનાવ્યો. આખી દુનિયાની પ્રજાઓ માંગ ઉઠાવે છે કે ઇસરાએલે ૧૯૬૭માં કબજે કરી લીધેલા બધા આરબ પ્રદેશોમાંથી ઇસરાએલી લશ્કરો પાછાં ખેંચી લેવામાં આવે, પેલેસ્ટીનિયન પ્રજાના પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપવાના અટલ અધિકાર સહિત કાયદેસર રાષ્ટ્રીય અધિકારોને અમલી બનાવવામાં આવે, મધ્ય પૂર્વનાં તમામ રાજ્યોનું સ્વતંત્ર અસ્તિત્વ અને વિકાસ સુનિશ્ચિત બનાવવામાં આવે. મધ્ય પૂર્વમાં કાયમી શાંતિ સ્થાપવાનું માત્ર એવા ઇનસાફી આધારે જ શક્ય છે. દૃઢતા અને પ્રતિક્રિયાનો રાષ્ટ્રીય મોરચો આરબ પ્રજાઓના ઇનસાફી સંઘર્ષમાં મહત્ત્વનો ફાળો આપે છે. સીરિયા, લીબ્યા, અલ્જીરિયા, લોકશાહીવાદી યેમેન, અને પેલેસ્ટાઇન મુક્તિ સંગઠન એ મોરચાના સભ્યો છે.

સમાજવાદી દેશો આરબ પ્રજાઓના કાયદેસર અધિકારોનું સુસંગત સમર્થન કરતા રહે છે. આક્રમણની સામ્રાજ્યવાદી નીતિની વિરુદ્ધ, ઇનસાફી અને કાયમી શાંતિ ખાતર, તેમ જ મુક્ત વિકાસ અને સામાજિક તથા આર્થિક પ્રગતિ સુનિશ્ચિત બનાવવા માટે આરબ પ્રજાઓના સંઘર્ષને સમાજવાદી દેશો સતત મક્કમ ટેકો આપે છે.

અફઘાનિસ્તાન, સીરિયા, લેબેનોન, સાઈપ્રસ, ટ્યુનિસિયા, અને મોરોક્કો વિધાયક તટસ્થતાની અને સામ્રાજ્યવાદી લશ્કરી જૂથોમાં બિનસામેલગીરીની નીતિ અમલમાં મૂકી રહ્યાં છે.

સીરિયા આરબ પ્રજાસત્તાક, અફઘાનિસ્તાન લોકશાહીવાદી પ્રજાસત્તાક, યેમેન જન લોકશાહીવાદી પ્રજાસત્તાક, ઇથિયોપિયા, તથા અલ્જીરિયા જન લોકશાહીવાદી પ્રજાસત્તાક સહિત કેટલાય દેશો સામંતશાહીના પાયા ખોદી

નાખવાના તેમ જ ઈજારદારી મૂડીવાદ તથા નવસંસ્થાનવાદને દબાવી દેવાના આશયે સામાજિક-આર્થિક સુધારાઓ દાખલ કરી રહ્યા છે.

પશ્ચિમ એશિયા

પશ્ચિમ એશિયા અને ઉત્તર આફ્રિકાના દેશો વચ્ચે ઈતિહાસ અને વર્તમાન પરિસ્થિતિના સંબંધમાં ઘણું સામ્ય છે ખરું, પરંતુ કેટલાંક જૂથો પોતપોતાનાં વિશિષ્ટ લક્ષણો પણ ધરાવે છે. પરીક્ષણના વિસ્તારના દેશોમાં અફઘાનિસ્તાન, ઈરાન, તુર્કી, ઈરાક, સીરિયા, અને યેમેન જન લોકશાહીવાદી પ્રજાસત્તાક મુખ્ય સ્થાન ધરાવે છે.

પશ્ચિમ એશિયાના કેટલાક દેશોનાં ક્ષેત્રફળ અને વસતિ

	ક્ષેત્રફળ (ચોરસ કિલોમીટર)	વસતિ
પશ્ચિમ એશિયાના બધા દેશો	૬ ૮૦૦ ૦૦૦	૧૫૦ ૦૦૦ ૦૦૦
તેમાંથી: અફઘાનિસ્તાન	૬૫૦ ૦૦૦	૧૭ ૦૦૦ ૦૦૦
ઈરાન	૧ ૬૫૦ ૦૦૦	૩૭ ૦૦૦ ૦૦૦
તુર્કી	૮૦૦ ૦૦૦	૪૬ ૦૦૦ ૦૦૦
ઈરાક	૪૫૦ ૦૦૦	૧૩ ૦૦૦ ૦૦૦
સીરિયા	૨૦૦ ૦૦૦	૯ ૦૦૦ ૦૦૦
યેમેન જ.લો.પ્ર.	૩૩૦ ૦૦૦	૨ ૦૦૦ ૦૦૦

તુર્કી

તુર્કીનો અમુક ભાગ પશ્ચિમ એશિયામાં અને અમુક ભાગ દક્ષિણ-પૂર્વ યુરોપમાં છે. એશિયામાંના તુર્કીને કાળા સમુદની ખાડી (બોસ્ફોરસ, માર્મરા સમુદ્ર, અને ડાર્ડેનેલ્સ) યુરોપમાંના તુર્કીથી (પૂર્વ થ્રેસ) અળગું પાડે છે. કાળા સમુદ્રની ખાડીનો આખો પ્રદેશ તુર્કીમાં છે. ૧૯૭૩માં યુરોપ અને એશિયાને સાંકળી લેતો બોસ્ફોરસનો પુલ બાંધવામાં આવ્યો હતો.

આધુનિક તુર્કી મુશ્કેલ ગાળામાંથી પસાર થઈ રહ્યું છે. તુર્કીની જનતા દેશના આર્થિક વિકાસની નીચી કક્ષા વિશે ફિકરમંદ છે અને કપરી આર્થિક તથા સામાજિક સમસ્યાઓનો ઉકેલ ખોળી રહી છે. પરંતુ તુર્કી સંયુક્ત રાજ્ય અમેરિકા ઉપર અવલંબિત હોવાથી અને આક્રમક નાટો જૂથમાં સામેલ હોવાથી એ સમસ્યાઓને ઉકેલી શકતું નથી.

તુર્કી સમાજવાદી રાજ્યો સહિત પાડોશી દેશો જોડે આર્થિક અને સાંસ્કૃતિક સંબંધો વિકસાવીને સામ્રાજ્યવાદી સત્તાઓ ઉપરનું અવલંબન ઘટાડવાની કોશિશ કરતું રહ્યું છે. જ્યારે મહાન લેનિન સોવિયેત સંઘનું નેતૃત્વ કરતા હતા અને નામાંકિત રાજપુરુષ કમાલ આતાતુર્ક તુર્કીનું સંચાલન કરતા હતા ત્યારે તુર્કી અને સોવિયેત સંઘ વચ્ચે શરૂ થયેલા સદ્ભાવી પાડોશી જેવા સંબંધો ફરી સ્થાપવાની બાબતને ભારે મહત્ત્વ અપાઈ રહ્યું છે.

સોવિયેત સંઘ તુર્કીને કેટલાય અગત્યના ઉદ્યોગધંધાઓ બાંધવામાં મદદ કરે છે. તેમાં એજિયન સમુદ્રને કિનારે પહેલો મોટો એલ્યુમિનિયમ પ્લાંટ અને તેલની રિફાઈનરી તેમ જ ભૂમધ્ય સમુદ્રને કિનારે ઇસ્કેન્દેરુનનો ધાતુકર્મ પ્લાંટ સામેલ છે.

ઉદ્યોગની અગત્યની શાખાઓ રાજ્ય સંચાલિત છે, અને ઔદ્યોગિક ઉત્પાદન રાષ્ટ્રીય આવકમાં લગભગ ત્રીજા ભાગનો ફાળો આપવા લાગ્યું છે.

ક્રોમાઈટ મુખ્ય નિકાસ ખનીજ છે. તેનો મોટો ભાગ પશ્ચિમના દેશોને મોકલાય છે. તુર્કીમાં કાચું લોઢું, ત્રાંબું, મેંગેનીઝ, મિશ્રિત અને બીજી કાચી ધાતુઓ, કોલસા, તથા તેલનું ઉત્પાદન પણ થાય છે. કારાબુકના પોલાદ કારખાનામાં સ્થાનિક કાચા લોઢાનો ઉપયોગ થાય છે.

એંજિનિયરીંગ ઉદ્યોગની મોટા ભાગની ક્ષમતાઓ રેલવેનાં એંજિનો તથા ડબ્બા બનાવવાના પ્લાંટોમાં, જહાજોની મરામતનાં મથકોમાં, તથા વિમાનોનાં એસેમ્બ્લી કારખાનાંમાં છે. દેશમાં ઠીકઠીક મોટો સિમેંટ ઉદ્યોગ છે. વીજળીનું ઉત્પાદન વધી રહ્યું છે. યુફ્રેટિસ નદીનું મોટું કેબાન હાઈડ્રો-પાવર સ્ટેશન બંધાઈ રહ્યું છે.

પરંતુ તુર્કીનું અર્થતંત્ર ખેતીવાડી ઉપર આધારિત છે. ખેતીવાડી ૭૫ ટકા વસતિને ગુજરાન પૂરું પાડે છે. ખેતીવાડી વિસ્તૃત છે અને હજી સામંતી તથા અર્ધ-સામંતી સંબંધોમાં જકડાયેલી છે. ખેડાઉ જમીનનો ૬૬ ટકાથી વધારે હિસ્સો જમીનદારો તથા ધનવાન ખેડૂતોના હાથમાં છે. ભારે મોટા ભાગના કિસાનો કાં તો જમીનના સાવ ટચૂકડા પ્લોટ ધરાવે છે અથવા બિલકુલ જમીન

જમીન ગણોતે લઈને
વગરના છે, જમીનદારો પાસેથી બેહદ આકરી શરતોએ
ખેતી કરે છે. ખેતીવાડીની પેદાશ બહુ ઓછી છે.

મુખ્ય પાક ઘઉં, જવ, મકાઈ, અને ડાંગર છે. વાર્ષિક સરેરાશ ૨૦ મિલિયન ટન અનાજ પેદા થાય છે, તેમાંથી લગભગ ૧૭ મિલિયન ટન ઘઉં હોય છે. મહત્ત્વના ઔદ્યોગિક પાક સાકર-બીટ, કપાસ, અને તમાકુ છે. તુર્કીના પશ્ચિમ ભાગમાં અને સાગરકિનારાના વિસ્તારમાં દ્રાક્ષ, સિટ્રસ ફળો, તથા ઓલીવના મોટા પાક ઉતારવામાં આવે છે. પૂર્વના કેટલાક વિસ્તારોમાં ચરાણોમાં ઘેટાંનો ઉછેર ખેતીવાડીની મુખ્ય શાખાનું સ્થાન ધરાવે છે. ઊંચી કોટિની મોહેર ઊન અને પશુપાલનની પેટા પેદાશોના અમુક ભાગની નિકાસ કરવામાં આવે છે.

મોટા ભાગની વસતિ જમીન વગરના પણ જમીનના ભૂખ્યા કિસાનોની છે, ખેતમજૂરો અને ગણોતિયાઓની છે. પાયમાલીની હાલતમાં ધકેલાઈ જતા કિસાનો ગામોમાંથી શહેરોમાં પહોંચી જાય છે અને બેકારોના લશ્કરમાં ઉમેરાતા જાય છે.

ઈરાન

ઈરાન મધ્ય પૂર્વમાં કેંદ્રસ્થાને છે. દેશની ઉત્તર સરહદે (જમીનની તેમ જ કાસ્પિયન સાગરના કિનારાની) સોવિયેત સંઘ આવેલો છે. દક્ષિણમાં હિંદી મહાસાગરની તટરેખા છે. ટ્રાન્સ-ઈરાનિયન રેલવે કાસ્પિયન સાગરને કિનારે આવેલા બાન્દાર-શાહને ઈરાનના અખાતના બાન્દાર-શાહપુર સાથે સાંકળે છે. ઈરાન તેના પશ્ચિમના પાડોશીઓ તુર્કી તથા ઇરાક અને પૂર્વના પાડોશીઓ અફઘાનિસ્તાન તથા પાકિસ્તાન વચ્ચેની કડીનું સ્થાન ધરાવે છે, અને સામાન્ય રીતે જોતાં મહત્ત્વના આંતરરાષ્ટ્રીય સંચાર માર્ગોએ આવેલું છે.

ઈરાનની જનતા ઘણાં વરસ ઘાતકી રાજાશાહીના, સ્થાનિક પ્રત્યાઘાત અને પરદેશી મૂડીના આધારે ટકી રહેલી રાજાશાહીના, જુલમમાં સબડતી રહી હતી. ૧૯૭૯ની રાજાશાહી-વિરોધી તથા સામ્રાજ્યવાદ-વિરોધી ક્રાંતિએ પ્રત્યાઘાતી પદ્ધતિનો અને પરદેશી સામ્રાજ્યવાદીઓના વર્ચસ્વનો અંત આણી દીધો. દેશમાં પ્રજાસત્તાકની પદ્ધતિ સ્થાપવામાં આવી.

સોવિયેત સંઘની કોમ્યુનિસ્ટ પાર્ટીની ૨૬મી કૉંગ્રેસમાં નોંધ લેવામાં આવી હતી કે ઈરાનની ક્રાંતિ તાજેતરનાં વર્ષોમાં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે મહત્ત્વની ઘટના

અંકિત કરે છે. ક્રાંતિની સમગ્ર જટિલતા અને આંતરવિરોધી લક્ષણો છતાં તે મૂળભૂત દૃષ્ટિએ સામ્રાજ્યવાદ-વિરોધી ક્રાંતિ છે. આંતરિક તથા બાહ્ય પ્રત્યાઘાત ક્રાંતિના એવા રૂપને પલટાવી નાખવાની અને દેશમાં સામ્રાજ્યવાદી વર્ચસ્વ ફરી સ્થાપવાની કોશિશો કરે છે.

ઈરાન આર્થિક વિકાસની દૃષ્ટિએ ખેતીવાડી તથા ઉદ્યોગ ધરાવતો દેશ છે. લાભદાયક મહેનત કરતા લોકોમાંથી અરધા ખેતીવાડીમાં કામ કરે છે. જમીનની ખેતી અને પશુપાલનનો વિકાસ એકીસાથે થઈ રહ્યો છે. અનાજની (મુખ્યત્વે ઘઉં) વાર્ષિક પેદાશ ૭થી ૮ મિલિયન ટન છે. પરંતુ ઘઉંનો પાક દેશની જરૂરિયાતો માટે પૂરતો નથી અને અમુક પ્રમાણમાં ઘઉંની આયાત કરવામાં આવે છે.

દેશનો મુખ્ય ઉદ્યોગ તેલનો છે. ઈરાનના તેલ ભંડારોનો અંદાજ ૮૦૦૦ મિલિયન ટનનો આંકવામાં આવ્યો છે. દેશમાં તેલનું વાર્ષિક ઉત્પાદન થોડા વખત પહેલાં ૩૦૦ મિલિયન ટન હતું, પરંતુ ઇરાક સાથેની લડાઈ અને બીજી ઘટનાઓને લીધે ૧૯૮૦માં માત્ર ૩૦ મિલિયન ટન તેલનું ઉત્પાદન થયું હતું. લડાઈના બનાવોથી દેશના દક્ષિણ-પશ્ચિમ ભાગ ખુઝીસ્તાનમાં તેલક્ષેત્રોને તેમ જ પ્લાંટોને નુકસાન પહોંચ્યું હતું. પાઇપલાઈન વાટે ઉત્તરમાં, દેશના પાટનગર તહેરાનમાં, અને ત્યાંથી ઉત્તર-પશ્ચિમમાં (રેશ્ત શહેરમાં) તથા પૂર્વમાં (મેશખેદમાં) મોકલાતા તેલના જથ્થા ઘટી ગયા છે. ઈરાનથી સમુદ્ર માર્ગે વિકસિત મૂડીવાદી દેશોને તેલની નિકાસ એકધારી ઓછી થતી જાય છે તાજેતરના વખત સુધી બહુ મોટી પશ્ચિમી તેલ કંપનીઓનું મંડળ ઈરાનના તેલનો નિકાલ કરતું હતું. તેમાં અમેરિકી કંપનીઓ મુખ્ય ભૂમિકા ભજવતી હતી. હવે આખા તેલ ઉદ્યોગનું સંચાલન રાજ્યને હસ્તક છે.

ઈરાનમાં મોટરવાહન, ટ્રેક્ટર, પેટ્રોકેમિકલ, સિમેંટ, તથા ધાતુકર્મ ઉદ્યોગોનું નિર્માણ થઈ રહ્યું છે. ઇસ્ફહાનમાં સોવિયેત મદદના આધારે ધાતુકર્મ પ્લાંટ બાંધવામાં આવ્યો છે. ઈરાન અને સોવિયેત સંઘે મળીને સરહદી નદી આરાક્સના હાઈડ્રો-પાવર સ્ટેશનો બાંધ્યાં છે. ઈરાન રેલવેના પુનર્નિર્માણ તથા વિદ્યુતકરણમાં તેમ જ કાસ્પિયન સમુદ્રને કિનારે ઈરાની બંદરોને વધારે ઊંડાં બનાવવામાં સોવિયેત સંઘની મદદનો ઉપયોગ કરે છે.

સોવિયેત સંઘ અને બીજા સમાજવાદી દેશો જોડેના સહકારના વિસ્તરણથી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઈરાનની સ્થિતિ વધારે મજબૂત બને છે અને દેશને વિકસિત રાજ્યમાં પલટાવી નાખવાની જહેમતોને પ્રવેગ મળે છે.

અફઘાનિસ્તાન

અફઘાનિસ્તાન પહાડી દેશ છે અને તેની સરહદોએ સોવિયેત સંઘ, ઈરાન, પાકિસ્તાન, તથા ચીની લોક પ્રજાસત્તાક આવેલાં છે.

સોવિયેત સંઘ અને અફઘાનિસ્તાન વચ્ચે સહકારના એવા સંબંધો છે કે જેને સદ્‌ભાવી પાડોશીઓના સંબંધો ગણાવી શકાય.

અફઘાનિસ્તાન સોવિયેત સંઘની આર્થિક તથા ટેકનિકલ મદદના આધારે મોટી સંખ્યામાં ઔદ્યોગિક પરિયોજનાઓ સાકાર કરી રહ્યું છે અને વાહનવ્યવહાર તથા સીંચાઈની પદ્ધતિ વિકસાવી રહ્યું છે. દાખલા તરીકે, સોવિયેત સંઘે દેશના પશ્ચિમ ભાગમાં કશકા અને કંદહારને સાંકળી લેતી અગત્યની સડક બાંધવામાં તેમ જ આમૂ દર્યાને કિનારે આવેલા શીર્ખાનને પાટનગર કાબુલ જોડે સાંકળી લેતો રાજમાર્ગ બાંધવામાં મદદ કરી છે. એ રાજમાર્ગ બંધાઈ જતાં કાબુલ અને ઉત્તરના પ્રાંતો વચ્ચેનું અંતર ખૂબ ઘટી ગયું છે. સોવિયેત વિશેષજ્ઞોએ દેશના ઉત્તર ભાગમાં તેલ અને ગૅસના ભંડારોની શોધ તથા વિકાસમાં મદદ કરી છે.

નવી ઔદ્યોગિક પરિયોજનાઓ દેશના અર્થતંત્રને વધારે મક્કમ બનાવે છે, પરંતુ ખેતીવાડી હજી અર્થતંત્રની મુખ્ય શાખાનું સ્થાન ધરાવે છે અને મહેનત કરતી વસતિના ૭૫ ટકા હિસ્સાને આવરી લે છે. દેશમાં અનાજની ખેતી થાય છે અને મુખ્ય પાક ઘઉં, ડાંગર, મકાઈ, તથા જવ છે. અફઘાનિસ્તાનમાં ફળો અને દ્રાક્ષના મબલખ પાક ઊતરે છે. અફઘાનિસ્તાનમાં પશુપાલનની મુખ્ય શાખા ઘેટાંના ઉછેરની છે અને કારાકુલ ફર, ઘેટાંની ખાલ, તથા ઊનનું ઉત્પાદન મોટા પ્રમાણમાં થાય છે.

આર્થિક વિકાસની સાથે સાથે શહેરો અને ગામોમાં સાંસ્કૃતિક ધોરણનો ઉત્કર્ષ થઈ રહ્યો છે. દસ ટકા વસતિ શહેરોમાં વસે છે. દેશના પાટનગર અને સૌથી મોટા ઔદ્યોગિક તથા સાંસ્કૃતિક કેંદ્ર કાબુલની વસતિ લગભગ ૯ લાખ છે. કાબુલમાં એક પોલીટેકનિકલ વિદ્યાલય અને કેટલીય બીજી શિક્ષણ સંસ્થાઓ છે, અને તેમાં રાષ્ટ્રીય વિશેષજ્ઞોને તાલીમ આપવામાં આવે છે.

અફઘાનિસ્તાનમાં પ્રજાકીય લોકશાહીવાદી ક્રાંતિના વિજય અને લોકશાહીવાદી પ્રજાસત્તાકની ઘોષણા પછી દેશના ઇતિહાસમાં પહેલી જ વાર પ્રજાકીય સરકારની સ્થાપના થઈ. એ સરકારે સામાજિક તથા આર્થિક રૂપાંતરોનો, સ્વતંત્ર રાષ્ટ્રીય અર્થતંત્રના સર્જનનો, ઉદ્યોગીકરણનો, અને લોકોના જીવનધોરણના ઉત્કર્ષનો બહોળો કાર્યક્રમ અપનાવ્યો. સામંતી અને અર્ધ-સામંતી સંબંધોની નાબૂદી,

ઉદ્યોગમાં રાજ્ય સંચાલિત ક્ષેત્રનો વિકાસ, પદ્ધતિસર આયોજન, અને કુદરતી સાધનસંપત્તિના ઉપયોગના અસરકારક નિયંત્રણની બાબત ભારે મહત્ત્વની છે. સામાજિક જીવનનું લોકશાહીકરણ, રાષ્ટ્રો સંબંધી સવાલનો ઇનસાફી ઉકેલ, નિરક્ષરતાની નાબૂદી, અને મફત તબીબી સેવાની સ્થાપનાની દિશામાં મહત્ત્વનાં પગલાં લેવાઈ રહ્યાં છે.

અફઘાનિસ્તાન લોકશાહીવાદી પ્રજાસત્તાકની વિદેશનીતિ બીજાં રાજ્યોના આંતરિક મામલાઓમાં બિનદખલગીરી તેમ જ બધાં રાષ્ટ્રોની રાષ્ટ્રીય સ્વતંત્રતા અને સાર્વભૌમત્વની માન્યતાના સિદ્ધાંતો ઉપર આધારિત છે.

પરંતુ સામ્રાજ્યવાદે અફઘાન ક્રાંતિની વિરુદ્ધ બિનઘોષિત જંગ ચાલુ કરી દીધો છે. લેઓનીદ ઇલ્યીચ બ્રેઝનેવે નોંધ લીધી હતી કે એવા સંજોગોમાં સોવિયેત સંઘને મિત્ર દેશની વિનંતિ મુજબ લશ્કરી મદદ પૂરી પાડવાનું કદમ ઉઠાવવું પડ્યું. લોકશાહીવાદી અફઘાનિસ્તાન સોવિયેત સંઘ જોડે મિત્રતા, સદ્‌ભાવી પાડોશી જેવા સંબંધો, અને સહકારની સંધિ વડે સંકળાયેલું છે અને સોવિયેત સંઘની મદદના આધારે જનતાની સત્તાને વધારે મક્કમ બનાવી રહ્યું છે.

ઇરાક

ઇરાક આંતરરાષ્ટ્રીય વિમાની માર્ગોના તેમ જ ઈરાનને સીરિયા જોડે, ભૂમધ્ય વિસ્તારને એશિયાના પીઠપ્રદેશ જોડે, અને પશ્ચિમને પૂર્વ જોડે સાંકળી લેતા, પુરાણા વાણજાર પંથોની જગ્યાએ બાંધવામાં આવેલા, જમીન માર્ગોના ચોભેટે આવેલું છે.

સેલ્જુકિયન તુર્કો, મોંગોલ ધાડાં, અને દક્ષિણ અરેબિયાની ટોળીઓએ પોતપોતાના જમાનાઓમાં એ વાણજાર પંથોનો ઉપયોગ કરીને ઇરાક ઉપર ચડાઈઓ કરી હતી. ભમતા આરબ માલધારીઓ ટીગ્રીસ અને યુફ્રેટિસ નદીઓની વચ્ચેના મેદાનપ્રદેશમાં સ્થાયી વસવાટ કરીને ખેતી કરવા લાગ્યા. પરંતુ એ જાતિમૂલક જૂથો અને જાતિઓએ પરસ્પર ભળી જઈને ઇરાકની હાલની વસતિનું રૂપ ધારણ કર્યું તેનાથી લાંબા વખત પહેલાં દેશના દક્ષિણ ભાગમાં મેસોપોટેમિયામાં સભ્યતાનાં અત્યંત પ્રાચીન મથકો અસ્તિત્વમાં આવ્યાં હતાં. આજે તો બેબીલોન અને બોર્સીપ્પા તથા બીજાં શહેરોનાં, આપણા યુગથી લાંબા વખત પહેલાં ઇરાકની ધરતી પર ઉદય પામેલાં શહેરોનાં, કેવળ ખંડેરો જ આપણને એ સભ્યતાના ભૂતપૂર્વ યશગૌરવની ઝાંખી અપાવે છે.

એ સમય પછી ઇરાકની આબોહવા અને ભૌતિક વાતાવરણમાં કશો ફરક નથી પડ્યો. ધોમ ધખતા લાંબા ઉનાળાઓ અને સીંચાઈની ખેતી મળીને ફળદ્રૂપ મેસોપોટેમિયામાં ડાંગર, કપાસ, તથા બીજી પેદાશોના મબલખ પાક સુનિશ્ચિત બનાવે છે. ટીગ્રીસ અને યુફ્રેટિસની ખીણોમાં તથા એ નદીઓના ઊંડા સંગમ શાત્ત-એલ-આરબની ખીણમાં ક્યાંક ક્યાંક કાદવિયા વિસ્તારો છે. એ ખીણોના પ્રદેશની ફરતે રણો આવેલાં છે. ઈરાનની ઊંચાણભૂમિ સુધી ફેલાયેલા મેસોપોટેમિયાના ઉચ્ચપ્રદેશમાં તેલના, ઇરાકની મુખ્ય ખનીજ સંપદાના, મોટા ભંડારો શોધી કાઢવામાં આવ્યા છે.

પાડોશી નવસ્વતંત્ર રાજ્યોની સંપત્તિની જેમ જ ઇરાકની સંપત્તિ પણ સંસ્થાનવાદીઓની સમૃદ્ધિના સ્રોતને અંકિત કરતી હતી. ઇરાકના અર્થતંત્ર ઉપર પાકી પકડ જમાવીને બેઠેલું બ્રિટન ઇરાકના તેલનું ખાસ મૂલ્ય આંકતું હતું અને તેને બ્રિટિશ ટાપુઓમાં મોકલી દેતું હતું. ઇરાક ઘણાં વરસ ખેતીપ્રધાન અને ઢોર ઉછેરના દેશની હાલતમાં રહ્યું હતું.

ઇરાકમાં પોતાનું વર્ચસ્વ ટકાવી રાખવાનો નિર્ધાર કરીને બેઠેલા બ્રિટિશ સંસ્થાનવાદીઓએ દેશની વસતિમાં રાષ્ટ્રો વચ્ચે તથા ધર્મો વચ્ચે વિખવાદ પેદા કર્યો. બ્રિટિશ સંસ્થાનવાદીઓ શિયા આરબોને, વસતિમાં બહુસંખ્યા ધરાવતા લોકોને, સુન્ની કુર્દ લોકોની વિરુદ્ધ, રાષ્ટ્રીય લઘુસંખ્યાઓમાંની એકની વિરુદ્ધ, ઉશ્કેરીને ઇરાકને કમજોર બનાવી દેવાની અને ઇરાકની જનતાનું શોષણ સહેલું બનાવી દેવાની આશા રાખતા હતા.* એ જ કારણે આરબો અને કુર્દો વચ્ચેનો બંધુ-હત્યારો જંગ ૧૯૫૮ પછી પણ નવ વરસ ચાલુ રહ્યો હતો. આદેશિત હાશિમી રાજાશાહીને રાષ્ટ્રીય મુક્તિના જોરદાર જુવાળના પરિણામે ૧૯૫૮માં ઉથલાવી પાડવામાં આવી હતી અને ઇરાક સ્વતંત્ર બની ગયું હતું. સંસ્થાનવાદનો કારમો વારસો દેશના આર્થિક તથા સામાજિક વિકાસને દરેક ક્ષેત્રમાં અવરોધતો રહ્યો હતો.

એ સંબંધમાં કુર્દોની સમસ્યાના શાંતિમય ઉકેલે ઇરાકના સાર્વભૌમત્વને વધારે મક્કમ બનાવવામાં અપાર મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

ઇરાક ખેતીપ્રધાન દેશ છે. તેની વસતિનો અરધાથી વધારે ભાગ કિસાનોનો છે. તાજેતરના વખત સુધી કિસાનો પોતાની જમીન બિલકુલ નહોતા ધરાવતા,

---

*વસતિમાં આરબો ૭૫ ટકા અને કુર્દો લગભગ ૨૦ ટકા છે. મોટા ભાગના લોકો મુસલમાન છે અને તેમાં ૬૦ ટકા શિયા તથા ૪૦ ટકા સુન્ની છે.

દેશમાં જમીન સંબંધી સુધારાઓ તથા "ખેડે તેની જમીન"ના સિદ્ધાંતના અમલની સાથે સાથે ખેતીવાડીના ટેકનિકલ આધારને અદ્યતન તથા સુદૃઢ બનાવવામાં આવી રહ્યો છે. ગામોમાં ખેતીવાડી સહકારી સંઘટનો તથા રાજ્ય ખેતરો સ્થાપવામાં આવ્યાં છે, અને તેઓ દેશની ખેડલાયક જમીનના લગભગ અરધા ભાગને આવરી લે છે.

પરદેશી ઇજારદારીઓની મિલકતના રાષ્ટ્રીયકરણના અને નવા વ્યાપક મૂડીગત બાંધકામના સુફળ રૂપે ઇરાકના ઉદ્યોગમાં રાજ્ય સંચાલિત ક્ષેત્ર વધારે મજબૂત બની રહ્યું છે. દેશના ઔદ્યોગિક ઉત્પાદનમાં તેનો ફાળો નેવું ટકા સુધી પહોંચી ગયો છે.

ઉદ્યોગની મુખ્ય શાખા તેલના ઉત્પાદનની છે (વરસે ૧૧૦-૧૪૦ મિલિયન ટન). ઇરાક તેલના ઉત્પાદનની બાબતમાં મધ્ય પૂર્વના દેશોમાં બીજા નંબરનું સ્થાન ધરાવે છે. બગદાદ, બસરા, કીરકુક, અને હાદીનમાં નિરંતર વધારે ને વધારે તેલનું શુદ્ધિકરણ થઈ રહ્યું છે. મોટા ભાગનું તેલ પાઇપલાઈનો વાટે સમુદ્રી બંદરોએ અને ત્યાંથી ટેંકર-જહાજોમાં પશ્ચિમ યુરોપ મોકલાતું હતું. પરંતુ સામ્રાજ્યવાદીઓએ ઇરાક અને ઇરાન વચ્ચે ઉશ્કેરેલા જંગને લીધે ૧૯૮૧માં ઇરાકમાં તેલનું ઉત્પાદન એકદમ ઘટી ગયું.

અર્થતંત્રમાં ભારે ઉદ્યોગોના, ખાસ કરીને તેલ અને ગેસ તથા પેટ્રોકેમિકલ ઉદ્યોગોના, વિકાસને અગ્રસ્થાન આપવામાં આવે છે. ખેતીવાડીમાં સીંચાઈ તથા યંત્રીકરણ ઉપર તેમ જ પશુપાલનની ઉત્પાદકતા વધારવાની જહેમતો ઉપર ખૂબ ધ્યાન આપવામાં આવે છે. એ દિશામાં ખેતીવાડી-ઔદ્યોગિક સંકુલો સ્થાપવામાં આવે છે.

ઇરાકમાં સોવિયેત મદદના આધારે ૧૦૦થી વધારે ઉદ્યોગધંધાઓ તેમ જ સામાજિક તથા સાંસ્કૃતિક પરિયોજનાઓનું નિર્માણ થઈ રહ્યું છે. તેમાંથી અરધી સંખ્યાનાં મથકો ચાલુ થઈ ગયાં છે. નવી પરિયોજનાઓમાંથી ઉત્તર રુમેઇલાનાં વિશાળ તેલક્ષેત્રો, ગૂંથણની ચીજોનું કારખાનું, મધ્ય પૂર્વમાં વિદ્યુતરોધન સામગ્રીનો પહેલો પ્લાંટ, સાઇકલનું કારખાનું, દવાઓનો પ્લાંટ, ડબ્બાબંધ ખોરાકનું કારખાનું, તથા બીજા કેટલાક ઉદ્યોગધંધાઓ નોંધપાત્ર છે. રેલવે તથા બંદરોનું નવચણતર થઈ રહ્યું છે, અને દેશના તેલ-જહાજ કાફલાની રચના થઈ રહી છે. ઇરાક પ્રજાસત્તાક પોતાના અર્થતંત્રને મજબૂત બનાવી રહ્યું છે અને સંરક્ષણ સામર્થ્યમાં વધારો કરી રહ્યું છે.

સોવિયેત ઇરાક મિત્રતા અને સહકાર સંધિથી ઇરાકના પ્રગતિશીલ વિકાસને વધારે વેગીલો બનાવવા માટે સાનુકૂળ સંજોગો પેદા થાય છે.

સીરિયા

સીરિયા આરબ પ્રજાસત્તાક તુર્કીથી દક્ષિણે ભૂમધ્ય સમુદ્રના ઉપોષ્ણ વિસ્તારમાં આવેલું છે. પરંતુ દેશની સાનુકૂળ આબોહવા કે પરાક્રમી ભૂતકાળ તેને સમૃદ્ધ દેશમાં વિકસાવવામાં હજી સુધી મદદગાર નથી બન્યાં. તેનું કારણ સદીઓ સુધી દેશને જકડી રાખનાર પરદેશી ધૂંસરી તથા સાંસ્થાનિક વર્ચસ્વમાં સમાયેલું છે.

ચાલુ સદીના સાતમા દાયકાના મધ્યમાં પ્રગતિશીલ સામાજિક-આર્થિક રૂપાંતરો શરૂ થયાં. કુદરતી સાધનસંપત્તિને રાજ્યની મિલકત જાહેર કરવામાં આવી, બૅંકો અને મોટા ઉદ્યોગધંધાઓનું રાષ્ટ્રીયકરણ સાધી લેવામાં આવ્યું, ખેતી સંબંધી સુધારાઓ દાખલ કરવામાં આવ્યા, અને આર્થિક ક્ષેત્રમાં બીજાં પગલાં અમલમાં મૂકવામાં આવ્યાં.

સીરિયામાં ખેતીવાડી અર્થતંત્રની મહત્ત્વની શાખા છે અને લાભદાયક મહેનત કરતા લોકોમાંથી બે તૃતીયાંશ તેમાં કામ કરે છે. ખેતી સંબંધી સુધારાના અમલ અને પુરવઠા તથા વેચાણની સહકારીઓની સ્થાપના પછી બધા પાકોની (ઘઉં, જવ, કપાસ, વગેરે) પેદાશ વધી રહી છે. સીરિયા ચરાણોમાં પશુપાલનનો (ઘેટાંબકરાં, ઢોર, અને ઊંટ) દેશ છે. કપાસ, તમાકુ, સિટ્રસ ફળો, અને ખેતીવાડીની બીજી પેદાશોની નિકાસ મોટા પ્રમાણમાં થાય છે.

સીરિયામાં હળવા ઉદ્યોગના વિકાસને અગ્રસ્થાન આપવામાં આવ્યું છે. એ ક્ષેત્રમાં કાપડ, સૂતર, ઊન, ગાલીચા, તમાકુ, ખોરાકની ચીજો, અને બીજી વસ્તુઓનું ઉત્પાદન થાય છે. પાટનગર દમાસ્કસ (વસતિ લગભગ એક મિલિયન) અને ભૂમધ્ય સમુદ્રનાં બંદરો લાટાકિયા તથા બાનિયાસ મુખ્ય ઔદ્યોગિક કેંદ્રો છે.

સોવિયેત સંઘ અને બીજા સમાજવાદી દેશો સીરિયા આરબ પ્રજાસત્તાકને સંખ્યાબંધ ઔદ્યોગિક, સીંચાઈ સંબંધી, અને બીજી પરિયોજનાઓ સાકાર કરવામાં મદદ પૂરી પાડે છે. યુફ્રેટિસના વિસ્તારમાં સોવિયેત મદદના આધારે બાંધવામાં આવેલા અસ-સાઉરા હાઈડ્રો-પાવર સંકુલની સાથે મોટાં ગુણાત્મક પરિવર્તનો સંકળાયેલાં છે. યુફ્રેટિસ હાઈડ્રો-પાવર પદ્ધતિમાં ૮ લાખ કિલોવાટની ક્ષમતાનું પાવર સ્ટેશન સામેલ છે. એ પદ્ધતિ પૂરી બંધાઈ જવાથી સીંચાઈના વિસ્તારને સારી પેઠે વધારવાનું તેમ જ શહેરો તથા ગામો માટે વીજળીનો બંદોબસ્ત સુધારવાનું શક્ય બન્યું છે અને આખા દેશના આર્થિક વિકાસને પ્રવેગ મળ્યો છે.

સોવિયેત સંઘ સીરિયાને તેલ, ગૅસ, તથા બીજાં ખનીજોના ભંડારો વિકસાવવામાં, રેલવે તથા મોટર માર્ગો બાંધવામાં, સમુદ્રી બંદરો નવેસરથી બાંધવામાં, સંરક્ષણ સામર્થ્ય વધારવામાં, ઇસરાએલી આક્રમણનો સામનો કરવામાં, તેમ જ સામાજિક તથા આર્થિક પ્રગતિ માટેના સંઘર્ષમાં મદદ કરે છે. સોવિયેત સંઘ અને સીરિયા આરબ પ્રજાસત્તાક વચ્ચેની મિત્રતા અને સહકાર સંધિ સીરિયા-સોવિયેત મિત્રતાના વિકાસને પ્રવેગ આપે છે.

યેમેન જન લોકશાહીવાદી પ્રજાસત્તાક

યેમેન જન લોકશાહીવાદી પ્રજાસત્તાક અરબી દ્વીપકલ્પના દક્ષિણ ભાગમાં આવેલું છે. પ્રજાસત્તાકનો ઉદય બ્રિટિશ સંસ્થાનવાદીઓની સામે યેમેની લોકોના સંઘર્ષના પરિણામે થયો હતો. બ્રિટિશ સંસ્થાનવાદીઓએ લગભગ ૧૩૦ વરસ દેશનું શોષણ કર્યું હતું અને એડનના નૌકાદળ-મથકને પૂર્વમાં પોતાની સત્તાના ગઢમાં પલટાવી નાખ્યું હતું.

૧૯૭૮માં સ્થાપવામાં આવેલી યેમેની સમાજવાદી પાર્ટીના, મહેનતકશ લોકોની મોખરાની હરોળની પાર્ટીના, કાર્યક્રમ દસ્તાવેજોમાં યેમેન જન લોકશાહીવાદી પ્રજાસત્તાકની અંદર સામંતશાહી-ખેતગુલામીના અવશેષોની નાબૂદી, ઉદ્યોગીકરણ, અને કિસાનોની સહકાર પ્રવૃત્તિનાં લક્ષ્યો અંકિત છે. એ દસ્તાવેજોમાં સમાજવાદી સામાજિક રચનાના ઉદયની ઐતિહાસિક અનિવાર્યતાને માન્ય કરવામાં આવી છે.

યેમેન જન લોકશાહીવાદી પ્રજાસત્તાક આલ્બેનિયાની સરખામણીમાં દસ ગણો વિસ્તાર (૩૩૬૦૦૦ ચોરસ કિલોમીટરથી વધારે) પરંતુ ઓછી વસતિ (બે મિલિયન) ધરાવે છે.

અર્થતંત્રમાં ખેતીવાડી (કપાસની ખેતી અને ઘેટાંનો ઉછેર) મુખ્ય શાખાનું સ્થાન ધરાવે છે. પાટનગર એડન મહત્ત્વનું બંદર અને ઔદ્યોગિક કેંદ્ર છે.

સામાજિક-આર્થિક સુધારાઓના અમલથી પ્રજાસત્તાકના આર્થિક અને સામાજિક વિકાસને પ્રવેગ મળી રહ્યો છે. સોવિયેત સંઘ અને બીજા સમાજવાદી દેશો યેમેન જન લોકશાહીવાદી પ્રજાસત્તાકને સીંચાઈ, મત્સ્ય ઉદ્યોગ, આરોગ્ય સેવા, અને સંસ્કૃતિનો વિકાસ સાધવામાં મદદ કરે છે.

ઉત્તર આફ્રિકા

આટલાંટિક મહાસાગર, ભૂમધ્ય સમુદ્ર, અને હિંદી મહાસાગરના કિનારાઓ ધરાવતા ઉત્તર આફ્રિકામાં મોરોક્કો, અલ્જીરિયા, ટ્યુનિસિયા, લીબ્યા, ઇજિપ્ત, સુદાન, ઇથિયોપિયા, અને સોમાલિયા દેશો આવેલા છે. તેમાંથી ઇથિયોપિયા અને સોમાલિયાને બાદ કરતાં બાકીના બધા આરબ દેશો છે. ખંડનો એ ભાગ આર્થિક અને સામાજિક પ્રગતિ માટે લડાતા રાષ્ટ્રીય મુક્તિ સંઘર્ષનો વિસ્તાર છે.

ઉત્તર આફ્રિકી દેશોનાં ક્ષેત્રફળ અને વસતિ

	ક્ષેત્રફળ (ચોરસ કિલોમીટર)	વસતિ
બધા ઉત્તર આફ્રિકી દેશો	૧૦ ૨૦૦ ૦૦૦	૧૪૩ ૦૦૦ ૦૦૦
તેમાંથી: ઇજિપ્ત	૧ ૦૦૦ ૦૦૦	૪૧ ૦૦૦ ૦૦૦
અલ્જીરિયા	૨ ૪૦૦ ૦૦૦	૧૯ ૦૦૦ ૦૦૦
સુદાન	૨ ૫૦૦ ૦૦૦	૧૮ ૦૦૦ ૦૦૦
લીબ્યા	૧ ૭૬૦ ૦૦૦	૩ ૦૦૦ ૦૦૦
સોમાલિયા	૬૪૦ ૦૦૦	૪ ૦૦૦ ૦૦૦
ઇથિયોપિયા	૧ ૨૦૦ ૦૦૦	૩૦ ૦૦૦ ૦૦૦

ઇજિપ્ત

ઇજિપ્ત આરબ પ્રજાસત્તાક મોટો વિકસતો દેશ છે (વિસ્તાર લગભગ એક મિલિયન ચોરસ કિલોમીટર). આફ્રિકાના ઉત્તર-પૂર્વ ખૂણામાં અને સિનાઈ દ્વીપકલ્પમાં પથરાયેલું ઇજિપ્ત આફ્રિકી તેમ જ એશિયાઈ રાજ્ય છે.

પ્રાચીન સંસ્કૃતિ ધરાવતું ઇજિપ્ત આફ્રિકા અને એશિયાના સંગમના વિસ્તારમાં પૂર્વ-પશ્ચિમ સમુદ્રી તથા વિમાની માર્ગોના ચોભેટે મહત્ત્વના ભૌગોલિક સ્થાને આવેલું છે. આટલાંટિક અને હિંદી મહાસાગરો વચ્ચે સૌથી ટૂંકો જળમાર્ગ બની રહેતી સુએઝ નહેર ઇજિપ્તના પ્રદેશમાં આવેલી છે.

અનેક વર્ષોના બ્રિટિશ સાંસ્થાનિક વર્ચસ્વને લીધે ઇજિપ્તનો આર્થિક તથા સાંસ્કૃતિક વિકાસ બહુ અવરોધાયો હતો. ૧૯૫૨માં સામ્રાજ્યવાદ-વિરોધી ક્રાંતિના પરિણામે રાજાશાહીને ઉથલાવી પાડવામાં આવી, દેશમાં બ્રિટિશ સાંસ્થાનિક

શાસનના પાયા ખોદાઈ ગયા, અને ઇજિપ્તના સ્વતંત્ર પ્રગતિશીલ વિકાસનો માર્ગ મોકળો થઈ ગયો.

રાજાશાહી-વિરોધી ક્રાંતિનો વિકાસ રાષ્ટ્રીય લોકશાહીવાદી ક્રાંતિમાં થયો અને તેના પરિણામે દેશમાં મોટાં સામાજિક-આર્થિક પરિવર્તનો થયાં. સરકારે બેંકો, ભારે ઉદ્યોગ, વાહનવ્યવહાર, તથા વ્યાપારનું રાષ્ટ્રીયકરણ અમલમાં મૂક્યું અને રાજ્ય સંચાલિત ક્ષેત્રની સ્થાપના કરી. રાજ્ય સંચાલિત ક્ષેત્રે દેશના વિકસતા અર્થતંત્રમાં અગત્યનાં સ્થાનોને આવરી લીધાં. ખેતી સંબંધી સુધારો દાખલ કરીને જમીન ખરા ખેડનારાઓને સુપરત કરી દેવામાં આવી. એથી સામંતશાહીને જોરદાર ફટકો પડ્યો અને ખેતીવાડીમાં સહકારી પ્રવૃત્તિનો વિકાસ શરૂ થયો.

ક્રાંતિ પછી ઇજિપ્તમાં સેંકડો ઉદ્યોગધંધાઓ બાંધવામાં આવ્યા છે, ધાતુકર્મ, તેલ, રસાયણ, એંજિનિયરીંગ, તથા બીજા ઉદ્યોગો સ્થાપવામાં આવ્યા છે, અને ઔદ્યોગિક પેદાશ કેટલાય ગણી વધી ગઈ છે. લગભગ ૧૫૦ મૂળભૂત ઉદ્યોગધંધાઓ તથા બીજાં મથકોનું નિર્માણ સોવિયેત સંઘ તરફથી અથવા તેના ટેકનિકલ સહયોગના આધારે કરવામાં આવ્યું છે. ઇજિપ્તના ઉદ્યોગીકરણમાં લોકશાહીવાદી જર્મની, ઝેકોસ્લોવાકિયા, બલ્ગારિયા, વગેરે યુરોપી સમાજવાદી રાજ્યોએ પણ ખૂબ મદદ કરી છે.

પ્રમાણમાં વિકસિત કાપડ તથા ખોરાક ઉદ્યોગોમાં સુતરાઉ તથા રેશમી કાપડ, તમાકુ, ખાંડ, કપાસિયાનું તેલ, અને બીજી વસ્તુઓનું ઉત્પાદન વધતું જાય છે. નવોદિત ભારે ઉદ્યોગ અર્થતંત્રમાં નિર્ણાયક ભૂમિકા ભજવવા લાગ્યો છે. સ્થાનિક ધાતુમાંથી રેલવેના ડબ્બા, યંત્ર-ઓજારો, અને બીજી વસ્તુઓ બનાવતાં પ્લાંટ-કારખાનાં કેરો નજીક હેલવાનમાં ચાલુ થઈ ગયાં છે. ઇજિપ્તમાં મોટરવાહનો તૈયાર કરવાનાં અને સાઇકલો તથા રેફ્રિજરેટરો બનાવવાનાં કારખાનાં તેમ જ નૌકાનિર્માણ મથકો પણ છે.

તાજેતરમાં સ્થાપવામાં આવેલા રસાયણ તથા તેલ ઉદ્યોગોમાં ખનીજ ખાતર, પ્રવાહી ઇંધણ, અને તેલની બીજી ચીજોનું ઉત્પાદન સ્થાનિક કાચા માલમાંથી કરવામાં આવે છે. ઇજિપ્તે સોવિયેત સંઘની મદદના આધારે એન્ટી-બાયોટિક તથા બીજી દવાઓના ઉત્પાદકનું સ્થાન હાંસલ કર્યું છે. તેલનું ઉત્પાદન વધી રહ્યું છે અને દેશનો ઇંધણ તથા પાવર આધાર વધારે મજબૂત બની રહ્યો છે.

સોવિયેત મદદના આધારે બાંધવામાં આવેલું નાઇલ નદીનું અસવાન હાઈડ્રો-પાવર સંકુલ પાવર ઉદ્યોગના તથા સમગ્ર અર્થતંત્રના આધારની ભૂમિકા ભજવે છે. સંકુલમાં ૧૧૧ મીટર ઊંચો બંધ, દુનિયાનાં અત્યંત મોટાં હાઈડ્રો-

પાવર સ્ટેશનોમાંનું એક (૨૧૦૦૦૦૦ કિલોવાટ), અને ૫૦૦ કિલોમીટરમાં ફેલાયેલું તથા ૧૬૦ ઘન કિલોમીટર પાણીનું વિશાળ જળાશય સામેલ છે.

દર વરસે પાટનગર કેરોને (વસતિ લગભગ ૭ મિલિયન) અને અલેકઝાંડ્રિયા તથા બીજાં ઔદ્યોગિક શહેરોને લગભગ ૧૦૦૦૦ મિલિયન કિલોવાટ કલાક વીજળી પૂરી પાડતા અસવાન સંકુલના મહત્ત્વના સંબંધમાં અતિમૂલ્યાંકન અશક્ય છે. વસતિના સાધારણ લોકોમાંથી અસવાન સંકુલના બાંધકામ દરમિયાન તરેહવાર કામધંધાઓ શીખીને વિશેષજ્ઞો બનેલાં હજારો માણસો એ શહેરોના ઉદ્યોગધંધાઓ તથા નિર્માણ સ્થળોમાં કામ કરે છે. છેલ્લે, તાજા પાણીના વિરાટ સંગ્રહનો માનવ-સર્જિત સાગર અસ્તિત્વમાં આવવાથી અનાવૃષ્ટિ તથા પૂરને લગતી સમસ્યાઓ ખતમ થઈ ગઈ છે અને સીંચાઈનો બંદોબસ્ત થઈ જવાથી ખેતીની જમીનમાં ૩૩ ટકાનો વધારો થયો છે.

મુખ્ય પાક અને અગત્યની નિકાસની વસ્તુ લાંબા તારનો કપાસ છે. દેશની જરૂરિયાતો અને નિકાસ માટે તલ, શેરડી, મગફળી, અને ફળફળાદિની ખેતી પણ થાય છે. પરંતુ ઇજિપ્ત ઘઉં, ડાંગર, મકાઈ, અને જવની બાબતમાં સ્વવલંબી ન હોવાથી અનાજની આયાત કરવામાં આવે છે.

આઠમા દાયકાના આરંભથી "ખુલ્લાં દ્વાર"ની નીતિ અપનાવીને ખાનગી ક્ષેત્રના વિકાસના તથા પરદેશી મૂડીને આકર્ષવાના સાનુકૂળ સંજોગો પેદા કરવામાં આવ્યા છે. ઇજિપ્તના અર્થતંત્રની બધી શાખાઓમાં પરદેશી અને ઇજિપ્શ્યન મૂડીનાં રોકાણોની છૂટ આપવામાં આવી છે. એથી અર્થતંત્રમાં રાજ્ય સંચાલિત ક્ષેત્રની સ્થિતિ નબળી બની રહી છે. પરદેશીઓને જમીનની માલિકી ધરાવવાની છૂટ, સાંથમાં વધારો, અને જમીનદારોને ગણોતિયાઓની હકાલપટ્ટીના અધિકારના પરિણામે ઇજિપ્તના ઘણાબધા કિસાનો પાયમાલીની હાલતમાં ધકેલાઈ રહ્યા છે.

પશ્ચિમની સાથે અને ખાસ કરીને સંયુક્ત રાજ્ય અમેરિકા સાથે સુમેળના ધોરણથી તેમ જ ઇજિપ્ત અને ઇસરાયેલ વચ્ચે "શાંતિ સંધિ"થી ઇજિપ્તનું સામ્રાજ્યવાદ ઉપરનું અવલંબન વધી ગયું છે અને સામાજિક-રાજકીય તથા આર્થિક કટોકટી વધારે ઉગ્ર બની ગઈ છે. પ્રગતિશીલ આરબ રાજ્યોથી અળગું પડી ગયેલું ઇજિપ્ત આરબ પ્રજાસત્તાક મધ્ય પૂર્વ તથા આફ્રિકામાં સામ્રાજ્યવાદના હાથનું રમકડું બની ગયું છે.

આરબ પ્રજાઓનાં પ્રાણભૂત હિતોનું ખંડન કરતા કેમ્પ-ડેવિડ કરારને નાકામયાબ બનાવી દેવા માટે, નવસંસ્થાનવાદનાં તમામ રૂપો તેમ જ અમેરિકી સામ્રાજ્યવાદની ઉઘાડી હાકેમીની વિરુદ્ધ, અને પોતાના ભાવિનું ઘડતર ખુદ

કરવાના ઇજિપ્શ્યન લોકોના અધિકાર માટે ઇજિપ્તનાં દેશાભિમાની પરિબળોનો સંઘર્ષ જોર પકડી રહ્યો છે. આરબ પૂર્વ અને આખી દુનિયાનાં પ્રગતિશીલ પરિબળો ઇજિપ્તની જનતાના એ ઇનસાફી સંઘર્ષને ટેકો આપે છે.

સુદાન

સુદાન મોટા આંતરિક તફાવતો અને અટપટી સામાજિક તથા આર્થિક સમસ્યાઓનો દેશ છે. તેનાં ભૌતિક લક્ષણો, વસતિ સંયોજન, અને અર્થતંત્ર સીધી રીતે તેની ભૌગોલિક સ્થિતિ ઉપર આધારિત છે.

ઉત્તર ભાગમાં વિશાળ વિસ્તારમાં લીબ્યન અને નુબિયન રણો પથરાયેલાં છે. એ સૂકા વેરાન વિસ્તારમાં વરસાદનું પ્રમાણ સાવ ઓછું છે અને કેટલીક જગ્યાઓએ તો લગાતાર કેટલાંય વરસ વરસાદ પડતો જ નથી. દેશનો દક્ષિણ ભાગ વિષુવવૃત્તીય વરસાદી આબોહવાના વિસ્તારમાં આવેલો છે. ઊંચા ઘાસવાળા એ વેરાન પ્રદેશમાં રણદ્વીપોમાં મૂલ્યવાન વૃક્ષોની વિપુલ સંપદા છે.

ખાર્ટુમ (વસતિ લગભગ ૬૫૦૦૦૦) નજીક ધવલ અને નીલી નાઇલ નદીઓના સંગમમાંથી નીકળતી નાઇલ નદી સુદાનને દક્ષિણની સરહદેથી ઉત્તરની સરહદ સુધી પાર કરે છે. લગભગ પૂરી વસતિ નાઇલના વિસ્તારમાં સીંચાઈની જમીનમાં એકત્રિત છે. એ વિસ્તાર દેશના કુલ વિસ્તારના ત્રણ ટકાથીયે ઓછો છે. મહેનતકશ લોકોને બહુ મુશ્કેલ જિંદગી ગુજારવી પડે છે અને દેશમાં બેકારી લગાતાર વધી રહી છે.

આરબો અને નુબિયનો બે તૃતીયાંશ વસતિને આવરી લે છે. દક્ષિણમાં દીનકા, નુએર, શીલ્લુક, બારી, અને બીજા સંખ્યાબંધ નિગ્રોસમ લોકો ઢોરઉછેર, શિકાર, અને માછલાં પકડવાના કામધંધા કરે છે. આઠમા દાયકાના આરંભમાં દક્ષિણ સુદાનને સર્વસામાન્ય એક સુદાની રાજ્યની અંદર સ્વાયત્તતા આપવામાં આવી હતી.

હાલના સુદાનનું અર્થતંત્ર પછાત છે અને સીંચાઈની ખેતી ઉપર આધારિત છે. ખેતીવાડીમાં તલ, મગફળી, અને બીજા નીકાસલક્ષી પાકોનું વિશેષીકરણ સાધવામાં આવ્યું છે. અનાજ અને પશુપાલનની પેદાશોની બાબતમાં દેશ સ્વાવલંબી નથી.

ઉદ્યોગનો પાયો ખાણો (સોનું, મેંગેનીઝ, અબરખ, અને મીઠું), ખેતીવાડીના કાચા માલની પ્રક્રિયા, અને કસબકારીગરીઓનો છે.

અર્થતંત્રમાં ખાનગી ક્ષેત્રનું વર્ચસ્વ છે. રાજ્ય કેટલાક ઉદ્યોગધંધાઓ તથા વાહનવ્યવહારની માલિકી ધરાવે છે.

સોવિયેત સંઘ સુદાનને લાંબા ગાળાના કરારોના આધારે પ્લાંટો, એલિવેટરો, તથા બીજી પરિયોજનાઓ બાંધવામાં તેમ જ ભુસ્તરીય સર્વેક્ષણોમાં મદદ કરે છે. તાજેતરમાં સામ્રાજ્યવાદી સંયુક્ત રાજ્ય અમેરિકાએ સુદાનમાં પોતાનો પગપેસારો વધારી દીધો છે અને તે પોતાનો સ્વાર્થ સાધવા ખાતર સુદાનને ઉપયોગમાં લેવાની કોશિશો કરે છે.

સોમાલિયા

સોમાલિયા ઉત્તર-પૂર્વ આફ્રિકામાં સોમાલી દ્વીપકલ્પમાં ભૂતપૂર્વ ઇંટાલિયન તથા બ્રિટિશ સંસ્થાનોના પ્રદેશમાં સ્થાપવામાં આવેલું નવોદિત રાષ્ટ્રીય રાજ્ય છે. હિંદી મહાસાગરને કિનારે આવેલું બંદર મોગાદીશિયો (વસતિ અઢી લાખ) દેશનું પાટનગર છે.

સોમાલિયા આફ્રિકાના દેશોમાં પછાત ખેતીપ્રધાન રાજ્ય છે. સોમાલિયાની ૯૦ ટકા વસતિ ખેતીવાડીમાં કામ કરે છે અથવા ભમતા માલધારીઓની (મોટાં શિંગાળાં ઢોર, ઊંટ, બકરાં) જિંદગી ગુજારે છે. મકાઈ, સોર્ઘુમ, તથા બીજાં કેટલાંક અનાજની ખેતી તેમ જ શેરડી તથા કેળાંના પાક થાય છે. બહુ ઓછા વિકસેલા ઉદ્યોગમાં મોટે ભાગે ખેતીવાડીની પેદાશોની પ્રક્રિયા થાય છે.

આઠમા દાયકાના અંતમાં સોમાલિયાના આગેવાનોએ વિકાસની પ્રગતિશીલ દિશા તજી દીધી, ઇથિયોપિયાની ઉપર આક્રમણ કર્યું, અને દેશને સામ્રાજ્યવાદી સંયુક્ત રાજ્ય અમેરિકા ઉપર અવલંબિત બનાવી દીધો. તેમણે એવાં કદમોથી જનતાની લોકશાહીવાદી સિદ્ધિઓને જોખમમાં મૂકી દીધી.

ઇથિયોપિયા

ઇથિયોપિયા ઉત્તર-પૂર્વ આફ્રિકામાં રાતા સમુદ્રને અને હિંદી મહાસાગરના એડન ઉપસાગરને કિનારે આવેલું છે. તાજેતરના સમય સુધી દેશમાં એકદમ પુરાણી સામંતી રાજશાહી અસ્તિત્વમાં હતી અને અર્થતંત્ર તથા સામાજિક પદ્ધતિ પછાત દશામાં હતાં.

સમ્રાટને ઉથલાવી પાડવાથી અને સત્તા દેશનાં લોકશાહીવાદી તત્ત્વોનો ટેકો

ધરાવતી કામચલાઉ લશ્કરી વહીવટી પરિષદના હાથમાં આવી જવાથી દેશની સામે વિકાસનો નવો માર્ગ મોકળો થઈ ગયો. પરિષદના સંચાલન હેઠળ બૅંકો, મોટા ઉદ્યોગધંધાઓ, વ્યાપાર, તથા વાહનવ્યવહારનું રાષ્ટ્રીયકરણ સાધી લેવામાં આવ્યું અને જમીન સંબંધી સુધારાઓ તથા બીજાં સંખ્યાબંધ સામાજિક-આર્થિક રૂપાંતરો અમલમાં મૂકવામાં આવ્યાં. ઇથિયોપિયામાં ૧૯૭૬માં અમલી બનેલા રાષ્ટ્રીય-લોકશાહીવાદી ક્રાંતિના કાર્યક્રમનું મુખ્ય લક્ષ્ય માનવીના હાથે માનવીના શોષણથી મુક્ત સમાજના સર્જનનું છે.

ઇથિયોપિયા આર્થિક દૃષ્ટિએ ઓછો વિકસિત દેશ છે અને ૯૦ ટકા વસતિ ખેતીવાડીમાં કામ કરે છે. અનાજ (ઘઉં, ટેફ, મકાઈ, સોર્ઘુમ), શેરડી, અને બીજા પાકોની ખેતી અને ઢોરઉછેર થાય છે. દેશમાં હળવા તથા ખોરાક ઉદ્યોગો છે અને સોનું, પ્લેટિનમ, પોટાશિયમ ક્ષાર, તથા બીજાં ખનીજોની ખાણો છે.

ઇથિયોપિયાએ ભારે ઉદ્યોગ સ્થાપવાનો, કિસાનોની સહકારી સંસ્થાઓ વિકસાવવાનો, અને ખેતીવાડીમાં રાજ્ય સંચાલિત ખેતરો સ્થાપવાનો પંથ અપનાવ્યો છે. આર્થિક વિકાસની સાથે સાથે શિક્ષણ તથા આરોગ્ય સેવાઓમાં સુધારણા તેમ જ રાષ્ટ્રો સંબંધી અને બીજી સમસ્યાઓનો ઉકેલ સમાજવાદી દિશામાં દેશનું પુનરુત્થાન સુનિશ્ચિત બનાવે છે. ઇથિયોપિયા અને સોવિયેત સંઘ વચ્ચે મિત્રતા અને સહકારની સંધિ તેમના સંબંધોને વધારે મક્કમ બનાવવાના સાનુકૂળ સંજોગો પૂરા પાડે છે.

લીબ્યા

લીબ્યા આફ્રિકાના મોટામાં મોટા દેશોમાં સ્થાન ધરાવે છે. દેશના કુલ વિસ્તારમાંથી માત્ર ૦.૫ ટકા જમીનમાં ખેતી થાય છે. બાકીના રણોના તથા રણ જેવી જમીનના વિસ્તારમાં બહુ મોટાં તેલક્ષેત્રો શોધી કાઢવામાં આવ્યાં છે. એ ભંડારોનો અંદાજ ૩૨૦૦ મિલિયન ટન, અથવા બધા આફ્રિકી દેશોની તેલની કુલ સાબિત સાધનસંપત્તિના ૪૦ ટકા જેટલો, આંકવામાં આવ્યો છે.

લીબ્યા વિશાળ દેશ છે પરંતુ તેમાં વસતિ ૩ મિલિયનથી ઓછી છે. વસતિના મોટા ભાગને આવરી લેતા આરબો તથા બેર્બરો ભૂમધ્ય સમુદ્રને કિનારે સાંકડી પટ્ટી જેવા પ્રદેશમાં વસેલા છે. દક્ષિણમાં ભમતા માલધારીઓની ટુઆરેગ તથા નિગ્રોસમ જાતિઓ વસેલી છે. દેશના ૫૦ ટકાથી વધારે લોકો ટ્રીપોલી (વસતિ છ લાખ), બેનગાઝી, તથા બીજાં શહેરોમાં રહે છે.

લીબ્યાની આર્થિક પછાત દશામાં લાંબા ગાળાનું પરદેશી શાસન કારણભૂત છે. સામંતી સંબંધોની જાળમાં અટવાયેલી ખેતીવાડી સ્થગિત છે. ખેતીવાડીના વિકાસનો કાર્યક્રમ અમલમાં મુકાઈ રહ્યો છે અને સહકારી પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવામાં આવે છે. ઉદ્યોગ અને વાહનવ્યવહારનું નિર્માણ થઈ રહ્યું છે. દેશનો આર્થિક પાયો રાજ્ય સંચાલિત તેલ-નિષ્કર્ષણનો છે. લીબ્યાનું લગભગ બધું તેલ પશ્ચિમ યુરોપી દેશોને મોકલવામાં આવે છે. તેલના નફાનો ઉપયોગ રાષ્ટ્રીય આર્થિક વિકાસ માટે કરવામાં આવે છે.

લીબ્યન સમાજવાદી લોક આરબ જમહરિયામાં મહત્ત્વના સામાજિક-આર્થિક સુધારા અમલમાં મુકાઈ રહ્યા છે. પરદેશી બૅંકોની કામગીરી ઉપર રાજ્યનું નિયંત્રણ સ્થાપવામાં આવ્યું છે અને દેશની કુદરતી સાધનસંપત્તિનું રાષ્ટ્રીયકરણ સાધવામાં આવ્યું છે. લીબ્યાના ઉદ્યોગીકરણની યોજના ઘડાઈ રહી છે. પ્રગતિશીલ આરબ રાજ્યો અને સમાજવાદી દેશો સાથે લીબ્યાના સંબંધોનું વિસ્તરણ થઈ રહ્યું છે. આર્થિક અને વૈજ્ઞાનિક તથા ટેકનિકલ સહકારના વિકાસ સંબંધી આંતર-રાજ્ય સોવિયેત-લીબ્યન પંચ સોવિયેત સંઘ અને લીબ્યા વચ્ચેના સહકારને વધારે મક્કમ બનાવવાનાં પગલાં લે છે.

અલ્જીરિયા

તાજેતરના સમય સુધી ફ્રેંચ સંસ્થાન અને હવે જન લોકશાહીવાદી પ્રજાસત્તાક અલ્જીરિયા નવોદિત રાષ્ટ્રીય રાજ્યોમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. પાટનગર એલ-ઝઝૈરની વસતિ લગભગ એક મિલિયન છે.

અલ્જીરિયા ઉત્તર આફ્રિકી રાજ્ય છે અને દક્ષિણ યુરોપના દેશો નજીક આવેલું છે. દેશ ૨૦૦૦ કિલોમીટરની તટરેખાએ ભૂમધ્ય સમુદ્રનાં બંદરોની સગવડ ધરાવે છે. સહારાના રણને પાર કરતા જમીન માર્ગો અલ્જીરિયાનાં બંદરોને પાડોશી પ્રજાસત્તાકો માલી તથા નિગેર જોડે તેમ જ પશ્ચિમ તથા મધ્ય આફ્રિકાના બીજા દેશો જોડે સાંકળે છે. અલ્જીરિયાના પ્રદેશ ઉપરથી પસાર થતા સંખ્યાબંધ વિમાની માર્ગો પશ્ચિમ યુરોપને આફ્રિકા સાથે સાંકળે છે.

અલ્જીરિયા ૧૩૦ વરસથી વધારે સમય ફ્રાંસનું સંસ્થાન હતું. ફ્રેંચ સંસ્થાનવાદીઓએ દેશના લોકો પાસેથી તફડાવી લીધેલી અત્યંત ફળદ્રુપ જમીનમાં સ્થાપેલાં મોટાં મૂડીવાદી ખેતરોમાંથી કેટલાંક તો હજારો હેક્ટારનાં હતાં. અલ્જીરિયનોની જમીન છીનવાઈ જવાથી તેમને યુરોપી વસાહતીઓનું

અને સ્થાનિક સામંતી ઉમરાવોનું કામ કરવું પડતું હતું. દેશના અર્થતંત્રમાં ફ્રેંચ મૂડી અગત્યનાં સ્થાનો ધરાવતી હતી અને અલ્જીરિયા માલિક દેશ ફ્રાંસ માટે ખેતીવાડીના કાચા માલના ભંડારની કામગીરી બજાવતું હતું.

બીજા વિશ્વયુદ્ધ પછી અલ્જીરિયાની જનતાએ ફ્રેંચ સંસ્થાનવાદીઓની સામે હથિયારબંધ સંઘર્ષ શરૂ કરી દીધો. આઠ વરસ પછી એ સંઘર્ષનો વિજયી અંત આવ્યો ત્યારે સ્વતંત્ર અલ્જીરિયન પ્રજાસત્તાકની સ્થાપના થઈ. સંસ્થાનવાદીઓ અલ્જીરિયા છોડીને જતા રહ્યા અને ખોરવાઈ ગયેલું પછાત અર્થતંત્ર તેમ જ વ્યાપક બેકારી વારસામાં પાછળ મૂકતા ગયા.

અલ્જીરિયાની સરકારે સંસ્થાનવાદીઓની માલિકીના ખાણ, ઍન્જિનિયરીંગ, ખોરાક, તથા બીજા ઉદ્યોગો તેમ જ વેપારી પેઢીઓ, બૅંકો, વાહનવ્યવહારની કંપનીઓ, તથા જમીનનું રાષ્ટ્રીયકરણ સાધી લીધું. જપ્ત કરી લેવામાં આવેલ ખેતરો, જાગીરો, તથા અમુક ઉદ્યોગધંધાઓનું સંચાલન કામદારો, મુક્તિ સંઘર્ષના લડવૈયાઓ, તથા મહેનતકશ કિસાનોની આપ-વહીવટ સમિતિઓને હસ્તક સોંપી દેવામાં આવ્યું. આપ-વહીવટનાં ખેતરો અને ભૂતપૂર્વ લડવૈયાઓની સહકારીઓને આવરી લેતા જાહેર ક્ષેત્રમાં ખેતીવાડીની કુલ વેચાઉ પેદાશના ૬૦ ટકા હિસ્સાનું ઉત્પાદન થાય છે. દેશમાં મોટાં અને મધ્યમ કદનાં ખેતરોનું રાષ્ટ્રીયકરણ પૂરું થઈ ગયું છે અને ખેતીવાડીની ૪૦૦૦થી વધારે સહકારીઓ સ્થાપવામાં આવી છે.

ઉદ્યોગમાં રાજ્ય સંચાલિત ક્ષેત્રમાં રાષ્ટ્રીયકૃત ખાણો તેમ જ ખોરાક, ધાતુકર્મ, યંત્ર-ઇજનેરી, તથા રસાયણના ઉદ્યોગધંધાઓ અને બાંધકામ ઉદ્યોગ સામેલ છે. ગૅસ ઉદ્યોગમાં સમગ્ર પરદેશી મૂડીનું અને તેલ ઉદ્યોગમાં ૫૦ ટકા પરદેશી મિલકતનું રાષ્ટ્રીયકરણ સાધી લેવામાં આવ્યું છે. હાલ દેશની કુલ રાષ્ટ્રીય પેદાશના લગભગ ૯૦ ટકા હિસ્સાનું ઉત્પાદન રાજ્ય સંચાલિત ક્ષેત્રમાં થાય છે.

અર્થતંત્રમાં ખાણ ઉદ્યોગ મુખ્ય સ્થાન ધરાવે છે. અલ્જીરિયામાં દર વરસે લગભગ ૫૦ મિલિયન ટન તેલ, મોટા પ્રમાણમાં કુદરતી ગૅસ, કાચું લોઢું. કાચી મિશ્ર ધાતુ, ફોસ્ફોરાઇટ, તથા બીજાં ખનીજોનું ઉત્પાદન થાય છે. દેશના ઉત્પાદનમાં પેટ્રોકેમિકલ ઉદ્યોગનો તેમ જ પોલાદ, મોટર, ખાતર, ખોરાક, તથા બીજા ઉદ્યોગોનો હિસ્સો વધી રહ્યો છે. પરંતુ તેલ અને ગૅસ ઉદ્યોગ હજી ઔદ્યોગિક ઉત્પાદનના ૫૦ ટકા અને નિકાસના નફાના ૭૫ ટકા હિસ્સાને આવરી લે છે.

સફળતાથી પાર પાડવામાં આવતી ચાર-વર્ષી વિકાસ યોજનાઓ

ઉદ્યોગીકરણના પંથે મહત્ત્વના તબક્કાઓને અંકિત કરે છે. એથી અગત્યના ઉદ્યોગોનો — તેલ અને ગૅસ, ધાતુકર્મ, રસાયણ, તથા પાવર ઉદ્યોગોનો — અધિક વિકાસ સુનિશ્ચિત બને છે.

અલ્જીરિયાના રાષ્ટ્રીય અર્થતંત્રનું ઘડતર સમાજવાદી દેશોની મદદના આધારે થઈ રહ્યું છે. અલ્જીરિયામાં સોવિયેત સંઘની વૈજ્ઞાનિક, ટેકનોલોજિકલ, તથા આર્થિક મદદના આધારે લગભગ ૧૦૦ પરિયોજનાઓ સાકાર થઈ રહી છે. તેમાં ૬૦ ઉદ્યોગધંધાઓ સામેલ છે. સોવિયેત વિશેષજ્ઞોએ કેંદ્ર સંચાલિત ઉષ્મા પ્લાંટ, પાવર પ્લાંટ, એલ-હજર ખાતે ધાતુ પ્લાંટમાં પોલાદ ગાળવાનો વિભાગ, પારાનો પ્લાંટ, કાચા સીસા તથા ઝીંકની પ્રક્રિયાનો પ્લાંટ, તથા નદીના બંધ બાંધવામાં મદદ કરી છે, અને તેઓ તેલ, ગૅસ, તથા બીજાં ખનીજો માટે ભૂસ્તરીય સર્વેક્ષણો કરે છે તેમ જ દેશના વિકસતા અર્થતંત્ર માટે રાષ્ટ્રીય કાર્યકરોને તાલીમ આપે છે.

૧૯૭૬માં અલ્જીરિયા જન લોકશાહીવાદી પ્રજાસત્તાકના રાષ્ટ્રીય ઘોષણાપત્રને આખા રાષ્ટ્રે બહાલી આપી હતી. તેમાં ગત વર્ષોનાં રૂપાંતરોનાં પરિણામો અંકિત હતાં અને દેશના અધિક વિકાસ માટે મુખ્ય માર્ગદર્શનોનું નિરૂપણ કરવામાં આવ્યું હતું. અલ્જીરિયાની જનતાએ સામ્રાજ્યવાદનો મક્કમ વિરોધ કરવાનું, ખેતી સંબંધી સુધારાનો અમલ ચાલુ રાખવાનું, સહકારી ખેતરો સ્થાપવાનું, દેશના ઉદ્યોગીકરણનું, અને સાંસ્કૃતિક ક્રાંતિનું ધોરણ અપનાવ્યું છે. તેમાં મુખ્ય લક્ષ્ય અલ્જીરિયામાં વિકાસના સમાજવાદી તબક્કામાં સંક્રમણ સાધવાનું અને માનવીના હાથે માનવીના શોષણ વગરના સમાજનું ઘડતર કરવાનું છે.

મધ્ય અને દક્ષિણ આફ્રિકા

મધ્ય અને દક્ષિણ આફ્રિકાના દેશો ખંડના વિસ્તાર તથા વસતિના બે તૃતીયાંશને આવરી લે છે.

લાંબા ગાળા દરમિયાન પશ્ચિમ યુરોપી સંસ્થાનવાદીઓના જુલમથી આફ્રિકી પ્રજાઓના વિકાસમાં તેમ જ રાષ્ટ્રો તથા પ્રજાઓના ઘડતરમાં અંતરાય પડયો હતો. ઉષ્ણ કટિબંધીય આફ્રિકાના મોટા ભાગના દેશોમાં ભાષાના અવરોધો તથા માંહોમાંહેના વિખવાદને લીધે વિભાજિત સંખ્યાબંધ જાતિમૂલક જૂથોનું અસ્તિત્વ હજી લાક્ષણિક છે.

નવોદિત રાષ્ટ્રીય રાજ્યોની અંદર ઉષ્ણ કટિબંધીય આફ્રિકાના દેશો આર્થિક

મધ્ય અને દક્ષિણ આફ્રિકાના કેટલાક દેશોનાં ક્ષેત્રફળ અને વસતિ

	ક્ષેત્રફળ (ચોરસ કિલોમીટર)	વસતિ
મધ્ય અને દક્ષિણ આફ્રિકાના બધા દેશો	૧૯ ૦૦૦ ૦૦૦	૩૨૬ ૦૦૦ ૦૦૦
તેમાંથી: ગીની	૨૫૦ ૦૦૦	૫ ૦૦૦ ૦૦૦
કોંગો	૩૪૦ ૦૦૦	૧ ૫૦૦ ૦૦૦
તાન્ઝાનિયા	૯૪૦ ૦૦૦	૧૮ ૦૦૦ ૦૦૦
યુગાન્ડા	૨૪૦ ૦૦૦	૧૩ ૦૦૦ ૦૦૦
ઝાંબિયા	૭૫૦ ૦૦૦	૬ ૦૦૦ ૦૦૦
નાઈજિરિયા	૯૨૦ ૦૦૦	૭૫ ૦૦૦ ૦૦૦
અંગોલા	૧ ૨૫૦ ૦૦૦	૭ ૦૦૦ ૦૦૦
બેનીન	૧૦૦ ૦૦૦	૧ ૫૦૦ ૦૦૦
માડાગાસ્કર	૬૦૦ ૦૦૦	૮ ૫૦૦ ૦૦૦
મોઝામ્બીક	૮૦૦ ૦૦૦	૧૦ ૨૦૦ ૦૦૦

દૃષ્ટિએ અત્યંત પછાત દશામાં છે. ભારે મોટા ભાગના લોકોને ગુજરાન પૂરું પાડતી ખેતીવાડી નિકાસનો મુખ્ય સ્રોત અને અર્થતંત્રની બીજી શાખાઓના વિકાસનો આધાર પણ છે. પરંતુ ઉષ્ણ કટિબંધીય આફ્રિકાના લગભગ બધા દેશોમાં ખેતીવાડી વિસ્તારમૂલક તથા ઓછી ઉત્પાદક છે અને લોકોને જરૂરી ખોરાકના જથ્થા પૂરા નથી પાડી શકતી.

ખેતીવાડીનો ઉત્કર્ષ સાધવા માટે હાલના ખેતી-સંબંધોને ધરમૂળથી ખતમ કરી નાખવાનું, સામંતી જમીનદારીને નાબૂદ કરી નાખવાનું, પરદેશી વાડીમાલિકોને અપાતી છૂટછાટો બંધ કરી દેવાનું, અને સામુદાયિક ખેડહકની સંઘટનામાં સુધારો આણવાનું જરૂરી છે. પ્રતિકૂળ આબોહવા — ભેજવાળા કટિબંધોના વિસ્તારમાં વધારે પડતો વરસાદ અને સૂકા વિસ્તારોમાં ભેજની કમી — તથા સંખ્યાબંધ જીવજંતુઓ ખેતીવાડીના વિકાસમાં વધારાની મુશ્કેલીઓ ઊભી કરે છે.

ઉષ્ણ કટિબંધીય આફ્રિકાના દેશો યુગજૂની આર્થિક પછાત દશાને કેવળ

રાષ્ટ્રીય ઉદ્યોગોની સ્થાપના મારફત જ ખતમ કરી શકે એમ છે. હાલ આફ્રિકી દેશોમાં માથા દીઠ ઔદ્યોગિક પેદાશ ઉન્નત મૂડીવાદી દેશોની સરખામણીમાં માત્ર પચીસમા ભાગ જેટલી જ છે.

સમગ્ર દૃષ્ટિએ જોતાં આફ્રિકી રાજ્યોને પોતાના ઉદ્યોગ તથા અર્થતંત્રને પ્રવેગ આપવામાં અપૂરતી વિકસિત વાહનવ્યવહાર તથા સંચાર પદ્ધતિને કારણે ઊભી થતી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. કેટલાક દેશોમાં રેલવે છે જ નહિ અને મોટર, નદી, તથા બીજો વાહનવ્યવહાર લગભગ નહિ જેવો છે. એવા બધા સંજોગોને લીધે તેમનો આપસનો તેમ જ બીજા ખંડોનાં રાજ્યો સાથેનો સહકાર અવરોધાય છે.

ઉષ્ણ કટિબંધીય આફ્રિકામાં નવોદિત રાષ્ટ્રીય રાજ્યોમાંથી ઘણાં કહેવા પૂરતાં સાર્વભૌમ છે ખરાં પરંતુ વાસ્તવમાં રાજકીય, આર્થિક, તથા લશ્કરી દૃષ્ટિએ મોટી સામ્રાજ્યવાદી સત્તાઓ ઉપર અવલંબિત છે. સ્વતંત્ર નીતિ અનુસરવાના ઉદ્દેશે પરદેશી ઇજારદારીઓના વર્ચસ્વનો નિર્ણાયક સામનો કરતાં નવોદિત રાષ્ટ્રીય રાજ્યોની સંખ્યા એકધારી વધી રહી છે. તેમાં ગીની, કોંગો, અંગોલા, તાન્ઝાનિયા, મોઝામ્બીક, તથા એવાં બીજાં નવોદિત રાષ્ટ્રીય રાજ્યો ખાસ સ્થાન ધરાવે છે.

ગીની લોક ક્રાંતિકારી પ્રજાસત્તાક

ગીની આફ્રિકા ખંડના છેક પશ્ચિમ ભાગમાં આવેલું છે. ગુલામોના વેપારના ગાળા દરમિયાન ગીનીને કિનારેથી લાખો આફ્રિકીઓને દરિયાપાર મોકલવામાં આવતા હતા અને અમેરિકી વાડીવાળાઓના હાથમાં વેચી દેવામાં આવતા હતા. ગીનીના લોકોએ યુરોપી સંસ્થાનવાદીઓની સામે કેટલીય વાર હથિયારબંધ વિદ્રોહો કર્યા હતા. પરંતુ તેમનો મુક્તિ સંઘર્ષ ગીનીની લોકશાહીવાદી પાર્ટીની આગેવાની હેઠળ છેક ૧૯૫૮માં સફળ થયો હતો અને સ્વતંત્ર ગીની પ્રજાસત્તાકની સ્થાપના કરવામાં આવી હતી. દેશના પાટનગર કોનાક્રીની વસતિ પાંચ લાખથી વધારે છે.

દેશમાં હારબંધ મહત્ત્વનાં પગલાંના અમલના પરિણામે પ્રગતિશીલ વિકાસના પૂર્વસંજોગો પેદા થયા છે. જાતિઓના સરદારોની માલિકીની જમીન કિસાનોને સુપરત કરી દેવામાં આવી છે અને કિસાનોને સહકારીઓમાં સંકળાઈ જવાનું

પ્રોત્સાહન આપવામાં આવે છે. રાજ્ય તરફથી પરદેશી બેંકો તથા વીમા કંપનીઓનું તેમ જ અગાઉ પરદેશી મૂડીના કાબૂમાં જકડાયેલા સંખ્યાબંધ ઉદ્યોગધંધાઓ તથા વાહનવ્યવહારનું રાષ્ટ્રીયકરણ સાધી લેવામાં આવ્યું છે, વિદેશો જોડેના વ્યાપારમાં રાજ્યની ઇજારદારી સ્થાપવામાં આવી છે, તથા અર્થતંત્રમાં આયોજન દાખલ કરવામાં આવ્યું છે. એ રીતે, દેશ માટે આર્થિક પછાત દશાનો અંત આણીને આર્થિક તથા સાંસ્કૃતિક વિકાસના પંથે કૂચ કરવાનું શક્ય બન્યું છે.

અર્થતંત્રમાં ખેતીવાડી હજી મુખ્ય શાખાનું સ્થાન ધરાવે છે. ગીનીમાં નિકાસ માટે કોફી, કેળાં, અનેનાસ, નારંગી, તથા લીંબુના અને દેશના બજાર માટે ડાંગર, મકાઈ, મેનિઓક, બટેટાં, શાકભાજી, તથા મગફળીના પાક પેદા કરવામાં આવે છે. એ ઉપરાંત ઢોરઉછેર અને માછલાં પકડવાના કામધંધા પણ થાય છે. કપાસ, શેરડી, રબર, તથા બીજા ઔદ્યોગિક પાકોની પેદાશ વધી રહી છે અને દેશમાં ખોરાકનો તથા ખેતીવાડીના કાચા માલનો આધાર વધારે મજબૂત બની રહ્યો છે.

ગીનીમાં બોક્સાઈટ, કાચું લોઢું, હીરા, સોનું, તથા બીજાં ઉપયોગી ખનીજોના મોટા ભંડારો છે અને તેઓ ખાણ ઉદ્યોગ માટે આધાર પૂરો પાડે છે. આફ્રિકામાં બોકસાઈટનું સૌથી વધારે ઉત્પાદન ગીનીમાં થાય છે. કારખાના ઉદ્યોગ પ્રમાણમાં ઓછો વિકસેલો છે. તેમાં મુખ્યત્વે તો ખેતીવાડીના કાચા માલની પ્રક્રિયા કરતા નાના ઉદ્યોગધંધાઓ જ છે. સોવિયેત મદદના આધારે બાંધવામાં આવેલા ઉદ્યોગધંધાઓમાં ડબ્બાબંધ માંસ તથા બીજી ચીજોનાં કારખાનાં, લાકડાં વહેરવાની મિલ, રેફ્રિજરેટર પ્લાંટ, અને કીન્ડાથી કોનાક્રી સુધીની રેલવે સામેલ છે. હાલ બંધાઈ રહેલું કોનકુર નદીનું હાઈડ્રો-પાવર સ્ટેશન ગીનીના વિદ્યુત આધારને વધારે મજબૂત બનાવશે અને એલ્યુમિનિયમ ઉદ્યોગ તથા બીજા વિદ્યુત-પ્રધાન ઉદ્યોગોને વિકસાવવાનું શક્ય બનાવશે. નવા તથા રાષ્ટ્રીયકૃત ઉદ્યોગધંધાઓને આવરી લેતું રાજ્ય-સંચાલિત ક્ષેત્ર ઉદ્યોગમાં તેમ જ સમગ્ર અર્થતંત્રમાં વધતી જતી ભૂમિકા ભજવી રહ્યું છે.

ઉત્પાદક શક્તિઓની વૃદ્ધિના પરિણામે વસતિના સામાજિક સંયોજનમાં પરિવર્તનો થઈ રહ્યાં છે. કામદાર વર્ગ સંખ્યાની દૃષ્ટિએ વધી રહ્યો છે, અને સહકારી ખેડૂતો તેમ જ મહેનતકશ લોકોના બીજા હિસ્સાઓ સાથે મળીને મુશ્કેલીઓને પહોંચી વળવાનો તેમ જ પ્રજાસત્તાકની આર્થિક તથા સામાજિક પ્રગતિ માટે જહેમતો કરવાનો મક્કમ નિર્ધાર ધરાવે છે.

ગીની-બિસાઉ પ્રજાસત્તાક

આફ્રિકી રાજ્ય ગીની-બિસાઉને પોર્ચુગીઝ સંસ્થાનવાદીઓ સામેના સંઘર્ષના પરિણામે સ્વતંત્રતા અને આઝાદી હાંસલ થઈ હતી. ૧૯૭૩માં દેશનો બે તૃતીયાંશ વિસ્તાર સાલાઝારના પોર્ટુગલના સિપાહીઓના કબજામાંથી મુક્ત થઈ ગયો ત્યારે ગીની લોકશાહીવાદી પ્રજાસત્તાકની સ્થાપના કરવામાં આવી હતી અને બિસાઉને પાટનગર બનાવવામાં આવ્યું હતું. ત્યાર પછી થોડા સમયે ગીની-બિસાઉમાંથી આખરી પોર્ચુગીઝ સિપાહી રવાના થઈ ગયો અને પ્રજાસત્તાકની સત્તા આખા દેશમાં સ્થપાઈ ગઈ.

અનેક સદીઓના સાંસ્થાનિક વર્ચસ્વને લીધે ગીની-બિસાઉની ઉત્પાદક શક્તિઓ અલ્પ-વિકસિત રહી ગઈ હતી. નવોદિત પ્રજાસત્તાકનું અર્થતંત્ર પછાત ખેતીવાડી ઉપર આધારિત છે. રાજ્ય ખેતરો અને સહકારી ખેતરોની સ્થાપનાથી ખેતીવાડીના વિકાસ અને ઉત્કર્ષની ખાતરી ઊભી થઈ છે. ખેતીવાડી સંબંધી ટેકનોલોજીમાં સુધારણા થઈ રહી છે, નવી જમીન વિકસાવવામાં આવે છે, મકાઈ તથા મૅનિઓક તેમ જ બીજા પાકોની તેમ જ નિકાસ માટે મગફળી તથા નાળિયેરની પેદાશ વધી રહી છે.

દેશના ઉત્તર-પશ્ચિમ ભાગમાં શોધી કાઢવામાં આવેલા બોક્સાઇટ, ફોસ્ફેટ, સોનું, ઝિર્કોનિયમ, તથા બીજાં ખનીજોના ભંડારોના ખોદાણથી પ્રજાસત્તાકમાં આધુનિક ઉદ્યોગની સ્થાપનાનો આરંભ થશે. મત્સ્ય-ઉદ્યોગે અર્થતંત્રમાં મહત્ત્વનું સ્થાન હાંસલ કરી લીધું છે.

આંતરિક તેમ જ વિદેશો જોડેનો વ્યાપાર વિકસી રહ્યો છે, સોવિયેત સંઘ અને બીજા સમાજવાદી દેશો જોડેના આર્થિક સંબંધો વિસ્તરી રહ્યા છે.

ગીની-બિસાઉ શોષણ અને અસમાનતા વગરના પ્રગતિશીલ લોકશાહીવાદી સમાજના સર્જનની, દેશની એકતા સુનિશ્ચિત બનાવવાની, રાષ્ટ્રીય અર્થતંત્ર અને સંસ્કૃતિનાં ક્ષેત્રોમાં પ્રગતિ સાધવાની, અને લોકોનાં જીવનધોરણોમાં સુધારણા આણવાની દિશામાં જહેમતો કરે છે.

કેપ વેર્દે દ્વીપસમૂહ પ્રજાસત્તાક

ગીની-બિસાઉ પ્રજાસત્તાકની સ્થાપના પછી ૧૯૭૫માં કેપ વેર્દે દ્વીપસમૂહની સ્વતંત્રતા ઘોષિત કરવામાં આવી હતી. આફ્રિકાના પશ્ચિમ કિનારા નજીક આવેલો

કેપ વેર્દે દ્વીપસમૂહ (ક્ષેત્રફળ ચાર હજાર ચોરસ કિલોમીટરથી વધારે, વસતિ ત્રણ લાખ) આટલાંટિક મહાસાગરમાં આફ્રિકાથી દક્ષિણ અમેરિકાના માર્ગે સદીઓથી પોર્ટુગલની માલિકીનો પ્રદેશ હતો. દ્વીપસમૂહની વસતિ મુખ્યત્વે તમાકુ, કોફી, કેળાં, અને સિટ્રસ ફળોની ખેતી તથા માછલાં પકડવાનું કામ કરે છે. ઉદ્યોગ સાવ ઓછો વિકસેલો છે.

ગીની તથા કેપ વેર્દે દ્વીપસમૂહની આફ્રિકી સ્વતંત્રતા પાર્ટીની આગેવાની હેઠળ રાષ્ટ્રીય મુક્તિ સંઘર્ષ તેમ જ પોર્ટુગલનાં તથા આખી દુનિયાનાં લોકશાહીવાદી પરિબળોના સમર્થનના પરિણામે કેપ વેર્દે દ્વીપસમૂહને સ્વતંત્રતા હાંસલ થઈ હતી અને ત્યાં પ્રજાસત્તાકની સ્થાપના કરવામાં આવી હતી. એ નવસ્વતંત્ર દેશના લોકો આર્થિક વિકાસની તેમ જ પોતાના નવોદિત રાજ્યના ઘડતરની દિશામાં જોમદાર જહેમતો કરે છે.

માલી પ્રજાસત્તાક

ભૂતપૂર્વ ફ્રેંચ સંસ્થાન માલી પ્રજાસત્તાક પશ્ચિમ આફ્રિકાનું નવોદિત રાજ્ય છે. પ્રજાસત્તાકની સત્તાવાર ભાષા ફ્રેંચ છે. નાઈજર નદીને કિનારે આવેલું પાટનગર બામાકો રેલવે મારફત આટલાંટિક મહાસાગરને કિનારે સેનીગાલના બંદર ડાકાર સાથે સંકળાયેલું છે.

સહારાનું રણ માલીના વિસ્તૃત પ્રદેશના લગભગ પોણા ભાગને આવરી લે છે. દેશના મોટા ભાગમાં ગરમ સૂકી આબોહવા છે અને રણની અથવા રણ જેવા વેરાન વિસ્તારની વનસ્પતિઓ ઊગે છે. દક્ષિણ-પશ્ચિમ પ્રદેશના મેદાની વિસ્તારમાં છૂટાંછવાયાં વૃક્ષો જોવા મળે છે. મોટી નાઈજર નદી અને સેનીગાલની નદીઓના પાણીની સીંચાઈના આધારે ડાંગર, મકાઈ, સોર્ઘુમ, બટેટાં, મૅનિઓક, તથા ખોરાકના બીજા પાકોની ખેતી કરવામાં આવે છે. નિકાસની મહત્ત્વની વસ્તુઓ મગફળી, કપાસ, તથા પ્રાણીજ પેદાશો છે. માલીમાં ઢોરની સંખ્યા (૧૭ મિલિયન) બીજા કોઈ પણ પશ્ચિમ આફ્રિકી દેશ કરતાં વધારે છે. ખેતીવાડીમાં ઢોરઉછેર મુખ્ય શાખા છે અને ૯૦ ટકા વસતિ ઢોરઉછેરનું કામ કરે છે.

માલીમાં અગત્યની બધી ખનીજ સંપત્તિ હોવા છતાં ઉદ્યોગનો વિકાસ બહુ ઓછો થયો છે. દેશમાં સિંધાલૂણની તથા સોનાની ખાણો છે, મૅંગેનીઝ તથા કાચા લોઢાના વિશાળ ભંડારો છે, લોખંડ અને પોલાદના ઉદ્યોગ માટે

જરૂરી બીજો કાચો માલ પણ પુષ્કળ પ્રમાણમાં છે. બામાકો નજીક બોકસાઇટના ભંડારો એલ્યુમિનિયમના કારખાના માટે પૂરતા થાય એટલા મોટા છે. કારખાના ઉદ્યોગની મુખ્ય શાખાઓમાં કપાસ લોઢવાનાં જિન, ચોખાની મિલો, અને માખણ તથા બીજી પ્રાણીજ પેદાશોનાં મથકો સામેલ છે.

માલી પ્રજાસત્તાક સમક્ષ મુખ્ય કર્તવ્ય આધુનિક રાષ્ટ્રીય અર્થતંત્રના ઘડતરનું છે. રાજ્ય સંચાલિત ક્ષેત્રને દેશની સ્વતંત્રતાનો આધાર ગણવામાં આવે છે.

બેનીન લોક પ્રજાસત્તાક

૧૯૬૦માં ફ્રેંચ સંસ્થાનવાદીઓના કબજામાંથી મુક્ત થયેલું અને સ્વતંત્ર પ્રજાસત્તાક તરીકે સ્થપાયેલું નાનકડું રાજ્ય બેનીન લોક પ્રજાસત્તાક ગીનીના અખાતને કિનારે આવેલું છે. પરંતુ ખરી સ્વતંત્રતાના પંથે દેશની આગેકૂચનો આરંભ તો ૧૯૭૨માં લશ્કરી-ક્રાંતિકારી સરકારની સ્થાપનાથી જ થયો હતો. એ સરકારે પ્રગતિશીલ રૂપાંતરોનું ધોરણ અપનાવ્યું હતું.

દેશે ૧૯૭૫માં સમાજવાદી દિશાનો માર્ગ પસંદ કર્યો હતો અને બેનીન લોક પ્રજાસત્તાક નામ અપનાવ્યું હતું.

પ્રજાસત્તાકમાં વિદેશો જોડે વ્યાપારના ક્ષેત્રમાં રાજ્યની ઇજારદારી સ્થાપવામાં આવી છે, તેલની મોટી પેઢીઓની મિલકત જપ્ત કરી લેવામાં આવી છે, અને મોટી બેંકો ઉપર રાજ્યનું નિયંત્રણ સ્થાપવામાં આવ્યું છે. બીજાં સામાજિક-આર્થિક રૂપાંતરો અમલમાં મુકાઈ રહ્યાં છે. એથી ખેતીવાડીનો તેમ જ ખેતીવાડીની પેદાશોની પ્રક્રિયાના ઉદ્યોગોનો—તેલની મિલો, કપાસનાં જિન, વગેરે—અધિક વિકાસ સુનિશ્ચિત બન્યો છે.

કોંગો લોક પ્રજાસત્તાક

૧૯૬૦માં સ્વતંત્ર પ્રજાસત્તાક તરીકે સ્થપાયેલું કોંગો નવોદિત રાષ્ટ્રીય રાજ્ય છે. તેનું પાટનગર બ્રાઝાવિલ છે. એ સમયથી દેશમાં અર્થતંત્ર, શિક્ષણ, તથા આરોગ્ય સેવાઓના વિકાસમાં અનેક અગત્યની સફળતાઓ સાધવામાં આવી છે.

દેશમાં થઈ રહેલા સામાજિક અને આર્થિક સુધારાઓના પરિણામે અર્થતંત્રનું માળખું ચોક્કસ પલટાઈ રહ્યું છે પરંતુ તેમાં ખેતીવાડી હજી મુખ્ય શાખાનું સ્થાન ધરાવે છે. મોટે ભાગે મેનિઓક, બટેટાં, બાજરી, મકાઈ, અને ડાંગર જેવી વપરાશી ચીજો અને ઓછા પ્રમાણમાં કોફી, કોકો, કેળાં, તથા બીજી

નિકાસની ચીજો પેદા થાય છે. કોંગો લોક પ્રજાસત્તાકમાં કિસાનોની સહકારીઓની સ્થાપના, આધુનિક ખેતી સરંજામ તથા રીતોનો ઉપયોગ, અને ઘનિષ્ઠ ખેતીની પ્રવૃત્તિ ખેતીવાડીના વિકાસને સારી પેઠે પ્રવેગ આપશે.

કોંગોમાં લાકડાં કાપવાની, કાષ્ઠકર્મની, અને તેલ, પોટાશિયમ ક્ષાર, મિશ્ર કાચી ધાતુઓ, તથા સોનાના નિષ્કર્ષણની કામગીરીઓ સ્વતંત્ર ઉદ્યોગોનું સ્થાન લઈ રહી છે. ક્યૂબાના વિશેષજ્ઞોની મદદના આધારે ખેતીવાડી-ઔદ્યોગિક સંકુલ વધારે મજબૂત બની રહ્યું છે અને દેશના વપરાશ માટે તેમ જ નિકાસ માટે ખાંડનું ઉત્પાદન વધી રહ્યું છે.

ઉદ્યોગમાં રાજ્ય સંચાલિત ક્ષેત્રને મક્કમ બનાવવાથી અને મિશ્ર પેઢીઓ સ્થાપવાથી ઉદ્યોગીકરણને પ્રવેગ મળશે અને તેના પરિણામે સામાન્ય આર્થિક પ્રગતિ થશે. તેને માટેના બધા સંજોગો મોજૂદ છે: પ્રજાસત્તાકના લગભગ અરધા વિસ્તારને આવરી લેતાં વનોમાં મૂલ્યવાન કાષ્ઠની બહોળી સાધનસંપત્તિ અને સોનું, સીસું, ઝીંક, ત્રાંબું, કાચું લોઢું, અને બીજાં ખનીજોના ભંડારો. દેશમાં ખનીજોની શોધખોળ હજી પૂરતા પ્રમાણમાં નથી થઈ. સોવિયેત સંઘ અને બીજા સમાજવાદી દેશો પ્રજાસત્તાકને ખનીજોની ખોજમાં, આધુનિક અર્થતંત્રનો પાયો બાંધવામાં, રાષ્ટ્રીય કાર્યકરોને તાલીમ આપવામાં, તેમ જ સામાજિક પ્રગતિ અને રાષ્ટ્રીય સમૃદ્ધિના પંથે આત્મવિશ્વાસથી આગેકૂચ કરવામાં મદદ પૂરી પાડે છે.

નાઇજિરિયા સમવાયી પ્રજાસત્તાક

પશ્ચિમ આફ્રિકાનું રાજ્ય નાઇજિરિયા આફ્રિકા ખંડના દેશોમાં સૌથી વધારે વસતિ ધરાવે છે. પ્રાચીન આફ્રિકી સંસ્કૃતિના દેશ નાઇજિરિયામાં સંખ્યાબંધ પ્રજાઓ વસે છે. તેમાં ઉત્તરની હાઉસા, ફુલ્બે, કાનુરી, અને તિવે પ્રજાઓ તથા દક્ષિણની એડો, ઈબો, એફિક, અને બીજી પ્રજાઓ સામેલ છે.

નાઇજિરિયામાં માનવશક્તિ સારા પ્રમાણમાં છે એટલું જ નહિ પરંતુ કોલંબાઈટ, બોકસાઈટ, યુરેનિયમ, તથા બીજાં ખનીજોના વિશાળ ભંડારો પણ છે. તાજેતરમાં તેલના ભંડારો ખાસ મહત્ત્વના બની ગયા છે. દેશમાં ૨૫૦૦ મિલિયન ટનથી વધારે તેલના ભંડારો છે. કુદરતી ગૅસ પણ ભારે મહત્ત્વ ધરાવે છે. અગાઉ બ્રિટિશ સંસ્થાનવાદીઓના વર્ચસ્વને લીધે એ ભંડારોનો ઉપયોગ દેશના હિતમાં નહોતો થઈ શકતો.

સાંસ્થાનિક શાસનના પરિણામે નાઈજિરિયાને હાલ જબ્બર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. સામ્રાજ્યવાદીઓએ દેશમાંથી રવાનગીની વેળાએ જાતિઓની અંદર કારમાં ઘર્ષણો પેદા કર્યાં હતાં અને પ્રમાણમાં વિકસિત દક્ષિણ તથા પછાત ઉત્તર વચ્ચે કૃત્રિમ આંતરવિરોધો ઊભા કર્યા હતા. પૂર્વના તેલ-સમૃદ્ધ પ્રદેશનાં પશ્ચિમ-તરફી અલગતાવાદી વર્તુળોએ આંતરિક વિખવાદનો ફાયદો ઉઠાવીને સામ્રાજ્યવાદીઓના ટેકાના આધારે ૧૯૬૬માં પોતાના પ્રદેશને સમવાયતંત્રથી અળગો જાહેર કરી દીધો હતો અને ત્યાં "બિયાફ્રા સ્વતંત્ર પ્રજાસત્તાક"ની સ્થાપના કરી હતી.

રાજ્યની એકતા અને પ્રાદેશિક અખંડતાને જાળવી રાખવાનો નિર્ધાર ધરાવતી સમવાયી સરકારને અલગતાવાદીઓ તથા તેમના પરદેશી મદદગારોની સામે અઢી વરસ હથિયારબંધ સંઘર્ષ લડવો પડ્યો હતો. નાઈજિરિયાનો આંતરવિગ્રહ ૧૯૭૦ના આરંભમાં અલગતાવાદીઓના પરાજયમાં પરિણમ્યો હતો. પરંતુ લડાઈથી પ્રજાસત્તાકને ભારે નુકસાન થયું હતું અને આર્થિક વિકાસ અવરોધાયો હતો.

મધ્ય આફ્રિકાના બીજા દેશોની સરખામણીમાં નાઈજિરિયા પ્રમાણમાં વિકસિત અર્થતંત્ર ધરાવે છે. તેમ છતાં ખેતીવાડી (મગફળી, ટોપરાનું તેલ, કોકો, કુદરતી રબર, તથા ખોરાકની ચીજો) અને પશુપાલન અર્થતંત્રમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

ખનીજ ભંડારોમાંથી તેલ, કોલુબાઈટ (દુનિયાના ઉત્પાદનનો પોણો ભાગ), અને ટિનનું ઉત્પાદન ઝડપથી વધી રહ્યું છે. તેલની રિફાઇનરીઓ, કાપડમિલો, ખાંડની મિલો, અને ખોરાકની પ્રક્રિયાનાં કારખાનાંનું નિર્માણ થઈ રહ્યું છે. તાજેતરનાં વરસોમાં નાઇજિરિયા સોવિયેત સંઘ અને બીજા સમાજવાદી દેશો જોડે વ્યાપારી સંબંધોના વિકાસને પ્રવેગ આપી રહ્યું છે.

સાન-થોમ અને પ્રીન્સીપી

૧૯૭૫માં સ્થપાયેલું સાન-થોમ અને પ્રીન્સીપી લોકશાહીવાદી પ્રજાસત્તાક ગીનીના અખાતના વિસ્તારમાં એ જ નામના દ્વીપસમૂહમાં આવેલું રાજ્ય છે (ક્ષેત્રફળ લગભગ ૧૦૦૦ ચોરસ કિલોમીટર, વસતિ લગભગ ૮૦ હજાર, પાટનગર સાન-થોમ).

એ દ્વીપસમૂહમાં ૪૫૦ વરસથી વધારે સમય પોર્ટુગલનું સાંસ્થાનિક શાસન હતું. પ્રજાસત્તાકને મુશ્કેલ સાંસ્થાનિક ભૂતકાળમાંથી પછાત અર્થતંત્ર વારસામાં

મળ્યું છે. અર્થતંત્રમાં કોફી, કોકો, અને બીજા નિકાસ પદાર્થોની વાડીઓ છે. સ્થાનિક લોકો બાજરો, મકાઈ, મેનિઓક, તથા યેમની ખેતી કરે છે, ઢોરઉછેર કરે છે, અને થોડીઘણી માછીમારી કરે છે. નાના ઉદ્યોગધંધાઓમાં ખેતીવાડીના કાચા માલની આંશિક પ્રક્રિયા થાય છે.

સાન-થોમ અને પ્રીન્સીપી દ્વીપસમૂહના મુક્તિ આંદોલન પક્ષની આગેવાની હેઠળ અનેક વર્ષોથી ચાલતો રહેલો રાષ્ટ્રીય મુક્તિ સંઘર્ષ પોર્ટુગલમાં ફાસીવાદી શાસનના પતન પછી આખરે વિજયમાં પરિણમ્યો હતો. એથી પ્રજાસત્તાકના લોકો સમક્ષ રાષ્ટ્રીય અર્થતંત્ર અને સંસ્કૃતિના વિકાસના નવા માર્ગ મોકળા થયા.

દેશમાં ખેતી સંબંધી સુધારો અમલમાં મૂકવામાં આવ્યો છે અને મોટી વાડીઓનું રાષ્ટ્રીયકરણ સાધવામાં આવ્યું છે. મત્સ્ય ઉદ્યોગ તથા ઇમારતી સામગ્રીના ઉદ્યોગને વિકસાવવાના તેમ જ કોકો, ફળો, તથા ખેતીવાડીના બીજા કાચા માલની પ્રક્રિયાના ઉદ્યોગધંધાઓ સ્થાપવાના સાનુકૂળ સંજોગો પેદા થયા છે. લોકોની રાજકીય સિદ્ધિઓને વધારે મક્કમ બનાવવાની બાબત અર્થતંત્રના વિકાસ મારફત સુનિશ્ચિત બની છે.

તાન્ઝાનિયા સંયુક્ત પ્રજાસત્તાક

કુદરતે તાન્ઝાનિયાની બાબતમાં બહુ ઉદારતા દાખવી છે. દેશમાં હીરા, સોનું, તથા બિનલોહ ધાતુઓના તેમ જ લોઢું, કોલસા, ફોસ્ફોરાઇટ, ગ્રાફાઇટ, તથા બીજાં ખનીજોના વિશાળ ભંડારો છે, પરંતુ તેમને ધરતીના પેટાળમાંથી બહાર કાઢવાનું કાર્ય હજી ઓછું વિકસેલું છે. તાન્ઝાનિયાના ઉદ્યોગમાં ખોરાકની ચીજોનાં કારખાનાં અને કાપડની મિલો છે. તાન્ઝાનિયાની ખેતીવાડી વિશ્વ બજારને ટોપરાના વિશાળ જથ્થા, આખી દુનિયાની શણની પેદાશનો ૪૦ ટકા હિસ્સો તથા લવિંગની પેદાશનો ૮૦ ટકાથી વધારે હિસ્સો, અને બીજી પેદાશો પૂરી પાડે છે.

તાન્ઝાનિયા સાંસ્થાનિક શાસનથી મુક્તિ હાંસલ કરી લીધા પછી સંખ્યાબંધ મહત્ત્વના સુધારાઓ અમલમાં મૂકીને આર્થિક તથા સાંસ્કૃતિક વિકાસના પંથે આગળ ધપી રહ્યું છે. તાન્ઝાનિયા સંયુક્ત પ્રજાસત્તાકમાં વિદેશી બેંકો તથા મોટા ઉદ્યોગધંધાઓનું રાષ્ટ્રીયકરણ સાધવામાં આવ્યું છે અને વાહનવ્યવહારમાં તથા અર્થતંત્રની બીજી અગત્યની શાખાઓમાં રાજ્યનું નિયંત્રણ સ્થાપવામાં આવ્યું છે. આર્થિક આયોજનમાં રાજ્ય સંચાલિત ક્ષેત્રના હિતને લક્ષમાં રાખવામાં આવે છે.

સોવિયેત સંઘ અને તાન્ઝાનિયા વચ્ચે આર્થિક સહકાર અને મિત્રતાના વિકાસથી તાન્ઝાનિયાના લોકોને સામાજિક તથા આર્થિક પ્રગતિ સાધવામાં મદદ મળે છે.

યુગાન્ડા

તાન્ઝાનિયાનું ઉત્તર દિશાનું પાડોશી યુગાન્ડા ૧૯૬૨ સુધી બ્રિટિશ સંસ્થાન હતું. યુગાન્ડા પુષ્કળ કુદરતી સંપત્તિ ધરાવે છે પરંતુ આર્થિક દૃષ્ટિએ પછાત ખેતીપ્રધાન દેશ છે. ૯૦ ટકા વસતિ ખેતીવાડીમાં કામ કરે છે અને કોફી, કપાસ, ચા, ખાંડ, તથા તમાકુ પેદા કરે છે.

ઉદ્યોગમાં ખેતીવાડીના કાચા માલની પ્રક્રિયા થાય છે. કાપડ, ખનીજ ખાતર, સિમેંટ, કાચું ત્રાંબું, ટંગ્સ્ટન, તથા બીજી વસ્તુઓના ઉત્પાદનની સંઘટના થઈ રહી છે. તેમાં પરદેશી મૂડીનું વર્ચસ્વ ગણનાપાત્ર પ્રમાણમાં છે. દેશના અર્થતંત્રમાં રાજ્ય સંચાલિત ક્ષેત્રની ભૂમિકા વધી રહી છે.

સોવિયેત સંઘ યુગાન્ડાને રાષ્ટ્રીય ઉદ્યોગ વિકસાવવામાં મદદ કરે છે. લીરા શહેરમાં સોવિયેત સંઘની મદદના આધારે સૂતરની મિલનું બાંધકામ પૂરું થવામાં છે. સોવિયેત સંઘ યુગાન્ડાને રાષ્ટ્રીય કાર્યકરોની તાલીમમાં, આર્થિક તથા સાંસ્કૃતિક વિકાસમાં, અને મહેનતકશ લોકોના જીવનધોરણના ઉત્કર્ષમાં સહાય પૂરી પાડે છે.

ઝાંબિયા

ઝાંબિયા પ્રજાસત્તાક (૧૯૬૪ સુધી ઉત્તર રોડેશિયાનો બ્રિટિશ રક્ષિત વિસ્તાર) મૂડીવાદી દુનિયાના ત્રાંબાના સૌથી મોટા ભંડાર ધરાવે છે અને ત્રાંબાના ઉત્પાદનની બાબતમાં આખી દુનિયામાં બીજા નંબરે આવે છે. દેશનો ત્રાંબાનો ઉદ્યોગ કુલ રાષ્ટ્રીય પેદાશના લગભગ ૫૦ ટકા હિસ્સાને આવરી લે છે. તે લાંબા સમયથી પશ્ચિમી દેશોની ઈજારદારીઓના નિયંત્રણમાં હતો, પરંતુ હવે ઝાંબિયા એ સંબંધમાં પણ વિદેશો પરના અવલંબનથી ધીરે ધીરે મુક્ત થઈ રહ્યું છે.

ઝાંબિયાના ઉદ્યોગમાં પરદેશી પેઢીઓનું આંશિક રાષ્ટ્રીયકરણ તેમ જ તેલની કંપનીઓ, વ્યાપાર, તથા વાહનવ્યવહારમાં રાજ્યના નિયંત્રણની સ્થાપના ખૂબ મહત્ત્વની બાબતો છે. ઝાંબિયા પોતાની સ્વતંત્રતાને વધારે મક્કમ બનાવવાની અને રાષ્ટ્રીય અર્થતંત્ર તથા સંસ્કૃતિનો વિકાસ સાધવાની જહેમતો કરે છે.

અંગોલા લોક પ્રજાસત્તાક

અંગોલા આફ્રિકાનાં સાવ નવાં પ્રજાસત્તાકોમાંનું એક છે. તેની સ્થાપના ૧૯૭૫ના અંતમાં ભૂતપૂર્વ પોર્ચુગીઝ સંસ્થાનના પ્રદેશમાં થઈ હતી. માલિક દેશમાં ફાસીવાદી શાસનના પતન પહેલાં અંગોલા પ્રજાકીય મુક્તિ આંદોલન પક્ષની આગેવાની હેઠળ અંગોલાના દેશભક્તોએ દેશના મોટા વિસ્તારોને સંસ્થાનવાદીઓના શાસનથી મુક્ત કરાવી લીધા હતા. અંગોલા લોક પ્રજાસત્તાકની સ્થાપના પછી તરત જ દેશની જનતા તથા સેનાને દક્ષિણ આફ્રિકી જાતિવાદીઓના આક્રમણને તથા સામ્રાજ્યવાદીઓનો ટેકો ધરાવતા ગોરા ભાડૂતી સિપાહીઓની દખલબાજીને મારી હઠાવવા જંગ લડવો પડ્યો હતો. એ જંગમાં અંગોલાને મળેલા વિજયો દક્ષિણ આફ્રિકી પ્રજાસત્તાકના જાતિવાદીઓ સામે દક્ષિણ આફ્રિકી પ્રજાઓના સંઘર્ષ માટે, નામિબિયાની સ્વતંત્રતા માટે, આફ્રિકા ખંડના દક્ષિણ ભાગમાં સંસ્થાનવાદ અને જાતિવાદના અવશેષોની પૂરેપૂરી નાબૂદી માટે, ખૂબ જ મહત્ત્વના છે.

અંગોલાનું અર્થતંત્ર બહુ ઓછું વિકસેલું છે. દેશમાં નિકાસના પાકોની (કોફી, કપાસ) વાડીઓ અને ખાણ ઉદ્યોગ (કાચું લોઢું અને ત્રાંબું, તેલ, હીરા) છે. પરંતુ એ તથા બીજા ઉદ્યોગોને પોર્ચુગીઝ સંસ્થાનવાદીઓએ તેમ જ હથિયારબંધ દખલબાજી કરનારી જાતિવાદી તથા સામ્રાજ્યવાદી તાકાતોએ અને તેમના ટેકેદારોએ તારાજ કરી નાખ્યા હતા.

અંગોલા પજાકીય મુક્તિ આંદોલન નામે પાર્ટીની (મહેનતકશ લોકોની પાર્ટીની) આગેવાની હેઠળ અંગોલાના લોકો સમાજવાદી રૂપાંતરોના આધારે નવા જીવનના સર્જનની જહેમતો કરે છે. ખેતીવાડી તથા ઉદ્યોગનું ઉત્પાદન વધારવાની, રાજ્યની તથા સહકારી માલિકીના આધારે દેશના અર્થતંત્રનું પુનરુત્થાન સાધવાની, અને મહેનતકશ લોકોનાં જીવનધોરણો સુધારવાની બાબતો ઉપર પ્રયાસો કેંદ્રિત કરવામાં આવે છે. પ્રત્યાઘાતનાં અણથંભ કારસ્તાનોના સંજોગોમાં પ્રજાસત્તાકના સંરક્ષણ સામર્થ્યમાં વધારો કરવામાં આવે છે.

અંગોલા લોક પ્રજાસત્તાકને સમાજવાદી બિરાદરીના દેશોનો તેમ જ આખી દુનિયાની બધી સામ્રાજ્યવાદ-વિરોધી તાકાતોનો ટેકો મળે છે.

૧૯૭૬માં સોવિયેત સંઘ અને અંગોલા લોક પ્રજાસત્તાક વચ્ચે મિત્રતા અને સહકારની સંધિ કરવામાં આવી હતી. તેમાં અંગોલા અને સોવિયેત સંઘના લોકો વચ્ચે બંધુભાવી મિત્રતા અને બહુમુખી સહકારના સંબંધોને વિકસાવવાની

જોગવાઈ છે. એવા સંબંધોને વિકસાવવાની બાબત ખાસ મહત્ત્વની છે. સોવિયેત સંઘ અંગોલા લોક પ્રજાસત્તાકને કેટલાક ઉદ્યોગો વિકસાવવામાં, શિક્ષણ તથા આરોગ્ય સેવાઓની સંઘટનામાં, સંરક્ષણ સામર્થ્ય વધારવામાં, અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પ્રજાસત્તાકની સ્થિતિ વધારે મજબૂત બનાવવામાં મદદ કરે છે.

મોઝામ્બીક લોક પ્રજાસત્તાક

મોઝામ્બીક આફ્રિકાના દક્ષિણ-પૂર્વ ભાગમાં આવેલો મોટો દેશ છે. ત્યાં પંદરમી સદીના અંતથી પોર્ટુગલનું શાસન હતું. મોઝામ્બીક મુક્તિ મોરચાની આગેવાની હેઠળ જનતા પરદેશી જુલમ સામે હથિયારબંધ સંઘર્ષ લડતી હતી. પોર્ટુગલમાં ફાસીવાદી શાસનના પતન પછી મોઝામ્બીકની જનતાએ પોતાના સંઘર્ષમાં પૂર્ણ વિજય હાંસલ કરી લીધો. નવી પોર્ચુગીઝ સરકારે મોઝામ્બીકની જનતાનો સાર્વભૌમત્વનો અધિકાર માન્ય કર્યો અને આફ્રિકા ખંડમાં ૧૯૭૫માં નવું રાજ્ય—મોઝામ્બીક લોક પ્રજાસત્તાક—અસ્તિત્વમાં આવ્યું.

મોઝામ્બીકની કુલ રાષ્ટ્રીય પેદાશના ૭૫ ટકા હિસ્સાને આવરી લેતી ખેતીવાડીમાં કપાસ, શણ, મગફળી, ચા, અને બીજા નિકાસના પાકોનું વિશેષીકરણ સાધવામાં આવ્યું છે. દેશમાં ખોરાક અને ખાણ (બોકસાઇટ, કોલસા, વગેરે) ઉદ્યોગો છે.

મોઝામ્બીક મુક્તિ મોરચાની આગેવાની હેઠળ એકસૂત્રે સંકળાયેલા કામદારો અને કિસાનોને હસ્તક સત્તા અંકિત કરતું લોકશાહીવાદી રાજ્ય મહેનતકશ લોકોની જહેમતોને આઝાદી, સ્વતંત્રતા, પ્રગતિ, અને રાષ્ટ્રીય પુનરુદયના સંજોગોમાં નવા જીવનના નિર્માણની યોજનાઓના અમલમાં કેંદ્રિત કરે છે. મોઝામ્બીકની જનતા સમાજવાદની દિશામાં આગેકૂચ કરતી એક પછી એક વિજય હાંસલ કરતી જાય છે. પ્રજાસત્તાકમાં જમીનનું રાષ્ટ્રીયકરણ સાધવામાં આવ્યું છે અને ખેતીવાડીમાં તેમ જ ઉદ્યોગમાં ઉત્પાદન વધી રહ્યું છે. શિક્ષણ તથા આરોગ્ય સેવાઓમાં જનતાના લોકશાહીવાદી રાજ્યનું નિયંત્રણ સ્થાપવામાં આવ્યું છે. મહેનતકશ લોકોના ભૌતિક અને સાંસ્કૃતિક ધોરણોનો ઉત્કર્ષ થઈ રહ્યો છે.

મોઝામ્બીકની જનતા નવા જીવનના નિર્માણનાં જટિલ અને કઠિન કર્તવ્યો પાર પાડવામાં સોવિયેત સંઘ, બીજા સમાજવાદી દેશો, અને આખી દુનિયાનાં પ્રગતિશીલ પરિબળોની સર્વાંગી સહાય અને ટેકા ઉપર આધાર રાખે છે. સોવિયેત સંઘ મોઝામ્બીક લોક પ્રજાસત્તાકને રાષ્ટ્રીય અર્થતંત્રની કેટલીય શાખાઓ

વિકસાવવામાં, શિક્ષણ તથા આરોગ્ય સેવાઓની સંઘટનામાં, અને દેશનું સંરક્ષણ સામર્થ્ય વધારવામાં મદદ પૂરી પાડે છે.

માડાગાસ્કર લોકશાહીવાદી પ્રજાસત્તાક

માડાગાસ્કર લોકશાહીવાદી પ્રજાસત્તાક આફ્રિકાના દક્ષિણ-પૂર્વ કિનારા નજીક આવેલું દ્વીપ રાજ્ય છે. તેનું ક્ષેત્રફળ લગભગ છ લાખ ચોરસ કિલોમીટર અને વસતિ નવ મિલિયનથી વધારે છે. માડાગાસ્કર આફ્રિકી દેશોમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ૧૯૬૦ પહેલાં ફ્રેંચ સાંસ્થાનિક શાસનમાં સબડતા માડાગાસ્કર ટાપુનું અર્થતંત્ર તદ્દન પછાત અને પરાવલંબી હતું.

દેશની લગભગ ૯૦ ટકા વસતિને આવરી લેતી ખેતીવાડીમાં નિકાસની ચીજોનો—કોફી, વનિલા, શણ, તથા બીજી વસ્તુઓ—૯૦ ટકા હિસ્સો પેદા થાય છે. આંતરિક વપરાશ માટે ડાંગર, મગફળી, મેનિઓક, શકરિયાં, અને ખોરાકની બીજી ચીજોની ખેતી થાય છે. અર્ધ-ઘરેલુ જેવા ઉદ્યોગધંધાઓમાં ખેતીવાડીના કાચા માલની પ્રક્રિયા થાય છે. દેશમાં વિકસતા ભારે ઉદ્યોગનાં કેટલાંક મોટાં પ્લાંટકારખાનાં છે, દાખલા તરીકે તેલની રિફાઇનરી તેમ જ સિમેંટ અને મોટરવાહન એસેમ્બ્લીના પ્લાંટો.

પ્રજાસત્તાકમાં ૧૯૭૫માં સર્વોપરી ક્રાંતિકારી પરિષદ સ્થાપવામાં આવી હતી અને "માલાગાસી સમાજવાદી ક્રાંતિનો આદેશપત્ર", નવા સિદ્ધાંતોના આધારે સમાજના મૂળગામી રૂપાંતરનો લાંબા ગાળાનો કાર્યક્રમ, અપનાવવામાં આવ્યો હતો. રાષ્ટ્રવ્યાપી લોકમતમાં બહાલ થયેલા આદેશપત્રમાં જણાવવામાં આવ્યું છે કે માડાગાસ્કર લોકશાહીવાદી પ્રજાસત્તાક માટે ઝડપી આર્થિક અને સામાજિક વિકાસનો એકમાત્ર શક્ય માર્ગ સમાજવાદી ક્રાંતિનો છે. એ પંથે આગેકૂચ કરતું રાજ્ય બેંકો તથા વીમા કંપનીઓનું રાષ્ટ્રીયકરણ સાધી ચૂક્યું છે અને દેશમાં બહોળા વ્યાપના રૂપાંતરો અમલમાં મૂકી રહ્યું છે.

માડાગાસ્કર લોકશાહીવાદી પ્રજાસત્તાક વિદેશનીતિના ક્ષેત્રમાં સામ્રાજ્યવાદીઓ તથા નવસંસ્થાનવાદીઓનાં કારસ્તાનોનો વિરોધ કરે છે અને આફ્રિકી એકતાને વધારે મજબૂત બનાવવાની તથા સમાજવાદી દેશો જોડે સુમેળના સંબંધો વિકસાવવાની હિમાયત કરે છે. માડાગાસ્કર લોકશાહીવાદી પ્રજાસત્તાક સોવિયેત સંઘ જોડે તેમ જ દુનિયાના બીજા દેશો જોડે ડિપ્લોમેટિક સંબંધો ધરાવે છે.

ઉપરોક્ત આફ્રિકી દેશોમાંથી કેટલાકમાં થયેલાં પરિવર્તનો બતાવે છે કે

આપણા સમય અને યુગની લાક્ષણિક ક્રાંતિકારી પરિસ્થિતિએ નવોદિત સ્વતંત્ર રાજ્યોમાં પ્રગતિશીલ સામાજિક વિકાસનાં વિશિષ્ટ રૂપો અસ્તિત્વમાં આણ્યાં છે અને ક્રાંતિકારી-લોકશાહીવાદી પરિબળોની ભૂમિકામાં વધારો કર્યો છે. વિકસતાં રાજ્યોને જબ્બર મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોવા છતાં તેમની અંદરથી વધારે ને વધારે રાજ્યો પ્રગતિશીલ વિકાસનો પંથ અપનાવી રહ્યાં છે અને પોતાની આંતરિક તથા આંતરરાષ્ટ્રીય સ્થિતિને વધારે મજબૂત બનાવી રહ્યાં છે.

સમાજવાદની દિશા અપનાવનારી પ્રજાઓનું ઉદાહરણ બીજા આફ્રિકી દેશોની પ્રજાઓને રાષ્ટ્રીય તથા સામાજિક મુક્તિ ખાતર લડવાની પ્રેરણા આપે છે અને સાથે સાથે જ સામ્રાજ્યવાદી તથા નવસંસ્થાનવાદી વર્તુળોના પ્રતિકારને અનેક ગણો વધારી દે છે. આફ્રિકી રાષ્ટ્રીય મુક્તિ આંદોલન સામેના સંઘર્ષમાં સામ્રાજ્યવાદીઓ દક્ષિણ આફ્રિકી પ્રજાસત્તાકના પ્રત્યાઘાતી શાસન ઉપર, ખંડમાં જાતિવાદ અને સંસ્થાનવાદના ગઢ ઉપર, આધાર રાખે છે.

મૂડીવાદી દેશો

વિશ્વ મૂડીવાદી પદ્ધતિની આર્થિક, રાજકીય, અને લશ્કરી તાકાત મુખ્યત્વે સંયુક્ત રાજ્ય અમેરિકા, જાપાન, ગ્રેટ બ્રિટન, જર્મન સમવાયી પ્રજાસત્તાક, ફ્રાંસ, અને ઇટાલી ઉપર તેમ જ બીજા વિકસિત મૂડીવાદી દેશોમાંથી ખાસ તો કૅનેડા, ઑસ્ટ્રેલિયા, તથા નાનાં પશ્ચિમ યુરોપી રાજ્યો ઉપર આધારિત છે.

એકદમ સુઘટિત ઉત્પાદન તંત્ર ધરાવતાં વિકસિત મૂડીવાદી રાજ્યો, અને સૌપ્રથમ તો મોટી સામ્રાજ્યવાદી સત્તાઓ, મૂડીવાદી દુનિયાના ઔદ્યોગિક ઉત્પાદનમાં ૮૫ ટકાથી વધારે અને ખેતીવાડીના ઉત્પાદનમાં લગભગ ૫૦ ટકા ફાળો આપે છે.

વિકસિત મૂડીવાદી રાજ્યોના આર્થિક સામર્થ્યનો નિર્દેશ એ હકીકતમાંથી મળે છે કે તેમની કુલ રાષ્ટ્રીય પેદાશનું પરિમાણ આખી મૂડીવાદી દુનિયાની કુલ રાષ્ટ્રીય પેદાશના ૮૦ ટકાથી વધારે છે. વિકસિત મૂડીવાદી દેશો રાષ્ટ્રીય આવકના કુલ પરિમાણની તેમ જ રાષ્ટ્રીય આવકની માથા દીઠ વહેંચણીની બાબતમાં વિકસતા દેશોથી સારી પેઠે ચડિયાતું સ્થાન ધરાવે છે. કુલ ૫૮૫ મિલિયનની વસતિ ધરાવતાં સંયુક્ત રાજ્ય અમેરિકા, જાપાન, જર્મન સમવાયી પ્રજાસત્તાક, બ્રિટન, ફ્રાંસ, અને ઇટાલીની રાષ્ટ્રીય આવક કુલ ૯૦૦ મિલિયનથી વધારે વસતિ ધરાવતાં ભારત, શ્રી લંકા, બ્રાઝિલ, મેક્સિકો, તાન્ઝાનિયા, અને ઝાઈરેની રાષ્ટ્રીય આવકની સરખામણીમાં વીસ ગણીથીયે વધારે છે.

એ હકીકત પણ ધ્યાનમાં રાખવી ઘટે કે મૂડીવાદી દેશોમાં વસતિની નજીવી લઘુસંખ્યા બની રહેતા મૂડીદાર તથા બીજા શોષક વર્ગો રાષ્ટ્રીય આવકના સારા એવા હિસ્સાને હડપ કરી જાય છે.

ઘણા વિકસતા દેશોની ખાણોમાંથી નીકળતું સોનું આખરે સામ્રાજ્યવાદી સત્તાઓની તિજોરીઓમાં પહોંચી જાય છે. એ સત્તાઓના કુલ અનામત સુવર્ણ ભંડોળો વિકસતા દેશોના સુવર્ણ ભંડોળોથી દસ ગણા છે.

મોટી મૂડીવાદી સત્તાઓના રૂપમાં મજબૂત ગઢ ધરાવતો સામ્રાજ્યવાદ ઘણાં રાષ્ટ્રોનું શોષણ કરી રહ્યો છે અને શાંતિ તથા સામાજિક પ્રગતિના ધ્યેય માટે હજી કાયમી જોખમ અંકિત કરે છે.

ગમે તે ભોગે સમાજવાદની સ્થિતિ નબળી પાડી દેવાની, પ્રજાઓના રાષ્ટ્રીય મુક્તિ આંદોલનને કચડી નાખવાની, અને મૂડીવાદી દેશોમાં મહેનતકશ લોકોના સંઘર્ષને દબાવી દેવાની કોશિશો કરતા સામ્રાજ્યવાદીઓ ભેગા મળીને સંયુક્ત રીતે કદમો ઉઠાવી રહ્યા છે અને આક્રમક લશ્કરી-રાજકીય જૂથોની પ્રવૃત્તિ વધારી રહ્યા છે. તેમનાં મુખ્ય લક્ષ્યોમાંનું એક મોટા લશ્કરી જૂથ ઉત્તર આટલાંટિક સંધિ સંગઠનને (નાટો) વધારે મજબૂત બનાવવાનું છે.

પરિબળોના સહસંબંધો સમાજવાદની તરફેણમાં સતત પલટાતાં રહે છે, સામ્રાજ્યવાદના વર્ચસ્વનું ક્ષેત્ર સંકોચાતું જાય છે, અને મૂડીવાદી દેશોની ભીતરના આંતરવિરોધો વધારે જોરદાર બનતા જાય છે; એવા સંજોગોમાં સામ્રાજ્યવાદની, ખાસ કરીને અમેરિકી સામ્રાજ્યવાદની નીતિની આક્રમકતા એકદમ વધી ગઈ છે. સોવિયેત યુનિયનની કોમ્યુનિસ્ટ પાર્ટીની ૨૬મી કૉંગ્રેસમાં નોંધ લેવામાં આવી હતી કે "આંધળિયાં કરવાની વૃત્તિ અને સ્વાર્થી સંકુચિત મુરાદો ખાતર માનવજાતિનાં પ્રાણભૂત હિતોના સંબંધમાં જુગાર ખેલવાની તાલાવેલી — વધારે આક્રમક સામ્રાજ્યવાદી વર્તુળોની નીતિમાં ખાસ ઉઘાડી રીતે મોખરે આવી ગયેલી બાબત એવી છે."

પરંતુ સામ્રાજ્યવાદ પોતે ગુમાવી દીધેલી ઐતિહાસિક પહેલકદમી પાછી હાંસલ કરી લેવા, વર્તમાન જગતના વિકાસને પાછો વાળી દેવા, અશક્ત છે.

મહત્ત્વના મૂડીવાદી દેશો એકદમ ઊંડા આંતરિક આંતરવિરોધોના ભોગ બની ગયેલા છે, એ આંતરવિરોધો સામાજિક તથા રાષ્ટ્રીય અસમાનતા, જુલમ, તથા હિંસાની પદ્ધતિ અંકિત કરતા મૂડીવાદના પાયા ખોદી રહ્યા છે. મૂળભૂત આંતરવિરોધ, શ્રમ અને મૂડી વચ્ચેનો આંતરવિરોધ, બીજા બધા આંતરવિરોધો કરતાં વધારે ઝડપથી ઊંડો બની રહ્યો છે. સમાજવાદની સફળતાઓ અને વર્ગસંઘર્ષને કારણે મૂડીદારોને મહેનતકશ લોકોની તરફેણમાં અમુક સામાજિક છૂટછાટનું વલણ લેવું પડે છે, પરંતુ સામાજિક પદ્ધતિ તરીકે મૂડીવાદ ગરીબી તથા બેકારીનો અંત આણી શકે એમ નથી અને યુદ્ધના જોખમથી તેમ જ ભાવિ સંબંધી અનિશ્ચિતતાથી મુક્ત જીવનની ગૅરંટી મહેનતકશ લોકોને આપી શકે એમ નથી.

મૂડીવાદી સત્તાઓના આંતરિક ક્ષેત્રે વધારે ને વધારે ફેલાતી જતી કાયમી કટોકટીમાં સમયાંતરી આર્થિક મંદીઓ અને વ્યાપક બેકારીનું એકધારું વિસ્તરણ લાક્ષણિક છે. વિકસિત મૂડીવાદી દેશોમાં નોંધાયેલા બેકારોની સંખ્યા ૧૬ મિલિયનથી વધારે છે. કાયમી નોકરી વગરના અથવા અમુક દિવસો પૂરતા જ

રોજગાર ધરાવતા લોકોની સંખ્યા એથી અનેક ગણી છે. મૂડીવાદી દેશોમાં ઊર્જાની કટોકટી, ચલણની કટોકટી, સખત ફુગાવો, અને મોંઘવારી મહેનતકશ લોકોને માથે ભારે બોજો લાદે છે.

મૂડીવાદી રાજ્યોના સંબંધમાં લેનિને નિરૂપેલો અસમાન આર્થિક તથા રાજકીય વિકાસનો નિયમ મૂડીવાદી દુનિયામાં વધારે ને વધારે સ્પષ્ટ રૂપમાં કામગીરી કરતો નજરે પડે છે.

અલગ અલગ સામ્રાજ્યવાદી સત્તાઓના વિકાસમાં વધતી જતી અસમાનતા તેમના આંતરિક તેમ જ પારસ્પરિક આંતરવિરોધોને ખૂબ જોરદાર બનાવી દે છે. આજે મૂડીવાદી દુનિયામાં જે કંઈ ચાલી રહ્યું છે તે બતાવે છે કે પ્રભાવનાં ક્ષેત્રો, વેચાણનાં બજારો, અને કાચા માલના ભંડારોનું વિભાજન, જેમાં વધારે તાકાતવાન અને વધારે દોલતમંદ દેશોને વધારે મોટા ભાગ મળે છે એ વિભાજન, સામ્રાજ્યવાદી સત્તાઓ વચ્ચેની ચડસાચડસીને ખતમ નથી કરી નાખતું પરંતુ ઊલટું તેમની વચ્ચેના તેમ જ તેમનાં ઇજારદારી મંડળો વચ્ચેના સંઘર્ષને વધારે જોરદાર બનાવી દે છે. એકતા સાધવાના અને બજારોની સમસ્યાને હળવી બનાવવાના સૂત્રના આધારે સ્થાપવામાં આવતાં આંતરરાષ્ટ્રીય રાજ્ય-ઇજારદારી સંઘટનો વાસ્તવમાં વિશ્વ મૂડીવાદી બજારના વિભાજનનાં નવાં રૂપો છે.

એ રીતે, આર્થિક અને સામાજિક પદ્ધતિ તરીકે મૂડીવાદની અસ્થાયિતા સ્પષ્ટ છે. લેઓનીદ ઇલ્યીચ બ્રેઝનેવે જણાવ્યું છે કે "મૂડીવાદને 'સુધારવાનાં' અને તેના માળખાની અંદર 'સાર્વત્રિક સમૃદ્ધિના સમાજનું' સર્જન કરવાનાં વચનો નિષ્ફળતામાં પરિણમ્યાં છે." મૂડીવાદ પદ્ધતિ તરીકે કોઈ જાતનું ભવિષ્ય નથી ધરાવતો.

મૂડીવાદી દેશો સામાન્ય લક્ષણો ઉપરાંત પોતપોતાનાં વિશિષ્ટ લક્ષણો પણ ધરાવે છે.

સંયુક્ત રાજ્ય અમેરિકા

સંયુક્ત રાજ્ય અમેરિકા મૂડીવાદી સમવાયી પ્રજાસત્તાક છે, તેમાં ૫૦ રાજ્યો અને કોલંબિયાનો સમવાયી વિસ્તાર સામેલ છે. દેશનું ક્ષેત્રફળ ૯૪૦૦૦૦૦ ચોરસ કિલોમીટર અને વસતિ ૨૨૩ મિલિયનથી વધારે છે. કેરોલાઈન, મારિયાના, અને માર્શલ ટાપુઓ સંયુક્ત રાજ્ય અમેરિકાના અસ્થાયી રક્ષિત વિસ્તારો છે. સંયુક્ત રાજ્ય અમેરિકાએ પનામા નહેરના પ્રદેશને મહત્ત્વના લશ્કરી અડ્ડામાં પલટાવી નાખ્યો છે.

સંયુક્ત રાજ્ય અમેરિકા સાંસ્થાનિક સત્તા પણ છે. તેના તાબાના પ્રદેશોમાં પુએર્ટો રિકો, વર્જિન આઈલેન્ડ્ઝ, પૂર્વ સામોઆ, અને ગુઆમ ઉપરાંત ઓશનિયાના કેટલાય નાના ટાપુઓ સામેલ છે.

સંયુક્ત રાજ્ય અમેરિકા આધુનિક મૂડીવાદનો આર્થિક અને લશ્કરી ગઢ છે. તેની ઇજારદારી મૂડી આખી દુનિયામાં સૌથી મોટા શોષકનું સ્થાન ધરાવે છે. સાથે સાથે જ, સંયુક્ત રાજ્ય અમેરિકા આધુનિક સામ્રાજ્યવાદનું તેમ જ સામ્યવાદ-વિરોધનું રાજકીય અને વૈચારિક કેંદ્ર પણ છે.

જગતનાં પરિબળોના સહસંબંધો સમાજવાદની તરફેણમાં પલટાતા હોવાના, સોવિયેત સામર્થ્યની વધતી જતી દૃઢતાના, અને સોવિયેત સંઘ તથા બીજા સમાજવાદી દેશોની પ્રતિષ્ઠામાં વૃદ્ધિના સંજોગોમાં ચાલુ સદીના આઠમા દાયકા દરમિયાન સંયુક્ત રાજ્ય અમેરિકાનાં શાસક વર્તુળોને સુમેળની બાબત લક્ષમાં લેવી પડી હતી. પરંતુ આઠમા દાયકાના અંતમાં તથા નવમા દાયકાના આરંભમાં સંયુક્ત રાજ્ય અમેરિકાનાં શાસક વર્તુળોને સુમેળની બાબત પોતાની આક્રમક યોજનાઓમાં અવરોધ જેવી લાગવાથી તેમણે સુમેળના વિરોધનું ધોરણ અપનાવી લીધું. એ રાજકીય ધોરણનું લક્ષ્ય હથિયારોની હરીફાઈ વધારી દેવાનું, સંયુક્ત રાજ્ય અમેરિકાના વિસ્તારની બહાર નવા લશ્કરી અડ્ડાઓ સ્થાપવાનું, અને દુનિયામાં અમેરિકી વર્ચસ્વ જમાવી દેવાનું છે.

મૂડીવાદની વધારે ઊંડી બનતી જતી કટોકટીની તેમ જ કામદાર વર્ગ તથા તમામ મહેનતકશ લોકોનાં પ્રાણભૂત હિતો ઉપર ઇજારદારીઓના વધતા જતા હલ્લાની અસર સંયુક્ત રાજ્ય અમેરિકાની આંતરિક પરિસ્થિતિ ઉપર પડી છે.

સંયુક્ત રાજ્ય અમેરિકા વિરાટ ઇજારદારીઓનું જગત છે, અમેરિકાની કોમ્યુનિસ્ટ પાર્ટીના મહામંત્રી ગસ હોલના શબ્દોમાં ઇજારદારી જોડાણોના અભૂતપૂર્વ નિરંકુશ ધોધની આખરી કક્ષાએ પહોંચી ગયેલો દેશ છે. જેમ જેમ મોટાં કોર્પોરેશનો નાનાં કોર્પોરેશનોને હડપ કરતાં જાય છે તેમ તેમ વિશાળ જૂથો સ્થપાતાં જાય છે. એવાં જૂથો ઉત્પાદનની અનેક શાખાઓ ઉપર તેમ જ દુનિયાના વિવિધ પ્રદેશો ઉપર કાબૂ જમાવી દેવાનો નિર્ધાર ધરાવતાં વિરાટ ઇજારદારી મંડળો હોય છે.

ઇજારદારીઓના હાથમાં આર્થિક તાકાતનું કેંદ્રીકરણ અને રાજ્ય તંત્રની સાથે તેમની મળતિયાગીરીથી રાજ્ય-ઇજારદારી મૂડીવાદની ભૂમિકા વધી ગઈ છે, તેણે દેશની અંદર જીવનનાં બધાં ક્ષેત્રોમાં અને ખાસ કરીને ઉદ્યોગમાં વર્ચસ્વ જમાવી દીધું છે. સંયુક્ત રાજ્ય અમેરિકાની કુલ ઔદ્યોગિક પેદાશનો ૭૦ ટકા

હિસ્સો દેશનાં અતિ મોટાં કોર્પોરેશનોના કાબૂમાં છે, અને એવાં કોર્પોરેશનોની સંખ્યા ૨૫૦થી વધારે નથી.

અમેરિકાના અર્થતંત્રના લશ્કરીકરણના પરિણામે કહેવાતું લશ્કરી-ઔદ્યોગિક સંકુલ—લશ્કરી-ઔદ્યોગિક કોર્પોરેશનો, પેન્ટેગોન, અને રાજ્ય તંત્રનું (વ્હાઇટ હાઉસ, કોંગ્રેસ) કુટિલ જોડાણ—અસ્તિત્વમાં આવ્યું છે. લશ્કરી-ઔદ્યોગિક સંકુલની અસર હેઠળ હથિયારોની હરીફાઈને વધારે ઉગ્ર બનાવવામાં આવે છે. સંયુક્ત રાજ્ય અમેરિકાનું વાર્ષિક લશ્કરી ખર્ચ ૨૦૦ ૦૦૦ મિલિયન ડોલરથી વધારે છે અને હજી વધી રહ્યું છે.

સંયુક્ત રાજ્ય અમેરિકાની ઇજારદારીઓ બીજા મૂડીવાદી દેશોની ઇજારદારીઓથી ઘણી વધારે તાકાતવાન છે. સંયુક્ત રાજ્ય અમેરિકામાં સામાજિક તફાવતો પણ મૂડીવાદી દુનિયાનાં બીજાં સ્થળોના સામાજિક તફાવતોથી ઘણા વધારે ઊંડા છે.

સંયુક્ત રાજ્ય **અમેરિકાની** વસતિનો માત્ર એક ટકા જેટલો હિસ્સો બની રહેતા ગણતર કરોડપતિઓ, લાખોપતિઓ, અને બીજા મૂડીદારો દેશની ૩૦ ટકા સંપત્તિના માલિકો છે. મૂડીવાદી દુનિયાના એ સૌથી વધારે સમૃદ્ધ દેશમાં, સત્તાવાર આંકડાઓ મુજબ, કરોડો અમેરિકીઓ કારમી ગરીબીની જિંદગી ગુજારે છે. સંયુક્ત રાજ્ય અમેરિકાના અર્થશાસ્ત્રીઓએ અંદાજ કાઢ્યો છે કે દેશની ૪૦ ટકા વસતિ ગરીબીની હાલતમાં જીવે છે. બેકારોની હાલત ખાસ મુશ્કેલ હોય છે. કોઈકોઈ વરસોમાં તેમની સંખ્યા ૧૦ મિલિયન સુધી પહોંચી જાય છે.

દેશમાં મૂડીવાદી શોષણ વધી રહ્યું છે. ૬૦ મિલિયન કામદારોનું શોષણ કરતો અમેરિકી મૂડીવાદ તેમના શોષણમાંથી દર વરસે કરોડો ડોલરના નફા કમાય છે.

સંયુક્ત રાજ્ય અમેરિકાની વસતિ ૨૨૩ મિલિયનથી વધારે છે અને સતત વધી રહી છે. તેમાં બીજી જાતિઓના લોકોમાં ૨૫ મિલિયનથી વધારે આફ્રિકી-અમેરિકનો, હબસી મૂળના લોકો, ૬ મિલિયનથી વધારે મેક્સિકીઓ, લગભગ બે મિલિયન પુએર્ટો-રિકનો, અને ૭૫૦ ૦૦૦થી વધારે ઇન્ડિયનો છે.

અમેરિકાના મૂળ વતની ઇન્ડિયનો રંગદ્વેષી વાડાબંધીઓની દશામાં કોઈ જાતના અધિકારો કે ભવિષ્યની સંભાવનાઓ વગર કારમી ગરીબીની જિંદગી ગુજારે છે. સંયુક્ત રાજ્ય અમેરિકાની સામાજિક સીડીનાં સાવ નીચલાં પગથિયાંમાંનું એક પુએર્ટો-રિકનો તથા મેક્સિકી મૂળના અમેરિકીઓનું છે, મોટે ભાગે ભટકતા ખેતમજૂરોનું છે.

દેશની વસતિના ૧૦ ટકા હિસ્સાને આવરી લેતા અમેરિકી હબસીઓમાંથી ૫૦ ટકા લોકો ગંદા વિસ્તારોમાં સાંકડમોકડ રહે છે. ગોરા બેકારોની સરખામણીમાં હબસી બેકારોની સંખ્યા બમણી છે. ગોરા માણસની સરખામણીમાં હબસી માણસને બહુ ઓછો પગાર મળે છે. હબસીઓની વિરુદ્ધ જાતિભેદ જીવનનાં સઘળાં ક્ષેત્રોમાં ફેલાયેલો છે.

સંયુક્ત રાજ્ય અમેરિકા પારાવાર કુદરતી સાધનસંપત્તિ ધરાવે છે. સાબિત કોલસા ભંડારોમાં ૧૨૫૦૦૦ મિલિયન ટનથી વધારે કોલસા છે. દેશના દક્ષિણ અને પશ્ચિમ ભાગમાં આવેલા તેલ ભંડારોનો અંદાજ ૩૫૦૦ મિલિયન ટનનો આંકવામાં આવ્યો છે. વિશાળ સરોવરો તથા આપાલાચિયન પર્વતમાળાના તેમ જ બીજા પ્રદેશોમાં અંદાજિત ૫૦૦૦ મિલિયન ટન કાચા લોઢાના ભંડારો છે. પહાડી રાજ્યોમાં ત્રાંબું, મિશ્ર ધાતુઓ, યુરેનિયમ તથા બીજી નાભિકીય કાચી સામગ્રી, ટંગ્સ્ટન, મોલીબ્દેનમ, તથા નિકલના વિશાળ ભંડારો છે. સંયુક્ત રાજ્ય અમેરિકાને ક્રોમિયમ, મેંગેનીઝ, કોબાલ્ટ, તથા બીજાં ખનીજોની આયાત કરવી પડે છે. અમેરિકી ઇજારદારીઓએ પરદેશોમાં તેલ, યુરેનિયમ, તથા બીજી અગત્યની કાચી સામગ્રીના નિષ્કર્ષણ ઉપર કાબૂ જમાવી રાખ્યો છે. સંયુક્ત રાજ્ય અમેરિકામાં ફળદ્રુપ જમીનના અફાટ વિસ્તારો છે.

યુરોપી દેશોનાં અર્થતંત્રોને શોષી લેનારાં સત્યાનાશી યુદ્ધોને સંયુક્ત રાજ્ય અમેરિકાનો મૂડીવાદ નફાના સ્રોતમાં તેમ જ દુનિયાની અંદર પોતાનું વર્ચસ્વ વધારે જોરદાર બનાવવાના સાધનમાં પલટાવી નાખતો રહ્યો છે. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન તેમાં ભાગ લેનારા યુરોપી દેશોનાં અર્થતંત્રોમાં ઓટ આવી હતી પરંતુ લશ્કરી કામગીરીનાં દરિયાપાર મથકોને શસ્ત્રસરંજામ પૂરો પાડનારા અમેરિકી ઉદ્યોગોનું ઉત્પાદન બમણું થઈ ગયું હતું. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન અમેરિકી ઇજારદારીઓનો નફો ચાર ગણો થઈ ગયો હતો.

અમેરિકાના તેમ જ દુનિયાના કામદાર વર્ગીય આંદોલનના જાણીતા કાર્યકર વિલિયમ ફોસ્ટરે «*Outline Political History of the Americas*» નામે કૃતિમાં લખ્યું છે કે યુદ્ધોના પરિણામે અમેરિકી મૂડીદારોની ધનદોલતમાં વધારો થયો પરંતુ મોટા ભાગના બીજા દેશોની ગરીબી વધી ગઈ, અને એ હકીકત અમેરિકાની આર્થિક, નાણાકીય, તથા લશ્કરી તાકાતમાં વૃદ્ધિનું અત્યંત મહત્ત્વનું કારણ બની રહી.

અમેરિકા જઈને વસનારા વિદેશી વિજ્ઞાનીઓની સંખ્યા યુદ્ધોત્તર ગાળામાં

એકદમ વધી ગઈ છે અને તેઓ દેશના વૈજ્ઞાનિક તથા ટેકનોલોજિકલ સામર્થ્યમાં ઉમેરો કરે છે.

સંયુક્ત રાજ્ય અમેરિકાનું વર્તમાન અર્થતંત્ર ઔદ્યોગિક રૂપરચના ધરાવે છે અને તેની મુખ્ય કડી કુલ રાષ્ટ્રીય આવકમાં ૬૦ ટકાથી વધારે ફાળો આપતા બહુમુખી કારખાના ઉદ્યોગ તથા બાંધકામની છે.

નિષ્કર્ષણ ઉદ્યોગ કરતાં વધારે વેગે વિકસતા કારખાના ઉદ્યોગો સંયુક્ત રાજ્ય અમેરિકાના ઔદ્યોગિક ઉત્પાદનમાં વર્ચસ્વનું સ્થાન ધરાવે છે. કારખાના ઉદ્યોગોની પેદાશમાં ભારે ઉદ્યોગ ૬૦ ટકા ફાળો આપે છે. અગત્યના ઉદ્યોગોની પેદાશમાં શસ્ત્રસરંજામના ઉત્પાદનનો હિસ્સો ૨૫થી ૩૫ ટકા જેટલો છે. કારખાના ઉદ્યોગમાં દર દસ કામદારોમાંથી એક, વીજાણુ ઉદ્યોગમાં દર ત્રણ કામદારોમાંથી એક, અને વિમાન ઉદ્યોગમાં દર બે કામદારોમાંથી એક શસ્ત્રસરંજામનું ઉત્પાદન કરે છે.

ત્રીજા ભાગથી વધારે ઔદ્યોગિક કામદારોને આવરી લેતા ઍન્જિનિયરીંગ ઉદ્યોગમાં મૂડીવાદી દુનિયાના લગભગ ૫૦ ટકા ધાતુકર્મ સરંજામનું ઉત્પાદન થાય છે. વીજાણુ અને વિદ્યુત ઍન્જિનિયરીંગ ઉદ્યોગો યુદ્ધોત્તર ગાળામાં વિકાસની ઊંચી કક્ષાએ પહોંચી ગયા છે. પરમાણુ પાવર સ્ટેશનો માટેના સરંજામનું ઉત્પાદન વધી રહ્યું છે.

મૂડીવાદી દુનિયામાં બનતી મોટરગાડીઓની કલ સંખ્યાના ૩૦ ટકા જેટલા હિસ્સાને આવરી લેતો મોટરવાહન ઉદ્યોગ રેલવેના સરંજામના ઉત્પાદનની સાથે મળીને સંયુક્ત રાજ્ય અમેરિકાના પરિવહન યંત્ર-નિર્માણ ઉદ્યોગની વિવિધ શાખાઓમાં ખાસ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. નૌકાનિર્માણ, ખાસ કરીને યુદ્ધનૌકાઓનું નિર્માણ, પણ ઉત્પાદનની વિકસિત શાખા છે.

સંયુક્ત રાજ્ય અમેરિકાના વિમાન ઉદ્યોગની ક્ષમતા બ્રિટિશ અને પશ્ચિમ જર્મન વિમાન ઉદ્યોગોની એકંદર ક્ષમતાથી ઘણી વધારે છે.

યુદ્ધ પહેલાં મૂડીવાદી દુનિયામાં પ્રથમ સ્થાને પહોંચી ગયેલા અમેરિકી રસાયણ ઉદ્યોગમાં યુદ્ધોત્તર ગાળા દરમિયાન વધારે પ્રગતિ સાધવામાં આવી છે.

સંયુક્ત રાજ્ય અમેરિકાના ઉદ્યોગમાં ધાતુકર્મની શાખા લાંબા વખત પહેલાં સ્થપાયેલી છે. દેશના કાચા લોઢાના ભંડારો લોખંડ અને પોલાદનાં કારખાનાંની માત્ર ૬૦ ટકા જેટલી જરૂરિયાતો સંતોષી શકે છે. ઉત્તમ કોટિનું પોલાદ બનાવવા માટે જરૂરી બનતા લગભગ બધા મેંગેનીઝ અને ક્રોમિયમની તથા બીજાં મિશ્રધાતુ તત્ત્વોની આયાત કરવી પડે છે. સંયુક્ત રાજ્ય અમેરિકાના ઈંધણ સંતુલનમાં

તેલ, કદરતી ગૅસ, અને કોલસા મુખ્ય સ્થાન ધરાવે છે. વીજળીના કુલ ઉત્પાદનમાં થર્મલ પાવર સ્ટેશનો ૮૦ ટકાથી વધારે ફાળો આપે છે. તેમાં હાઈડ્રો-પાવર સ્ટેશનોનો ફાળો પ્રમાણમાં નાનો છે. પરમાણુ પાવર ઉદ્યોગ વિકસી રહ્યો છે.

આખા દેશમાં બહુ અસમાન રીતે વહેંચાયેલું ઔદ્યોગિક ઉત્પાદન મુખ્યત્વે આટલાંટિક મહાસાગરને કિનારે અને વિશાળ સરોવરોના વિસ્તારમાં કેંદ્રીકૃત છે. ઔદ્યોગિક અને શહેરી પ્રદેશની ૧૫૦૦ કિલોમીટર લાંબી પટ્ટી આટલાંટિક મહાસાગરને કિનારે બોસ્ટનથી બર્માંગહામ સુધી પથરાયેલી છે અને ન્યુ યોર્ક, ફિલાડેલ્ફિયા, તથા બાલ્ટીમોર જેવાં મહત્ત્વનાં ઔદ્યોગિક શહેરોને આવરી લે છે. વિશાળ સરોવરોના વિસ્તારમાં ન્યુ યોર્કથી પૂર્વ તરફ શિકાગો, ડેટ્રોઇટ, ક્લીવલૅંડ, અને બફેલોનાં મોટાં ઔદ્યોગિક કેંદ્રો આવેલાં છે. ટેક્સાસ અને ઓક્લાહોમા પ્રદેશો (તેલ), લોસ ઍન્જેલીસ (વિમાન નિર્માણ), અને સાન ફ્રાંસીસ્કોનું (નૌકાનિર્માણ) ઔદ્યોગિક મહત્ત્વ તાજેતરનાં વર્ષોમાં સારી પેઠે વધી ગયું છે.

રાષ્ટ્રીય આવકમાં ખેતીવાડીનો ફાળો ઉદ્યોગ તથા બાંધકામના ફાળાના દસમા ભાગ જેટલો છે. ખેતીવાડીનું મોટા ભાગનું ઉત્પાદન ખૂબ યંત્રીકૃત મૂડીવાદી ખેતરોમાં થાય છે. પાંચ ટકાથી ઓછાં અતિ વિશાળ ખેતરો ખેડાણની ૫૦ ટકા જમીનને અને ખેતીવાડીની બહુ મોટા ભાગની પેદાશને આવરી લે છે. સંયુક્ત રાજ્ય અમેરિકામાં નાના ખેડૂતો ગરીબીની હાલતમાં ધકેલાતા જાય છે અને ખેતીવાડીનું ઉત્પાદન નિરંતર વધતા જતા પ્રમાણમાં મોટાં મૂડીવાદી ખેતરોમાં કેંદ્રીકૃત બનતું જાય છે.

સંયુક્ત રાજ્ય અમેરિકાની ખેતીવાડીમાં ઊંચા પ્રમાણનું પ્રાદેશિક તથા શાખાઓને લગતું વિશેષીકરણ લાક્ષણિક છે. ખૂબ ઉત્પાદક પશુપાલન મહત્ત્વનું સ્થાન ધરાવે છે. વિશાળ સરોવરોના વિસ્તારમાં તેમ જ પૂર્વનાં કેટલાંય રાજ્યોમાં દૂધની પેદાશો માટે ઢોરઉછેરનો વિકાસ સાધવામાં આવ્યો છે. પહાડી પશ્ચિમ ભાગમાં ઘેટાં ઉછેરવામાં આવે છે. ડુક્કરોના ઉછેરનું કામ શહેરોની આસપાસના વિસ્તારોમાં થાય છે. ઘઉંની ખેતી કૅનેડાની સરહદ નજીકનાં રાજ્યોમાં થાય છે. વિશાળ વિસ્તારોમાં મકાઈની વાવણી કરવામાં આવે છે. દક્ષિણ ભાગમાં કપાસ, તમાકુ, અને સિટ્રસ ફળોના પાક ઉગાવવામાં આવે છે.

વાહનવ્યવહાર નિર્ણાયક મહત્ત્વનું સ્થાન ધરાવે છે. દેશની અંદર માલની મોટા ભાગની હેરફેર રેલવે (વપરાતા પાટાની લંબાઈ ૩૩૦ ૦૦૦ કિલોમીટર

છે) મારફત થાય છે. એ ઉપરાંત, રાજમાર્ગોની વિસ્તૃત વ્યવસ્થા પણ છે (કુલ લંબાઈ લગભગ ૫ ૦૦૦ ૦૦૦ કિલોમીટર).

આંતરિક જળમાર્ગોનો ઉપયોગ વ્યાપક રૂપે થાય છે. વિશાળ સરોવરોમાં અને મિસીસીપી વિસ્તારના જળમાર્ગોમાં જહાજોની આવજા ખાસ વધારે હોય છે. વ્યાપારી જહાજોનો મોટો કાફલો વિદેશો જોડે સંયુક્ત રાજ્ય અમેરિકાના આર્થિક સંબંધોની મોટા ભાગની જરૂરિયાતો સંતોષે છે. સંયુક્ત રાજ્ય અમેરિકા વિમાન માર્ગો વડે દુનિયાના ઘણા દેશો જોડે સંકળાયેલું છે.

લેનિને લખ્યું છે કે "આખા યુરોપથી જરાક જ નાના સંયુક્ત રાજ્ય અમેરિકાનો અફાટ વિસ્તાર અને દેશના જુદાજુદા ભાગોમાં આર્થિક સંજોગોનું ભારે વૈવિધ્ય તદ્દન આવશ્યક બનાવે છે કે મુખ્ય વિભાજનોનો અલગ અલગ અભ્યાસ દરેકના વિશિષ્ટ આર્થિક દરજ્જાને લક્ષમાં રાખીને કરવામાં આવે." લેનિને જણાવ્યું છે કે સંયુક્ત રાજ્ય અમેરિકામાં ત્રણ મોટા આર્થિક પ્રદેશો છે: ઔદ્યોગિક ઉત્તર, ભૂતપૂર્વ ગુલામ-માલિક દક્ષિણ, અને પશ્ચિમ કે જેમાં વસાહતો સ્થપાઈ રહી છે.

ગત અરધી સદી દરમિયાન દેશના અર્થતંત્રમાં ગંભીર પરિવર્તનો થયાં હોવા છતાં અર્થતંત્રની એવી વિશિષ્ટતાઓ અને વહેંચણી હાલના સમય સુધી ટકી રહેલી છે. આર્થિક વિકાસમાં એક તરફ ઉત્તરની તાકાતવાન ઇજારદારીઓ અને બીજી તરફ દક્ષિણ તથા પશ્ચિમમાં ઉદય પામેલાં નાણાકીય-ઔદ્યોગિક મંડળો વચ્ચેની સખત ચડસાચડસી લાક્ષણિક છે. પરંતુ ઉત્તર, દક્ષિણ, અને પશ્ચિમના આર્થિક વિકાસમાં સારી પેઠે તફાવતો હજી બાકી છે.

સંયુક્ત રાજ્ય અમેરિકામાં ઉત્તરનો વિસ્તાર ભૂતકાળની જેમ આજે પણ મુખ્ય અને આર્થિક દૃષ્ટિએ વધારેમાં વધારે વિકસિત પ્રદેશ છે. દેશના ચોથા ભાગમાં ફેલાયેલો એ વિસ્તાર દેશની ૫૦ ટકાથી વધારે વસતિને અને લગભગ બે તૃતીયાંશ નાણાકીય તથા ઔદ્યોગિક સામર્થ્યને આવરી લે છે. સંયુક્ત રાજ્ય અમેરિકાની ખેતીવાડીની કુલ વેચાઉ પેદાશમાં અરધા હિસ્સા જેટલો ફાળો એ પ્રદેશ આપે છે.

ઉત્તરના ઔદ્યોગિક સંકુલમાં કારખાના ઉદ્યોગ, ખાસ કરીને મિકેનિકલ ઍન્જિનિયરીંગ, મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ૮૦ ટકાથી વધારે પોલાદ અને લગભગ ૫૦ ટકા વીજળીનું ઉત્પાદન ઉત્તરમાં થાય છે. ખેતીવાડીમાં ઢોરઉછેર (માંસ અને દૂધની પેદાશો) ચારો (મકાઈના કુલ પાકનો ૮૦ ટકા હિસ્સો), ઘઉં, અને શાકભાજી અગત્યનાં સ્થાનો ધરાવે છે. ઉત્તરનો પ્રદેશ સંયુક્ત

રાજ્ય અમેરિકાના કુલ વિદેશ વ્યાપારમાં પણ ૬૬ ટકાનો ફાળો આપે છે.

ઉત્તરનો પ્રદેશ આર્થિક દૃષ્ટિએ બે પેટા-પ્રદેશોમાં વિભાજિત છે: ઔદ્યોગિક પૂર્વ અને ઉદ્યોગો તેમ જ ખેતીવાડીનો ઉત્તર-પશ્ચિમ ભાગ.

ઉત્તરના પ્રદેશના અરધાથી ઓછા ભાગમાં ફેલાયેલો ઔદ્યોગિક પૂર્વનો વિસ્તાર (ન્યુ ઇંગ્લૅંડ, મધ્ય આટલાંટિક રાજ્યો, અને વિશાળ સરોવરોનો પ્રદેશ) ઉત્તરની ૮૦ ટકાથી વધારે વસતિને અને ૯૦ ટકાથી વધારે ઔદ્યોગિક પેદાશને આવરી લે છે. દેશનાં મુખ્ય ઔદ્યોગિક શહેરો પૂર્વ ભાગમાં આવેલાં છે. આટલાંટિક મહાસાગરને કિનારે આવેલું ન્યુ યોર્ક મોટું ઔદ્યોગિક કેંદ્ર (શહેર અને પરાંની મળીને કુલ વસતિ ૧૬ મિલિયન), મહાસાગરીય બંદર, અને રેલવે, રાજમાર્ગો, તથા વિમાન માર્ગોનું મથક છે. તેમાં લાભદાયક કામ કરતા લોકોમાંથી લગભગ ત્રીજા ભાગનાં માણસો વ્યાપારી તથા નાણાકીય ક્ષેત્રમાં કામ કરે છે. પછી શિકાગો (શહેર અને પરાંની મળીને વસતિ ૭ મિલિયન) આવે છે. એ શહેર વિશાળ સરોવરોના વિસ્તારના મધ્યમાં આવેલું અત્યંત મહત્ત્વનું ઔદ્યોગિક, વ્યાપારી, અને નાણાકીય કેંદ્ર છે. શિકાગોના લોખંડ અને પોલાદ ઉદ્યોગમાં દર વરસે ૩૦ મિલિયન ટન જેટલા પોલાદનું ઉત્પાદન થાય છે. શહેરનાં ઍંજિનિયરીંગ કારખાનાંમાં જોરદાર રેલવે ઍંજિનોથી લઈને વીજાણુ સાધનો સુધીની તરેહવાર વસ્તુઓ બને છે. માંસની ચીજોની પ્રખ્યાત પેઢીઓ ધરાવતું શિકાગો શહેર ઢોરનું મોટું બજાર છે. પૂર્વનાં બીજાં મહત્ત્વનાં શહેરો ન્યુ ઇંગ્લૅંડનું ઔદ્યોગિક કેંદ્ર બોસ્ટન, દેશનું બીજા નંબરનું મોટું મહાસાગરીય બંદર ફિલાડેલ્ફિયા, અને ધાતુકર્મ તેમ જ રૉકેટનિર્માણ તથા નૌકાનિર્માણનું કેંદ્ર બાલ્ટીમોર છે.

નાયાગરા ધોધ નજીક આવેલું બફેલો શહેર વિશાળ સરોવરોના વિસ્તારનું મોટું ઔદ્યોગિક કેંદ્ર છે, ક્લીવલૅંડમાં રસાયણ, ધાતુકર્મ, તથા ઍંજિનિયરીંગ ઉદ્યોગો છે, અને ડેટ્રોઈટના મોટરવાહન પ્લાંટો સુખ્યાત છે. આપાલાચિયાન પર્વતમાળાના ઢોળાવો પર આવેલું પીટ્સબર્ગ ખાણ અને લોખંડ તથા પોલાદ ઉદ્યોગોનું પરંપરાગત કેંદ્ર છે.

ઉત્તર-પશ્ચિમ ભાગ પૂર્વના ભાગનું ઉદ્યોગ-ખેતી વિસ્તરણ અંકિત કરે છે. એ પેટા-પ્રદેશ વિશાળ સરોવરો અને ખડકાળ પર્વતોની વચ્ચે આવેલો છે. ત્યાં મકાઈ તથા ઘઉંની ખેતી અને માંસ તથા દૂધની ચીજો માટે ઢોરઉછેર થાય છે. ચીજોની પ્રક્રિયાનો ઉદ્યોગ મિનિયાપોલીસ, કાન્સાસ-શહેર, અને સેંટ લૂઈમાં કેંદ્રીકૃત છે.

લગભગ ઉત્તરના જેટલો જ વિસ્તાર ધરાવતો દક્ષિણ પ્રદેશ આર્થિક વિકાસની બાબતમાં ઉત્તરથી સારી પેઠે પાછળ રહી ગયેલો છે. બીજા વિશ્વયુદ્ધને કારણે દક્ષિણમાં ઔદ્યોગિક વિકાસનો આરંભ થયો હતો અને હવે ત્યાં તેલ, ગૅસ, કોલસા, અને લોખંડના ઉત્પાદન ઉપરાંત કારખાના ઉદ્યોગ પણ છે. દક્ષિણનાં કેટલાંય મહત્ત્વનાં કેંદ્રોમાં હ્યુસ્ટન (તેલ શુદ્ધિકરણ), વિચિતા અને ડલાસ (વિમાન તથા રૉકેટ નિર્માણ), તેમ જ આર્કેન, ઓક રીજ, પાદુકાહ, તથા આમારીલ્લો (પરમાણુ ઉદ્યોગ) સામેલ છે.

દેશને તેલ, કુદરતી ગૅસ, કાચું લોહું, કોલસા, અને યુરેનિયમ પૂરાં પાડતો દક્ષિણ પ્રદેશ કારખાના ઉદ્યોગો માટે ઉત્પાદન વધારવાનું શક્ય બનાવે છે. તે મહત્ત્વનો ખેતી-પ્રદેશ પણ છે. દક્ષિણની ખેતીવાડીમાં કપાસના તેમ જ શાકભાજી અને સિટ્રસ તથા બીજાં ફળોના પાકનું વિશેષીકરણ સાધવામાં આવ્યું છે.

પાટનગર વૉશિંગ્ટન (શહેર અને પરાંની મળીને વસતિ ૩ મિલિયનથી વધારે) દેશના ઉત્તર અને દક્ષિણ પ્રદેશોના સંગમના સ્થળે આવેલા કોલંબિયા વિસ્તાર સાથે સંકળાયેલું છે. પાટનગરમાં લાભદાયક કામ કરતા લોકોમાંથી લગભગ ૫૦ ટકા માણસો સરકારી નોકરો છે અને ત્રીજા ભાગથી વધારે માણસો સેવા ઉદ્યોગોમાં તથા વ્યાપારી પેઢીઓમાં કામ કરે છે. પાટનગરમાં સંખ્યાબંધ કોલેજો, સંશોધન વિદ્યાલયો, તથા સાંસ્કૃતિક સંસ્થાઓ છે. તેમ છતાં, એ શહેર દેશના રાજકીય પાટનગર તરીકે વધારે પ્રખ્યાત છે.

પશ્ચિમનો પ્રદેશ વિસ્તારની દૃષ્ટિએ દેશનો સૌથી મોટો હિસ્સો હોવા છતાં દેશના બીજા ભાગોની સરખામણીમાં ત્યાં વસતિની ગીચતા ઓછી છે અને ઔદ્યોગિક વિકાસ ઓછો થયો છે. એ પ્રદેશના મોટા ભાગમાં પર્વતો અને રણો છે. આર્થિક પ્રવૃત્તિ નદીઓની ખીણોમાં, વાહનવ્યવહારના માર્ગો નજીક, અને કિનારાપ્રદેશમાં કેંદ્રીકૃત છે.

ઔદ્યોગિક અને ખેતીવાડીનું ઉત્પાદન મુખ્યત્વે પ્રશાંત મહાસાગરના વિસ્તારનાં રાજ્યોમાં થાય છે અને પ્રદેશની મોટા ભાગની વસતિ એ રાજ્યોમાં વસેલી છે. પ્રશાંત મહાસાગરને કિનારે તેમ જ આખા પશ્ચિમ પ્રદેશમાં આર્થિક દૃષ્ટિએ સૌથી વધારે વિકસિત રાજ્ય કેલિફોર્નિયા છે. યુદ્ધોત્તર કેલિફોર્નિયાનું વાસ્તવિક ઔદ્યોગિક રૂપ નિર્ધારિત કરનારી બાબત તેલ તથા રસાયણ ઉદ્યોગોની નહિ પરંતુ વિમાનો તથા રૉકેટોના નિર્માણની છે. વર્તમાન સમયે કેલિફોર્નિયા સંયુક્ત રાજ્ય અમેરિકાના કુલ શસ્ત્રસરંજામ ઉત્પાદનમાં ૨૦ ટકાનો ફાળો આપે છે.

લોસ ઍન્જેલીસ (શહેર અને પરાંની મળીને વસતિ ૭ મિલિયન) અને સાન દિયેગો કેલિફોર્નિયામાં અને આખા પશ્ચિમ પ્રદેશમાં યુદ્ધ ઉદ્યોગનાં સૌથી મોટાં કેંદ્રો છે. ઉત્તરમાં હાનફોર્ડ શહેરમાં પરમાણુ ઉદ્યોગ છે. પશ્ચિમ પ્રદેશમાં લોસ ઍન્જેલીસ પછી બીજા નંબરનું મોટું શહેર સાન ફ્રાંસીસ્કો મહત્ત્વનું ઔદ્યોગિક કેંદ્ર અને મહાસાગરીય બંદર છે.

પશ્ચિમનાં પહાડી રાજ્યો બહોળા વિસ્તારને આવરી લે છે. એ રાજ્યોમાં ક્યાંક ક્યાંક નિષ્કર્ષણ ઉદ્યોગ, સીંચાઈની ખેતી, અને ચરાણોમાં ઢોરઉછેરનાં મથકો છે.

અલાસ્કા (કાષ્ઠ, માછીમારી, તેલ) અને હવાઈ (ઉષ્ણ કટિબંધીય પાકો, સહેલાણી પ્રવાસ) સંયુક્ત રાજ્ય અમેરિકાના મુખ્ય વિસ્તારથી અળગાં છે. લશ્કરી અડ્ડાઓ ધરાવતાં એ બન્ને રાજ્યો સંયુક્ત રાજ્ય અમેરિકા માટે ભારે વ્યૂહાત્મક મહત્ત્વનાં છે.

એ રીતે, દુનિયાનો સૌથી મોટો મૂડીવાદી દેશ સંયુક્ત રાજ્ય અમેરિકા અત્યંત વિવિધ સ્થાનિક સંજોગો તથા એકદમ ઊંડા સામાજિક તફાવતોનો દેશ છે. સંયુક્ત રાજ્ય અમેરિકાનો આર્થિક અને રાજકીય વિકાસ અટપટી આંતરિક અને આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિમાં થઈ રહ્યો છે.

સંયુક્ત રાજ્ય અમેરિકાનાં શાસક વર્તુળો પ્રજાઓના ભાવિના નિર્માતાઓ તરીકેની પોતાની ભૂમિકાને ફરી સ્થાપવાનું સ્વપ્ન સેવે છે અને તેને સાકાર કરવા આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિને ઉગ્ર બનાવે છે. તેમની લશ્કરી તૈયારીઓ સોવિયેત સંઘની વિરુદ્ધ, આખી દુનિયાની શાંતિ અને પ્રગતિના ગઢની વિરુદ્ધ, લક્ષ્યાંકિત છે. સોવિયેત સંઘ એવી આક્રમક મુરાદોને ધુતકારી કાઢે છે અને આપણી પૃથ્વી ઉપર શાંતિને વધારે દૃઢ બનાવવાના આશયે સંયુક્ત રાજ્ય અમેરિકાની સાથે ધોરણસરના સંબંધો જાળવવાની તેમ જ સહકાર વિકસાવવાની તત્પરતા વારંવાર દોહરાવે છે.

પશ્ચિમ યુરોપી મૂડીવાદી દેશો

વિશ્વ સમાજવાદી પદ્ધતિના ઉદયના પરિણામે યુરોપના ચાર મહત્ત્વના મૂડીવાદી દેશો બ્રિટન, પશ્ચિમ જર્મની, ફ્રાંસ, અને ઇટાલીને ખંડમાં પોતાનાં અગાઉનાં કેટલાંય સ્થાનો તજી દેવા પડ્યાં. યુરોપમાં તેમના રાજકીય તથા આર્થિક વર્ચસ્વનું ક્ષેત્ર સારી પેઠે સંકોચાઈ ગયું. ઊંડી આર્થિક કટોકટીના

સંજોગોમાં આંતર-સામ્રાજ્યવાદી ચડસાચડસી વધી ગઈ છે અને સહિયારા બજારની અંદર તેમ જ સામ્રાજ્યવાદી લશ્કરી નાટો જૂથની અંદર આંતરવિરોધો વધારે ઉગ્ર બની ગયા છે. તેમ છતાં, યુરોપના મૂડીવાદી દેશો ભેગા મળીને હજી અર્થકારણની વિશ્વ પદ્ધતિમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે, મૂડીવાદી દુનિયાની ઔદ્યોગિક પેદાશમાં લગભગ ત્રીજા ભાગનો ફાળો આપે છે. તેમણે સોનાનાં વિશાળ અનામત ભંડોળો એકઠાં કરી લીધાં છે, અને દુનિયાના વ્યાપારમાં તેમનો હિસ્સો સંયુક્ત રાજ્ય અમેરિકાના હિસ્સાથી મોટો છે. ભૂતપૂર્વ સાંસ્થાનિક સત્તાઓએ, પશ્ચિમ યુરોપના મહત્ત્વના દેશોએ, હજી કેટલાંય વિકસતાં રાજ્યોના અર્થતંત્રમાં મહત્ત્વનાં સ્થાનો જાળવી રાખ્યાં છે.

ચાલુ સદીના આઠમા દાયકામાં સુમેળ તથા પરસ્પર લાભદાયક સહકારનાં સુફળો ચાખી ચૂકેલું યુરોપ નવમા દાયકાના આરંભથી આક્રમક સામ્રાજ્યવાદી વર્તુળોની નીતિને લીધે વળી આમનાસામનાના વિસ્તારમાં પલટાઈ ગયું છે. નાટો જૂથની સત્તાઓ તરફથી મધ્ય યુરોપમાં નવાં વ્યૂહાત્મક શસ્ત્રાસ્ત્રોની ગોઠવણી તથા ઉપયોગના પરિણામે યુરોપ વસતિ વગરનું બની જાય, પોતાનું જ કબ્રસ્તાન બની જાય. સોવિયેત સંઘ, તેના સંગાથીઓ, અને બધાં શાંતિપ્રેમી પરિબળો યુરોપને નાભિકીય હોનારતથી ઉગારી લેવાની, યુરોપની પ્રજાઓ માટે કાયમી શાંતિ અને નિરંતર પ્રગતિ સુનિશ્ચિત બનાવવાની, જહેમતો કરે છે.

યુનાઈટેડ કિંગ્ડમ

યુનાઈટેડ કિંગ્ડમ હજી મોટી સામ્રાજ્યવાદી સત્તા છે, અને બ્રિટિશ સામ્રાજ્યવાદ હજી ખોફનાક આર્થિક, રાજકીય, તથા લશ્કરી તાકાત છે. પરંતુ તાજેતરનાં વર્ષોમાં બ્રિટન પોતાનાં અગાઉનાં સ્થાનો ગુમાવતું રહ્યું છે અને એક જમાનાની પોતાની સત્તામાંથી ખરેખર ઘણીબધી ગુમાવી બેઠું છે.

યુરોપમાં મૂડીવાદી વિકાસનો પંથ અપનાવનારો પહેલો દેશ બ્રિટન હતો, અને ઓગણીસમી સદીના મધ્ય સુધીમાં તે વિવિધ કારણોસર "દુનિયાનું કારખાનું" અને દુનિયાની મુખ્ય વ્યાપારી સત્તા હોવાનો દાવો કરવા લાગ્યો હતો. વીસમી સદીના આરંભમાં બ્રિટિશ સાંસ્થાનિક પ્રદેશો દુનિયાના કુલ વિસ્તાર તથા વસતિના ચોથા ભાગને આવરી લેતા હતા. બ્રિટનની સંપત્તિ અને સત્તાનાં મુખ્ય સ્રોતોમાંનો એક સંસ્થાનોની ફતેહ અને લૂંટફાટનો હતો. એ ક્ષેત્રમાં બ્રિટિશ સંસ્થાનવાદીઓનો જોટો ક્યાંય નહોતો.

પ્રથમ અને ખાસ કરીને બીજા વિશ્વયુદ્ધના પરિણામે બ્રિટનનાં સ્થાનો ખૂબ નબળાં પડી ગયાં. તેણે મૂડીવાદી દુનિયાનું પોતાનું મોખરાનું સ્થાન લાંબા વખત પહેલાં વધારે સમર્થ દેશ સંયુક્ત રાજ્ય અમેરિકાની તરફેણમાં છોડી દીધું હતું, અને હવે જાપાન, જર્મન સમવાયી પ્રજાસત્તાક, ફ્રાંસ, તથા ઇટાલીએ તેને પૃષ્ઠભૂમિમાં વધારે આઘું ધકેલી દીધું છે.

બ્રિટિશ સાંસ્થાનિક સામ્રાજ્યના વિઘટનથી બ્રિટિશ મૂડીવાદને ગંભીર ફટકો પડ્યો. સંસ્થાનોના શોષણમાંથી મળતા નફા ઘટી ગયા. નાટો અને બીજાં આક્રમક સામ્રાજ્યવાદી જૂથોમાં સામેલગીરીને લીધે કરવા પડતા પારાવાર લશ્કરી ખર્ચને પહોંચી વળવા દેશની આવક પૂરી નહોતી પડતી.

બ્રિટન ઔદ્યોગિક વિકાસની બાબતમાં પાછળ રહી ગયું એટલે દુનિયાનાં બજારોમાં બ્રિટિશ માલની હરીફાઈની ક્ષમતા ઘટી ગઈ. કારખાનાંની પેદાશની વિશ્વવ્યાપી નિકાસમાં તેનો હિસ્સો ઘટી ગયો, અને સાથે સાથે તેને તરેહવાર ચીજોના મોટા જથ્થાઓની આયાત શરૂ કરવી પડી. તેના પરિણામે વિદેશો જોડેના વ્યાપારમાં તેને કરવાની ચુકવણીઓની બાકી રકમ એકધારી વધતી ગઈ.

બ્રિટિશ સામ્રાજ્યવાદ નબળો પડતો જાય છે અને તેની સાથે સાથે દેશની અંદર સામાજિક આંતરવિરોધો વધારે ઊંડા બનતા જાય છે.

બ્રિટિશ ટાપુઓમાં પોતાની સ્થિતિ સુધારવાનો નિર્ધાર ધરાવતા મહેનતકશ લોકોનું વ્યાપક હડતાલ આંદોલન જોર પકડતું જાય છે. આર્થિક મંદી, બેકારીમાં વધારો, અને વધતી જતી મોંઘવારીને લીધે દેશમાં સામાજિક ઘર્ષણો વધારે ઉગ્ર બની રહ્યાં છે.

શાસક વર્તુળો દેશની હચમચી ગયેલી આંતરિક અને આંતરરાષ્ટ્રીય સ્થિતિને મક્કમ બનાવવાના મરણિયા પ્રયાસો કરી રહ્યાં છે. તેમણે ખાસ કરીને યુરોપી આર્થિક સમાજમાં—"સહિયારા બજાર"માં—બ્રિટનને સામેલ કરાવવાની અને એ રીતે પશ્ચિમ યુરોપમાં તેની સ્થિતિ વધારે મજબૂત બનાવવાની પૂરી કોશિશો કરી હતી. પરંતુ યુરોપી આર્થિક સમાજમાં જોડાઈને પણ બ્રિટન પોતાની નિકાસ વધારવામાં નિષ્ફળ ગયું છે અને તેની આર્થિક હાલત ઊલટી વધારે વણસી છે.

યુનાઈટેડ કિંગ્ડમ પ્રમાણમાં નાનું દ્વીપ રાજ્ય છે. તેનો વિસ્તાર (૨૪૪ ૦૦૦ ચોરસ કિલોમીટર) લગભગ જર્મન સમવાયી પ્રજાસત્તાક જેટલો અને ફ્રાંસના વિસ્તારથી અડધો છે. તેની વસતિ ૫૬ મિલિયન છે અને એ સંબંધમાં તે પશ્ચિમ યુરોપમાં જર્મન સમવાયી પ્રજાસત્તાક અને ઇટાલી પછી ત્રીજું સ્થાન ધરાવે છે.

યુનાઈટેડ કિંગ્ડમ ઐતિહાસિક, ભૌગોલિક, અને જાતિમૂલક દૃષ્ટિએ સુગ્રથિત

રાજ્ય નથી. તેની વસતિનો પાંચમા ભાગ સ્કોટ, વેલ્શ, આઈરિશ, તથા અલ્સ્ટરવાસીઓનો છે. એ બધા અંગ્રેજી ભાષા બોલે છે પરંતુ પોતાને અંગ્રેજ કોઈ રીતે નથી ગણતા. આયર્લૅંડમાંથી બળજબરીના આધારે અલગ કરીને યુનાઈટેડ કિંગ્ડમમાં સામેલ કરી દેવામાં આવેલા અલ્સ્ટરના (ઉત્તર આયર્લૅંડ) રહેવાસીઓ રાષ્ટ્રીય સ્વતંત્રતા અને વતન જોડે પુનરેકીકરણ માટેના પોતાના સંઘર્ષને વધારે જોરદાર બનાવી રહ્યા છે.

એવી જ રીતે દેશના અલગ અલગ ભાગોમાં આર્થિક વિકાસના સ્તરો અસમાન છે. દેશના સરહદી વિસ્તારોની પ્રજાઓ આર્થિક દૃષ્ટિએ પછાત છે.

યુનાઈટેડ કિંગ્ડમ મૂડીવાદી રાજ્ય છે. તેનો ખૂબ વિકસિત ઉદ્યોગ રાષ્ટ્રીય પેદાશમાં ખેતીવાડીના ફાળાથી દસ ગણો ફાળો આપે છે. દેશની ખેતીવાડી ખોરાકની માત્ર ૫૦ ટકા જેટલી જ આંતરિક જરૂરિયાતને સંતોષી શકે છે.

બ્રિટનનું અર્થતંત્ર મુખ્યત્વે વિદેશો જોડેના વ્યાપાર ઉપર આધારિત છે કારણ કે મોટા ભાગના ઉદ્યોગોમાં નિકાસની ચીજોનું ઉત્પાદન થાય છે. સાથે સાથે જ, મોટા ભાગના ઔદ્યોગિક કાચા માલની તથા ખોરાકના વિશાળ જથ્થાઓની આયાત કરવી પડે છે. વિદેશો જોડે બ્રિટનનો કુલ વ્યાપાર બધા મોટા મૂડીવાદી દેશોના એવા વ્યાપારથી ઓછો છે. બ્રિટનના વ્યાપારી જહાજોના કાફલાની ભારવહન ક્ષમતા કેવળ જાપાનની સરખામણીમાં ઓછી છે. બ્રિટિશ ધ્વજ લહેરાવીને વિશ્વ મહાસાગરમાં ફરતાં જહાજોમાં માલના વિશાળ જથ્થાઓની હેરફેર થાય છે.

બ્રિટનના યુદ્ધોત્તર અર્થતંત્રમાં રાજ્ય મૂડીવાદની ભૂમિકા એકદમ વધી ગઈ છે. રેલવે, આંતરિક જળમાર્ગો, ઇંધણ તથા પાવર ઉદ્યોગની (કોલસા, ગેસ, વીજળી) અગત્યની શાખાઓ, તથા શસ્ત્રસરંજામ (પરમાણુ સહિત) ઉદ્યોગનાં મથકોનું તેમ જ લોખંડ અને પોલાદ ઉદ્યોગની મોટા ભાગની ક્ષમતાઓનું સંચાલન રાજ્યને હસ્તક છે. દેશનો લગભગ પાંચમા ભાગનો ઉદ્યોગ ઇજારદારી મૂડીના હિતમાં રાષ્ટ્રીયકૃત છે.

પરંતુ સમગ્ર રૂપે જોતાં અર્થતંત્રમાં અગત્યનાં સ્થાનો ખાનગી મૂડીના હાથમાં છે. બ્રિટિશ ઉદ્યોગમાં ૧૮૦ કંપનીઓનું વર્ચસ્વ છે. તેમાંથી ૨૦ તો મૂડીવાદી દુનિયાની વધારેમાં વધારે પ્રભાવક ઇજારદારીઓમાં સ્થાન ધરાવે છે. મોટરવાહન, વીજાણુ, પેટ્રોકેમિકલ, અને બીજા કેટલાય અગત્યના ઉદ્યોગો પરદેશી મૂડીની, મુખ્યત્વે સંયુક્ત રાજ્ય અમેરિકાની મૂડીની, અસર હેઠળ છે.

બ્રિટિશ ઉદ્યોગના રચનાતંત્રમાં કારખાના ઉદ્યોગનું સાફ વર્ચસ્વ જોવા

મળે છે. કારખાના ઉદ્યોગ દેશની કુલ ઔદ્યોગિક પેદાશમાં ૯૦ ટકાથી વધારે ફાળો આપે છે. ખાણ ઉદ્યોગ પ્રમાણમાં નાનો છે કારણ કે બ્રિટનમાં કોલસાને (૧૭૦૦૦૦ મિલિયન ટન) બાદ કરતાં બાકીની ખનીજ સંપત્તિ ઓછી છે.

ઍન્જિનિયરીંગ ઉદ્યોગ મોખરાનું તથા નિર્ણાયક સ્થાન ધરાવે છે અને કુલ ઔદ્યોગિક પેદાશના ત્રીજા ભાગને તથા બ્રિટિશ નિકાસના મૂલ્યના ૫૦ ટકા હિસ્સાને આવરી લે છે. પરંતુ બ્રિટિશ ઍન્જિનિયરીંગ પેદાશોનું લાગત ખર્ચ સરખામણીમાં વધારે હોવાથી તેમને માટે વિશ્વ બજારમાં સફળ હરીફાઈ શક્ય નથી બનતી.

તાજેતરમાં સ્થપાયેલા ઉદ્યોગોમાંથી વિદ્યુત ઇજનેરી તથા વીજાણુ ઉદ્યોગો મોખરાનાં સ્થાનોએ પહોંચી ગયા છે. તેમની પેદાશોની સૌથી વધારે ખરીદી સંરક્ષણ મંત્રાલય કરે છે. વિમાનોનું નિર્માણ તથા ઍન્જિનિયરીંગ ઉદ્યોગની બીજી શાખાઓનું ઉત્પાદન પણ એ જ મંત્રાલયના ઑર્ડરો મુજબ થાય છે. બીજી એક વિકસિત શાખા વાહનવ્યવહારના યંત્ર-નિર્માણની છે. પરંપરાગત બ્રિટિશ નૌકાનિર્માણની ક્ષમતાઓ સંયુક્ત રાજ્ય અમેરિકાની સરખામણીમાં ઓછી છે; એ શાખાને ઓછા ઑર્ડરો મળે છે અને તેના તરફથી ઓછાં જહાજો વહેતાં મુકાય છે.

બ્રિટિશ ધાતુકર્મ ઉદ્યોગનો વિકાસ ગણનાપાત્ર પ્રમાણમાં આયાતના કાચા માલના આધારે થાય છે. બ્રિટનનું પોલાદનું ઉત્પાદન બધા મોટા મૂડીવાદી દેશોની સરખામણીમાં ઓછું છે. ત્રાંબું, સીસું, ઝીંક, અને ટિનનું ઉત્પાદન પણ મુખ્યત્વે આયાતના કાચા માલમાંથી થાય છે.

રસાયણ ઉદ્યોગ અર્થતંત્રની નવી અને ઝડપથી વિકસતી શાખા છે. લેંકેશાયર, દક્ષિણ વેલ્સ, અને બીજા વિસ્તારોમાં બાંધવામાં આવેલાં કારખાનાંમાં પ્લાસ્ટિક, કૃત્રિમ રબર, રાસાયણિક તંતુ, અને બીજી વસ્તુઓનું ઉત્પાદન થાય છે.

બ્રિટનમાં ઉત્તર સમુદ્રના વિસ્તારમાં મોટા તેલ અને ગૅસ ભંડારોમાં ઉત્પાદન ૧૯૭૫માં શરૂ થયું હતું. સમુદ્રી તેલક્ષેત્રોમાં તેલનું ઉત્પાદન ૧૯૮૦માં ૮૦ મિલિયન ટન સુધી પહોંચી ગયું હતું. એથી પ્રવાહી ઈંધણ તથા પેટ્રોકેમિકલ પેદાશોના સંબંધમાં દેશની જરૂરિયાતો સંતોષવા માટે બ્રિટિશ કાચા માલનો ઉપયોગ કરતા તેલ શુદ્ધિકરણ ઉદ્યોગને વિકસાવવાનું શક્ય બન્યું છે.

પ્રથમ વિશ્વયુદ્ધ પહેલાં બ્રિટનનો કાપડ ઉદ્યોગ આખી દુનિયામાં સૌથી મોટો હતો, પરંતુ તાજેતરનાં વર્ષો દરમિયાન તેમાં ઉત્પાદન ઘટતું રહ્યું છે. દેશમાં ઉદ્યોગની વહેચણી પ્રાદેશિક દૃષ્ટિએ ઠીકઠીક સમપ્રમાણ છે, પરંતુ

જમાવટનાં પ્રમાણોમાં તફાવતો છે. એ દૃષ્ટિએ જોતાં બૃહત્તર લંડન (વસતિ ૮ મિલિયન) મહત્ત્વનું સ્થાન ધરાવે છે. યુનાઈટેડ કિંગ્ડમનું પાટનગર લંડન ઔદ્યોગિક, વ્યાપારી, તથા નાણાકીય કેંદ્ર છે અને વિશ્વ-બંદર છે.

મીડલૅંડ દેશનું સૌથી જૂનું કોલસા, ધાતુ, અને યંત્ર ઉત્પાદન કેંદ્ર છે. બર્મીંગહામ (પરિવહન અને લશ્કરી યંત્ર-નિર્માણ) એ પ્રદેશનું ઔદ્યોગિક હાર્દ છે. કોવેન્ટ્રીનું ઔદ્યોગિક વિશેષીકરણ યંત્ર-નિર્માણનું છે.

બીજાં મહત્ત્વનાં ઔદ્યોગિક શહેરો લેંકેશાયરમાં માંચેસ્ટર (કાપડ ઉદ્યોગ), યોર્કશાયરમાં શેફીલ્ડ, ઉત્તર ઇંગ્લૅંડમાં ન્યુકેસલ, અને સ્કોટલૅંડમાં ગ્લાસગો છે. ગ્લાસગો (શહેર અને પરાંની મળીને વસતિ લગભગ બે મિલિયન) યુનાઈટેડ કિંગ્ડમનું બીજા નંબરનું મોટું શહેર અને મહત્ત્વનું નૌકાનિર્માણ તથા ઍન્જિનિયરીંગ કેંદ્ર છે. સ્કોટલૅંડ, વેલ્સ, અને ઉત્તર આયરલૅંડ ઔદ્યોગિક દૃષ્ટિએ પછાત અને કંગાલ પ્રદેશો છે. આર્થિક મંદીથી ત્યાંના તેમ જ આખા દેશના મહેનતકશ લોકોને માથે સખત હાડમારી લદાઈ જાય છે.

જર્મન સમવાયી પ્રજાસત્તાક

જર્મન સમવાયી પ્રજાસત્તાક મોટો અને આર્થિક દૃષ્ટિએ ખૂબ વિકસિત દેશ છે. જર્મન સમવાયી પ્રજાસત્તાકે પશ્ચિમી સત્તાઓની છત્રછાયામાં પોતાના આર્થિક સામર્થ્યનું પુનરુત્થાન સાધીને તેને વધારે વિકસાવ્યું છે અને યુરોપી આર્થિક સમાજમાં, સહિયારા બજારમાં, નિર્ણાયક સ્થાનો હાંસલ કરી લીધાં છે. જર્મન સમવાયી પ્રજાસત્તાક ૧૯૫૫માં નાટો લશ્કરી જૂથમાં જોડાઈ ગયું હતું.

જર્મન સમવાયી પ્રજાસત્તાકમાં આંતરિક પ્રત્યાઘાત, લશ્કરવાદ, અને વેરવૃત્તિની સામે કામદાર વર્ગ તથા પ્રગતિશીલ વર્તુળોના સંઘર્ષના વિકાસના પરિણામે, તેમ જ જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાકનાં તથા સમાજવાદી દેશોની આખી બિરાદરીનાં આંતરરાષ્ટ્રીય સ્થાનો વધારે દૃઢ બનવાના પરિણામે, જર્મન સમવાયી પ્રજાસત્તાક અને સોવિયેત સંઘ તથા બીજા સમાજવાદી દેશો વચ્ચેના સંબંધોમાં સુધારો થયો છે. ૧૯૭૦-૭૩ દરમિયાન જર્મન સમવાયી પ્રજાસત્તાકે સોવિયેત સંઘ સાથે તેમ જ પોલૅંડ સાથે યુરોપની વર્તમાન સરહદોની અભેદ્યતા સંબંધી સંધિઓ, જર્મન લોકશાહીવાદી પ્રજાસત્તાક સાથે બન્ને દેશોના સંબંધોના આધારને લગતી સંધિ, તથા ઝેકોસ્લોવાક સમાજવાદી પ્રજાસત્તાક સાથે મ્યુનિખ કરારના ખાતમાને માન્યતાના આધારે સંબંધોને ધોરણસર બનાવવા વિશે સંધિ

કરી હતી. તેના પરિણામે, યુરોપી દેશો વચ્ચે શાંતિને વધારે દૃઢ બનાવવા તથા સર્વાંગી સહકારને વિસ્તારવા માટે સાનુકૂળ સંજોગો પેદા થયા છે.

જર્મન સમવાયી પ્રજાસત્તાક (ક્ષેત્રફળ ૨૪૮૦૦૦ ચોરસ કિલોમીટર) પશ્ચિમ યુરોપના મધ્ય ભાગમાં આવેલું છે. જર્મન સમવાયી પ્રજાસત્તાકના સરસ પ્રાકૃતિક સંજોગો અને વિપુલ માનવશક્તિ (વસતિ લગભગ ૬૦ મિલિયન) દેશના આર્થિક વિકાસને પ્રવેગ આપે છે. રાજ્ય-ઈજારદારી મૂડીવાદ અર્થતંત્રમાં નિર્ણાયક સ્થાનો ધરાવે છે. જર્મન સમવાયી પ્રજાસત્તાકના અર્થતંત્રનું મહત્ત્વનું લક્ષણ મૂડીની જમાવટ તથા કેંદ્રીકરણનું તેમ જ અગત્યના ઉદ્યોગોમાં રાજ્યની મોટા પાયાની સામેલગીરીનું છે.

જર્મન સમવાયી પ્રજાસત્તાકના અર્થતંત્રનો પાયો ઉદ્યોગ છે. દેશના અર્થતંત્રની પેદાશોના કુલ મૂલ્યમાં ઉદ્યોગ અને બાંધકામનો ફાળો ૯૦ ટકાથી વધારે છે. ખેતીવાડીની પેદાશથી દેશની ખોરાકની ૭૫ ટકા જેટલી જરૂરિયાતો સંતોષાય છે, બાકીના ખોરાકની આયાત કરવામાં આવે છે.

ઉદ્યોગના ક્ષેત્રમાં ભારે ઉદ્યોગનું વર્ચસ્વ છે. કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાંથી લગભગ ૬૦ ટકા જેટલું ભારે ઉદ્યોગની કોલસા, ધાતુકર્મ, રસાયણ, ઍન્જિનિયરીંગ, તથા બીજી શાખાઓમાં થાય છે. દેશના ઉપયોગ માટે તથા ખાસ નિકાસ માટે વપરાશી માલ બનાવતા હળવા તથા ખોરાક ઉદ્યોગો ઔદ્યોગિક તંત્રમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

બહુમુખી ઍન્જિનિયરીંગ ઉદ્યોગ કુલ ઔદ્યોગિક પેદાશમાં લગભગ ત્રીજા ભાગનો અને કારખાનાંની બનાવટોની નિકાસમાં લગભગ અરધા ભાગનો ફાળો આપે છે. રુર અને બીજા પ્રદેશોમાં વિકાસની ખાસ ઊંચી કક્ષાએ પહોંચી ગયેલા યંત્ર-નિર્માણ ઉદ્યોગમાં ધાતુકર્મ, પાવર, વાહનવ્યવહાર, તથા બીજી ધાતુપ્રધાન શાખાઓ મોખરાની ભૂમિકા ભજવે છે.

જર્મન સમવાયી પ્રજાસત્તાકમાં ધાતુકર્મ સરંજામનું ઉત્પાદન સંયુક્ત રાજ્ય અમેરિકાની સરખામણીમાં ૫૦ ટકા જેટલું અને બ્રિટનની સરખામણીમાં બમણું થાય છે. પરંતુ સાથે સાથે જ જર્મન સમવાયી પ્રજાસત્તાક યંત્ર-ઓજારો, ફોર્જ તથા પ્રેસ, અને બીજા ધાતુકર્મ સરંજામની નિકાસ સંયુક્ત રાજ્ય અમેરિકાથી બમણી કરે છે અને તેણે એ સંબંધમાં બ્રિટન તથા બીજા વિકસિત મૂડીવાદી દેશોને ખૂબ પાછળ રાખી દીધા છે.

જર્મન સમવાયી પ્રજાસત્તાકના દક્ષિણ ભાગમાં તથા ઉત્તર રાઇન-વેસ્ટફાલિયા વિસ્તારમાં ઉદ્યોગોમાં વિદ્યુત ઍન્જિનિયરીંગની પેદાશો તથા વીજાણુ સરંજામના

ઉત્પાદનનું વિશેષીકરણ સાધવામાં આવ્યું છે. જર્મન સમવાયી પ્રજાસત્તાક મૂડીવાદી દુનિયામાં વિદ્યુત ઍન્જિનિયરીંગ સરંજામની નિકાસની બાબતમાં પ્રથમ સ્થાન અને વીજાણુ પેદાશોની નિકાસની બાબતમાં સંયુક્ત રાજ્ય અમેરિકા તથા જાપાન પછી ત્રીજું સ્થાન ધરાવે છે.

પશ્ચિમ જર્મનીમાં મોટરવાહનોનું ઉત્પાદન મોટા પાયા પર થાય છે, અને જાપાની તથા બીજી પેઢીઓની હરીફાઈ છતાં તે બીજા મૂડીવાદી દેશો કરતાં વધારે મોટરવાહનોની નિકાસ કરે છે.

વિમાન-નિર્માણ ફરી શરૂ થઈ રહ્યું છે, અને શસ્ત્રસરંજામના ઉદ્યોગની જ એક શાખા અંકિત કરતા રૉકેટ-નિર્માણની સંઘટના મ્યુનિખ, ન્યુરેમ્બર્ગ, તથા બીજાં શહેરોમાં થઈ રહી છે. નૌકાનિર્માણનાં મથકોમાં જંગજહાજો તેમ જ વ્યાપારી જહાજો બંધાઈ રહ્યાં છે. વધારે જહાજો બાંધતો બીજો યુરોપી દેશ બ્રિટન છે. જર્મન સમવાયી પ્રજાસત્તાકમાં વિકસિત કાપડ ઉદ્યોગ, યંત્ર તથા ટ્રૅક્ટર નિર્માણ ઉદ્યોગો, તેમ જ ઉત્પાદનની રાસાયણિક તથા બીજી શાખાઓ માટે સરંજામ બનાવતા ઉદ્યોગો છે.

જર્મન સમવાયી પ્રજાસત્તાકના ઍન્જિનિયરીંગ ઉદ્યોગની અને વાસ્તવમાં સમગ્ર અર્થતંત્રની આધારશિલા લોખંડ અને પોલાદના વિપુલ ઉત્પાદનની છે. દેશમાં પોલાદનું ઉત્પાદન ઘટી રહ્યું હોવા છતાં સહિયારા બજારના બધા દેશોના પોલાદ ઉદ્યોગના કુલ ઉત્પાદનમાં તે લગભગ ૫૦ ટકાનો ફાળો આપે છે. બિનલોહ ધાતુ ઉદ્યોગ કાચા માલની તંગીને લીધે દેશની જરૂરિયાતોને સંતોષી શકતો નથી.

પશ્ચિમ જર્મનીનું લિગ્નાઇટ તથા કોલસાનું એકંદર ઉત્પાદન (વરસે ૨૦૦ મિલિયન ટનથી વધુ) બ્રિટન કરતાં વધારે છે, પરંતુ કોલસાનું ઉત્પાદન બ્રિટનમાં વધારે થાય છે. ૮૪ મિલિયન ટન કોલસાની પેદાશ ધરાવતા પશ્ચિમ જર્મનીનો કોલસાનો મુખ્ય ભંડાર રુર પ્રદેશમાં હતો અને હજી છે. દેશમાં તેલનું વાર્ષિક ઉત્પાદન પાંચ મિલિયન ટનથી વધારે નથી, પરંતુ પશ્ચિમ જર્મનીની તેલની રિફાઈનરીઓની વાર્ષિક ક્ષમતા ૧૫૦ મિલિયન ટનથી વધારે છે. હામ્બુર્ગ, રુર, તથા દેશના બીજા ભાગોમાં શુદ્ધ કરવામાં આવતા તેલના ભારે મોટા હિસ્સાની આયાત મધ્ય પૂર્વ, ઉત્તર આફ્રિકા, તથા લૅટિન અમેરિકામાંથી કરવામાં આવે છે. જર્મન સમવાયી પ્રજાસત્તાકના અર્થતંત્રનું નબળું પાસું પ્રવાહી ઈંધણ તથા બીજી ઘણી કાચી સામગ્રીની અછતનું છે.

પાવર ઍન્જિનિયરીંગ ઉદ્યોગ સ્થાનિક કોલસા અને આયાત કરેલી તેલની

પેદાશોના આધારે વિકાસની ઊંચી કક્ષાએ પહોંચી ગયો છે. દેશમાં ૩૬૦ ૦૦૦ મિલિયન કિલોવાટ-કલાક વીજળી પેદા થાય છે. પરમાણુ પાવર સ્ટેશનોની પદ્ધતિના નિર્માણથી દેશની પાવર સંપદામાં ઉમેરો થયો છે એટલું જ નહિ પરંતુ લશ્કરી પરમાણુ પાવર ઉદ્યોગને પ્રવેગ પણ મળ્યો છે.

દેશના ઉત્પાદનમાં રસાયણ ઉદ્યોગ અગત્યની શાખાનું સ્થાન ધરાવે છે. પ્લાસ્ટિક, રાસાયણિક તંતુ, અને બીજી મૂળભૂત પ્રકારોની રાસાયણિક વસ્તુઓના ઉત્પાદનની બાબતમાં જર્મન સમવાયી પ્રજાસત્તાક મૂડીવાદી દુનિયામાં સંયુક્ત રાજ્ય અમેરિકા અને જાપાન પછી ત્રીજું સ્થાન ધરાવે છે.

ઉદ્યોગની પ્રાદેશિક વહેંચણી અત્યંત અસમાન છે. પશ્ચિમ જર્મનીના ઔદ્યોગિક સામર્થ્યનો ૪૦ ટકાથી વધારે હિસ્સો રાઇન-વેસ્ટફાલિયા પ્રદેશમાં, દેશના કુલ વિસ્તારના સાતમા ભાગમાં, કેંદ્રીકૃત છે. ખાસ મોટી સંખ્યાના ઉદ્યોગધંધાઓ રુર પ્રદેશના એસ્સેન, ડોર્ટમંડ, ડુસેલડોર્ફ, ડુઇસબર્ગ, વુપેર્ટાલ, તથા બોખુમ શહેરોમાં કેંદ્રીકૃત છે.

તટવર્તી ઉત્તર વિસ્તારમાં સૌથી વધારે મહત્ત્વનું શહેર હામ્બુર્ગ છે (શહેર અને પરાંની મળીને વસતિ લગભગ બે મિલિયન). હામ્બુર્ગ દેશનું સૌથી મોટું શહેર અને મહત્ત્વનું ઔદ્યોગિક કેંદ્ર તથા બંદર છે. બીજાં મહત્ત્વનાં કેંદ્રો ઉત્તરમાં બ્રેમેન તથા હેનોવર અને દક્ષિણમાં માઇન-કિનારે-ફ્રેંકફોર્ટ, સ્ટુટગાર્ટ, મ્યુનિખ, તથા ન્યુરેમ્બર્ગ છે. જર્મન સમવાયી પ્રજાસત્તાકના પાટનગર બોનમાં કોઈ જાતના ઉદ્યોગધંધાઓ નથી.

આંતરિક સંચારની ખૂબ વિકસિત વ્યવસ્થા અને વ્યાપારી જહાજોનો મોટો કાફલો ધરાવતું જર્મન સમવાયી પ્રજાસત્તાક વિદેશો જોડેના, મુખ્યત્વે મૂડીવાદી દેશો જોડેના, આર્થિક સંબંધોને વિસ્તારી રહ્યું છે. સોવિયેત સંઘ અને બીજા સમાજવાદી દેશો જોડે જર્મન સમવાયી પ્રજાસત્તાકના સંબંધો પણ વિસ્તરી રહ્યા છે.

ફ્રાંસ

આધુનિક જગતમાં ફ્રાંસ પોતાનું આગવું સ્થાન ધરાવે છે. તે મોખરાનો મૂડીવાદી દેશ હોઈને અમેરિકી ઇજારદારીઓની ઓથ તજી દેવાની કોશિશ કરે છે અને વાસ્તવલક્ષી રાષ્ટ્રીય વિદેશનીતિ અમલમાં મૂકે છે. ફ્રાંસે નાટોના લશ્કરી વિભાગમાંથી બહાર નીકળી જવાનું કદમ લીધું, નાટોના સ્ટાફને તથા લશ્કરી અડ્ડાઓને પોતાના પ્રદેશમાંથી હઠાવી દીધા, અને સાથે સાથે જ એ આક્રમક જૂથનું સભ્યપદ ચાલુ રાખ્યું.

ફ્રાંસનાં શાસક વર્તુળોની સ્વતંત્ર નીતિમાં સોવિયેત સંઘ અને બીજા સમાજવાદી દેશો જોડે પરસ્પર લાભદાયક સંબંધો સ્થાપવાનું પગલું મહત્ત્વનું છે. રાજકીય, આર્થિક, વૈજ્ઞાનિક, અને ટેકનોલોજિકલ તથા સાંસ્કૃતિક ક્ષેત્રોમાં સોવિયેત-ફ્રેંચ સહકાર લાંબા ગાળાના આધારે વિસ્તરી રહ્યો છે.

જૂનામાં જૂની વિશ્વ સત્તાઓમાં સ્થાન ધરાવતું ફ્રાંસ એકસોથી વધારે વરસો પહેલાં આર્થિક વિકાસના સ્તરની બાબતમાં એકમાત્ર બ્રિટન પછીના સ્થાને હતું. આધુનિક ફ્રાંસ વિસ્તારની દૃષ્ટિએ (૫૫૨ ૦૦૦ ચોરસ કિલોમીટર) સૌથી મોટો પશ્ચિમ યુરોપી દેશ છે અને ૫૪ મિલિયનની વસતિ ધરાવે છે, પરંતુ આર્થિક વિકાસની બાબતમાં મહત્ત્વના મૂડીવાદી દેશોમાં ચોથા નંબરે આવે છે.

બીજા વિશ્વયુદ્ધ પછી ફ્રાંસના અર્થતંત્રમાં અગત્યનાં પરિવર્તનો થયાં છે. ભારે ઉદ્યોગનો હિસ્સો એકદમ વધી ગયો છે અને કુલ ઔદ્યોગિક ઉત્પાદન વધીને ચાર ગણું થઈ ગયું છે. ઉત્પાદનના એકીકરણ અને મૂડીના કેંદ્રીકરણના પરિણામે ફ્રેંચ ઇજારદારીઓનું સામર્થ્ય અનેક ગણું વધી ગયું છે. તેની સાથે સાથે જ, રાજ્ય-ઇજારદારી ક્ષેત્ર અર્થતંત્રમાં મહત્ત્વના સ્થાને પહોંચી ગયું છે.

ફ્રાંસ ખૂબ વિકસિત ઉદ્યોગ અને ખેતીવાડી ધરાવતો દેશ છે. મૂડીવાદી દુનિયાના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં તેનો ફાળો વધ્યો છે. પરંતુ સમગ્ર દૃષ્ટિએ જોતાં ફ્રાંસનું આર્થિક સામર્થ્ય સંયુક્ત રાજ્ય અમેરિકાથી ઓછું છે એટલું જ નહિ પરંતુ જાપાન અને જર્મન સમવાયી પ્રજાસત્તાકથીયે ઓછું છે. ફ્રાંસની સરખામણીમાં એ દેશોમાં વધારે મોટા પરિમાણનું ઔદ્યોગિક ઉત્પાદન થાય છે અને તેઓ કારખાનાંની પેદાશોના વધારે મોટા જથ્થાઓની નિકાસ કરે છે. એ દેશોમાં ઉદ્યોગ તથા ખેતીવાડીના ઉત્પાદનમાં કેંદ્રીકરણ તથા વિશેષીકરણની કક્ષા પણ વધારે ઊંચી છે.

બાંધકામ સહિત ઉદ્યોગ ફ્રાંસના અર્થતંત્રનો પાયો છે અને રાષ્ટ્રીય આવકમાં ૬૦ ટકાથી વધારે ફાળો આપે છે. ફ્રાંસની નિકાસના કુલ મૂલ્યમાં કારખાનાંની પેદાશોનો હિસ્સો લગભગ ૫૦ ટકા જેટલો છે. અર્થતંત્રમાં ભારે એંજિનિયરીંગ અગત્યના ઉદ્યોગનું સ્થાન ધરાવે છે, અને વપરાશી માલનું ખૂબ વિકસિત ઉત્પાદન મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

ફ્રેંચ ઉદ્યોગ કાચી ધાતુનો સરસ પાયો ધરાવે છે. ભારે ઉદ્યોગમાં લોખંડ

અને પોલાદનું ઉત્પાદન મહત્ત્વની શાખા અંકિત કરે છે. લોરેનમાં અને અમુક અંશે દેશના ઉત્તર ભાગમાં આયાતના કોકનો ઉપયોગ કરતા પ્લાંટોમાં સ્થાનિક કાચા લોઢામાંથી પોલાદ ગાળવામાં આવે છે. ફ્રાંસના કુલ પોલાદ ઉત્પાદનમાંથી દસમો ભાગ વિદ્યુત પોલાદનો હોય છે અને તેનું ઉત્પાદન મધ્ય તથા દક્ષિણ ફ્રાંસમાં વિદ્યુત-ધાતુકર્મ પ્લાંટોમાં થાય છે.

બોક્સાઇટના વિશાળ ભંડારો અને દેશના દક્ષિણ ભાગમાં હાઈડ્રો-પાવર સ્ટેશનોમાં પેદા થતી સસ્તી વીજળીના સુભગ સમન્વયના સુફળ રૂપે એલ્યુમિનિયમનું વાર્ષિક ઉત્પાદન વધારવાનું શક્ય બન્યું છે. એલ્યુમિનિયમના ઉત્પાદનની બાબતમાં સંયુક્ત રાજ્ય અમેરિકા, જાપાન, તથા કેનેડા પછી ચોથું સ્થાન ધરાવતું ફ્રાંસ એ સંબંધમાં બાકીના પશ્ચિમ યુરોપી દેશોથી ખૂબ આગળ છે.

ફ્રેંચ ઉદ્યોગમાં હાર્દનું સ્થાન ધરાવતી મિકેનિકલ ઍન્જિનિયરીંગ શાખા ધાતુકર્મના સ્થાયી આધારે વિકસી રહી છે. વાહનવ્યવહાર યંત્ર-નિર્માણ, વિદ્યુત ઍન્જિનિયરીંગ, અને શસ્ત્રસરંજામ ઉદ્યોગો અગત્યનાં સ્થાનો ધરાવે છે. ફ્રેંચ શસ્ત્રસરંજામ ઉદ્યોગમાં સામરિક બોંબર-વિમાનો, બાલિસ્ટિક મિસાઇલો, નાભિકીય હથિયારો, અને પરમાણુ-વીજળીથી ચાલતી સબમરીનો બને છે.

વિદ્યુત ઍન્જિનિયરીંગની પેદાશો (ઇલેક્ટ્રિક ટ્રેક્શન મશીનો, ટ્રાન્સફોર્મરો, તથા વીજળીનાં ઘરેલુ સાધનો) આંતરિક તેમ જ વિદેશી બજારો માટે બનાવવામાં આવે છે. વીજાણુ સરંજામના, ખાસ કરીને કોમ્પ્યુટરોના, ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થયો છે. યંત્ર-નિર્માણ ઉદ્યોગમાં હવે ફ્રાંસનાં તેમ જ બીજા કેટલાય દેશોનાં પરમાણુ પાવર સ્ટેશનો માટે સરંજામ બને છે.

પરિવહન યંત્ર-નિર્માણમાં મોટરવાહન કારખાનાં મહત્ત્વના ઘટકનું સ્થાન ધરાવે છે. ઉત્પાદનના એ ક્ષેત્રમાં ફ્રાંસ મોટામાં મોટા મોટરવાહન ઉત્પાદક મૂડીવાદી દેશોમાં જર્મન સમવાયી પ્રજાસત્તાકની સાથે ત્રીજા-ચોથા સ્થાનમાં ભાગીદાર છે.

માર્સેઈ, તુલોન, બોર્દો, બ્રેસ્ત, લે હાવ્રે, અને બીજાં બંદરોમાં કેંદ્રીકૃત નૌકાનિર્માણ ઍન્જિનિયરીંગ ઉદ્યોગની મહત્ત્વની અને લાંબા વખતથી સ્થપાયેલી શાખા છે. ફ્રેંચ વિમાન-નિર્માણ ઉદ્યોગ ઉત્પાદનના પરિમાણની દૃષ્ટિએ મૂડીવાદી દુનિયામાં સંયુક્ત રાજ્ય અમેરિકા અને બ્રિટન પછી ત્રીજું સ્થાન ધરાવે છે.

રસાયણ અને પેટ્રોકેમિકલ ઉદ્યોગો યુદ્ધ પછી મોખરાનાં સ્થાનોમાં પહોંચી ગયા છે. એ ઉદ્યોગોમાં ખનીજ ખાતર, એસિડો, તથા બીજી પ્રણાલીગત ચીજોના ચાલુ ઉત્પાદન ઉપરાંત પ્લાસ્ટિક તેમ જ કૃત્રિમ તંતુ તથા રબરનું

ઉત્પાદન વધી રહ્યું છે. દવાઓના ઉત્પાદનમાં પણ વધારો થઈ રહ્યો છે.

ફ્રાંસના ઉદ્યોગ તથા સમગ્ર અર્થતંત્રમાં નબળી કડી ઈંધણ તથા પાવરના મર્યાદિત આધારની છે. કોલસાના ભંડારો પ્રમાણમાં નાના અને હલકી કોટિના છે. તેલના સાબિત ભંડારો પણ નાના છે. એટલે ફ્રાંસ મુખ્યત્વે મધ્ય પૂર્વ અને ઉત્તર આફ્રિકામાંથી પુષ્કળ તેલની આયાત કરે છે. ફ્રાંસમાં ૨૦૦ ૦૦૦ મિલિયન કિલોવાટ-કલાકથી વધારે વીજળી પેદા થાય છે. તેમાંથી મોટા ભાગની વીજળીનું ઉત્પાદન દેશના દક્ષિણ ભાગમાં પહાડી નદીઓના હાઈડ્રો-પાવર સ્ટેશનોમાં થાય છે. પરમાણુ પાવર ઍન્જિનિયરીંગની બાબતમાં ફ્રાંસ આખી દુનિયામાં મોખરાનું સ્થાન ધરાવે છે.

ફ્રાંસની ખેતીવાડી ખૂબ વિકસિત છે અને ખેતીની વેચાઉ પેદાશની બાબતમાં મૂડીવાદી દુનિયામાં સંયુક્ત રાજ્ય અમેરિકા તથા કેનેડા પછી ત્રીજું સ્થાન ધરાવે છે. માંસ તથા દૂધની ચીજો માટે ઢોરઉછેર આખા દેશમાં થાય છે. માંસ, દૂધ, ઈંડાં, ઘઉં, અને સાકર-બીટના ઉત્પાદનની બાબતમાં ફ્રાંસ મૂડીવાદી યુરોપમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ઘઉંની ખેતીનો મુખ્ય વિસ્તાર ઉત્તરના મેદાનપ્રદેશનો છે. દ્રાક્ષનો મોટા ભાગનો પાક લાંગેદોકમાં થાય છે. સરસ દ્રાક્ષ-મદ્યો જેટલાં ફ્રાંસમાં બને છે એટલાં દુનિયાના બીજા કોઈ દેશમાં નથી બનતાં.

પ્રાકૃતિક અને આર્થિક સંજોગોનું વૈવિધ્ય અને અમુક વિસ્તારોનું આગવું વિશેષીકરણ ફ્રાંસને કેટલાક આર્થિક પ્રદેશોમાં વહેંચી નાખવાનું શક્ય બનાવે છે.

ફ્રેંચ રાજ્યનું ઐતિહાસિક હાર્દ અંકિત કરતો પૅરિસ ઉદ્યોગ-ખેતી પ્રદેશ દેશના મુખ્ય ઔદ્યોગિક, વાહનવ્યવહાર, વ્યાપારી, તથા નાણાકીય કેંદ્રના સ્થાને છે. ફ્રાંસના પાટનગર પૅરિસમાં (વસતિ ૧૦ મિલિયનથી વધારે) મોટી સંખ્યામાં ઍન્જિનિયરીંગ, રસાયણ, શસ્ત્રસરંજામ, તેમ જ હળવા તથા ખોરાક ઉદ્યોગોનાં પ્લાંટ-કારખાનાં છે. વ્લાદીમિર ઉલ્યીચ લેનિને અમુક વખત પૅરિસમાં રહીને કાર્ય કર્યું હતું. પૅરિસનો કામદાર વર્ગ લાંબા સમયની ક્રાંતિકારી પરંપરાઓ ધરાવે છે.

બીજા ખૂબ વિકસિત ઔદ્યોગિક વિસ્તારોમાં ઉત્તર ઔદ્યોગિક પ્રદેશ (કેંદ્ર લીલ) અને ઉત્તર-પૂર્વ ઉદ્યોગ-ખેતી પ્રદેશ (લોરેનનો ધાતુકર્મ ઉદ્યોગ અને આલ્સેસના કાપડ તથા રસાયણ ઉદ્યોગો) સામેલ છે. પૅરિસ, ઉત્તર, અને ઉત્તર-પૂર્વ પ્રદેશો ભેગા મળીને દેશની ચોથા ભાગની ધરતી તથા અરધા ભાગની વસતિને આવરી લે છે અને ઔદ્યોગિક સામર્થ્યમાં ૬૦ ટકાનો ફાળો આપે છે.

લીઓન અથવા દક્ષિણ-પૂર્વ ઉદ્યોગ-ખેતી પ્રદેશ (મુખ્ય કેંદ્રો લીઓન તથા સેંટ એતિયેન) અને ભૂમધ્ય ખેતી-ઉદ્યોગ પ્રદેશમાં ઉદ્યોગ તથા ખેતીવાડી ખૂબ વિકસિત છે. દ્રાક્ષ અને શાકભાજી બદલ સુખ્યાત ભૂમધ્ય ખેતી પ્રદેશમાં આગળ પડતું સ્થાન ધરાવતું માર્સેઈ દેશમાં વસતિની દૃષ્ટિએ બીજા નંબરનું મોટું શહેર, મહત્ત્વનું ઔદ્યોગિક કેંદ્ર, અને સૌથી મોટું બંદર છે. ફ્રેંચ રિવિયેરા યુરોપનું વિશ્રામધામ છે.

પહાડી મધ્ય (કેંદ્ર ક્લેરમોં-ફેરાં), દક્ષિણ-પશ્ચિમ (તુલૂઝ) અને ઉત્તર-પશ્ચિમ (નાન્તે) પ્રદેશો ફ્રાંસના આર્થિક દૃષ્ટિએ ઓછા વિકસેલા ભાગો છે. બોર્દો, નાન્તે, બ્રેસ્ત, તથા શેર્બુર્ગનાં બંદરોનો તટપ્રદેશ ફ્રાંસની આટલાંટિક પાળબંધી સમો છે. વિદેશો જોડે ફ્રાંસના આર્થિક સંબંધોના ક્ષેત્રમાં માલની હેરફેરની શરૂઆત એ તથા બીજાં બંદરોએ થાય છે.

વિદેશો જોડે ફ્રાંસના વ્યાપારમાં સહિયારા બજારના દેશોનો હિસ્સો લગભગ ૫૦ ટકા જેટલો છે. ત્યાર પછી બાકીના પશ્ચિમ યુરોપી દેશો તથા સંયુક્ત રાજ્ય અમેરિકા આવે છે. ફ્રાંસ અને સોવિયેત સંઘ તથા બીજા સમાજવાદી દેશો વચ્ચેનો વ્યાપાર વધી રહ્યો છે.

દેશની અંદર મહેનતકશ લોકોના અધિકારો તથા હિતો ઉપર ઇજારદારીઓનો હલ્લો ચાલુ છે, ઇજારદારીઓ તરફથી મહેનતકશ લોકોનું શોષણ વધી રહ્યું છે, જનતાના જીવનસંજોગો વધારે વણસતા જાય છે. રાજ્ય-ઇજારદારી મૂડીવાદ સામેની લડતોમાં મહેનતકશ લોકોનાં કદમોની એકતા વધારે મજબૂત બનતી જાય છે.

ઇટાલી

ઇટાલી થોડાક જ દાયકાઓ પહેલાં ગરીબીમાં સબડતો પછાત દેશ હતો. દેશમાં અર્થતંત્રમાં મોટા જમીનદારોનું વર્ચસ્વ અને ખનીજ કાચા માલ તથા ઈંધણના મોટા ભંડારોની ગેરહાજરીને કારણે ઔદ્યોગિક તથા આર્થિક વિકાસ અવરોધાયો હતો.

પરંતુ ઇટાલિયન સામ્રાજ્યવાદની સાપેક્ષ નબળાઈનો અર્થ બિલકુલ એવો નહોતો કે તેના આક્રમક ઇરાદાઓ સાધારણ કક્ષાના રહ્યા હોય. ઇટાલી વિશે લખતાં લેનિને નોંધ લીધી હતી કે ચાલુ સદીના છેક આરંભના સમયમાં તે બીજાં રાષ્ટ્રોનું શોષણ કરતા દેશમાં, "ઉદ્ધત, નફરત પેદા થાય એવા પ્રત્યાઘાતી,

અને ધાડપાડુ મૂડીદાર વર્ગના" દેશમાં, પલટાઈ ગયો હતો. એ મૂડીદાર વર્ગે જ ફાસીવાદને પેદા કર્યો હતો, અને ફાસીવાદી શાસનમાં ઇટાલિયન સામ્રાજ્યવાદની આક્રમક તથા લેભાગુ નીતિ આખરી હદે પહોંચી ગઈ હતી.

સામ્રાજ્યવાદની પદ્ધતિમાં પહેલેથી જ ઇટાલીની ઢીલી સ્થિતિ બીજા વિશ્વયુદ્ધમાં પરાજયથી, ઉત્તર આફ્રિકાનાં સંસ્થાનો હાથમાંથી સરકી જવાથી, અને યુદ્ધ દરમિયાન અર્થતંત્રને ભારે હાનિ પહોંચી હોવાથી વધારે નબળી પડી ગઈ. તેમ છતાં, સંયુક્ત રાજ્ય અમેરિકાના સામ્રાજ્યવાદની ઉદાર મદદના આધારે દેશમાં પોતાની તાકાત જાળવી રાખવામાં સફળ થયેલી ઇટાલિયન ઇજારદારીઓએ આર્થિક સામર્થ્ય ફરી જમાવી દીધું એટલું જ નહિ પરંતુ તેમાં વધારો પણ કર્યો. ૩૦૧ ૦૦૦ ચોરસ કિલોમીટરનો વિસ્તાર અને લગભગ ૫૭ મિલિયનની વસતિ ધરાવતું ઇટાલી આજે ઔદ્યોગિક ઉત્પાદનના પરિમાણની બાબતમાં મૂડીવાદી દુનિયામાં પાંચમું સ્થાન ધરાવે છે. મોટી ઇજારદારીઓ અને ઇટાલીના અર્થતંત્રમાં અગત્યનાં સ્થાનો ધરાવતાં રાજ્ય સંચાલિત મંડળો પશ્ચિમ યુરોપમાં તેમ જ આખી મૂડીવાદી દુનિયામાં વધતી જતી ભૂમિકા ભજવી રહ્યાં છે.

ઇટાલીમાંથી મૂડીવાદી દેશોને કરવામાં આવતી નિકાસમાં દેશના મોટરગાડીઓના કુલ ઉત્પાદનનો ૩૩ ટકા હિસ્સો, ધાતુ કાપવાનાં ઓજારોનો ૫૦ ટકા હિસ્સો, સારી એવી સંખ્યામાં ટ્રેક્ટરો, તરેહવાર યંત્રો, અને બીજી વસ્તુઓ સામેલ છે.

ઇટાલીની ઇજારદારીઓ આફ્રિકા તથા લૅટિન અમેરિકાના નવસ્વતંત્ર દેશોનાં અર્થતંત્રોમાં તેમ જ વિકસિત પશ્ચિમ યુરોપી દેશોના, સહિયારા બજારના સભ્ય દેશોના, ઉદ્યોગોમાં નાણાં રોકે છે. ઇટાલીની ઇજારદારી મૂડી પશ્ચિમ જર્મન તથા અમેરિકી મૂડી સાથે નિરંતર વધારે ગાઢ રીતે સંકળાતી જાય છે.

વર્તમાન ઇટાલી ખૂબ વિકસિત ઉદ્યોગ તથા ખેતીવાડીનો દેશ છે. તેની ઔદ્યોગિક પેદાશોનું મૂલ્ય ખેતીવાડીની પેદાશોથી ચાર ગણું છે. બાંધકામ, વાહનવ્યવહાર, અને અર્થતંત્રની બીજી ઔદ્યોગિક શાખાઓ સુવિકસિત છે.

આયાત કરેલા તેલ અને સ્થાનિક કુદરતી ગૅસના આધારે વિકસતી તેલ-શુદ્ધિકરણની તથા રાસાયણિક ઉત્પાદનની શાખાઓ ઇટાલીના ઉદ્યોગમાં મોખરાનાં સ્થાનોએ પહોંચી ગઈ છે.

યંત્ર-નિર્માણ ઉદ્યોગના આધારનું સ્થાન ધરાવે છે. તેમાં મોટરવાહનો તથા મોટરસાઈકલો, યંત્ર-ઓજાર, ઍન્જિન, અને ઇલેક્ટ્રોટેકનિકલ તથા બીજી વસ્તુઓના ઉત્પાદનનું વિશેષીકરણ સાધવામાં આવ્યું છે. દેશમાં બનતાં કુલ

મોટરવાહનોમાંથી લગભગ ૯૦ ટકા જેટલાંનું ઉત્પાદન ટુરિનના "ફિયાટ" પ્લાંટમાં થાય છે. ઇટાલી વિશાળ નૌકાનિર્માણ ઉદ્યોગ ધરાવે છે અને તેમાં રાજ્ય-ઇજારદારી મૂડીનું વર્ચસ્વ છે. સૌથી મોટાં નૌકાનિર્માણ મથકો ગેનોઆમાં આવેલાં છે.

ઍન્જિનિયરીંગ ઉદ્યોગની બીજી શાખાઓમાં રેલવેનાં ઍન્જિનો, ટ્રેક્ટરો, બૉલ-બેરીંગ, ઇલેક્ટ્રોટેકનિકલ વસ્તુઓ, તથા ચોકસાઈ-ઉપકરણો બને છે. પશ્ચિમ જર્મનીની મદદના આધારે વિમાન ઉદ્યોગનું પુનરુત્થાન થઈ રહ્યું છે.

યુદ્ધોત્તર વર્ષો દરમિયાન ઇટાલીના ધાતુકર્મ ઉદ્યોગમાં પોલાદ, એલ્યુમિનિયમ, ઝીંક, તથા સીસાનું ઉત્પાદન એકદમ વધી ગયું છે. બિનલોહ ધાતુઓ પશ્ચિમી દેશોને મોકલવામાં આવે છે.

ઇટાલીની ખનીજ ઈંધણ સાધનસંપત્તિ અપૂરતી છે. દેશમાં વરસે માત્ર લગભગ બે મિલિયન ટન તેલનું ઉત્પાદન થાય છે, પરંતુ તેલની રિફાઈનરીઓની ક્ષમતા ૨૦૦ મિલિયન ટન સુધી વધારી દેવામાં આવી છે. ગેનોઆ, નેપલ્સ, લીવોર્નો, બારી, સ્પેઝિયા, આન્કોના, તથા બીજાં બંદરોની રિફાઈનરીઓ માટે કાચા તેલની આયાત આફ્રિકા તથા મધ્ય પૂર્વના દેશોમાંથી કરવામાં આવે છે.

ઇટાલીને વીજળીનો પુરવઠો આયાતના ઈંધણનો ઉપયોગ કરતાં સ્ટેશનો તેમ જ હાઈડ્રો-પાવર તથા જિઓથર્મલ સ્ટેશનોમાંથી મળે છે. દેશની ૬૦ ટકા વીજળી હાઈડ્રો-પાવર તથા જિઓથર્મલ સ્ટેશનોમાં અને બાકીની ગૅસ તથા પ્રવાહી ઈંધણનો ઉપયોગ કરતાં થર્મલ સ્ટેશનોમાં પેદા થાય છે. ચાલુ પરમાણુ પાવર સ્ટેશનો ઉપરાંત નવાં બંધાઈ રહ્યાં છે.

પ્લાસ્ટિક, રાસાયણિક તંતુ, કૃત્રિમ રબર, અને બીજી રાસાયણિક વસ્તુઓનું ઉત્પાદન વધી રહ્યું છે.

ઇટાલીમાં જૂનામાં જૂનો ઉદ્યોગ કાપડનો છે અને કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં તેનો ફાળો ગણનાપાત્ર છે. પેદાશના મૂલ્યની બાબતમાં ખોરાક ઉદ્યોગ કાપડ ઉદ્યોગથી થોડેક પાછળ છે. ઇટાલી મદ્યના ઉત્પાદનની બાબતમાં ફ્રાંસ પછી બીજું સ્થાન અને ઓલીવના તેલના ઉત્પાદનની બાબતમાં સ્પેન પછી બીજું સ્થાન ધરાવે છે.

ઇટાલીના આર્થિક નકશામાં ઉત્તરનો ઉદ્યોગ-ખેતી પ્રદેશ, મધ્ય ભાગનો ખેતી-ઉદ્યોગ પ્રદેશ, અને દક્ષિણનો ખેતી પ્રદેશ મુખ્ય છે.

બે તૃતીયાંશ સર્વહારાઓ ઉત્તર પ્રદેશનાં શહેરોમાં કેંદ્રીકૃત છે. ઉત્તર પ્રદેશ હાઈડ્રો-પાવર તથા લોહમય ધાતુઓના ઉત્પાદનમાં ૬૦ ટકા, રાસાયણિક વસ્તુઓના ઉત્પાદનમાં ૬૬ ટકા, અને ઍન્જિનિયરીંગની ચીજોના ઉત્પાદનમાં

૮૦ ટકા ફાળો આપે છે. દેશના એ ભાગમાં મોટરવાહન કારખાનાં પણ છે. મિલાન, ટુરિન, અને ગેનોઆનો ઔદ્યોગિક ત્રિકોણ પ્રદેશના આર્થિક ગઢ સમો છે. મિલાન ઇટાલીનું સૌથી મોટું ઔદ્યોગિક તેમ જ વ્યાપારી તથા નાણાકીય કેંદ્ર છે. ટુરિન બીજા નંબરનું ખૂબ મહત્ત્વનું ઔદ્યોગિક શહેર છે, અને ગેનોઆ જહાજો બાંધનારાઓનું તથા ગોદી કામદારોનું શહેર છે.

ઇટાલીનું પાટનગર રોમ (વસતિ લગભગ ૩ મિલિયન) દેશના મધ્ય ભાગમાં આવેલું છે. શહેરના અર્થતંત્રનું મુખ્ય પાસું વસતિની અને સંખ્યાબંધ સહેલાણીઓની જરૂરિયાતો સંતોષતા ઉદ્યોગોનું છે. બીજાં ઘણાં ઇટાલિયન શહેરોની જેમ પ્રાચીન સંસ્કૃતિનાં સ્મારકો ધરાવતું રોમ લાખો પરદેશી સહેલાણીઓને આકર્ષે છે અને પર્યટન પ્રવૃત્તિને દેશ માટે વિદેશી હૂંડિયામણના મુખ્ય સ્રોતોમાં સ્થાન અપાવે છે.

પોપનું નિવાસ સ્થાન અને રોમન કૅથોલિક ચર્ચનું વિશ્વ કેંદ્ર વૅટિકન રાજ્ય રોમમાં આવેલું છે. વૅટિકન રાજ્ય કૅથોલિક ચર્ચ મારફત યુરોપ, અમેરિકા, અને દુનિયાના બીજા ભાગોનાં મૂડીવાદી રાજ્યો ઉપર રાજકીય પ્રભાવ પાડે છે.

ઇટાલીનો દક્ષિણ ભાગ એકમાત્ર નેપલ્સને બાદ કરતાં ગરીબીમાં સબડતો અને આર્થિક દૃષ્ટિએ પછાત વિસ્તાર છે. નેપલ્સ ઍન્જિનિયરીંગનું અને તેલના શુદ્ધિકરણનું કેંદ્ર છે.

ખેતીવાડીમાં મોટે ભાગે જમીનનું ખેડાણ કરવામાં આવે છે અને તેમાં દ્રાક્ષનો પાક તથા બાગાયત મુખ્ય સ્થાન ધરાવે છે. ઘઉં તથા મકાઈની ખેતી પણ થાય છે, પરંતુ ઇટાલીમાં અનાજના પાક દેશની જરૂરિયાતો માટે પૂરતા ન હોવાથી અનાજની આયાત કરવી પડે છે. એ ઉપરાંત, પ્રાણીજ વસ્તુઓની તંગી પણ રહે છે. બીજા વિકસિત યુરોપી દેશોની સરખામણીમાં ઇટાલીમાં માંસ, દૂધ, અને ઈંડાંનો વપરાશ ૩૦થી ૫૦ ટકા જેટલો ઓછો છે.

૫૦ ટકાથી વધારે વસતિ શહેરોમાં વસેલી છે. પ્રતિભાવાન ઇટાલિયન પ્રજાએ સર્જેલાં અદ્ભુત પ્રાચીન સ્થાપત્ય સ્મારકો બદલ સુખ્યાત ઇટાલિયન શહેરોમાં મૂડીવાદી સમાજના લાક્ષણિક સચોટ સામાજિક તફાવતો જોવા મળે છે.

ઇટાલીમાં કામદાર વર્ગીય આંદોલન અને વર્ગીય લડતોમાં જોવા મળતા વ્યાપ તથા જોશ પશ્ચિમ યુરોપના બીજા બહુ ઓછા દેશોમાં જોવા મળે છે.

ઉત્તર યુરોપના દેશો

ફીનલૅંડ અને સ્કેન્ડીનેવિયન દેશો ઉત્તર આટલાંટિક મહાસાગરના, યુરોપ અને અમેરિકા વચ્ચે ટૂંકામાં ટૂંકો મહાસાગરીય માર્ગ અંકિત કરતા મહાસાગરના,

વિસ્તારમાં આવેલા છે. અમેરિકા અને યુરોપના ખંડોને સાંકળતી ઉત્તર આટલાંટિક સંચાર પદ્ધતિમાં આઇસલૅંડી, નોર્વેજિયન, તથા ડૅનિશ બંદરો મહત્ત્વની કડીઓ સમાં છે.

કેટલાંય વિશિષ્ટ આંતરિક લક્ષણો ધરાવતા ઉત્તર યુરોપી દેશો વચ્ચે આર્થિક દૃષ્ટિએ ઘણી સમાનતા છે. એ બધા દેશો વિકસિત મૂડીવાદી રાજ્યો છે, અને તેમનાં અર્થતંત્રોમાં વહાણવટું, દરિયાઈ પ્રાણીઓનો શિકાર, તથા માછીમારીનું મહત્ત્વ ઉદ્યોગના મહત્ત્વ જેટલું જ છે. એ દેશોની પ્રજાઓ આર્થિક તેમ જ સાંસ્કૃતિક દૃષ્ટિએ સદીઓથી પરસ્પર ગાઢ સંકળાયેલી છે, અને જાતિમૂલક સંયોજન તથા ઐતિહાસિક વિકાસની તેમ જ રાષ્ટ્રીય રૂપલક્ષણોનાં અમુક પાસાંની બાબતમાં ઘણીબધી સમાનતા ધરાવે છે.

ફીનલૅંડ

ફીનલૅંડ વનો, સરોવરો, અને પાષાણની ભૂમિ છે. વનો બે તૃતીયાંશથી વધારે વિસ્તારને, અને વેગીલાં વહેણોની ટૂંકી નદીઓ વડે પરસ્પર સંકળાયેલાં સરોવરો દસમા ભાગના વિસ્તારને, આવરી લે છે. ફીનલૅંડની હાઈડ્રો-પાવર સાધનસંપત્તિનો અંદાજ લગભગ ૩ મિલિયન કિલોવાટ આંકવામાં આવ્યો છે. પારાવાર કાષ્ઠ સાધનસંપત્તિ દેશના સૌથી મોટા ખજાના સમી છે. ફીનલૅંડમાં કાચું લોઢું, ત્રાંબું, નિકલ, સોનું, સીસું, ઝીંક, તથા બીજી ધાતુઓના સાબિત ભંડારો છે.

૫૦ ટકાથી વધારે વસતિ દેશના દક્ષિણ ભાગમાં કેંદ્રીકૃત છે. ફીનલૅંડમાં ગામોની, ખાસ કરીને ઘરબારવાળાં ખેતરોની, રેલમછેલ છે. શહેરો નાનાં છે અને તેમની સંખ્યા બહુ મોટી નથી. પાટનગર હેલસિંકી (વસતિ ૫૨૦ ૦૦૦થી વધારે) સૌથી મોટું શહેર છે. ફીનલૅંડમાં લાભદાયક કામ કરતા લોકોમાં ૪૦ ટકાથી વધારે માણસો ઔદ્યોગિક કામદારો છે.

રાષ્ટ્રીય આવકમાં કારખાના ઉત્પાદન તથા વન-સંવર્ધન લગભગ બે તૃતીયાંશ અને ખેતીવાડી આઠમા ભાગનો ફાળો આપે છે. અર્થતંત્ર મોટે ભાગે નિકાસની કામગીરી કરે છે અને તેની અગત્યની શાખાઓમાં વીસેક ઇજારદારી મંડળોનું વર્ચસ્વ છે.

અર્થતંત્રમાં કાષ્ઠ, કાષ્ઠકર્મ, અને ગર તથા કાગળ ઉદ્યોગો મુખ્ય સ્થાન ધરાવે છે. વનોમાંથી વરસે ૪૦ મિલિયન ઘન મીટરથી વધારે કાષ્ઠ મેળવવામાં

આવે છે અને તેનો ઉપયોગ વહેરેલાં લાકડાં, પ્લાયવુડ, ફર્નિચર, ચોક્કસ ધોરણનાં તૈયાર મકાનો, સેલ્યુલોઝ, અને પૂંઠાં બનાવવા માટે થાય છે. ફીનલૅંડ કરતાં વધારે પ્રમાણમાં કાષ્ઠની પેદાશોની નિકાસ કરનારા બીજા દેશો માત્ર કૅનેડા અને સ્વીડન છે.

ઍંજિનિયરીંગની શાખા મુખ્યત્વે કાષ્ઠકર્મ ઉદ્યોગ માટે યંત્રો તથા પ્લાંટોના ઉત્પાદન સાથે સંકળાયેલી છે. હેલસિંકી તથા તુર્કુમાં કેંદ્રીકૃત નૌકાનિર્માણ અર્થતંત્રમાં મહત્ત્વની શાખાનું સ્થાન ધરાવે છે. ત્રાંબું, ઝીંક, તથા બીજી બિનલોહ ધાતુઓનો ઉદ્યોગ વિકસી રહ્યો છે અને પોલાદનું ઉત્પાદન વધી રહ્યું છે. રાઆહા શહેરમાં મોટો ધાતુકર્મ પ્લાંટ બંધાઈ રહ્યો છે. સોવિયેત તેલ અને ગૅસના પુરવઠાને કારણે તેમ જ પરમાણુ પાવર સ્ટેશનોના નિર્માણને કારણે ફીનલૅંડનો પાવર આધાર વધારે મજબૂત બની રહ્યો છે.

ફીનલૅંડમાં દૂધની ચીજો માટે પશુપાલન ખૂબ વિકસિત છે. એ ક્ષેત્રમાં વરસે ત્રણથી ચાર મિલિયન ટન દૂધ અને વિશાળ જથ્થાઓમાં માખણ તથા પનીરનું ઉત્પાદન થાય છે. ખેતીવાડીનું ઉત્પાદન દેશની જરૂરિયાતો માટે પૂરતું નથી.

ફીનલૅંડની સક્રિય શાંતિલક્ષી નીતિ અને રાજકીય, આર્થિક, તથા સાંસ્કૃતિક ક્ષેત્રોમાં સોવિયેત સંઘ જોડે લાભદાયક સહકાર તેની સલામતીને સુનિશ્ચિત બનાવે છે અને વસતિનાં રાષ્ટ્રીય હિતોને એકદમ અનુરૂપ છે. ૧૯૭૩માં ફીનલૅંડે પરસ્પર આર્થિક સહાય પરિષદના સભ્ય દેશો જોડે સહકારનો કરાર કર્યો હતો.

સ્વીડન

સ્વીડન ઉત્તર યુરોપમાં વિસ્તાર (લગભગ ૪૫૦ ૦૦૦ ચોરસ કિલોમીટર), વસતિ (૮ મિલિયનથી વધારે), અને ઔદ્યોગિક વિકાસની દૃષ્ટિએ પ્રથમ સ્થાન ધરાવે છે.

સ્વીડનનો વિકસિત ઉદ્યોગ દેશની રાષ્ટ્રીય આવકમાં ૮૦ ટકાનો ફાળો આપે છે અને આર્થિક આધારનું સ્થાન ધરાવે છે. ખેતીવાડીનું સ્થાન ગૌણ છે. સ્વીડનની મોટી ઇજારદારીઓ બીજા મૂડીવાદી દેશોનાં ઇજારદારી મંડળો સાથે ગાઢ સંકળાયેલી છે.

સ્વીડન કાચા લોઢાના ઉત્પાદનના ૯૦ ટકા હિસ્સાની, કાષ્ઠકર્મ ઉદ્યોગની

પેદાશના ૫૦ ટકા હિસ્સાની, અને ઍન્જિનિયરીંગના ઉત્પાદનના ૨૧ ટકાથી વધારે હિસ્સાની નિકાસ કરે છે. મોટા ભાગનો વ્યાપાર પશ્ચિમ યુરોપી મૂડીવાદી દેશો અને સંયુક્ત રાજ્ય અમેરિકા સાથે થાય છે. સંયુક્ત રાજ્ય અમેરિકા સ્વીડનના અર્થતંત્ર ઉપર સારી પેઠે પ્રભાવ પાડે છે.

સ્વીડનના ભારે ઉદ્યોગની સૌથી મોટી નિકાસ શાખા કાચા લોઢાના ઉત્પાદનની છે. મધ્ય અને ઉત્તર સ્વીડનના (કીરૂના અને એલ્લીવારે) વિશાળ ભંડારોમાંથી ખોદવામાં આવતું લગભગ બધું કાચું લોઢું પશ્ચિમી દેશોને, મુખ્યત્વે પશ્ચિમ જર્મની તથા બ્રિટનને, મોકલવામાં આવે છે.

મધ્ય સ્વીડનના લોખંડ અને પોલાદ પ્લાંટોમાં બનતા ઊંચી કોટિના પોલાદનું વાર્ષિક ઉત્પાદન ૬ મિલિયન ટનથી વધારે છે. એ પ્રદેશમાં સ્થાનિક તેમ જ આયાતની કાચી ધાતુઓમાંથી ત્રાંબું, એલ્યુમિનિયમ, સીસું, તથા બીજી બિનલોહ ધાતુઓ પણ બનાવવામાં આવે છે.

સ્વીડનનું પાટનગર સ્ટોકહોમ (વસતિ ૭ લાખ) દેશનું સૌથી મોટું ઍન્જિનિયરીંગ કેંદ્ર છે. ઇલેક્ટ્રોટેકનિકલ વસ્તુઓ, મોટરવાહનો, અને સેંટ્રિફ્યુજનું ઉત્પાદન સ્ટોકહોમમાં અને બોલ-બેરીંગનું ઉત્પાદન તથા સમુદ્રી નૌકાનિર્માણ ગોટેબોર્ગમાં કેંદ્રિકૃત છે. નૌકાનિર્માણના દેશ તરીકે સ્વીડન દુનિયામાં જાપાન પછી બીજું સ્થાન ધરાવે છે. યુદ્ધ પછી મોટરવાહનો, ઇલેક્ટ્રોનિક કોમ્પ્યુટરો, તથા જેટ વિમાનોનું ઉત્પાદન ઝડપથી વધી રહ્યું છે.

સ્વીડન વનોમાંથી મેળવવામાં આવતા કાષ્ઠના પરિમાણની બાબતમાં ફીનલૅંડની કક્ષાએ છે, અને કાગળ તથા પૂંઠાંના ઉત્પાદનની બાબતમાં સંયુક્ત રાજ્ય અમેરિકા તથા કૅનેડા પછી ત્રીજું સ્થાન ધરાવે છે. સલ્ફરિક એસિડ અને બીજાં રસાયણોનું ઉત્પાદન ગર તથા કાગળ ઉદ્યોગ સાથે ગાઢ સંકળાયેલું છે.

દેશમાં વરસે ૯૦૦૦૦ મિલિયન કિલોવાટ-કલાકથી વધારે વીજળી પેદા થાય છે અને તેમાં હાઈડ્રો-પાવર સ્ટેશનોનો ફાળો ૯૬ ટકા જેટલો છે. તેલ અને ખનીજ ઈંધણની બીજી ચીજોની આયાત કરવામાં આવે છે.

સ્વીડનમાં ઘનિષ્ઠ ખેતી થાય છે અને તેની પેદાશો ખૂબ જ વેચાણ લાયક હોય છે. સ્વીડન બેકન (માંસની એક વાનગી), માખણ, તથા પનીરની નિકાસ અને અનાજ, લોટ, તથા ખોરાકની બીજી ચીજોના જરૂરી જથ્થાઓની આયાત કરે છે.

નોર્વે

નોર્વે ઉત્તર-પશ્ચિમમાં છેક છેડે આવેલું છે. તેના તટપ્રદેશમાં ઊંચી કરાડો અને સમુદ્રની સંખ્યાબંધ ઊંડી વાંકીચૂકી ખાડીઓ છે. નોર્વેની ધરતીને પખાળતા સમુદ્રનું પાણી મેક્સિકોના અખાતના ગરમ જળપ્રવાહને કારણે જામતું નથી. દેશમાં સૌથી વધારે ગીચ વસતિ સાંકડી તટવર્તી નીચાણભૂમિમાં છે. માફક મહાસાગરીય આબોહવાના એ વિસ્તારમાં કેટલાંય બંદરો છે.

દેશની ૫૦ ટકા વસતિને આવરી લેતા ગામવાસીઓ મોટે ભાગે આખી નીચાણભૂમિમાં ઠેરઠેર પથરાયેલાં ખેતરોમાં રહે છે. પાડોશી સ્કેન્ડીનેવિયન દેશોની જેમ નોર્વેમાં શહેરો નાનાં છે. પાટનગર ઓસ્લોની વસતિ પાંચ લાખની છે.

નોર્વે વિકસિત ઉદ્યોગ અને ખેતીવાડીનો દેશ છે. તેના અર્થતંત્રનાં લાક્ષણિક પાસાં વીજળીથી ચાલતા ઉદ્યોગધંધાઓ, માછીમારી, વહાણવટું, અને વિદેશો જોડેના વ્યાપારનાં છે.

નોર્વેના અર્થતંત્રની અત્યંત મહત્ત્વની શાખાઓ નિકાસનો માલ બનાવતા ઉદ્યોગોની છે—કાષ્ઠ, ગર તથા કાગળ, અને ધાતુકર્મ ઉદ્યોગો તેમ જ નૌકાનિર્માણ.

ઉત્તર સમુદ્રના નોર્વેજિયન વિભાગમાં તેલ અને ગૅસના ભંડારોમાં ઉત્પાદન શરૂ થઈ ગયું છે.

ઉદ્યોગમાં પહાડી નદીઓની હાઈડ્રો-પાવર સાધનસંપત્તિનો ઉપયોગ થાય છે. નોર્વેની હાઈડ્રો-પાવર સાધનસંપત્તિ પશ્ચિમ યુરોપમાં સૌથી વધારે અને સંયુક્ત રાજ્ય અમેરિકા તથા કેનેડાથી વધારે છે. નોર્વેનાં પાવર સ્ટેશનોમાં વરસે લગભગ ૮૦૦૦૦ મિલિયન કિલોવાટ-કલાક વીજળી પેદા થાય છે અને તેનો ઉપયોગ ઉત્પાદનની વિદ્યુત-પ્રધાન શાખાઓના વિકાસ માટે કરવામાં આવે છે. વિદ્યુત-ધાતુકર્મ કારખાનાંમાં ઊંચી કોટિનું પોલાદ, લોહમય મિશ્રધાતુઓ, અને એલ્યુમિનિયમ (વાર્ષિક છ લાખ ટન) સહિત બિનલોહ ધાતુઓનું ઉત્પાદન થાય છે. ઍન્જિનિયરીંગની શાખામાં મુખ્યત્વે ઇલેક્ટ્રોટેકનિકલ ઉદ્યોગધંધાઓ તથા નૌકાનિર્માણ સામેલ છે.

કાચા માલનો વિસ્તૃત આધાર ધરાવતા કાષ્ઠકર્મ અને ગર તથા કાગળ ઉદ્યોગોમાં કાષ્ઠ-ગર, સેલ્યુલોઝ, કાગળ, તથા પૂંઠાંનું ઉત્પાદન મોટા પ્રમાણમાં થાય છે. તેમાંથી ગણનાપાત્ર હિસ્સાની, ખાસ કરીને સેલ્યુલોઝ તથા કાગળની, નિકાસ કરવામાં આવે છે.

દુનિયાના મોટામાં મોટા મત્સ્ય ઉદ્યોગોમાંનો એક નોર્વેમાં છે (વાર્ષિક પેદાશ ૩ મિલિયન ટન). ડબ્બાબંધ માછલાં નિકાસમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. દુનિયાના વહેલ ઉદ્યોગમાં નોર્વેનો હિસ્સો લગભગ ૪૦ ટકા જેટલો છે.

વ્યાપારી વહાણોના મોટામાં મોટા કાફલાઓની બાબતમાં દુનિયામાં નોર્વેનું સ્થાન (નોર્વેમાં નોંધાયેલાં વહાણોને પણ ગણતરીમાં લેતાં) જાપાન, બ્રિટન, અને લાઈબેરિયા પછી ચોથું આવે છે. નોર્વેનાં ૯૦ ટકા વ્યાપારી વહાણોને બીજા દેશો ભાડે ઉપયોગમાં લે છે. મુખ્ય નૌકાનિર્માણ મથકો ઓસ્લો, બેર્ગેન, તથા બીજાં બંદરોમાં છે.

ડેન્માર્ક

જટલૅંડના દ્વીપકલ્પને તથા બાલ્ટિક સામુદ્રધુનીના લગભગ ૫૦૦ ટાપુઓને આવરી લેતું ડેન્માર્ક સ્કેન્ડીનૅવિયન દેશોમાં સૌથી નાનો દેશ છે. ફારો ટાપુઓ તથા દુનિયાનો સૌથી મોટો ટાપુ ગ્રીનલૅંડ (લગભગ ૨.૨ મિલિયન ચોરસ કિલોમીટર) પણ ડેન્માર્કની માલિકીના છે. ડેન્માર્કના પ્રદેશને મધ્ય અને ઉત્તર યુરોપ વચ્ચે એક જાતના સેતુ તરીકે ગણાવી શકાય. બાલ્ટિક સાગરને આટલાંટિક મહાસાગર સાથે સાંકળતી ઓરેસુંડ, કાટ્ટેગાટ, અને સ્કાગેરાક ખાડીઓ ડેન્માર્કના કબજામાં છે.

ડેન્માર્કની વસતિ પાંચ મિલિયનથી વધારે ડેન લોકોની છે. લહેરીદાર મેદાનપ્રદેશમાં પથરાયેલા અને માફક સમુદ્રી આબોહવા ધરાવતા ડેન્માર્કમાં નજીવી ખનીજ સંપદા અને બહુ ઓછાં વનો છે. મોટા ભાગનો વિસ્તાર કાં તો ખેતીની જમીનનો અથવા બીડોનો છે.

અર્થતંત્રમાં અગત્યની શાખા માંસ અને દૂધની ચીજો માટે ઢોરઉછેરની છે. ડેન્માર્કમાં વરસે પાંચ મિલિયન ટનથી વધારે દૂધ અને એક મિલિયન ટનથી વધારે માંસનું ઉત્પાદન થાય છે. ખેતીવાડી મુખ્યત્વે પશુપાલન સાથે સંકળાયેલી છે, પરંતુ એ ક્ષેત્ર માટે પૂરતો ચારો પેદા નથી કરી શકતી. એટલે દેશને અનાજ અને અનાજની ચીજો ઉપરાંત મોટા પ્રમાણમાં સાંદ્રિત ચારાની આયાત કરવી પડે છે. ખોરાક ઉદ્યોગમાં લાખો ટન માખણ, પનીર, ડબ્બાબંધ માંસ તથા દૂધની ચીજો, બીટની ખાંડ, ડબ્બાબંધ માછલી, અને ખોરાકની બીજી ચીજો પેદા થાય છે. તેમાંથી મોટા ભાગની પેદાશ બ્રિટન, જર્મન સમવાયી પ્રજાસત્તાક, તથા બીજા મૂડીવાદી દેશોને મોકલવામાં આવે છે.

ઍન્જિનિયરીંગ ઉદ્યોગમાં ખોરાક ઉદ્યોગ માટે સરંજામ બનાવવામાં આવે છે. નૌકાનિર્માણ (સમુદ્રી જહાજો) ખૂબ વિકસિત છે. ઉદ્યોગ, ખાસ કરીને ઍન્જિનિયરીંગ તથા ધાતુકર્મ શાખાઓ, પાટનગર કોપનહેગન (શહેર અને પરાંની મળીને વસતિ ૧.૬ મિલિયન) તથા બીજાં શહેરોમાં કેંદ્રીકૃત છે.

આઈસલૅંડ

અગાઉ ડેન્માર્કનું સંસ્થાન આઈસલૅંડ એ જ નામના ટાપુનું રાજ્ય છે. દેશના રહેવાસીઓ સ્કેન્ડીનૅવિયાથી આવીને વસેલા નોર્સ લોકોના વંશજો છે. ત્રીજા ભાગની વસતિ પાટનગર રેઇક્યાવિકમાં (૮૫૦૦૦ રહેવાસીઓ) રહે છે. અર્થતંત્રની મુખ્ય શાખા માછીમારી અને માછલાંની પ્રક્રિયાની છે. દર વરસે ૧.૫ મિલિયન ટન માછલાં પકડવામાં આવે છે. આઈસલૅંડ મોટા પ્રમાણમાં માછલાં તથા માછલાંની ચીજોની નિકાસ કરે છે.

દેશમાં ઢોર તથા ઘેટાંનો ઉછેર થાય છે અને ચારો, અનાજ, ખોરાકની ચીજો, તેમ જ ઔદ્યોગિક પેદાશો પરદેશોથી મંગાવવામાં આવે છે.

મધ્ય યુરોપના નાના દેશો

મધ્ય યુરોપના નાના મૂડીવાદી દેશોનો કુલ વિસ્તાર પ્રમાણમાં નાનો છે પરંતુ એકંદર વસતિ સારી પેઠે મોટી છે. એ દેશો મધ્ય યુરોપના અર્થતંત્રમાં મહત્ત્વની ભૂમિકા ભજવતા હોવા ઉપરાંત મહત્ત્વના આંતરરાષ્ટ્રીય સંચાર કેંદ્રમાં આવેલા છે.

નેધરલૅંડ્ઝ

વિકસિત ઉદ્યોગ અને ખેતીવાડી ધરાવતો દેશ નેધરલૅંડ્ઝ તાજેતરના સમય સુધી મોટી સાંસ્થાનિક સત્તાનું સ્થાન ધરાવતો હતો. બીજા વિશ્વયુદ્ધ પહેલાં નેધરલૅંડ્ઝની સરખામણીમાં તેનાં સંસ્થાનોનો વિસ્તાર ૬૨ ગણો હતો અને વસતિ આઠ ગણી હતી. હાલના સમયે કેરિબિયન વિસ્તારમાં ઍન્ટીલીસ નેધરલૅંડ્ઝના તાબામાં છે.

નેધરલૅંડ્ઝના પ્રદેશનો (ક્ષેત્રફળ લગભગ ૩૭૦૦૦ ચોરસ કિલોમીટર) અમુક ભાગ સમુદ્રની સપાટીથી નીચો છે અને તેની સલામતી માટે પુસ્તા

બાંધવામાં આવ્યા છે. દેશની વસતિ (લગભગ ૧૪ મિલિયન) મોટે ભાગે ડચ લોકોની તેમ જ દક્ષિણમાં ફ્લેમિંગ તથા ઉત્તરમાં ફ્રિઝિયન લોકોની છે.

નેધરલૅંડ્ઝ ઉત્તર સમુદ્રનો લગભગ એક હજાર કિલોમીટર લાંબો તટપ્રદેશ ધરાવે છે. રાઇન, માઆસ, તથા શેલ્ડે નદીઓનાં મુખ નેધરલૅંડ્ઝના પ્રદેશમાં છે અને એ નદીઓના પ્રદેશોમાં આવેલાં મધ્ય યુરોપીય રાજ્યોને સમુદ્ર સુધીના કુદરતી જળમાર્ગો પૂરા પાડે છે.

ડચ અર્થતંત્રમાં વહાણવટાની તથા વિદેશો જોડેના વ્યાપારની ભૂમિકાનું અતિમૂલ્યાંકન મુશ્કેલ છે. ખૂબ વિકસિત ઉદ્યોગ અને ઘનિષ્ઠ ખેતીવાડી અર્થતંત્રમાં મુખ્ય શાખાઓનાં સ્થાન ધરાવે છે. ઔદ્યોગિક પેદાશનું મૂલ્ય ખેતીવાડીની પેદાશના મૂલ્યથી ચાર ગણું છે.

દુનિયાના મૂડીવાદી ઉત્પાદનમાં અગત્યનું સ્થાન ધરાવતા ડચ ઉદ્યોગની મહત્ત્વની શાખાઓ નૌકાનિર્માણ, વિદ્યુત ઍન્જિનિયરીંગ, તેલ-શુદ્ધિકરણ, અને ખોરાકના ઉદ્યોગોની છે. નેધરલૅંડ્ઝમાંથી સમુદ્રી જહાજો, ટર્બાઇનો, જનરેટરો, વીજળીનાં ઍન્જિનો, સંચાર સરંજામ, રેડિયો તથા ટેલિવિઝન સરંજામ, તથા ઘરેલુ સાધનોની નિકાસ થાય છે.

વિમાન અને મોટરવાહન ઉદ્યોગોની ક્ષમતાઓ ગણનાપાત્ર છે. તાજેતરનાં વર્ષોમાં રસાયણ અને પેટ્રોકેમિકલ ઉદ્યોગોમાં પ્રગતિ થતી રહી છે.

પાટનગર એમ્સ્ટર્ડેમ (વસતિ એક મિલિયન) મુખ્ય ઔદ્યોગિક કેંદ્ર, યુરોપનું બૅંકીંગ કેંદ્ર, અને બંદર છે. રોટરડૅમ (પશ્ચિમ યુરોપનું મહાસાગર દ્વાર) વિશ્વવ્યાપી મહત્ત્વનું બંદર અને ઉદ્યોગનું મોટું મથક છે. ખેતીવાડીની મુખ્ય શાખા ખૂબ ઉત્પાદક ઢોરઢાંખરના ઉછેરની છે. માખણ અને પનીરનું ઉત્પાદન દેશની જરૂરિયાતોથી બમણું થાય છે. વાવણીનો વિસ્તાર નાનો છે અને અનાજનો પાક ઓછો ઉતરે છે, એટલે અનાજ અને ચારાની આયાત કરવી પડે છે.

વ્યાપારી જહાજોનો મોટો કાફલો નેધરલૅંડ્ઝના તેમ જ બીજા ઘણા દેશોના દરિયાપાર આર્થિક સંબંધોને સુનિશ્ચિત બનાવે છે.

બેલ્જિયમ

નેધરલૅંડ્ઝની જેમ બેલ્જિયમ પણ મધ્ય યુરોપના આંતરરાષ્ટ્રીય સંચાર કેંદ્રમાં સાનુકૂળ સ્થિતિ ધરાવે છે. બેલ્જિયમ ખૂબ વિકસિત ઔદ્યોગિક રાજ્ય છે. બેલ્જિયમમાં ભારે ઉદ્યોગનો ખાસ વિકાસ થયો છે અને હળવા તથા ખોરાક

ઉદ્યોગો પણ ખૂબ વિકસિત છે. દેશના અર્થતંત્રને દુનિયાનાં બજારો ઉપર અને દરિયાપારના કાચા માલના સ્રોતો ઉપર મોટો આધાર રાખવો પડે છે. બેલ્જિયમના લગભગ બધા ઉદ્યોગોમાં આયાતના કાચા માલનો ઉપયોગ થાય છે અને કારખાનાંની પેદાશના ૮૦ ટકા હિસ્સાની નિકાસ થાય છે.

ઉદ્યોગના ક્ષેત્રમાં ધાતુકર્મ ઉદ્યોગનું સ્થાન મહત્ત્વનું છે. બેલ્જિયમ પશ્ચિમ યુરોપમાં ત્રાંબું, ઝીંક, કોબાલ્ટ, અને ટિનના મોટામાં મોટા ઉત્પાદકોમાં સ્થાન ધરાવે છે. વિકસતા દેશોમાંથી યુરેનિયમ, રેડિયમ, તથા બીજી વિરલ ધાતુઓની આયાત કરવામાં આવે છે અને તેમને પ્રક્રિયા પછી દુનિયાનાં બજારોમાં મોકલવામાં આવે છે.

યંત્ર-નિર્માણ ઉદ્યોગની શાખાઓમાં વિદ્યુત ઍન્જિનિયરીંગ તેમ જ ખાણો, ધાતુકર્મ, તથા પરિવહનના સરંજામનું ઉત્પાદન અત્યંત વિકસિત છે. રસાયણ ઉદ્યોગમાં ખનીજ ખાતરનું ઉત્પાદન મહત્ત્વનું સ્થાન ધરાવે છે. પેટ્રોકેમિકલ ઉદ્યોગમાં તેમ જ દવાઓના ઉદ્યોગમાં આયાતના કાચા માલનો ઉપયોગ કરવામાં આવે છે. બેલ્જિયમમાં કાચા હીરાના ઘડતરનું વિશેષીકરણ સાધવામાં આવ્યું છે અને એ ક્ષેત્રમાં તે દુનિયાનો મોખરાનો દેશ છે.

પાટનગર બ્રસેલ્સ (વસતિ એક મિલિયનથી વધારે) મોટું શહેર છે અને દેશનાં બહુ મોટાં યંત્ર-નિર્માણ, વ્યાપારી, તથા સંચાર કેંદ્રોમાં સ્થાન ધરાવે છે. એન્ટવર્પ મુખ્ય સમુદ્રી બંદર અને મહત્ત્વનું ઔદ્યોગિક તથા વાહનવ્યવહાર મથક છે. લીજ કોલસાના તેમ જ લોખંડ તથા પોલાદના ઉત્પાદનનું અને ભારે ઍન્જિનિયરીંગ ઉદ્યોગનું કેંદ્ર છે.

ખેતીવાડીમાં દેશની જરૂરિયાતો માટે મુખ્યત્વે માંસ તથા દૂધની ચીજો માટે ઢોરઉછેરનું વિશેષીકરણ સાધવામાં આવ્યું છે. દેશમાં વપરાતા અનાજના લગભગ ૫૦ ટકા હિસ્સાની આયાત કરવામાં આવે છે. મુખ્ય ઔદ્યોગિક પાકો સાકર-બીટ, શણ, હોપ-ફળ, અને તમાકુના છે.

બેલ્જિયમમાં દુનિયાની સૌથી વધારે વિસ્તૃત રાજમાર્ગ વ્યવસ્થા છે. આંતરિક જળમાર્ગો દેશને સમુદ્ર સાથે સાંકળે છે, અને નૌકા વાહનવ્યવહાર વિદેશો જોડેના આર્થિક સંબંધોને સુનિશ્ચિત બનાવે છે.

લુકઝેમ્બુર્ગ

લુકઝેમ્બુર્ગ મધ્ય યુરોપનું નાનકડું રાજ્ય છે. તેનું ક્ષેત્રફળ ૨૬૦૦ ચોરસ કિલોમીટર છે, અને ૩૬૦ ૦૦૦ની કુલ વસતિમાંથી ૮૦ ૦૦૦ માણસો પાટનગર

લુકઝેમ્બુર્ગમાં વસેલાં છે. દેશના ખૂબ વિકસિત ઉદ્યોગમાં કાચી ધાતુનું ખોદાણ અને લોખંડ તથા પોલાદનું ઉત્પાદન મુખ્ય સ્થાન ધરાવે છે. લુકઝેમ્બુર્ગનું પોલાદનું વાર્ષિક ઉત્પાદન સ્વીડનની સરખામણીમાં વધારે છે. ખેતીવાડીની પેદાશમાં પશુપાલનનો હિસ્સો મોટો છે. સમગ્ર દૃષ્ટિએ જોતાં અર્થતંત્રને સહિયારા બજારના મુખ્ય દેશોની ઈજારદારીઓ ઉપર મોટો આધાર રાખવો પડે છે.

સ્વિટ્ઝરલૅંડ

સ્વિટ્ઝરલૅંડની કાયમી તટસ્થતાને માન્યતા આપવામાં આવી ત્યાર પછી ૧૭૦ વરસથી વધારે સમય વીતી ગયો છે. આલ્પ્સ પર્વતમાળામાં આવેલા દેશના વેગીલા આર્થિક અને સાંસ્કૃતિક વિકાસમાં મોટે ભાગે એ માન્યતા કારણભૂત રહી છે. ટ્રાન્સ-આલ્પાઇન રેલવે તથા રાજમાર્ગો તેમ જ રાઈન નદી સ્વિટ્ઝરલૅંડને પશ્ચિમ યુરોપના દેશો જોડે સાંકળે છે.

સ્વિટ્ઝરલૅંડનાં સુખ્યાત પહાડી વિશ્રામધામોની મોજ માણવા દર વરસે દુનિયાના બધા ભાગોમાંથી લાખો પ્રવાસીઓ આવે છે. પરંતુ સહેલાણી ઉદ્યોગ ગમે એટલો મહત્ત્વનો હોય તોયે દેશના અર્થતંત્રનો પાયો તો આધુનિક ઉદ્યોગ જ છે. દુનિયાની ઈજારદારી મૂડીની તિજોરી સમો બૅંકીંગ ઉદ્યોગ અર્થતંત્રમાં બહુ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

સ્વિટ્ઝરલૅંડમાં સ્થાનિક કાચા માલની તંગી હોવાથી ઉદ્યોગમાં ઊંચી કોટિની એવી વસ્તુઓ બનાવવાનું વિશેષીકરણ સાધવામાં આવ્યું છે કે જેમાં કસબની ઉસ્તાદીની જરૂર પડે પરંતુ કાચો માલ ઓછો વપરાય. યંત્ર-નિર્માણના ઉદ્યોગધંધાઓમાં મોટે ભાગે આયાતની અને અમુક અંશે સ્થાનિક ઊંચી કોટિની ધાતુઓનો ઉપયોગ થાય છે.

સ્વિટ્ઝરલૅંડ ફ્રાંસથી વધારે પ્રમાણમાં ટર્બાઈનો, જનરેટરો, તથા બીજો વિદ્યુત સરંજામ બનાવે છે, અને ધાતુકર્મ ઉદ્યોગો માટેના સરંજામની નિકાસ બ્રિટન જેટલી કરે છે. દેશમાં ઘડિયાળોનું ઉત્પાદન આખી દુનિયામાં સૌથી વધારે થાય છે.

લાંબા વખતથી સ્થપાયેલા ઉદ્યોગોમાં કાપડ અને એલ્યુમિનિયમ ઉદ્યોગો મહત્ત્વનું સ્થાન ધરાવે છે. દેશના ખૂબ વિકસિત રસાયણ ઉદ્યોગમાં ખાતર, પ્લાસ્ટિક, રંગો, અને દવાઓ બને છે. સ્વિટ્ઝરલૅંડની મોટી રાસાયણિક

પેઢીઓના ઉદ્યોગધંધાઓ ઘણા મૂડીવાદી દેશોમાં ચાલે છે. આયાતના કાચા તેલનું શુદ્ધિકરણ સ્થાનિક રિફાઇનરીઓમાં થાય છે, અને તેના આધારે પેટ્રોકેમિકલ ઉદ્યોગ વિકસી રહ્યો છે.

સ્વિટ્ઝરલૅંડના ઉદ્યોગો અને અર્થતંત્ર વિદ્યુત ઉદ્યોગ ઉપર આધારિત છે. વીજળીનું ઉત્પાદન મુખ્યત્વે હાઈડ્રો-પાવર સ્ટેશનોમાં થાય છે. લગભગ ૨૫ ટકા વીજળી પરમાણુ પાવર સ્ટેશનોમાં પેદા થાય છે.

ઉદ્યોગની વહેંચણી શહેરોમાં ઠીકઠીક સમપ્રમાણ રૂપમાં થયેલી છે. દેશનાં મુખ્ય ઔદ્યોગિક કેંદ્રો ઝુરિક, બાડેન, જિનિવા, બાઝેલ, અને બેર્ન છે. દેશનું પાટનગર બેર્ન ઔદ્યોગિક મહત્ત્વની બાબતમાં ઝુરિક અને બાઝેલ પછી ત્રીજું સ્થાન ધરાવે છે. વ્લાદીમિર ઇલ્યીચ લેનિને બેર્નમાં રહીને કાર્ય કર્યું હતું. બેર્ન શહેર એક જમાનામાં રૂસી ક્રાંતિકારી વિદેશવાસીઓનું કેંદ્ર હતું.

ખેતીવાડીમાં મુખ્ય કામધંધો દૂધની ચીજો માટે પશુપાલનનો છે. ખેતીની જમીનના અમુક હિસ્સામાં ફળવાડીઓ, દ્રાક્ષવાડીઓ, અને શાકભાજીના વાડા છે. પરંતુ ખેતીવાડીની પેદાશ દેશની ખોરાકની જરૂરિયાતો માટે પૂરતી નથી, એટલે ખોરાકની મોટા ભાગની વસ્તુઓની આયાત કરવામાં આવે છે.

ઑસ્ટ્રિયા

ઑસ્ટ્રિયા આલ્પ્સ પર્વતમાળાના પૂર્વ ભાગમાં અને ડાન્યુબ નદીના ઉપરવાસના વિસ્તારમાં આવેલો નાનકડો પહાડી દેશ છે. તે જર્મની સાથે બળજબરીના જોડાણની હાલતમાં જકડાયેલો દેશ હતો. બીજા વિશ્વયુદ્ધમાં નાઝી જર્મનીના પરાજયના પરિણામે ઑસ્ટ્રિયાને એવી હાલતમાંથી છુટકારો મળ્યો અને ઑસ્ટ્રિયન રાજ્યનો પુનરુદય થયો. ઑસ્ટ્રિયા પ્રજાસત્તાકે ૧૯૫૫થી અપનાવેલી કાયમી તટસ્થતાની નીતિ દેશના રાષ્ટ્રીય અર્થતંત્ર અને સંસ્કૃતિના વિકાસની ગૅરંટી પૂરી પાડે છે.

ઑસ્ટ્રિયાનો વિકસિત ઉદ્યોગ રાષ્ટ્રીય આવકમાં ૫૦ ટકાનો ફાળો આપે છે. દેશનું કુલ ઔદ્યોગિક ઉત્પાદન લગભગ બેલ્જિયમ, નેધરલૅંડ્ઝ, અથવા સ્વીડનના ઉત્પાદન જેટલું છે.

ઉત્પાદનની મુખ્ય શાખા ઍંજિનિયરીંગની છે અને તેમાં વીજળીની વસ્તુઓ તથા સાધનોનું, મોટરવાહનો તથા ટ્રેક્ટરોનું, તેમ જ વિદ્યુત ઍંજિનિયરીંગ, ખાણ, તથા ધાતુકર્મ ઉદ્યોગોના સરંજામનું વિશેષીકરણ સાધવામાં આવ્યું છે.

ઑસ્ટ્રિયા લોખંડ અને પોલાદ તેમ જ બિનલોહ ધાતુઓના વિકસિત ઉદ્યોગો ધરાવે છે. ઉત્પાદનની બીજી મહત્ત્વની શાખાઓ રસાયણ, કાષ્ઠ, તેમ જ ગર તથા કાગળના ઉદ્યોગોની છે. તેલ ઉદ્યોગમાં લગભગ ૩ મિલિયન ટન જેટલું સરેરાશ વાર્ષિક ઉત્પાદન થાય છે. એથી દેશની તેલની જરૂરિયાતો સંતોષાઈ જાય છે. મોટા ભાગની વીજળીનું ઉત્પાદન હાઈડ્રો-પાવર સ્ટેશનોમાં થાય છે.

ચાલીસ ટકાથી વધારે ઔદ્યોગિક ઉત્પાદન પાટનગર વિયેનાના ઉદ્યોગધંધાઓમાં થાય છે. વિયેનાની વસતિ લગભગ ૧.૬ મિલિયન છે.

ખેતીવાડીમાં માંસ અને દૂધની ચીજો માટે પશુપાલન મુખ્ય સ્થાન ધરાવે છે. ખેતીવાડીની પેદાશથી દેશની ખોરાકની જરૂરિયાતો લગભગ પૂરી સંતોષાઈ જાય છે. બાગાયત અને દ્રાક્ષ તથા શાકભાજીની ખેતી પણ વ્યાપક રૂપે થાય છે.

દક્ષિણ યુરોપના દેશો

સ્પેન

સ્પેન દક્ષિણ-પશ્ચિમ યુરોપમાં આઈબેરિયન દ્વીપકલ્પના લગભગ એંશી ટકા હિસ્સાને આવરી લે છે. સ્પેન મોટો દેશ છે અને લોઢું, ત્રાંબું, સીસું, ઝીંક, ટંગ્સ્ટન, યુરેનિયમ, તથા બીજાં ખનીજોની બાબતમાં સમૃદ્ધ છે.

પરંતુ પછાત સામાજિક પદ્ધતિ અને ફાસીવાદી સરમુખત્યારીને લીધે તેનો આર્થિક અને સાંસ્કૃતિક વિકાસ લાંબા સમય સુધી અવરોધાતો રહ્યો હતો. માત્ર તાજેતરનાં વર્ષોમાં જ તેના અર્થતંત્ર અને ઉદ્યોગમાં વધતી જતી પ્રવૃત્તિની નિશાનીઓ જોવા મળતી રહી છે.

સ્પેન ઉદ્યોગ અને ખેતીનો દેશ છે. ઍંજિનિયરીંગનો વિકાસ ઉત્પાદનની સ્વતંત્ર શાખા તરીકે થઈ રહ્યો છે. તેમાં નૌકાનિર્માણ તેમ જ મોટરવાહન, વિમાન, તથા યંત્ર-ઓજાર ઉદ્યોગો અગત્યનાં સ્થાનો ધરાવે છે. સ્પેન પોતાનો સ્વતંત્ર ધાતુકર્મ આધાર ધરાવે છે. ધાતુકર્મની પેદાશનો અમુક હિસ્સો દેશની જરૂરિયાતો માટે વપરાય છે અને પારો તથા કેટલીક ધાતુઓ પરદેશોને મોકલવામાં આવે છે.

તેલના શુદ્ધિકરણના ઉદ્યોગનો વિકાસ આયાતના કાચા તેલના આધારે થઈ રહ્યો છે. તેની પેદાશ પેટ્રોકેમિકલ ઉદ્યોગના વિકાસને પ્રવેગ આપે છે. પાવર ઍંજિનિયરીંગમાં સ્થાનિક કોલસાનો અને આયાતના ખનીજ ઈંધણનો ઉપયોગ થાય છે.

પાટનગર મૅડ્રીડ તેમ જ બાર્સેલોના, બીલબાઓ, તથા બીજાં શહેરો મહત્ત્વનાં ઔદ્યોગિક કેંદ્રો છે. હળવા અને ખોરાક ઉદ્યોગો વેચાણની મુશ્કેલીઓને લીધે સ્થગિત દશામાં છે.

ખેતીવાડી પછાત છે. ખેતી અને પશુપાલનની ઓછી ઉત્પાદકતામાં સામંતી સંબંધોના અવશેષો અને યંત્રીકરણની નીચી કક્ષા કારણભૂત છે. સ્પેન ઘઉંની બાબતમાં સ્વાવલંબી નથી. દેશમાં ગરમ આબોહવાનાં ફળોની વાડીઓ વિસ્તૃત પ્રમાણમાં છે, અને સિટ્રસ ફળો તથા ઓલીવના તેલના વિશાળ જથ્થાઓની નિકાસ કરવામાં આવે છે.

સ્પેનમાં સરમુખત્યાર ફ્રાંકોના અવસાન (૧૯૭૫) પછી સારી પેઠે પરિવર્તનો થયાં છે. નવું બંધારણ ઘડવામાં તથા અપનાવવામાં આવ્યું છે. પરંતુ પ્રત્યાઘાતી શાસક વર્તુળોએ લોકશાહીવાદી સિદ્ધાંતોનો ભંગ કરીને સ્પેનને આક્રમક નાટો જૂથમાં ધકેલી દીધું છે અને દેશની નીતિને વિશ્વ સામ્રાજ્યવાદનાં હિતો સાથે જકડી લીધી છે.

પોર્ટુગલ

પોર્ટુગલ આટલાંટિક મહાસાગરના પ્રદેશમાં પાઇરેનિયન દ્વીપકલ્પના પશ્ચિમ ભાગમાં આવેલું સાર્વભૌમ રાજ્ય છે. દેશનું ક્ષેત્રફળ ૯૦૦૦૦ ચોરસ કિલોમીટરથી વધારે અને વસતિ લગભગ ૧૦ મિલિયન છે. પ્રત્યાઘાતી મૂડીવાદી વર્તુળો, મોટા જમીનદારો, અને લશ્કરી નોકરશાહીનો ટેકો ધરાવતી ફાસીવાદી સરમુખત્યારીની અખંડ આણ દેશમાં લગભગ ૫૦ વરસ ફેલાયેલી રહી હતી.

૧૯૭૪ની વસંતમાં હથિયારબંધ દળોના આંદોલને, બહોળાં પ્રજાકીય કદમોનો ટેકો ધરાવતા આંદોલને, ફાસીવાદી શાસનને ઉથલાવી પાડ્યું. પોર્ચુગીઝ ક્રાંતિએ રાજ્ય-ઈજારદારી મૂડીવાદને નાબૂદ કરી નાખ્યો છે, ઉદ્યોગધંધાઓમાં કામદારોના નિયંત્રણની સ્થાપના કરી છે, અને ખેતીવાડી સંબંધી સુધારાનો અમલ શરૂ કરી દીધો છે.

પોર્ટુગલમાં ૧૯૭૬માં અપનાવવામાં આવેલા નવા બંધારણમાં રાષ્ટ્રીય અને લોકશાહીવાદી ક્રાંતિની મુખ્ય સિદ્ધિઓનું નિરૂપણ કરવામાં આવ્યું છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે પોર્ટુગલની જનતાના નિર્ધાર મુજબ સમાજવાદી સમાજના નિર્માણનો માર્ગ મોકળો થઈ ગયો છે અને દેશની સમક્ષ આઝાદ પોર્ટુગલના ઘડતરનું કર્તવ્ય ઉપસ્થિત છે.

નવા બંધારણમાં ઉત્પાદનનાં મુખ્ય સાધનો, જમીન, તથા ખનીજોની સામાજિક માલિકીના, ઉદ્યોગમાં ઇજારદારીઓની નાબૂદીના, અને જમીન ઉપર જમીનદારોની માલિકીની નાબૂદીના સિદ્ધાંતની ઘોષણા કરવામાં આવી છે. પરંતુ વિશ્વ સામ્રાજ્યવાદનો ટેકો ધરાવતી પ્રત્યાઘાતી તાકાતો પોર્ચુગીઝ જનતાની ક્રાંતિકારી સિદ્ધિઓ ઉપર પોતાના હલ્લાને દર વરસે વધારે જોરદાર બનાવે છે અને મોટા મૂડીદારો તથા જમીનદારોની સત્તા ફરી સ્થાપવાની કોશિશો કરે છે. એથી ફિકરમંદ બની જતાં પ્રગતિશીલ અને લોકશાહીવાદી પરિબળો ક્રાંતિકારી સિદ્ધિઓની રક્ષા કાજે, દેશમાં લોકશાહીને વધારે મક્કમ બનાવવા માટે, અને સામાજિક તથા આર્થિક પ્રગતિ ખાતર કદમો ઉઠાવી રહ્યાં છે.

સાનુકૂળ પ્રાકૃતિક સંજોગો ધરાવતા પોર્ટુગલમાં આધુનિક આર્થિક આધારના ઘડતર માટે જરૂરી સાધનસંપત્તિ મોજૂદ છે. દેશમાં ટંગ્સ્ટન, યુરેનિયમ, ટિન, ત્રાંબું, અને બીજી કાચી ધાતુઓના તેમ જ બિનધાતુ ખનીજોના ભંડારો છે. જમીન તથા આબોહવાના સંજોગો ખેતીવાડીના વિકાસ માટે માફક છે.

તેમ છતાં પોર્ટુગલ વિકાસની મધ્યમ કક્ષાએ પહોંચેલો ખેતી-ઉદ્યોગનો દેશ છે, અને આર્થિક વિકાસની દૃષ્ટિએ યુરોપમાં છેલ્લાં સ્થાનો ધરાવતા દેશોમાં સામેલ છે.

લાભદાયક કામ કરતી વસતિના ગણનાપાત્ર હિસ્સાને આવરી લેતી ખેતીવાડીમાં અનાજ (ઘઉં, ડાંગર, મકાઈ, વગેરે), બટેટાં, અને શાકભાજીના પાક થાય છે. ઓલીવ તથા દ્રાક્ષની ખેતી અને બાગાયત વિકસિત છે. પરંતુ ખેતીવાડીમાં નીચી કક્ષાની ટેક્નોલોજી તથા ઉત્પાદનની પછાત સંઘટનાને લીધે દેશની જરૂરિયાતો નથી સંતોષાતી અને ખોરાકની ચીજોની આયાત કરવી પડે છે.

ઉદ્યોગના ક્ષેત્રમાં કેટલાક આધુનિક ઉદ્યોગધંધાઓની સાથે સાથે નાના પાયાનું ઉત્પાદન અને હાથકારીગરીનું ઉત્પાદન દરેક ઠેકાણે ફેલાયેલું છે. ધાતુકર્મ, યંત્ર-ઍંજિનિયરીંગ, વિદ્યુત ઍંજિનિયરીંગ, અને બીજા નવા ઉદ્યોગોના પાયા નાખવામાં આવ્યા છે.

દેશમાં પરદેશીઓના પ્રવાસથી કેટલાક આર્થિક લાભ થાય છે. વિદેશી હૂંડિયામણનો બીજો એક સ્રોત પરદેશોમાં કામ કરતા પોર્ચુગીઝ કામદારો તરફથી તેમનાં કુટુંબોને મોકલવામાં આવતા પૈસાનો છે.

દેશમાં ઊર્જાની આકરી કટોકટી, ઉત્પાદનમાં ઘટાડો, મોંઘવારી, અને બેકારીમાં વધારાની હાલત છે.

પોર્ટુગલ અને સોવિયેત સંઘ તથા બીજા સમાજવાદી દેશો વચ્ચે ડિપ્લોમેટિક

સંબંધોની સ્થાપનાથી તેમ જ આર્થિક, વૈજ્ઞાનિક, તથા ટેક્નોલોજિકલ સહકારની સંઘટનાથી પોર્ટુગલના આર્થિક વિકાસમાં મુશ્કેલીઓને પહોંચી વળવામાં મદદ મળે છે.

ગ્રીસ

બાલ્કન દ્વીપકલ્પના દક્ષિણ ભાગને અને નજીકના ટાપુઓને આવરી લેતું ગ્રીસ પોર્ટુગલની સરખામણીમાં વિસ્તારની દૃષ્ટિએ (લગભગ ૧૩૨ ૦૦૦ ચોરસ કિલોમીટર) મોટું પરંતુ વસતિની દૃષ્ટિએ (૯ મિલિયન) નાનું છે, અને આર્થિક દૃષ્ટિએ ઓછું વિકસિત છે.

ગ્રીસમાં પાઈરાઈટ, કોલસા (લિગ્નાઈટ), એસ્બેસ્ટોસ, નિકલ, સીસું, ઝીંક, ક્રોમિયમ, લોઢું, તથા મેંગેનીઝના વિપુલ ભંડારો છે. ભૂમધ્ય સમુદ્રના ગરમ જળથી ધોવાતા દેશની ઉપોષ્ણ આબોહવા ઘનિષ્ઠ ખેતી માટે માફક છે.

બીજા વિશ્વયુદ્ધ પછી ગ્રીસ રાજકીય, આર્થિક, અને લશ્કરી ક્ષેત્રોમાં મોટાં સામ્રાજ્યવાદી રાજ્યો ઉપર ભારે પ્રમાણમાં અવલંબિત હતું અને તેને માથે લશ્કરી ખર્ચનો ભયંકર બોજો લદાયેલો હતો. એથી તે આર્થિક વિકાસમાં પાછળ રહી ગયું હતું. લશ્કરી-સરમુખત્યારશાહી શાસન દેશનાં રાષ્ટ્રીય હિતોનો દ્રોહ કરીને વિકાસને અવરોધતું હતું.

૧૯૭૪માં રાજકીય મેદાનમાંથી લશ્કરી ટોળકીને હઠાવી દેવામાં આવી અને ૧૯૮૧ની ચૂંટણીમાં ઉદ્દામ પાંખનાં પરિબળોનો વિજય થયો એટલે દેશમાં ઇષ્ટ પરિવર્તનોને વધારે ગહન બનાવવાના તેમ જ અર્થતંત્ર અને સંસ્કૃતિને વિકસાવવાના સાનુકૂળ પૂર્વસંજોગો પેદા થયા છે.

વર્તમાન ગ્રીસ ઉદ્યોગ અને ખેતીનો દેશ છે અને પરદેશી ઇજારદારી મૂડી ઉપર અવલંબિત છે. દેશના અર્થતંત્રનાં મુખ્ય ઘટકો ખેતીવાડી, કાષ્ઠ ઉદ્યોગ, તેમ જ લાભદાયક કામ કરતી વસતિના લગભગ ૪૦ ટકા હિસ્સાને આવરી લેતી માછીમારી છે. ઉદ્યોગ અને બાંધકામ પ્રમાણમાં સુવિકસિત છે. લાભદાયક કામ કરતી વસતિના વીસ ટકાથી વધારે માણસો તેમાં કામ કરે છે.

ઉદ્યોગના ક્ષેત્રમાં હળવા અને ખોરાક ઉદ્યોગો મુખ્ય છે. તાજેતરનાં વર્ષોમાં ભારે ઉદ્યોગની શાખાઓ વિકસી રહી છે. તેમાં મોટે ભાગે આયાતના અને અમુક અંશે સ્થાનિક કાચા માલ તથા ઈંધણનો ઉપયોગ થાય છે.

ખેતીવાડીમાં જમીન ઉપર જમીનદારોની માલિકી હજી ચાલુ છે. ગ્રીસની

ખેતીવાડીમાં દેશના વપરાશ માટે અનાજ તથા સાકર-બીટના પાક ઉગાવવામાં આવે છે અને સાથે સાથે તમાકુ, સિટ્રસ ફળો, ઓલીવ, સૂકી દ્રાક્ષ, તથા મદ્યની નિકાસની પેદાશોનું વિશેષીકરણ સાધવામાં આવ્યું છે. ખેતી અને પશુપાલનની મૂળભૂત પેદાશો દેશની જરૂરિયાતો માટે પૂરતી નથી એટલે પરદેશોમાંથી મંગાવવી પડે છે.

વ્યાપારી જહાજોનો મોટો કાફલો (૩૩૦૦ જહાજો અને એ ઉપરાંત બીજા દેશોમાં નોંધાયેલાં ગ્રીક જહાજો) ગ્રીસના વિદેશ-વ્યાપારમાં તથા સમગ્ર અર્થતંત્રમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ગ્રીસમાં પરદેશીઓના પ્રવાસમાંથી મળતા નફામાં, વિદેશી હૂંડિયામણની આવકમાં, વધારો થઈ રહ્યો છે.

દેશમાં લોકશાહીવાદી પરિવર્તનોને વધારે દૃઢ બનાવવાની તથા પ્રવેગ આપવાની, સામ્રાજ્યવાદી સત્તાઓ ઉપરના અવલંબનથી છુટકારો હાંસલ કરી લેવાની, સ્વતંત્ર વિદેશનીતિ અમલમાં મૂકવાની, અને સમાજવાદી દેશો જોડે સર્વાંગી સહકાર વિકસાવવાની બાબત ગ્રીસના લોકોનાં મૂળભૂત હિતોને અનુરૂપ છે. ગ્રીસનાં પ્રગતિશીલ પરિબળો દેશના સુસંગત લોકશાહીવાદી વિકાસ તથા નવોત્થાન માટે, રાષ્ટ્રીય સ્વતંત્રતાની રક્ષા માટે, સંઘર્ષ લડી રહ્યાં છે.

સાઇપ્રસ

સાઇપ્રસ યુરોપ અને એશિયાના સંગમના સ્થળે આવેલું નવોદિત વિકસતું રાષ્ટ્રીય રાજ્ય છે. તેનું અર્થતંત્ર ખેતીવાડી અને હળવા તથા ખોરાક ઉદ્યોગો ઉપર આધારિત છે. ખાણ ઉદ્યોગ (કાચું લોઢું અને ત્રાંબું, ક્રોમાઈટ, એસ્બેસ્ટોસ, વગેરે), તેલ-શુદ્ધિકરણ, પરદેશોના પ્રવાસ, અને વિદેશો જોડે વ્યાપારનો વિકાસ થઈ રહ્યો છે.

૧૯૭૪માં સાઇપ્રસને ગ્રીસ સાથે જોડી દેવાના આશયે કરવામાં આવેલા લશ્કરી બળવાથી સાઇપ્રસ પ્રજાસત્તાકના શાંતિમય વિકાસમાં અંતરાય પડ્યો. એવા સંજોગોમાં તુર્કીનાં લશ્કરો સાઇપ્રસમાં ઊતર્યાં અને ટાપુ બે ભાગોમાં વહેંચાઈ ગયો. આખી દુનિયાનાં પ્રગતિશીલ પરિબળો સાઇપ્રસની સમસ્યાનો ઇનસાફી ઉકેલ શાંતિમય રીતે આણવાની તેમ જ સાઇપ્રસ પ્રજાસત્તાકની સ્વતંત્રતા, સાર્વભૌમત્વ, તથા પ્રાદેશિક અખંડતાને જાળવી રાખવાની હિમાયત કરે છે.

પશ્ચિમ યુરોપ મૂડીવાદી દુનિયાનો સૌથી મોટો પ્રદેશ (સંયુક્ત રાજ્ય

અમેરિકા પછી) અંકિત કરે છે. તેમાં પરિબળોનો સહસંબંધ એટલી હદે પલટાઈ ગયો છે કે સામ્રાજ્યવાદ માટે યુરોપના ભાવિના ફેંસલા કરવાનું હવે શક્ય નથી રહ્યું. લેઓનીદ ઇલ્યીચ બ્રેઝનેવે જણાવ્યું છે કે "એ ભાવિના નિર્ધારણમાં હવે સમાજવાદી રાજ્યો તેમ જ મૂડીવાદી દેશોના કામદાર વર્ગીય તથા લોકશાહીવાદી આંદોલનો મહત્ત્વની ભૂમિકા ભજવે છે."

જાપાન

જાપાન પૂર્વનો સૌથી વધારે વિકસિત મૂડીવાદી દેશ છે. બીજા વિશ્વયુદ્ધમાં હારી ગયેલા જાપાનનું અર્થતંત્ર અનેક વર્ષ પાછળ ફેંકાઈ ગયું હતું અને દુનિયાના મૂડીવાદી ઉત્પાદનમાં તેનો ફાળો ઘટીને અગાઉની સરખામણીમાં લગભગ ચોથા ભાગ જેટલો થઈ ગયો હતો. પરંતુ ત્યાર પછી જાપાનના અર્થતંત્રે જબ્બર આગેકૂચ કરી છે, અને ઔદ્યોગિક ઉત્પાદનના દરોની વૃદ્ધિની બાબતમાં જાપાન બીજા મૂડીવાદી દેશોથી આગળ નીકળી ગયું છે. તેણે કુલ રાષ્ટ્રીય પેદાશના મૂલ્યની બાબતમાં ૧૯૬૯માં મૂડીવાદી દુનિયામાં બીજું સ્થાન હાંસલ કરી લીધું હતું.

જાપાન વિકસિત ઔદ્યોગિક રાજ્ય છે અને પોલાદ, પ્લાસ્ટિક, કૃત્રિમ તંતુ, વીજળી, સિમેંટ, કાગળ, મોટરવાહનો, ટેલિવિઝન, રેફ્રિજરેટરો, કપડાં ધોવાનાં મશીનો, અને ફિલ્મના તથા સાધારણ કેમેરાઓ જેવી વસ્તુઓના ઉત્પાદનની બાબતમાં આજે મૂડીવાદી દુનિયામાં સંયુક્ત રાજ્ય અમેરિકા પછી બીજું સ્થાન ધરાવે છે. તે નૌકાનિર્માણ અને રેડિયોના ઉત્પાદનનાં ક્ષેત્રોમાં આખી દુનિયામાં મોખરાનું સ્થાન ધરાવે છે. જાપાનનો માલ ઘણા દેશોમાં વેચાય છે, અને પરદેશોમાં જાપાની મૂડીનો પેસારો વધતા જતા વેગે થઈ રહ્યો છે.

જાપાનના સંજોગો બીજા કેટલાક મહત્ત્વના મૂડીવાદી દેશોથી નિરાળા છે. જાપાનમાં ખનીજ સાધનસંપત્તિ નજીવી છે એટલે તેને આયાતના ઔદ્યોગિક કાચા માલ તથા ઈંધણ ઉપર મોટો આધાર રાખવો પડે છે. તો પછી જાપાન પોતાના અર્થતંત્રનું પુનરુત્થાન સાધી લેવા ઉપરાંત તેને વિકાસની આટલી ઊંચી કક્ષાએ પહોંચાડી દેવામાં સફળ કેવી રીતે થઈ ગયું?

યુદ્ધ પછી તરત જાપાનમાં લશ્કરી ખર્ચ એકદમ ઘટાડી નાખવામાં આવ્યું હતું. તેની સાનુકૂળ અસર અર્થતંત્ર ઉપર પડી. દેશમાં ઉદ્યોગધંધાઓમાં નવો સરંજામ વસાવવામાં આવ્યો અને અદ્યતન ટેકનોલોજી દાખલ કરવામાં આવી.

યુદ્ધોત્તર જાપાનની લાક્ષણિક વૈજ્ઞાનિક તથા ટેકનીલોજિકલ તેમ જ આર્થિક પ્રગતિમાં એ બધું કારણભૂત હતું.

બીજું એક કારણ લક્ષમાં રાખવું જોઈએ કે જાપાનને અમેરિકાના ઔદ્યોગિક ઓર્ડરો ધોધમાર મળવા લાગ્યા હતા, અને તેમાંથી એકલા કોરિયન આક્રમક યુદ્ધ સંબંધી ઓર્ડરોમાંથી જ જાપાની ઇજારદારીઓને અબજો ડોલરના નફા હાંસલ થયા હતા.

જાપાનમાં માનવશક્તિ સંબંધી સાધનસંપત્તિ પારાવાર છે. દેશની લગભગ ૧૨૦ મિલિયનની વસતિ અર્થતંત્રની બધી શાખાઓ માટે કાબેલ માણસોનો મોટો સ્રોત બની રહેલી છે. ખેતીવાડીને લગતા સુધારાના અમલથી દેશમાં સામંતી સંબંધોના અવશેષો ખતમ થઈ ગયા અને ઔદ્યોગિક વિકાસને જોરદાર પ્રવેગ મળ્યો.

જાપાની શાસક વર્તુળોની સામાજિક દાવપેચની કુનેહભરી રીતો પણ એ સંબંધમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. મૂડીદાર વર્ગ કામદાર વર્ગને અમુક આર્થિક રાહતો આપે છે, તેને નફામાં "ભાગ"નાં વિવિધ રૂપોમાં સાંકળી લે છે, અને સાથે સાથે મહેનતકશ લોકોનું શોષણ વધારી દે છે. જાપાની કામદારને હજી અમેરિકી કામદારના પગારના છઠ્ઠા ભાગ જેટલું જ વેતન મળે છે. કામદારોની નર કે નારી જાતિ અને ઉંમરના આધારે વેતનમાં મોટા તફાવતો હોય છે. સ્ત્રીઓને પુરુષોની સરખામણીમાં ૫૦ ટકા જેટલું વેતન મળે છે. તેમ છતાં સ્ત્રીઓ દેશના વેતન-કામદારોના ત્રીજા ભાગને આવરી લે છે. એકસરખા કામના બદલામાં યુવાન કામદારોને પ્રૌઢ કામદારોની સરખામણીમાં ૫૦થી ૬૦ ટકા ઓછું વેતન મળે છે.

છેલ્લે, મોટી સંખ્યામાં નાના અને મધ્યમ ઉદ્યોગધંધાઓ ઇજારદારીઓના ઓર્ડરોના આધારે ચાલે છે. કામદારોની કુલ સંખ્યાના ૬૦ ટકા હિસ્સાને આવરી લેતા એવા ઉદ્યોગધંધાઓમાં કામદારોને ખાસ જુલમી શોષણના ભોગ બનાવવામાં આવે છે. એવાં બધાં કારણો ભેગાં મળીને જાપાની ઇજારદારીઓ માટે જબ્બર નફા લૂંટવાનું તથા ઉત્પાદન વિસ્તારવાનું શક્ય બનાવે છે.

પ્રમાણમાં ઓછા ઉત્પાદન ખર્ચ અને કારખાનાંની પેદાશોની ઊંચી ગુણવત્તાને કારણે જાપાન દુનિયાનાં બજારોમાં વધતી જતી સફળતાથી હરીફાઈ કરી શકે છે.

જાપાનનું અર્થતંત્ર મોટા પાયાના આધુનિક ઉદ્યોગ ઉપર આધારિત છે. ઔદ્યોગિક પેદાશનું મૂલ્ય ખેતીવાડીની પેદાશના મૂલ્યથી પાંચ ગણું છે. કુલ રાષ્ટ્રીય પેદાશમાં ઉદ્યોગ લગભગ ૫૦ ટકાનો ફાળો આપે છે.

ઇજારદારીઓએ જાપાની ઉદ્યોગમાં પોતાનાં વર્ચસ્વી સ્થાનો ફરી સ્થાપીને દૃઢ બનાવી લીધાં છે. મૂડીવાદી દુનિયાની મોટામાં મોટી એકસો ઇજારદારીઓમાંથી દસ જાપાની છે, અને તેમાં સાન-વા, ફુદસી, મીત્સુઈ, મીત્સુબીશી, તથા સુમીતોમોનાં નાણાકીય-ઇજારદારી જૂથો બાકીની ઇજારદારીઓથી મોટાં છે. તેમાંના દરેક જૂથનો કુલ વાર્ષિક વ્યાપાર ૧૦૦૦ મિલિયન ડોલરથી વધારે છે.

જાપાનના ઉદ્યોગમાં ઉત્પાદન અને મૂડીના કેંદ્રીકરણની સાથે સાથે માળખામાં પરિવર્તનો થયાં છે. પાકા માલની શાખાઓના, ખાસ કરીને ભારે ઍન્જિનિયરીંગના, હિસ્સામાં નોંધપાત્ર વધારો થયો છે. મિકેનિકલ ઍન્જિનિયરીંગમાં પણ સારી પેઠે પ્રગતિ થઈ છે, પરંતુ જાપાનના ઔદ્યોગિક ઉત્પાદનમાં તેનો હિસ્સો બીજા વિકસિત મૂડીવાદી દેશોની સરખામણીમાં હજી નાનો છે.

જાપાની યંત્ર-નિર્માણ ઉદ્યોગની ઘણી શાખાઓમાં સૌથી મહત્ત્વની શાખા નૌકાનિર્માણની છે. ભારવહનની દૃષ્ટિએ બીજા બધા મૂડીવાદી દેશોમાં બંધાતાં કુલ જહાજો જેટલાં એકલા જાપાનમાં બંધાય છે.

તાજેતરનાં વર્ષોમાં જાપાનના નૌકાનિર્માણ ઉદ્યોગમાં સુપર-ટૅંકર તથા બીજાં ખૂબ કાર્યક્ષમ જહાજોના નિર્માણનું વિશેષીકરણ થઈ રહ્યું છે. નૌકાનિર્માણ ઉદ્યોગની લગભગ ત્રીજા ભાગની ક્ષમતા મીત્સુબીશી જૂથને હસ્તક છે. જહાજો બાંધવાનાં અત્યંત મોટાં મથકો ઓસાકા-કોબે, નાગાસાકી, અને ટોક્યો-યોકોહામાના બંદર-વિસ્તારોમાં આવેલાં છે. દુનિયાનાં બજારોમાં જાપાની વિદ્યુત ઍન્જિનિયરીંગ, વીજાણુ, તથા ચોકસાઈનાં ઉપકરણોના ઉદ્યોગોની પેદાશોની ભારે માંગ રહે છે.

જાપાનમાં તાજેતરનાં વર્ષોમાં લશ્કરીકરણ એકધારું વધી રહ્યું છે. એ કારણે વિમાન ઉદ્યોગમાં નવો સરંજામ ગોઠવાઈ રહ્યો છે અને રૉકેટો બનાવવાની શરૂઆત થઈ છે. દેશમાં પ્લુટોનિયમના ઉત્પાદનની સંઘટના થઈ રહી છે. પ્લુટોનિયમનો ઉપયોગ નાભિકીય હથિયારોના ઉત્પાદનમાં થઈ શકે છે.

ભારે ઉદ્યોગમાં લોખંડ અને પોલાદના ઉત્પાદને અગત્યની શાખાનું સ્થાન લઈ લીધું છે. જાપાન મુખ્યત્વે આયાતના કાચા માલનો ઉપયોગ કરીને હવે વરસે ૧૦૦ મિલિયન ટનથી વધારે પોલાદ બનાવે છે. જાપાનમાં જૂનામાં જૂનો ઉદ્યોગ ત્રાંબાનો અને નવામાં નવો ઉદ્યોગ એલ્યુમિનિયમનો છે, અને એ બન્ને ઉદ્યોગો પણ વિકસી રહ્યા છે. સીસું, ઝીંક, નિકલ, અને બીજી બિનલોહ ધાતુઓના ઉત્પાદનમાં એકધારો વધારો થઈ રહ્યો છે.

તેલ-શુદ્ધિકરણ તથા પેટ્રોકેમિકલ ઉદ્યોગમાં તેમ જ સારા એવા પ્રમાણમાં પાવર ઉદ્યોગમાં આયાતના તેલનો ઉપયોગ કરવામાં આવે છે. કાચા તેલની

પ્રક્રિયાના સંબંધમાં રિફાઈનરીઓની ક્ષમતા વરસે ૨૬૦ મિલિયન ટનથી વધારે છે. તેને માટે દુનિયાના જુદાજુદા ભાગોમાંથી તેલની આયાત કરવામાં આવે છે. જાપાનમાં તેલના શુદ્ધિકરણની પેદાશોનો ઉપયોગ કરીને પ્લાસ્ટિક, રાસાયણિક તંતુ, કૃત્રિમ રબર, તથા ખનીજ ખાતર બનાવવામાં આવે છે.

હાલના સમયે જાપાનમાં કુલ વીજળીમાંથી બે તૃતીયાંશ થર્મલ પાવર સ્ટેશનોમાં અને ત્રીજા ભાગની હાઈડ્રો-પાવર સ્ટેશનોમાં પેદા થાય છે. દેશમાં પરમાણુ પાવર સ્ટેશનો ચાલુ થઈ ગયેલાં છે અને કેટલાંક નવાં પણ બંધાઈ રહ્યાં છે.

હળવા અને ખોરાક ઉદ્યોગોના ઉત્પાદનનું પરિમાણ ભારે ઉદ્યોગની સરખામણીમાં ધીમા વેગે વધી રહ્યું છે. જાપાનનો પરંપરાગત મત્સ્ય ઉદ્યોગ દેશને વરસે ૧૦ મિલિયન ટન માછલાં પૂરાં પાડે છે. વસતિનો બુનિયાદી ખોરાક મચ્છી અને ભાતનો છે.

ખેતી સંબંધી સુધારાના પરિણામે મૂડીવાદી વિકાસને માર્ગે વળી ગયેલી ખેતીવાડીમાં આધુનિક ખેતીયંત્રો અને ખાતરનો ઉપયોગ શરૂ થઈ રહ્યો છે. તેમાં અગત્યની શાખા જમીનની ખેતીની છે અને ડાંગર તથા શાકભાજીના પાકોનું વિશેષીકરણ સાધવામાં આવ્યું છે. દક્ષિણના ટાપુઓમાં મોટા પાયા ઉપર ફળો ઉગાવવામાં આવે છે. ચરાણોની ગેરહાજરી અને ચારાની તંગીને લીધે પશુપાલનનો વિકાસ અવરોધાય છે. જરૂરી પ્રાણીજ તથા બીજી ચીજોના અમુક હિસ્સાની આયાત કરવામાં આવે છે.

જાપાનના અર્થતંત્રના ભૌગોલિક સ્વરૂપમાં ઉત્પાદનની અત્યંત અસમાન વહેંચણી લાક્ષણિક છે. મોટા ભાગનું ઉત્પાદન સીમિત સંખ્યાનાં શહેરો અને પ્રદેશોમાં કેંદ્રીકૃત છે.

હોન્શુના મધ્ય ભાગમાં આવેલી ઔદ્યોગિક પટ્ટી સૌથી વધારે મહત્ત્વ ધરાવે છે. મોટામાં મોટાં ઔદ્યોગિક કેંદ્રો ટોક્યોથી ઓસાકા સુધી ટાપુના દક્ષિણ-પશ્ચિમ પ્રદેશમાં આવેલાં છે. પાટનગર ટોક્યો (વસતિ ૧૨ મિલિયનથી વધારે) જાપાનનું સાંસ્કૃતિક, વૈજ્ઞાનિક, અને ઔદ્યોગિક કેંદ્ર છે. યોકોહામા જોડે નહેરથી સંકળાયેલા વિશાળ બંદર ટોક્યોમાં દેશની ૩૩ ટકા આયાત અને ૫૦ ટકા નિકાસનું કામકાજ થાય છે.

દક્ષિણ-પશ્ચિમ હોન્શુમાં ઓસાકા, કોબે, અને ક્યોટોને આવરી લેતો વિશાળ ઔદ્યોગિક પ્રદેશ વિકસ્યો છે. તેમાં હિરોશીમા અને નાગાસાકી પણ સામેલ છે. એ બન્ને શહેરો યુદ્ધ દરમિયાન પરમાણુ બૉંબથી તારાજ થઈ ગયાં હતાં અને

હવે નવેસરથી બાંધવામાં આવેલાં છે. ક્યુશુ ટાપુના ઉત્તર ભાગમાં કોલસા અને ધાતુકર્મ મથક છે.

જાપાનના ઉત્તર-પૂર્વ વિસ્તારમાં હોન્શુ ટાપુના ઉત્તર ભાગમાં તથા હોકકાઈડોમાં ઉદ્યોગનો વિકાસ થઈ રહ્યો છે. હોકકાઈડોમાં ઉપયોગી ખનીજો તથા હાઈડ્રો-પાવરની સાધનસંપત્તિ સારા પ્રમાણમાં છે અને ઔદ્યોગિક વિકાસની સરસ સંભાવનાઓ છે.

જાપાન મૂડીવાદી દુનિયામાં કુલ રાષ્ટ્રીય પેદાશની દૃષ્ટિએ બીજા નંબરનું સ્થાન ધરાવે છે, પરંતુ વસતિની માથા દીઠ રાષ્ટ્રીય આવકની દૃષ્ટિએ છેક સોળમા નંબરે આવે છે. વર્ગીય ધ્રુવીકરણ, અને કરોડો મહેનતકશ લોકોનું શોષણ કરતી ઇજારદારીઓના હાથમાં પારાવાર સંપત્તિનું કેંદ્રીકરણ, વર્ગીય વિરોધોને વધારે જોરદાર બનાવે છે અને હડતાલ આંદોલનના વિકાસને પ્રવેગ આપે છે.

કેનેડા

મૂડીવાદી દુનિયામાં ઔદ્યોગિક ઉત્પાદનની બાબતમાં કેનેડા બ્રિટનની સાથે છઠ્ઠું-સાતમું સ્થાન ધરાવે છે. ઉત્પાદન તથા મૂડીના કેંદ્રીકરણની, વિજ્ઞાન તથા ટેકનોલોજીના સ્તરની, અને અનેક અગત્યના ઉદ્યોગો તથા ખેતીવાડીની પેદાશના પરિમાણની બાબતમાં કેનેડા મહત્ત્વની પશ્ચિમી સત્તાઓની કક્ષાએ પહોંચી રહ્યું છે.

સાથે સાથે જ તેને એ સત્તાઓ ઉપર, ખાસ કરીને સંયુક્ત રાજ્ય અમેરિકા ઉપર, મોટો આધાર રાખવો પડે છે.

કેનેડા આખા યુરોપ જેટલા અફાટ વિસ્તારને કારણે તથા ઉપયોગી ખનીજોના વિપુલ ભંડારને કારણે આર્થિક વિકાસના સાનુકૂળ સંજોગો ધરાવે છે. કેનેડાનો સારો એવો ભાગ ટુંડ્રપ્રદેશમાં આવેલો છે અને તેનો આર્થિક ઉપયોગ મુશ્કેલ છે. પરંતુ દેશના દક્ષિણ ભાગમાં ભૌતિક સંજોગો અને આબોહવા સાનુકૂળ છે.

કેનેડાના ઉદ્યોગ-ખેતી સંકુલમાં ભારે ઉદ્યોગ મોખરાનું સ્થાન ધરાવે છે. તેમાં સ્થાનિક કાચા માલનો ઉપયોગ થાય છે. અર્થતંત્રનું મહત્ત્વનું અંગ બની રહેતી ખૂબ ઉત્પાદક ખેતીવાડીએ કેનેડાને મૂડીવાદી દુનિયામાં વધારેમાં વધારે ઘઉં પેદા કરતા દેશોમાં સ્થાન અપાવ્યું છે.

દેશના નિષ્કર્ષણ ઉદ્યોગમાં ઉત્પાદનનાં મોટાં પરિમાણો લાક્ષણિક છે. કાચી બિનલોહ તથા વિરલ ધાતુઓના નિષ્કર્ષણની બાબતમાં કેનેડા ઘણા મૂડીવાદી

દેશોથી ચડિયાતું સ્થાન ધરાવે છે. કેનેડા મૂડીવાદી દુનિયામાં નિકલ તથા ઝીંકના સૌથી મોટા ઉત્પાદકના સ્થાને અને યુરેનિયમ, કોબાલ્ટ, તથા મોલીબ્ડેનમના ઉત્પાદનની બાબતમાં બીજા નંબરે છે.

કાચાં ધાતુમય ખનીજોની પ્રક્રિયા સ્થાનિક કારખાનાંમાં કરીને તૈયાર પેદાશની નિકાસ કરવામાં આવે છે. ઉત્પાદનમાં મંદીના સંજોગો હોવા છતાં કેનેડા પોલાદના ઉત્પાદનની બાબતમાં બ્રિટનથી આગળ નીકળી ગયું છે અને એલ્યુમિનિયમ, ત્રાંબું, ઝીંક, તથા સીસાનું ઉત્પાદન મોટા પ્રમાણમાં કરે છે. નિકલ તથા બીજી અગત્યની ધાતુઓનું ઉત્પાદન સારા એવા પ્રમાણમાં થાય છે.

મેક્સિકોની સરખામણીમાં કેનેડામાં તેલનું ઉત્પાદન (વરસે ૭૨ મિલિયન ટનથી વધારે) લગભગ સમાન અને કુદરતી ગૅસનું ઉત્પાદન (લગભગ ૯૦ ૦૦૦ મિલિયન ઘન મીટર) ત્રણ ગણું થાય છે. સમગ્ર દૃષ્ટિએ જોતાં ઈંધણ અને વીજળીના ઉત્પાદનની બાબતમાં કેનેડાની સ્થિતિ એકદમ સધ્ધર છે. ૧૯૮૦માં દેશમાં ૩૬૦ ૦૦૦ મિલિયન કિલોવાટ-કલાકથી વધારે, એટલે ફ્રાંસની સરખામણીમાં લગભગ ૫૦ ટકા વધારે, વીજળી પેદા થઈ હતી. લગભગ ૮૦ ટકા વીજળીનું ઉત્પાદન હાઈડ્રો-પાવર સ્ટેશનોમાં થાય છે. પાવર ઉદ્યોગમાં તાજેતરનાં વર્ષોમાં થર્મલ પાવર સ્ટેશનોની ભૂમિકા વધારવાનું વલણ રહ્યું છે. કેનેડા યુરેનિયમના વિશાળ ભંડારો ધરાવે છે અને પોતાનો પરમાણુ પાવર ઍન્જિનિયરીંગ ઉદ્યોગ વિકસાવી રહ્યાં છે. ડગલાસ પોઈન્ટ ખાતે ચાલતા મોટા પરમાણુ પાવર સ્ટેશન ઉપરાંત એથીયે મોટું બીજું પરમાણુ પાવર સ્ટેશન ટોરન્ટોના વિસ્તારમાં બંધાઈ રહ્યું છે.

કારખાના ઉદ્યોગની ખૂબ વિકસિત શાખાઓમાં સ્થાન ધરાવતા ઍન્જિનિયરીંગ ઉદ્યોગમાં મોટરવાહનો, ડીઝલ તથા વીજળીનાં રેલવે ઍન્જિનો, અને વિમાનોના ઉત્પાદનનું વિશેષીકરણ સાધવામાં આવ્યું છે. કેનેડાનાં નૌકાનિર્માણ મથકોમાં વ્યાપારી તેમ જ નૌકાદળનાં જહાજો બાંધવામાં આવે છે. ઍન્જિનિયરીંગ ઉદ્યોગમાં વિદ્યુત અને વીજાણુ તથા બીજી શાખાઓ પણ છે.

તેલ-શુદ્ધિકરણ ઉદ્યોગ વિકસી રહ્યો છે. પેટ્રોકેમિકલ ઉદ્યોગમાં પોલીમર તથા ખનીજ ખાતરનું ઉત્પાદન વધી રહ્યું છે.

કેનેડાના ઔદ્યોગિક માળખામાં કાષ્ઠ, કાષ્ઠકર્મ, અને ગર તથા કાગળના ઉદ્યોગો અગત્યનાં સ્થાનો ધરાવે છે. વનોમાં ઝાડ પાડીને વરસે ૧૧૪ મિલિયન ઘન મીટરથી વધારે લાકડું મેળવવામાં આવે છે અને કુલ ૮-૯ મિલિયન ટન

કાગળ તથા પૂંઠાં બનાવવામાં આવે છે. કાગળ, પૂંઠાં, અને કાષ્ઠકર્મની બીજી પેદાશોની નિકાસ મોટા પ્રમાણમાં કરવામાં આવે છે.

ખેતીવાડીની પેદાશો પણ નિકાસમાં અગત્યનું સ્થાન ધરાવે છે. તેમાં મુખ્ય વસ્તુ ઘઉં છે. કેનેડામાં ઘઉંનો વાર્ષિક પાક ૨૬ મિલિયન ટનથી વધારે છે. ખેતીવાડીની પેદાશમાં પશુપાલનનો ફાળો ૫૦ ટકાથી વધારે છે.

ઉદ્યોગ અને ખેતીવાડીનો સૌથી વધારે વિકાસ સંયુક્ત રાજ્ય અમેરિકાની સરહદ નજીક આવેલા દક્ષિણ ભાગમાં થયો છે.

સંયુક્ત રાજ્ય અમેરિકાના ઔદ્યોગિક પૂર્વ ભાગની જોડાજોડ આવેલો મધ્ય આર્થિક પ્રદેશ વિશાળ સરોવરોને કિનારે અને એથીયે આગળ પૂર્વમાં ફેલાયેલો છે. દેશની વસતિ અને ઔદ્યોગિક સામર્થ્યનો બે તૃતીયાંશ ઓન્ટારિયો અને ક્વીબેક પ્રાંતોના દક્ષિણ ભાગોમાં કેંદ્રીકૃત છે. કારખાનાંની પેદાશના કુલ પરિમાણનો લગભગ ત્રીજો ભાગ મોન્ટ્રીયલ અને ટોરન્ટોમાં બને છે. બીજાં મહત્ત્વનાં ઔદ્યોગિક શહેરોમાં મોટરવાહન ઉદ્યોગનું મુખ્ય મથક વીન્ડસર અને પરમાણુ ઉદ્યોગનું કેંદ્ર બ્લાઈન્ડ રીવર સામેલ છે.

કેનેડામાં લેઈક સુપિરિયરથી પશ્ચિમે પથરાયેલા વિશાળ મેદાનપ્રદેશના દક્ષિણ ભાગમાં ઘઉંની ખેતી થાય છે. માનીતોબા, સાસ્કાત્શેવાન, અને આલ્બર્ટા પ્રાંતોનો દક્ષિણ ભાગ દેશનો મુખ્ય અનાજ ભંડાર, વિશાળ પશુપાલન વિસ્તાર, અને નિકાસ માટેની ખેતી-પેદાશોનો મુખ્ય સ્રોત છે.

રાષ્ટ્રસમૂહ ઑસ્ટ્રેલિયા

રાષ્ટ્રસમૂહ ઑસ્ટ્રેલિયાનો મોટો ભાગ દક્ષિણ ગોળાર્ધના ઉષ્ણ અને ઉપોષ્ણ પ્રદેશોમાં આવેલો છે. વિસ્તારની દૃષ્ટિએ લગભગ કેનેડા જેવડા ઑસ્ટ્રેલિયાની વસતિ કેનેડાથી અરધી છે. ઑસ્ટ્રેલિયા ઔદ્યોગિક ઉત્પાદનના પરિમાણની બાબતમાં મૂડીવાદી દુનિયાના દસ વિકસિત દેશોમાં સ્થાન ધરાવે છે.

દેશમાં વિશાળ ખનીજ ભંડારો છે અને સીસું, ઝીંક, ત્રાંબું, બોક્સાઈટ, ટંગ્સ્ટન, કોબાલ્ટ, એન્ટીમની, ટાન્ટાલુમ, યુરેનિયમ, બેરિલિયમ, બીસ્મથ, અને બીજી વિરલ ધાતુઓનું ખોદાણ લાખો ટનના હિસાબે થાય છે. કાચા લોઢાનું અને મેંગેનીઝનું ઉત્પાદન વધી રહ્યું છે.

કારખાના ઉદ્યોગની મહત્ત્વની શાખા લોખંડ અને પોલાદ તેમ જ બિનલોહ ધાતુઓના ઉત્પાદનની છે. ઑસ્ટ્રેલિયા મૂડીવાદી દુનિયામાં સીસાના ઉત્પાદનની

બાબતમાં બીજું અને ઝીંકના ઉત્પાદનની બાબતમાં ત્રીજું સ્થાન ધરાવે છે. ઑસ્ટ્રેલિયામાંથી પશ્ચિમી દેશોને કરવામાં આવતી નિકાસમાં કાચી અને તૈયાર ધાતુઓનો હિસ્સો લગભગ ૧૦ ટકા જેટલો છે.

કારખાના ઉદ્યોગની પેદાશમાં ઍન્જિનિયરીંગ, તેલ-શુદ્ધિકરણ, અને રસાયણ ઉદ્યોગોનો ફાળો વધી રહ્યો છે. સીડની, મેલબોર્ન, અને બીજાં શહેરોમાં મોટરવાહનો, યંત્ર-ઓજારો, ઉપકરણો, અને તરેહવાર સરંજામનું ઉત્પાદન થાય છે.

તેલનું ઉત્પાદન ઓછું છે. ઑસ્ટ્રેલિયાનાં બંદરોની રિફાઈનરીઓમાં મુખ્યત્વે આયાતના કાચા તેલની પ્રક્રિયા થાય છે. વીજળીનો મુખ્ય સ્રોત સ્થાનિક કોલસા ભંડારો અને નદીઓની હાઈડ્રો-પાવર સાધનસંપત્તિમાં છે.

ઑસ્ટ્રેલિયાનાં વિશાળ મૂડીવાદી ખેતરોમાં માંસની ચીજો માટે ઢોરઉછેર અને અનાજની ખેતીનું વિશેષીકરણ સાધવામાં આવ્યું છે. ઑસ્ટ્રેલિયા ઘેટાંની સંખ્યાની બાબતમાં તેમ જ ઊનની પેદાશ તથા નિકાસની બાબતમાં આખી દુનિયામાં પ્રથમ સ્થાન ધરાવે છે. ખેતીવાડીમાં દૂધની ચીજો માટે પશુપાલન પણ કરવામાં આવે છે. માંસની ચીજો, માખણ, અને પનીરની નિકાસ સારા એવા પ્રમાણમાં થાય છે.

ઑસ્ટ્રેલિયાનો સ્થાયી પાક ઘઉંનો છે અને તેના અરધાથી વધારે હિસ્સાની નિકાસ કરવામાં આવે છે. સમગ્ર દૃષ્ટિએ જોતાં ઑસ્ટ્રેલિયાની નિકાસના કુલ મૂલ્યમાં ખેતીવાડીની પેદાશનો ફાળો બે તૃતીયાંશ છે. શેરડીની ખાંડની નિકાસ પણ થાય છે.

દેશમાં સૌથી વધારે ગીચ વસતિ દક્ષિણ-પૂર્વ ભાગમાં મુખ્ય આર્થિક પ્રદેશમાં છે. એ પ્રદેશ ખેતીવાડીની કુલ પેદાશમાં પોણા ભાગનો અને ઔદ્યોગિક ઉત્પાદનમાં ૮૦ ટકાનો ફાળો આપે છે. સીડની (પરાં સહિત વસતિ ૨.૬ મિલિયન) ઑસ્ટ્રેલિયાનું સૌથી મોટું શહેર, ઔદ્યોગિક કેંદ્ર, અને બંદર છે. ન્યુકેસલમાં વિકસિત ધાતુકર્મ, નૌકાનિર્માણ, તથા બીજા ઉદ્યોગો છે. મેલબોર્ન (પરાં સહિત વસતિ ૨.૩ મિલિયન) મોટું ઔદ્યોગિક કેંદ્ર અને બંદર છે. રાષ્ટ્રસમૂહ ઑસ્ટ્રેલિયાના પાટનગર કેનબેરામાં ઔદ્યોગિક ઉત્પાદન ઓછું થાય છે.

ઑસ્ટ્રેલિયાના બાકીના વિસ્તારો ખેતીવાડીની પેદાશો અને કાચા માલના ભંડારો છે.

ઑસ્ટ્રેલિયાના મૂળ વતનીઓ ઓછા વિકસિત પ્રદેશોમાં વસે છે. મૂડીવાદી સામાજિક પદ્ધતિએ ઑસ્ટ્રેલિયાના આદિવાસીઓને ધીરે ધીરે નાબૂદીની હાલતમાં ધકેલી દીધા છે.

દક્ષિણ આફ્રિકી પ્રજાસત્તાક

દક્ષિણ આફ્રિકી પ્રજાસત્તાક આફ્રિકા ખંડના દક્ષિણ ભાગમાં છેક છેડે આવેલું છે. તે ક્ષેત્રફળ (૧.૨ મિલિયન ચોરસ કિલોમીટરથી વધારે) તેમ જ વસતિની (૩૦ મિલિયન) દૃષ્ટિએ વિશાળ મૂડીવાદી રાજ્ય છે. પાટનગર પ્રીટોરિયાની વસતિ છ લાખ છે. પ્રજાસત્તાકની સ્થાપના ભૂતપૂર્વ બ્રિટિશ સંસ્થાનોના આધારે થઈ હતી.

મૂડીવાદી સરકારે રાજ્યમાં ત્રાસનું સામ્રાજ્ય ફેલાવી રાખ્યું છે અને રંગભેદ ઉપર આધારિત વાડાબંધીની નીતિ અમલમાં મૂકી છે. ચાર મિલિયનથી ઓછા યુરોપી વસાહતીઓ (અંગ્રેજ અને આફ્રિકાનેર) ૨૦ મિલિયનથી વધારે આફ્રિકીઓ તથા એશિયાઈ લોકોની બિન-ગોરી વસતિ ઉપર જુલમ વરસાવતા રહે છે.

રાષ્ટ્રીય આવકમાંથી ૭૫ ટકા હિસ્સો ગોરી વસતિને અને ૨૦ ટકા હિસ્સો આફ્રિકીઓને મળે છે.

તમામ બિન-યુરોપીઓ રાજકીય અધિકારો વગરની જિંદગી જીવે છે અને ગોરી લઘુસંખ્યા તેમનું પાશવી શોષણ કરે છે. દક્ષિણ આફ્રિકાનાં પ્રત્યાઘાતી શાસક વર્તુળો ગેરકાયદેસર કબજે કરી લીધેલા નામીબિયાના મૂળ વતનીઓનું શોષણ પણ કરે છે.

દક્ષિણ આફ્રિકી પ્રજાસત્તાક ઉદ્યોગ અને ખેતીનું રાજ્ય છે. તેના અર્થતંત્રમાં જોરદાર રાજ્ય-ઈજારદારી ક્ષેત્રનું તથા પરદેશી મૂડીનું વર્ચસ્વ છે. જર્મન સમવાયી પ્રજાસત્તાક અને બીજી મૂડીવાદી સત્તાઓની ઈજારદારી મૂડી દેશના અર્થતંત્રમાં વધારે ને વધારે ઊંડો પેસારો કરતી જાય છે.

અર્થતંત્રના પાયામાં ભારે નિષ્કર્ષણ તથા કારખાના ઉદ્યોગ છે.

દેશનો ખાણ ઉદ્યોગ મૂડીવાદી બજારોને અગત્યનો કાચો તથા બીજો માલ પૂરો પાડે છે. દક્ષિણ આફ્રિકી પ્રજાસત્તાક મૂડીવાદી દુનિયામાં સોનું, પ્લેટિનમ, ક્રોમિયમ, તથા મેંગેનીઝના ઉત્પાદનમાં પ્રથમ સ્થાન, હીરાના ઉત્પાદનમાં બીજું સ્થાન, અને યુરેનિયમ ઓક્સાઈડના ઉત્પાદનમાં ત્રીજું સ્થાન ધરાવે છે. ત્રાંબું, ટિન, તથા બીજા ખનીજ કાચા માલનું ઉત્પાદન સારા પ્રમાણમાં થાય છે, અને તેમાંથી મોટો ભાગ સંયુક્ત રાજ્ય અમેરિકા, પશ્ચિમ યુરોપ, તથા જાપાનને મોકલવામાં આવે છે.

પ્રજાસત્તાકમાં ઈંધણ તથા કાચા માલની સાધનસંપત્તિના આધારે લોખંડ

તથા પોલાદ, લોહમય ધાતુકર્મ, વિદ્યુત, અને રસાયણ ઉદ્યોગો વિકસી રહ્યા છે. દેશની પાંચ રિફાઈનરીઓમાં આયાતના કાચા તેલની પ્રક્રિયા થાય છે.

ઍન્જિનિયરીંગ ઉદ્યોગ, ખાસ કરીને નૌકાનિર્માણ, મુખ્ય સ્થાન ધરાવે છે. શસ્ત્રસરંજામનું ઉત્પાદન ઝડપથી વધી રહ્યું છે.

મહત્ત્વનાં ઔદ્યોગિક કેંદ્રોમાં જોહાનીસબર્ગ (વસતિ ૧.૩ મિલિયન) તથા તેની આસપાસનાં શહેરો બેનોની, સ્પ્રીંગ્ઝ, ગેર્મીસ્ટન, પ્રીટોરિયા (ધાતુકર્મ, ઍન્જિનિયરીંગ, અને રસાયણ ઉદ્યોગો), કેપ ટાઉન (નૌકાનિર્માણ), ડર્બન, પોર્ટ એલિઝાબેથ, અને બીજાં કેટલાંક શહેરો સામેલ છે.

દક્ષિણ આફ્રિકી પ્રજાસત્તાક અનાજ, બટેટાં, અને બીજી કેટલીક પ્રાણીજ વસ્તુઓની બાબતમાં સ્વાવલંબી નથી અને તેમની આયાત કરવી પડે છે. સાથે સાથે જ, દેશનાં મૂડીવાદી ખેતરોમાં ઊન, ફળો, તથા ખેતીવાડીની બીજી ચીજોનું ઉત્પાદન વધી રહ્યાં છે અને તેમની નિકાસ મૂડીવાદી દેશોમાં થાય છે. સમાજવાદી દેશો તેમ જ ઘણાં વિકસતાં રાજ્યો સંયુક્ત રાષ્ટ્રસંઘના ઠરાવનું પાલન કરીને દક્ષિણ આફ્રિકા પ્રજાસત્તાક સાથે, આફ્રિકા ખંડમાં જાતિ દ્વેષ અને નવસંસ્થાનવાદના ગઢ સાથે, વ્યાપારી સંબંધો નથી રાખતાં.

ઈસરાએલ

મધ્ય પૂર્વમાં આવેલું ઈસરાએલી પ્રજાસત્તાક ઉદ્યોગ અને ખેતીનું રાજ્ય છે. દેશની લગભગ ચાર મિલિયનની વસતિમાં પાંચ લાખ આરબો છે. મુખ્ય આર્થિક અને ઔદ્યોગિક કેંદ્ર તેલ-અવીવ છે. જેરૂસલેમને ગેરકાયદેસર રીતે પાટનગર જાહેર કરવામાં આવ્યું છે.

૧૯૪૭માં યહૂદી રાજ્યની સ્થાપનાના સંબંધમાં સંયુક્ત રાષ્ટ્ર સંઘે અપનાવેલા ઠરાવ મુજબ નિર્ધારિત સરહદોના આધારે ઈસરાએલનું ક્ષેત્રફળ ૧૪ ૦૦૦ ચોરસ કિલોમીટર છે. ઈસરાએલી શાસક વર્તુળોએ ઈસરાએલના પ્રદેશને "યુફ્રેટિસથી નાઈલ સુધી" વિસ્તારવાની કોશિશોમાં આક્રમક યુદ્ધો કરીને પહેલાં આરબ પેલેસ્ટાઈનની ૭૦૦૦ ચોરસ કિલોમીટર ભૂમિ અને પછી ઈજિપ્ત, સિરિયા, તથા જોર્ડનની ૬૦ ૦૦૦ ચોરસ કિલોમીટર ભૂમિ કબજે કરી લીધી.

સામ્રાજ્યવાદી વર્તુળોના રાજકીય, નાણાકીય, અને લશ્કરી ટેકાની ખાતરી ધરાવતું ઈસરાએલ સંયુક્ત રાષ્ટ્રસંઘની સલામતી સમિતિના ૧૯૬૭ના નવેંબરની ૨૨મી તારીખના ઠરાવની અવગણના કરે છે. એ ઠરાવમાં ઈસરાએલી કબજાના

આરબ પ્રદેશોમાંથી તમામ ઈસરાએલી લશ્કરો પાછાં ખેંચી લેવાનો આદેશ છે. ઈસરાએલી શાસક વર્તુળો પારકા પ્રદેશોને ઈસરાએલમાં જોડી દેવાની નીતિ અમલમાં મૂકીને પોતાના કબજાના આરબ પ્રદેશોને વિકસાવી રહ્યાં છે અને પોતાનું વર્ચસ્વ જમાવવાના આશયે પાશવી કેર વરતાવી રહ્યાં છે.

આરબ ભૂમિ ઉપર ઈસરાએલી કબજાને ૧૯૭૯માં ઈસરાએલ અને ઈજિપ્તની મળતિયાગીરીના આધારે "કાયદેસર" બનાવી દેવામાં આવ્યો હતો. ઈજિપ્તના આગેવાનોએ આરબોનાં હિતોનો દ્રોહ કરીને તેલ-અવીવ જોડે "શાંતિ સંધિ" કરી હતી.

ઈસરાએલના અર્થતંત્રની મુખ્ય શાખા કારખાના ઉદ્યોગની છે અને તેમાં હળવા તથા ખોરાક ઉદ્યોગો તેમ જ હીરા ચળકાવવાનો ઉદ્યોગ મોખરાનાં સ્થાનો ધરાવે છે. દેશમાં હથિયારોના ઉત્પાદન સાથે ગાઢ સંકળાયેલા રસાયણ, ઍન્જિનિયરીંગ, મોટરવાહન, ઈલેક્ટ્રોટેકનિકલ, તથા રેડિયો વીજાણુ ઉદ્યોગો વિકસી રહ્યા છે.

મોટા ભાગના ઉદ્યોગધંધાઓ તેલ-અવીવ (વસતિ ૪ લાખ), હાઈફા બંદર (વસતિ બે લાખથી વધારે), અને કેટલાંક બીજાં શહેરોમાં આવેલા છે. દેશના ઉદ્યોગનું નબળું પાસું કાચા માલની તથા ઈંધણની તંગીનું છે. ઈંધણ તથા કાચા માલની આયાત મોટા પ્રમાણમાં કરવામાં આવે છે.

ખેતીવાડીમાં સિટ્રસ ફળોના પાકનું વિશેષીકરણ સાધવામાં આવ્યું છે. ઘઉં, ડાંગર, અને મકાઈની ખેતી પણ થાય છે. એ ઉપરાંત માંસની ચીજો માટે ઢોરઉછેર અને ખાસ કરીને મરઘાંબતકાંનો ઉછેર પણ કરવામાં આવે છે. તેમ છતાં ઈસરાએલમાં ખેતીવાડીની પેદાશ દેશની ખોરાકની જરૂરિયાતોના ૫૦ ટકા હિસ્સાથીયે ઓછી છે.

દેશનું અવિરત લશ્કરીકરણ અર્થતંત્રને નબળું પાડી રહ્યું છે અને વસતિનાં સુખસગવડમાં ઘટાડા કરી રહ્યું છે. શસ્ત્રસરંજામનું અને હથિયારબંધ દળોના નિભાવનું પારાવાર ખર્ચ વિદેશો જોડેના વ્યાપારમાંની ખાધને તેમ જ પરદેશી મૂડી ઉપરના અવલંબનને વધારતું રહે છે.

સામ્રાજ્યવાદીઓ અને તેમની સાથે સંકળાયેલાં યહૂદીવાદી વર્તુળો ઈસરાએલને મદદ કરીને તેનો ઉપયોગ પ્રગતિશીલ આરબ રાજ્યો સામેના સંઘર્ષમાં હથિયાર તરીકે તેમ જ મધ્ય પૂર્વમાં સામ્રાજ્યવાદની સ્થિતિ ફરી મજબૂત બનાવવાના મથક તરીકે કરે છે. આખી દુનિયાના પ્રગતિશીલ લોકો ઈસરાએલી આક્રમણની અસરોને વધારેમાં વધારે ઝડપથી નાબૂદ કરી નાખવાની માંગ ઉઠાવે છે.

ઇસરાએલી આક્રમણનાં પરિણામોને ખતમ કરી નાખવાના તેમના ઇનસાફી સંઘર્ષમાં સોવિયેત સંઘ અને સમાજવાદી બિરાદરીના બીજા દેશો તેમને સતત ટેકો આપે છે.

મૂડીવાદી દેશોનું સંક્ષિપ્ત અવલોકન બતાવે છે કે તેઓ હજી સારું એવું આર્થિક સામર્થ્ય ધરાવે છે. પરંતુ સાથે સાથે જ, વિશ્વ પરિબળોના સહસંબંધોમાં મૂળગામી પરિવર્તનોના પરિણામે એ દેશોની તાકાતમાં નોંધપાત્ર ઘટાડો થઈ ગયો છે. સામ્રાજ્યવાદ હવે સમાજવાદની ઐતિહાસિક સિદ્ધિઓને ખતમ કરી નાખવાની કે દુનિયાનાં પ્રગતિશીલ પરિબળોની આગેકૂચને અટકાવવાની, આઝાદી અને સ્વતંત્રતા માટે પ્રજાઓના સંઘર્ષને રોકવાની, સ્થિતિમાં નથી રહ્યો.

આપણે દુનિયાના લગભગ બધા દેશો ઉપર નજર ફેરવી લીધી. ઉષ્ણ કટિબંધનાં ગાઢ વનોમાં, પર્વતો વચ્ચેની ખીણોમાં, આફ્રિકાના અફાટ વિસ્તારોમાં, અથવા શહેરોમાં, જ્યાં જ્યાં લોકો મહેનત કરતા હોય છે ત્યાં ત્યાં તેમનાં મનમાં બહેતર જિંદગીનાં સ્વપ્ન રમતાં હોય છે. પરંતુ મૂડીવાદ તેમની જિંદગીને બહેતર બનાવી શકે એમ નથી. કેવળ સમાજવાદ જ મહેનતકશ લોકોને આઝાદી, ખરા લોકશાહીવાદી અધિકારો, સુખસગવડ, જ્ઞાન મેળવવાની બહોળી શક્યતાઓ, અને તેજસ્વી ભવિષ્યની ગૅરંટી આપી શકે છે. સમાજવાદ શાંતિ, બધા દેશોના સાર્વભૌમત્વની માન્યતા, અને રાજ્યો વચ્ચે સમાનતાના આધારે સહકારના સંજોગો પેદા કરે છે, આઝાદી અને સ્વતંત્રતા માટે સંઘર્ષ લડતી પ્રજાઓ માટે આધારની કામગીરી બજાવે છે.

સોવિયેત સંઘની કોમ્યુનિસ્ટ પાર્ટીની ૨૬મી કૉંગ્રેસમાં ભારપૂર્વક જણાવવામાં આવ્યું હતું કે શાંતિની રક્ષાનું કર્તવ્ય આપણી પૃથ્વીની બધી પ્રજાઓનું સૌથી વધારે મહત્ત્વનું કર્તવ્ય છે. શાંતિના સંજોગો હોય તો પ્રજાઓનું સર્જનાત્મક જોમ, વિજ્ઞાન તથા ટેક્નોલોજીની સિદ્ધિઓનું પીઠબળ ધરાવતું જોમ, લોકોને હાલ સતાવી રહેલી સમસ્યાઓનો ઉકેલ ચોક્કસ આણે જ. આગળ જતાં આપણા વંશજો સમક્ષ એથીયે વધારે ઉદાત્ત નવાં કર્તવ્યો બેશક ઉપસ્થિત થશે. પરંતુ પ્રગતિની દ્વંદ્વાત્મકતા, જીવનની દ્વંદ્વાત્મકતા, એવી જ છે.

વાચકોને

અમારા આ પ્રકાશનના વસ્તુ, ભાષા, રંગરૂપ તથા છપાઈ જેવા પ્રત્યેક અંગ વિશે આપના અભિપ્રાયો મેળવતાં અમને અત્યંત આનંદ થશે. નવાં પ્રકાશનો વિશે આપનાં સલાહસૂચનોનું અમારા કાર્યાલયમાં સાભાર સ્વાગત થશે.

પ્રગતિ પ્રકાશન
૧૭, ઝુબોવ્સ્કી બૂલવાર
મોસ્કો (સોવિયેત સંઘ)

આ આવૃત્તિમાં છપાઈ દરમિયાન ઘણે ઠેકાણે બીબાં તૂટી જવાથી અક્ષરો અધૂરા અથવા માત્રાઓ વગરના છપાયા છે. આ ક્ષતિ બદલ પ્રકાશકોને અફસોસ છે.

ИБ № 12113

Редактор русского текста *Ахмеров Р. В.*
Контрольный редактор *Тарвердова М. А.*
Художественный редактор *Горин В. Е.*
Технический редактор *Левина Т. В.*
Корректоры *Воробьёва Л. Н., Кулешова Л. П.*

Сдано в набор 22.10.82. Подписано в печать 15.04.83. Формат 84×108¹/₃₂. Бумага типографская № 1. Гарнитура гуджарати. Печать высокая. Условн. печ. л. 12,18. Усл. кр. отт. 12,81. Уч.-изд. л. 18,16. Тираж 1670 экз. Заказ № 1636. Цена 1 р. 77 к. Изд. № 36593.

Ордена Трудового Красного Знамени издательство «Прогресс» Государственного комитета СССР по делам издательств, полиграфии и книжной торговли. Москва, 119021, Зубовский бульвар, 17.

Ордена Трудового Красного Знамени Московская типография № 7 «Искра революции» «Союзполиграфпрома» Государственного комитета СССР по делам издательств, полиграфии и книжной торговли. Москва, 121019, пер. Аксакова, 13.